# The Gospels in Garasia
# તાજો હમીસાર ગરાસિયા ભાષા મ

**Matthew, Mark, Luke, John**
(મત્તી, મરકૂસ, લૂકા, યૂહન્ના)

**Version-1**

# THE
# NEW TESTAMENT
# OF OUR
# LORD AND SAVIOUR
# JESUS CHRIST

हमारे

उद्धारकर्ता प्रभु

# यीशु मसीह

का

# नया नियम

# The Gospels in Garasia

## Garasia

Community Version -1 (Draft-3) 2016

Made available under :
**Creative Commons Attribution-ShareAlike 4.0 License**
https://creativecommons.org/licenses/by-sa/4.0/

For limited circulation only

**Published By :**

Garasia Community

Download Android App, Read Online, Download PDF

**www.FreeBiblesIndia.com**

# MATTHEW

# માત્થી

1 1 ઈબ્રાહીમ નો પરિવાર, દાઉદ નો પરિવાર,
ઈશુ મસીહ ની પીઢી 2 ઈબ્રાહીમ થી ઈસાગ
પેદા થાયો, ઈસાગ થી યાકુબ પેદા થાયો, યાકુબ
થી યહૂદા અનેં એંના ભાઈ પેદા થાયા, 3 યહૂદા
અનેં તામાર થી ફિરીસ અનેં જોરહ પેદા થાયા,
ફિરીસ થી હિસ્રોન પેદા થાયો, અનેં હિસ્રોન થી
એરામ પેદા થાયો , 4 એરામ થી અમ્મીનાદાબ પેદા
થાયો,અમ્મીનાદાબ થી નહશોન,અનેં નહશોન થી
સલમોન પેદા થાયો, 5 સલમોન અનેં રાહબ થી
બોઅજ પેદા થાયો, બોઅજ અનેં રુત થી ઓબેદ
પેદા થાયો, અનેં ઓબેદ થી યીશે પેદા થાયો ,
6 યિશે થી દાઉદ રાજા પેદા થાયો અનેં દાઉદ
થી સુલેમાન હીની બજ્યેર થી પેદા થાયો ઝી
પેલ ઉરિયયાહ ની બજ્યેર હિતી , 7 સુલેમાન
થી રહબામ પેદા થાયો, રહબામ થી અબિય્યાહ
પેદા થાયો, અનેં અબિય્યાહ થી આસા પેદા થાયો,
8 આસા થી યહોશાફાત પેદા થાયો, યહોશાફાત થી
યોરામ પેદા થાયો ,અનેં યોરામ થી ઉજ્જિયાહ
પેદા થાયો , 9 ઉજ્જિયાહ થી યોતામ પેદા થાયો,
યોતામ થી આહાજ પેદા થાયો, અનેં આહાજ
થી હિજકીય્યાહ પેદા થાયો , 10 હિજકિય્યાહ
થી મનશ્શિહ પેદા થાયો, મનશ્શિહ થી આમોન
પેદા થાયો, અનેં આમોન થી યોશિય્યાહ પેદા
થાયો, 11 અનેં બંદી થાએંનેં બેબીલોન જાવાના
ટાએમ મ યોશિય્યાહ થી યકુન્યાહ,અનેં એંના ભાઈ
પેદા થાયાબંદી થાએંનેં બેબીલોન પોતાડી જાવાની
પસે યકુન્યાહ થી શાલતીએલ પેદા થાયો,અને
શાલતીએલ 12 થી જરુબ્બાબીલ પેદા થાયો ,
13 જરુબ્બાબીલ થી અબીહૂદ પેદા થાયો, અબીહૂદ
થી ઈલ્યાકીમ પેદા થાયો, અનેં ઈલ્યાકીમ થી અજોર
પેદા થાયો , 14 અજોર થી સદોક પેદા થાયો, સદોક
થી અખીમ પેદા થાયો, અનેં અખીમ થી ઈલીહૂદ
પેદા થાયો , 15 ઈલીહુદ થી ઈલીયાજાર પેદા થાયો,
ઈલીયાજાર થી મત્તાન પેદા થાયો, અનેં મત્તાન
થી યાકૂબ પેદા થાયો, 16 યાકૂબ થી યૂસુફ પેદા
થાયો; ઝી મરિયમ નો આદમી હેંતોં;એનેં મરિયમ
થી ઈસુ ઝી મસીહ કેંવાએ હે, પેદા થાયો, 17 ઈવી
રીતી ઈબ્રાહીમ થી દાઉદ તક ચવુંદ પીઢી થાઈ,અને
દાઉદ થી બેબીલોન મ બંદી થાએંનેં પોતાડયા જાવા
તક સવુંદ પીઢી,અને બંદી થાઈને બેબીલોન મ
પોતાડયા જાવાના ટાએંમ થી મસીહ તક સવુદ
પીઢી થાઈ 18 ઈશુ મસીહ નું જલમ ઈવી રીતી
થાયું કે, ઝર ઈની આઈ મરિયમ ની હગાઈ યુસુફ
નેં હાતેં થાએં ગઈ, તે હેનન ભેંગ થાવા થી પેલ
થીસ વેયે પવિત્ર આત્મા ની તરફ થી બે જીવી મળી
19 હાં નેં હેંના આદમી યુસૂફેં ઝી ધર્મી હેંતો અનેં
મરિયમ નેં બદલમ કરવા નેં સાહતો હેંતો, મરિયમ
નેં સાન સાનો સુંડ દેંવાનો વિસાર કરયો 20 ઝર
વેયો ઈની વાત ના વિસાર મસ હેંતો તે પ્રભુ નો
હરગદૂત હેંનેં હામણા મ ભળાએં નેં કેંવા મંડ્યો,
‘હે યૂસુફ દાઉદ ના સુંરા,તૂ તારી બજ્યેર મરિયમ
નેં તાર તાં લેં આવવા થી નહેં સમકે, કેંમકે ઝી
એંના ગરભ મ હે વેયું પવિત્ર આત્મા ની તરફ થી હે
21 વેયે સુંરો જણહે અનેં તું હેંનું નામ ઈશુ રાખજે
કેંમકે વેયો પુંતાન મનખ નો પાપ થી તારણ કરહે ”
22 ઈયુ બદ્દુ એંતરે હારું થાયું કે ઝી વસન પ્રભુવેં
ભવિષ્ય વક્તા ના દુવારા કેંદૂ હેંતું, વેયું પુરુ થાએ
: 23 ‘ભાળો, એક કુંવારી બે જીવી થાહે અનેં એક
સુંરો જણહે,અનેં હેંનું નામ ઈમ્માનુએલ રાખવામ
આવહે, ઝેંનું મતલબ હે- પરમેશ્વર હમારી હાતેં
24 તર યુસૂફ નીંદર મહો જાગે જાએંનેં પ્રભુ ના દૂત
ની આજ્ઞા ની પરમણે પુતાની બજ્યેર નેં પુતાને ઘેર
લેં આયો ; 25 અનેં ઝાં તક વેયે બેંટો નેં જણી તાં
તક વેયો હેંનેં કન નેં જ્યો : અનેં હેંને હેંનું નામ ઈશુ
રાખ્યું

2 1 હેરોદેસ રાજા ના દાડમ ઝર યહૂદિયા ના
બેતલહમ મ ઈશુ નું જલમ થાયુ, તે ઉગમણેં
થી કઈક જોતિષી(તાર નું જ્ઞાન જાણવા વાળા)
યરુશલેમ મ આવેંનેં પુસવા મંડ્યા , 2 “યહૂદીય
નો રાજા ઝેંનું જલમ થાયું હે,કાં હે? કેંમકે હમવેં
ઉગમણો હેંનો તારો ભાળ્યો હે અનેં હેંનેં પોગેં
લાગવા આયા હે ” 3 ઈયુ હામળેંનેં હેરોદેસ રાજા
અનેં અનેં હેંનેં હાતેં આખું યરુશલેમ ઘબરાએં જ્યું
4 તર હેરોદેસે મનખ ના બદ્ મુખી યાજક અનેં
શાસ્ત્રીય(શાસ્ત્ર નું જ્ઞાન રાખવા વાળા) નેં ભેંગા
કરેંને હેંનનેં પુસ્યું, “મસીહ નું જલમ કાં થાવું જુગે
?” 5 હેંનવેં હેરોદેસ નેં કેંદૂ, યહૂદીય ના બેતલહમ
મ, કેંમકે ભવિષ્યવક્તા ના દુવારા એંમ લખેંલું હે :
6 “હે બેતલહમ, તું ઝી યહૂદા ના પરદેસ મ હે, તું
કીવી બી રીતિ થી યહૂદા ન અધિકારજ્ય મ બદ્

કરત નાનું નહેં ; કેંમકે તારા મહો એક અધિપતિ
નકળહે, ઝી મારી પરજા ઈસ્રાઈલ ની રખવાળી
કરહે ” 7 તર હેરોદેસેં જોતીષીય નેં સાન સાનું
બુલાવેં નેં હેંન થી પુસ્યું કે તારો ઠીક કઈના ટાઍમેં
ભાળવા જડ્યો હેંતો , 8 અનેં હેંને એંમ કેંનેં હેંનનેં
બેતહમ મુંકલ્યા,“જો, હેંના બાળક ના બારામ ઠીક-
ઠીક ખબર કરો, અનેં ઝર વેયો મળેં જાએ તે મનેં
હમિસાર આલો એતરે કે હૂં હુદો આવેંનેં પોગેં લાગું
” 9 વેયા રાજા ની વાત હામળેંનેં જાતારયા, અનેં
ઝી તારો હેંનવેં ઉગમણો ભાળ્યો હેંતો વેયો હેંનનેં
અગેંડ અગેંડ સાલ્યો ; અનેં ઝાં બાળક હેંતું, હીની
જગ્યા ની ઈપેર પોતેંનેં ઈબો રેંજ્યો 10 હેંના તારા
નેં ભાળેંનેં વેયા ઘણા ખુશ થાયા 11 એનવે એના
ઘેરમાં પૂગીને એના સુરાને ઈની આઈ મરિયમ ને
હાતે ભાળો, અને મોડા ભેર પડે ને સુરા ને પોગે
પડયા, અને પુત પૂતના ના ઠેલા ખોલેને એને હુનું,
અને લુબન , અને ગન્ધરસ નું દાન કરું 12 તર
હામણામ આ સેતવણી મીળવીને કે હેરોદ કને
પાસા નહી વે, વેયા બીજી વાટ થકી પૂતના દેસ
દેસમાં જાતા રયા 13 એંનન જાતારેંવા પસે પ્રભુ ના
એક દૂતેં હામણા મ યુસૂફ નેં ભળાએંનેં કેંદૂ, ઉઠ
એંના બાળક નેં અનેં આઈ નેં લેં નેં મિસ્ર દેંસ મ
જાતોરે; અનેં ઝાં તક હું તનેં થકી નેં કું તાં તક વેંહાસ
રેંજે; કેંમકે હેરોદેસ એંના બાળક ખોળી મ હે કે હેંનેં
મરાવ દડે ” 14 તર યુસૂફ રાતેંસ ઉઠેંનેં બાળક અનેં
હીની આઈ નેં લેંનેં મિસર મ સાલેં જ્યો , 15 અનેં
હેરોદેસ નેં મરવા તક વેંહૉસ રિયો એંતરે હારું કે
વેયું વસન ઝી પ્રભુ વેં ભવિષ્યવક્તા નેં દુવારા કેંદૂ
હેંતું પુરું થાએં : “મેંહ મારા સુરાં નેં મિસર મહો
બુંલાયો ” 16 ઝર હેરોદેસેં ઈયુ ભાળ્યું, કે જોતીષીયવેં
એંનેં હાતેં દગો કરયો હે, તર વેયો રિહ થી ભરાએં
જ્યો,અનેં મનખનેં મુકલેંનેં જોતીષીય દુવારા ઠીક-
ઠીક વતાડવાના ટાએંમ ને પરમણેં બેતલહમ અનેં
હેંન આજું બાજુ ની જગ્યા ન બદ્ સુંર નેં ઝી બે
વરસ ન કે હેંનેં થી નાન હેંત, મરાવ દડ્ય 17 તર
ઝી વસન યિર્મિયાહ ભવિષ્યવક્તા ના દુવારા કેંવામ
આયુ હેંતું, વેયું પુરુ થાયું : 18 “રામાહ મ એક
ખરાબ અવાજ હમળાયો ગાંગરવું અનેં મુટું દુઃખ;
રાહેલ પુંતાન સુંર હારું ગાંગરેં રી હિતી ,અનેં સાની
થાવા નેં માંગતી હિતી કેંમકે વેય હાવું નહે રિય ”
19 હેરોદેસ નેં મરવા પસી પ્રભુ ના દુતેં મિસર મ
યુસુફ નેં હામણા મ ભળાનેં કેઅદૂ, 20 ઉઠ બાળક
અનેં ઈની આઈ નેં લેંનેં ઇસ્રાએલ ના દેસ મ જાતોરે
કેંમકે બાળક ના જીવનેં લેંવા સાહતા હેતા વેયા
મરેં જ્યાં હે ” 21 યુસુફ ઉઠ્યો અનેં બાળક અનેં
ઈની આઈ નેં હાતેં લેંનેં ઇસ્રાએલ દેસ મ આયો
22 પુંણ ઈયુ હામળેંનેં કે અરખિલાઉસ એંના બા
હેરોદેસ ની જગ્યા યહૂદિયા ઈપેર રાજ કરેં રિયો હે,
વેંહાં જાવા થી સમક્યો પાસો હામણા મ પરમેશ્વર
થી સેંતવણી મેંળવેંનેં ગલીલ પરદેસ મ જાતોરિયો,
23 અનેં નાસરત નગર મ જાએં વસ્યો, એંતરે કે વેયું
વસન પુરું થાએં, ઝી ભવિષ્યવક્તાવ દુવારા કેંવામ
આયુ હેંતું : “વેયો નજારી કેંવાહે ”

3 1 હેંન દાડ મ યૂહન્નો બક્તિસ્મ આલવા વાળો
આવેંનેં યહૂદિયા ના જંગલ મ ઈયો પરસાર
કરવા મંડ્યો: 2 “મન ફેંરવો, કેંમકે હરગ નું રાજ ટીકે
આવેં પોત્યું હે ” 3 ઈયો વેયોસ હે ઝીની સરસા
યશાયાહ ભવિષ્યવક્તા દુવારા કરવામ આવી :
જંગલ મ એક પુંકારવા વાળાની અવાજ થાએં રિયો
હે, કે પ્રભુ નો રસ્તો તિયાર કરો, હીની સડકેં હીદી
કરો ” 4 ઈયો યૂહન્નો ઉંટ ન વાળ ન સિસર પેંરેં હેંતો,
અનેં પુંતાની કેંડ મ પટ્ટો બાંદેંલો હેંતો એંનું ખાવાનું
ટીડ અનેં જંગલ નું મોદ હેંતું 5 તર યરુશલેમ અનેં
આખા યહૂદિયા, અનેં યર્દન ન આજુ-બાજુ ન બદ્દી
જગ્યા ન મનખ હેંનેં કન નકળેં નેં આય 6 હેંનવેં
પુંત પુંતાન પાપ નેં માનેં નેં યર્દન નદી મ યૂહન્ના
થી બક્તિસ્મ લેંદૂ 7 ઝર યૂહન્નાવેં ઘણ બદ ફરિસી
અનેં સદૂકીય નેં બક્તિસ્મ હારું પુંતાનેં કન આવત
ભાળ્ય, તે હેંનનેં કેંદૂ, “હે હાપ ન બસ્સોં, તમનેં
કેંનેં જતાવ દેંદ કે આવવા વાળી રીહ થી નાહો
? 8 એંતરે હારું મન ફેંરવવાને લાએંક ફળ લાવો
; 9 અનેં પુંત પુંતાના મન મ ઈયુ નહેં વિસારો કે
હમારો બા ઈબ્રાહીમ હે; કેંમકે હું તમ થકી કું હે
કે પરમેશ્વર આણ ભાઠ થકી ઈબ્રાહીમ હારું બેંટા-
બીટી પૈદા કરેં સકે હે 10 હાવું કુંવાડું ઝાડ ન મુળ
ઈપેર મેંલેંલું હે, એંતરે હારું ઝી-ઝી ઝાડ અસલ ફળ
નહેં લાવતું, વેયું કાપેં કાપેં અનેં આગ મ ધકુલવામ
આવેં હે 11 “હૂં તે પાણેં થી તમનેં ફેંરવાનું બક્તિસ્મ
આલું હે, પુંણ મારી વાહે ઝી આવવા વાળો હે, વેયો
મારી કરત તાકતવર હે; હું હેની મોજડી તુંકવાના
લાએંક નહેં વેયો તમનેં પવિત્ર આત્મા અનેં આગ
થકી બક્તિસ્મ આલહે 12 હેંનું હુપડું હેંના હાત મ
હે, અનેં વેયો પુંતાનું ખળું અસલ રીતિ થી સાફ
કરહે ” 13 હેંના ટાએંમેં ઈશુ ગલીલ થી યર્દન ની ધેંડેં
યૂહન્ના કનેં હેંનેં થકી બક્તિસ્મ લેંવા હારું આયો
14 પુંણ યૂહન્નો એંમ કેંનેં ઈશુ નેં રુંકવા મંડ્યો, “મનેં
તે તારા હાત થી બક્તિસ્મ લેંવાની જરુરત હે, અનેં
તું મારી કનેં આયો હે ?” 15 ઈશુવેં યૂહન્નાનેં એંમ
જવાબ આલ્યો, “હાવું તે એંવુંસ થાવા દે, કેંમકે
આપડે ઈવીસ રિતી થી બદ્દી ધાર્મિકતા નેં પુરી કરવી
ઠીક હે તર યૂહન્નાવેં ઈશુની વાત માન લીદી 16 અનેં
ઈશુ બક્તિસ્મ લેંનેં તરત પાણેં મહો ઈપેર આયો,

અનેં ભાળ્યું હેંનેં હારું આકાશ ખુંલાએ જ્યું, અનેં
ઈશુવેં પરમેશ્વર ના આત્મા નેં કબુતર નેં જેંમ ઉતરત
અનેં પુંતાનેં ઈપેર આવત ભાળ્યું 17 અનેં ભાળો,
ઈયે આકાશવાણી થાઈ : "ઈયો મારો વાલો બેંટો
હે, ઝેંનેં થકી હું ઘણોસ ખુશ હે "
4 1 તર આત્મા ઈશુ નેં જંગલ મ લેં જ્યો એંતરે
કે ઈબ્લીસ થકી ઈશુ નું પરિક્ષણ થાએ 2 ઈશુ
સાળીસ દાડ, અનેં સાળીસ રાત તક ખાદા વગર
રિયો, તર ઈશુનેં ભુખ લાગી 3 તર પારખવા વાળે
ટીકે આવેંનેં કેંદૂ, "અગર તું પરમેશ્વર નો બેંટો હે,
તે કેં દે, ઈયા ભાઠા રુંટજ્યી બણેં જાએ " 4 ઈશુવેં
જવાબ આલ્યો : "લખ્યું હે,'મનખ ખાલી રુટી
થીસ નહેં, પુંણ હરેક વસન થકી ઝી પરમેશ્વર ના
મોડા થી નકળે હે, જીવતું રેંહે '" 5 તર ઈબ્લીસ ઈશુ
નેં પવિત્ર સેર મ લેં જ્યો અનેં મંદિર ના બુરજ
ઈપેર ઈબો કરયો , 6 અનેં ઈશુ નેં કેંદૂ, "અગર તું
પરમેશ્વર નો બેંટો હે, તે પુંતે-પુંતાને પાડ દે; કેંમકે
લખ્યું હે પરમેશ્વર તારા બારામ પુંતાન હરગ દૂત નેં
હુકમ આલહે, અનેં વેયા તનેં હાતોં-હાત તુંકેં લેંહે ;
ખેંતુક એંવું નેં થાએ કે તાર પોગ મ ભાઠા થી ઠેહ
વાગે '" 7 ઈશુવેં હેંનેં કેંદૂ, "ઈયુ હુંદુ લખ્યું હે : તું
પ્રભુ તારા પરમેશ્વર નું પરિક્ષણ નહેં કરે '" 8 ફેંર
ઈબ્લીશ ઈશુનેં ઘણાસ ઉસા ડુંગોર ઈપેર લેં જ્યો
અનેં આખા જગત ન રાજ્ય અનેં હેંનું પરાક્રમ
વતાડેંનેં 9 ઈશુ નેં કેંદૂ, "અગર તું પડેંનેં મનેં પોગેં
લાગે, તે ઈયુ બદ્દુસ હું તનેં આલ દેં " 10 તર ઈશુવેં
હેંનેં કેંદૂ, "હે શૈતાન સિટી થાએં જા, કેંમકે લખ્યું હે
: તું પ્રભુ તારા પરમેશ્વર નેં પોગેં લાગ, અનેં ખાલી
હિનીસ ભક્તિ કર '" 11 તર શૈતાન ઈશુ કનેં હો
જાતોર્યો, અનેં ભાળો, હરગ દૂત આવેંનેં ઈશુની સેવા
કરવા મંડ્યા 12 ઝર ઈશુવેં ઈયુ હામલ્યું કે યૂહન્નો
બંદી બણાવ લેંવામ આયો હે, તે ઈશુ ગલીલ મ
જાતોર્યો 13 અનેં ઈશુ નાસરત નેં સોડેંનેં કાફ્ર-નહૂમ
મ, ઝી દરજ્યા ની ધેડેં જબૂલૂન અનેં નપ્તાલી ના
દેસ મ હે, જાએંનેં રેંવા મંડ્યો ; 14 એંતરે કે ઝી
ભવિષ્યવક્તાવ ના દુવારા કેંવામ આયુ હેંતું, વેયું
પુરું થાએ : 15 " જબૂલૂન અનેં નપ્તાલી ન દેસ
, દરજ્યા ના રસ્તા થી યાર્દન ની પીલી પાર બીજી
જાતી વાળનું ગલીલ – 16 ઝી મનખ ઈન્દારામ
બેંઠેંલ હેં, હેંનવેં મુંટુ ઈજવાળું ભાળ્યું ; અનેં ઝી
મોત ના દેસ અનેં સાએંલા મ બેંઠેંલ હેંત, હેંન ઈપેર
ઈજવાળું થાયું " 17 હેંના ટાએંમ થી ઈશુવેં પરસાર
કરવું અનેં એંમ કેંવું સરુવાત કર્યું,"મન ફેંરવો કેંમકે
હરગ નું રાજ નેંડ આયુ હે " 18 ગલીલ ના દરજ્યા
ની ધેડેં ફરતે જાએંનેં ઈશુવેં બે ભાજ્યનેં એંતરે
શમોન નેં ઝી પતરસ કેંવાએ હે, અનેં એંના ભાઈ
અન્દ્રિયાસ નેં દરજ્યા મ જાળ નાખત ભાળ્યા; કેંમકે
વેયા માસલજ્યી હાવા વાળા હેંતા 19 ઈશુવેં હેંનનેં
કેંદૂ, "મારી વાહેડ સાલેં આવો, તે હું તમનેં મનખ નેં
હાવા વાળા બણાવેં " 20 વેયા તરત જાળ નેં સુંડેંનેં
ઈશુનેં વાહેડ થાએં જ્યા 21 વેહાં થી અગ્યેડ વદેંનેં,
બીજ બે ભાજ્ય નેં એંતરે જબ્દી ના સુંરા યાકૂબ
અનેં એંના ભાઈ યૂહન્ના નેં ભાળ્યા વેયા પુંતાના
બા જબ્દી નેં હાતેં નાવ મ પુંતાની જાળ નેં હાદારેં
રિયા હેંતા ઈશુવેં હેંનનેં હુંદા બુંલાયા 22 વેયા તરત
નાવ અનેં પુંતાના નેં સુડેંનેં ઈશુનેં વાહેડ થાએં જ્યા
23 ઈશુ આખા ગલીલ મ ફરતો જાએંનેં હેંનન દેંવોળ
મ ભાષણ કરતો, અનેં રાજ્ય નો તાજો હમિસાર
પરસાર કરતો, અનેં મનખ ની દરેક રીત ની બેંમારી
અનેં નબળાઈ નેં સીટી કરતો રયો 24 અનેં આખા
સીરિયા દેસ મ ઈશુ નો ડંકો ફેલાએં જ્યો ; અનેં
મનખ બદ્ બેંમાર નેં, ઝી અલગ-અલગ રીત ની
બેંમારી અનેં દુઃખ મ હવાએંલ હેંત,અનેં ઝેંન મ
ભુન્ડી આત્મા હિતી, અનેં ફુંર વાળ અનેં લખુવા
ન રુંગજ્ય નેં, ઈશુ કનેં લાય અનેં ઈશુવેં હેંનનેં
હાજ કરય 25 ગલીલ અનેં દીકાપુલિસ, યરુશલેમ,
યહૂદીયા, અનેં યર્દન નદી નેં પાર થી ભીડ ની ભીડ
ઈસુનેં વાહેડ થાએં ગઈ
5 1 ઈશુ એંના ટુળા નેં ભાળેંનેં ડુંગોર ઈપેર સડેં
જ્યો અનેં ઝર બેંહેં જ્યો તે ઈશુ ના સેંલા ઈશુ
કનેં આયા 2 અનેં ઈશુ પુંતાનું મોડું ખોલેં નેં હેંનનેં
ઈયુ ભાષણ આલવા લાગ્યો : 3 "ધન્ય હે વેય, ઝી
મન ન ગરીબ હે, કેંમકે હરગ નું રાજ્ય હેંન નુસ
હે 4 "ધન્ય હે વેય, ઝી દુઃખ વેંઠે હે, કેંમકે વેય શાંતિ
મેંળવહે 5 "ધન્ય હે વેય, ઝી ભુંળ હે, કેંમકે વેય ધરતી
ન હકદાર થાહે 6 "ધન્ય હે વેય, ઝી ધરમ ન ભુખ
અનેં તરહ્ય હે, કેંમકે વેય ધપાડવામ આવહે 7 "ધન્ય
હે વેય, ઝી દયાળુ હે, કેંમકે હેંન ઈપેર દયા કરવામ
આવહે 8 "ધન્ય હે વેય, ઝેંન મન સાફ હે, કેંમકે
વેય પરમેશ્વર નેં ભાળહે 9 "ધન્ય હે વેય, ઝી મેંળ
કરાવવા વાળ હે, કેંમકે વેય પરમેશ્વર ન બેંટ કેંવાહે
10 "ધન્ય હે વેય, ધરમ ને લેંદે સતાવામ આવેં હે,
કેંમકે હરગ નું રાજ્ય હેંન નુંસ હે 11 "ધન્ય હે તમું,
ઝર મનખ મારી લેંદે તમારી નિંદા કરે, અનેં સતાવે
અનેં ઝૂઠ બુલેં બુંલેંનેં તમારી વિરુદ્ધ મ બદ્ રીત
ની ભુંડી કે 12 તર ખુશ અનેં મગન થાજો, કેંમકે
તમારી હારું હરગ મ મુંટુ ફળ હે એંતરે હારું કે
એંનવેં હેંન ભવિષ્યવક્તાવ નેં ઝી તમારી હા પેલા
હેંતા ઈવીસ રીતી થી સતાયા હેંતા 13 "તમું નું લુંણ
હે ; પુંણ અગર લુંણ નો હવાદ વગડે જાએં, તે
વેયું ફેંર કઈની વસ્તુ થી ખારું કરવામ આવહે ?
ફેંર વેયું કઈનાસ કામ નું નહેં, ખાલી એંનું કે બારત

ફેંકવામ આવે, અનેં મનખ ન પોગ હેંઠણ કસરવામ
આવે 14 તમું દુનિય નું ઈજવાળું હે ઝી સેર ડુંગોર
ઈપેર વસેંલું હે વેયું હતાએં નહેં સકતું 15 અનેં મનખ
સમની બાળેંનેં ટુંપલા હેંઠણ નહેં પુંણ ડીળી ઈપેર
મેંલે હે, તર હેંનેં થી ઘેર ન બદ્ મનખ નેં ઈજવાળું
પોતે હે 16 ઈવીસ રિતી તમારું ઈજવાળું મનખ
નેં હામેં ભળાએ કે વેય તમાર ભલાઈ ન કામ નેં
ભાળેંનેં તમારા બા ની, ઝી હરગ મ હે , મોંટાઈ કરે
17 “એંમ નહેં હમજો કે હૂં નિયમ કે ભવિષ્યવક્તા
ની સોપડજ્યી નેં અલુંપ કરવા આયો હે,અલુંપ
કરવા નહેં, પુંણ પુરું કરવા આયો હે 18 કેંમકે હૂં
તમ થી હાસ્સું કું હે, કે ઝર તક ગગન અનેં ધરતી
ટળેં નેં જાએ, તર તક નિયમ મ એક માતરો કે એક
બિંદુ હુંદુ વગર પુંરુ થાયે નેં ટળહે 19 એંતરે હારું ઝી
કુઈ ઈની નાની થી નાની આજ્ઞા મહી કઈનિક એક
નેં તુંડે,અનેં વેંમેંસ મનખ નેં હિકાડે વયું હરગ ના
રાજ્ય મ બદ્ કરત નાનું કેંવાહે; પુંણ ઝી કુઈ ઈની
આજ્ઞા નું પાલન કરહે અનેં હેંનેં હિકાડહે, વેયુસ
હરગ ના રાજ્ય મ મહાન કેંવાહે 20 કેંમકે હૂં તમ
થી કું હે, કે અગર તમારી ધાર્મિકતા શાસ્ત્રી અનેં
ફરિસીય થી વદેંનેં નેં વેહ,તે તમુ હરગ ના રાજ્ય
મ કેંર યે નેં જાએ સકહો 21 તમું હામળેં સુક્ય હે, કે
પેલ જમાના ન મનખ થી કેંવામ આયુ હેંતું કે ‘હત્યા
નેં કરવી’, અનેં ‘ઝી કુઈ હત્યા કરહે વેયું કસેરી મ
સજા નેં લાએંક વેંહે ’ 22 પુંણ હૂં તમ થી ઈયુ કું હે,
કે ઝી કુઈ પુતાના ભાઈ નેં નકમ્મો કેંહે વેયું મુંટી
સભા મ સજા નેં લાએંક વેંહે ; અનેં ઝી કુઈ કે ‘અરે
મુરખ’ વેયો નરગ ની આગ ની સજા નેં લાએંક વેંહે
23 એંતરે હારું અગર તું તારી ભેટ વેદી ઈપેર લાવે,
અનેં વેંહાં તું ઈયાદ કરે, કે તારા ભાઈ ના મન મ
તારી હારું કઈક વિરુદ્ધ મ હે , 24 તે તારી ભેટ
વેંહાંસ વેદી નેં હામેં સુડ દે,અનેં જાએંનેં પેલ તારા
ભાઈ હાતેં મેંળ મળાપ કર અનેં તર આવેંનેં તારી
ભેટ સડાવ 25 ઝર તક તું તારા લેંણેંદાર નેં હાતેં રસ્તા
મસ હે, હેંનેં થી ઝટ-પટ મેંળ મળાપ કર લે ખેતુક
એંવું નેં થાએ કે લેંણેદાર તનેં હાકીમ નેં હુંપે, અનેં
હાકીમ તનેં સપાઈ નેં હુંપેં દે, અનેં તું જેલ ખાના
મ નાખેં દેંવામ આવે 26 હું તનેં હાસ્સું કું હે કે ઝર
તક તું પાઈ-પાઈ ભરેં નેં દે તર તક વેહાં થી સુંટેં નેં
સકહે 27 તમુ હામળેં સુક્ય હે કે કેંવામ આયુ હેંતું ,
‘સિનાળવું નેં કરવું ’ 28 પુંણ હૂં તમ થી ઈયુ કું હે,
કે ઝી કુઈ કઈનેક બજ્યેર ઈપેર ખરાબ નજર નાખેં
વેયો પુંતાના મન મ સિનાળવું કરે સુક્યો 29 અગર
તારી જમણી આંખ તનેં ઠુંકર ખવાડે, તે હેંનેં કાડેં
નેં ફેંકેં દે; કેંમ કે તારી હારું ઈયુસ ભલું હે કે તાર
અંગ મહું એક નાશ થાએં જાએ અનેં તારું આખું
શરીર નરક મ નેં નાખવામ આવે 30 અગર તારો
જમણો હાત તનેં ઠુંકર ખવાડે, તે હેંનેં કાપેં નેં ફેંકેં દે
; કેંમકે તારી હારું ઈયુસ ભલું હેં કે અંગ મહુ એક
નાશ થાએ જાએ અનેં તારું આખું શરીર નરક મ
નેં નાખવામ આવે 31 “એંમ હુંદું કેંવામ કેંવામ આયુ
હેંતું, ‘ઝી કુઈ પુંતાની બજ્યેર નેં સુટી કરવા માંગે, તે
હેંનેં સુંટા સેંડા નું કાગળ આલેં ’ 32 પુંણ હું તમ થકી
એંમ કું હે કે ઝી કુઈ પુંતાની બજ્યેર નેં સિનાળવું
સિવાઈ કઈનાક બીજા મતલબ થી સુટી કરે, તે વેયો
હેંનેં થી સિનાળવું કરાવે હે; અનેં ઝી કુઈ હીની સુટી
કરીલી થી લગન કરે , વેયો સીનાળવું કરે હે 33 “ફેંર
તમું હામળેં સુક્ય હે કે પેલા જમાના ન મનખ થી
કેંવામ આયુ હેંતું, ‘ઝુઠા હમ નેં ખાત વેહ, પુંણ પ્રભુ
હારું પુતાના હમ પુરા કરજો ’ 34 પુંણ હૂં તમનેં કું
હે કેંર યે હમ નેં ખાત વેહ; નેં હરગ ની, કેંમકે વેયુ
પરમેશ્વર નેં બેંહવાની જગ્યા હે ; 35 નેં ધરતી ની,
કેંમકે વેયે પરમેશ્વર ન પોગ ની ડીળી હે;નેં યરુશલેમ
ની,કેંમકે વેયું મહારાજા નું સેર હે 36 પુંતાના માથાના
હુંદા હમ નેં ખાવા, કેંમકે તું એક વાળ નેં હુંદો નેં
ધોળો, નેં કાળો કરેં સકે હે 37 પુંણ તમારી વાત
‘હાઓ’ ની ‘હાઓ’ કે ‘ના’ ની ‘ના’ વેહ; કેંમકે ઝી
કઈ એંને થી વદાર થાએ હે વેયુ ભુન્ડાઈ થી થાએ હે
38 “તમુ હામળેં સુક્ય હે કે કેંવામ આયુ હેંતું, ‘આંખ
નાં બદલામ આંખ, અનેં દાત ના બદલામ દાત ’
39 પુંણ હૂં તમ થકી એંમ કું હે કે ભુંડા નો સામનો નેં
કરવો;પુંણ ઝી કુઈ તારા જમણા ગાલ ઈપેર થાપલ
વાએ, હેંનેં મએ બીજો હુંદો ફેંરવેં દે 40 અગર કુઈ
તને ઈપેર જબર જસ્તી કરેંનેં તારો ઝબ્બો લેંવા
સાહે, તે હેંનેં કાપડી હુંદી લેં લેંવા દે 41 ઝી તનેં એક
મિલ મોકત લેં જાએ, તે હેંનેં હાતેં બે મિલ જાતોરે
42 ઝી કુઈ તનેં કન માંગે, હેંનેં આલ; અનેં ઝી કુઈ
તનેં કન ઉદાર લેંવા સાહે, હેંનેં થી મોડું નહેં મએંડે
43 “તમું હામળેં સુક્ય હે કે કેંવામ આયુ હેંતું,‘પુંતાના
પડુંસી થી પરેંમ રાખવો,અનેં આપડા વેરી થી વેંર’
44 પુંણ હૂં તમનેં એંમ કું હે કે આપડ વેરજ્ય થી પરેંમ
રાખો અનેં આપનેં વિતાડવા વાળ હારું દુવા કરો,
45 ઝેંનેં થકી તમું આપડા હરગ વાળા બા ન બેંટા-
બેંટી થાહો કેંમકે વેયો તાજ અનેં ભુંડ બેય ઈપેર
દાડો ઉગાડે હે, અનેં ધર્મી અનેં અધર્મી બેય ઈપેર
વરહાત પાડે હે 46 કેંમકે અગર તમું આપડ પરેંમ
રાખવા વાળ હાતેંસ પરેંમ રાખો, તે તમારી હારું
હું ફળ વેંહે ? હું વેરું લેંવા વાળા હુંદા એંવુંસ નહેં
કરતા ? 47 “અગર તમુ પુંતાન ભાજ્ય નેંસ નમસ્તે
કરો,તે કઈનું મુટું કામ કરો હે ? હું બીજી જાતી હુંદી
એંવું નહેં કરત ? 48 એંતરે હારું જુગે કે તમુ સિદ્ધ
બણો, ઝેંવો તમારો હરગ વાળો બા સિદ્ધ હે

6 1 “સેંતેંન રો ! તમું મનખનેં વતાડવા હારુ
પુંતાન ધરમ ન કામ નહેં કરો, નેં તે આપડા
હરગ વાળા બા થી કઈસ હુંદુ ફળ નેં મેંળવહો
2 “એંતરે ઝર તું દાન કરે, પુતાનેં અગ્યેડ હણાઈ નહેં
વગાડાવ, ઝેંમ કપટ વાળા સભા અનેં ગળ્જ્ય મ કરે
હે, એંતરે કે મનખ હેંનની મોંટાઈ કરે હું તમ થકી
હાસું કુ હે કે વેય પુતાનું બદલાનું ફળ મેંળવેં સુક્ય
હે 3 પુંણ ઝર તું દાન કરે, તે ઝી તારો જમણો હાત
કરે હે, હેંનેં તારો ડાબો હાત નેં જાણેં સકે 4 એંતરે
કે તારું દાન સાનું રે, અનેં તર તારો બા ઝી સાનો
ભાળે હે, તનેં બદલાનું ફળ આલહે 5 “ઝર તું દુવા
કરે તે કપટ વાળ નેં જેંમ નહેં થા, કેંમકે મનખ નેં
વતાડવા હારું દેંવળ મ અનેં સડક ની વળાક મ ઈબા
થાએંનેં દુવા કરવી એંનનેં અસલ લાગે હેહું તમનેં
હાસું કુ હે કે વેયા પુતાનું બદલાનું ફળ મેંળવેં સુક્યા
હે 6 પુંણ ઝર તું દુવા કરે, તે પુંતાની ઉઈડી મ જા;
અનેં બાએંણું બંદ કરેંનેં આપડા બા થી ઝી સાનો
હે દુવા કર તર તારો બા ઝી સાનો ભાળે હે, તનેં
બદલાનું ફળ આલહે 7 દુવા કરવાને ટાએંમેં બીજી
જાતી નેં જેંમ બક-બક નહેં કરો, કેંમકે વેય હમજે
હે કે હેંનનેં વદાર બુંલવા થી હેંનની હામળવામ
આવહે 8 એંતરે હારું તમું હેંનનેં જેંમ નહેં બણો,
કેંમકે તમારો બા તમનેં માંગવા થી પેલેંસ જાણે હે કે
તમારી હું હું જરુંરતે હે 9 “હાં નેં તમું ઈવી રીતી થી
દુવા કરેં કરો ‘હે હમારા બા, તું ઝી હરગ મ હે;તારું
નામ પવિત્ર માનવામ આવે 10 ‘તારું રાજ્ય આવે
તારી મરજી ઝીવી હરગ પૂરી થાએં હે, વેંમેંસ ધરતી
ઈપેર હુંદી થાએં 11 ‘હમારી આખા દાડા ની રુટી
આજે હમનેં આલ 12 અનેં ઝીવી રિતી હમવેં હમાર
ગુનેંગાર નેં માફ કર્યા હે, વેંમેંસ તું હુંદો હમાર ગુંન નેં
માફ કર 13 અનેં હમનેં પરિક્ષણ મ નહેં લાવે, પુંણ
ભુન્ડાઈ થી વસાડ; (કેંમકે રાજ્ય અનેં પરાક્રમ અનેં
મહિમા હમેશા તારસ હે ’ આમીન ) 14 “એંતરે
અગર તમું મનખ ના ગુંના માફ કરહો, તે તમારો
હરગ વાળો બા હુંદો તમનેં માફ કરહે 15 અનેં અગર
તમું મનખ ના ગુંના માફ નેં કરહો, તે તમારો બા
હુંદો તમારા ગુંના માફ નેં કરહે 16 “ઝર તમું ઉપવાસ
કરો, તે કપટ વાળ નેં જેંમ તામાર મોડ ઈપેર ઉદાસી
નેં રે,કેંમકે વેય પુતાનું મોડું બણાવેં રે હે, એંતરે કે
મનખ હેંનનેં ઉપવાસ કરવા વાળા હમજે હું તમનેં
હાસુ કુ હે કે વેય પુતાનું બદલાનું ફળ મેંળવેં સુક્ય
હે 17 પુંણ ઝર તું ઉપવાસ કરે તે તારા માથા મ
તેલ નાખ અનેં મોડું ધુ , 18 એંતરે કે મનખ નહેં
તારો બા ઝી સાનો હે, તનેં ઉપવાસ વાળો જાણે
ઈની દસ્યા મ તારો બા ઝી સાનો ભાળે હે ,તનેં
બદલાનું ફળ આલહે 19 “પુતાનેં હારું ધરતી ઈપેર
ધન ભેંગુ નહેં કરો, ઝાં કીડા અનેં કાઈ વગાડે હે
,અનેં ઝાં સુંર બાખું પાડે અનેં સુરે હે 20 પુંણ પુંતાનેં
હારું હરગ મ ધન ભેંગું કરો, ઝાં નેં તે કીડા અનેં
કાઈ વગાડે હે, અનેં ઝાં સુંર નહેં બાખું પાડતા અનેં
નહેં સુંરતા 21 કેંમકે ઝાં તારું ધન હે વેહાં તારું મન
હુંદુ લાગેંલુ રેંહે 22 “શરીર નો દીવો આંખ હે :એંતરે
અગર તારી આંખ સાફ વેહ, તે તારું આખું શરીર
ઈજવાળું થાહે ! 23 પુંણ અગર તારી આંખ ભુંડી
વેહ, તે તારું આખું શરીર ઈન્દારું થાહે; એંને લેંદે
વેયું ઈજવાળું ઝી તારી મ હે અગર ઈન્દારું વેહ તે
વેયું ઈન્દારું કેવું મુટું વેંહે ! 24 “કુઈ મનખ બે ધણી
ની સેવા નહે કરે સકતું, કેંમકે વેયું એક થકી વેર અનેં
બીજા થકી પરેંમ રાખહે, કે એક હાતેં મળેંલું રેંહે અનેં
બીજાનેં નકમ્મો જાણહેતમું પરમેશ્વર અનેં ધન બેય
ની નહેં સેવા કરેં સકત 25 એંતરે હારું હૂં તમનેં કું
હે કે પુંતાના જીવ હારું ઈયે સિન્તા નેં કરવી કે હમું
હું ખહું અનેં હું પીઈહું; અનેં નેં પુંતાના શરીર હારું
કે હું પેરહું હું ખાવાનું જીવ થી અનેં શરીર સિસર
થી વદેંનેં નહેં ? 26 ગગન ન પંખીડ નેં ભાળો !
વેય નહેં વાવત, નહેં વાડત,અનેં નહેં કબલ મ ભેંગું
કરત;તે હુંદો તમારો હરગ વાળો બા હેંનનેં ખવાડે
હે હું તમું હેંન કરત વદાર કીમતી નહેં ? 27 તમ મ
કુણ હે, ઝી સિન્તા કરેંનેં પુંતાની ઉમર મ એક ઘડી
હુંદી વદારેં સકે ? 28 “અનેં સિસર હારું હુંકા સિન્તા
કરો હે ? જંગલી ફૂલ ઈપેર ધિયન કરો કે વેય કેંકેંમ
વદે હે; વેય નહેં તે નહેં તે મજુરી કરત અનેં નહેં
વણત 29 તે હુંદો હૂં તમ થકી કું હે કે સુલેમાન હુંદો,
પુંતાના આખા વૈભવ મ હેંન મહો કઈના ના જેંમ
સિસર પેરેંલ નેં હેંતો 30 એંતરે હારું પરમેશ્વર ઝર
મૈદાન ના ખોડ નેં, ઝી આજે હે અનેં કાલે ભાડ
મ ધકુંલવામ આવહે, એંવ સિસર પેરાવે હે, તે હે
અરદા વિશ્વાસ વાળો, તમનેં વેયો હેંન કરત વદેંનેં
કેંમ નેં પેરાવહે ? 31 “એંતરે હારું તમું સિન્તા કરેંનેં
એંમ નેં કેંત વેહ કે હમું હું ખહું, કે પીઈહું, કે હું
પેરહું 32 કેંમકે બીજી જાતી વાળ આયે બદ્દી વસ્તુ
ની ખોળી રે હે,પુંણ તમારો હરગ વાળો બા જાણે
હે કે તમનેં આયે બદ્દી વસ્તુવ ની જરૂરત હે 33 એંતરે
હારું પેલ તમુ પરમેશ્વર ના રાજ અનેં હેંના ધરમ
ની ખોળી કરો તે ઈયે બદ્દી વસ્તુવેં હુદી મળેં જાહે
34 હાં નેં કાલ ની સિન્તા નહેં કરો, કેંમ કે કાલ નો
દાડો પુંતાની સિન્તા પુતે કરેં લેંહે;આજે હારું હાજ
નુસ દુઃખ ઘણું હે

7 1 “દોસ નહેં લગાડો કે તમ ઈપેર હુંદો દોસ
નેં લગાડવામ આવે 2 કેંમકે ઝીવી રીતી તમું
દોસ લગાડો હે, હિવીસ રીતી તમ ઈપેર હુંદો દોસ
લગાડવામ આવહે; અનેં ઝેંના માપ થી તમું માપો

હે, હેંનાસ માપ થી તમારી હારું હુંદું માપવામ
આવહે 3 "તું હુંકા તારા ભાઈ ના કસરા નેં ભાળે
હે, અનેં પુંતાની આંખ નો લઠ્ઠો તનેં નહેં હુજ
પડતો ? 4 ઝર તારીસ આંખ મ લઠ્ઠો હે, તે તારા
ભાઈ થકી કેંકેંમ કેં સકે હે, 'લાવ હૂં તારી આંખ મહો
કસરો કાડેં દદું ?' 5 હે કપટ વાળા પેલ તારી આંખ
મહી લઠ્ઠો કાડેં લે,તર તું તારા ભાઈ નો કસરો તાજી
રીતી ભાળેંનેં કાડેં સકહેં 6 "પવિત્ર વસ્તુ કૂતર નેં નહેં
આલો, અનેં પુંતાના મોતી ભુંડણ નેં અગ્યેડ નહેં
નાખો;એંવું નેં થાએ કે હેંનેં પોગ હેંઠણ કસરે અનેં
ફરેંનેં તમન ફાડ દદે 7 "માંગો તે તમનેં આલવામ
આવહે; જુંવો તે તમનેં જડહે; ખખડાવો, તે તમારી
હારું ખોલવામ આવહે 8 કેંમકે ઝી કુઈ માંગે હે, હેંનેં
મળે હે; અનેં ઝી જુંવે હે,વેયું મેંળવે હે; અનેં ઝી
ખખડાવે હે હેંનેં હારું ખોલ વામ આવહે 9 "તમ
મનું એંવું કુણ મનખ હે, કે હેંનો સુરો હેંનેં થકી રુટી
માંગે, તે વેયો હેંનેં ભાટો આલે ? 10 કે માસલી
માંગે, તે હેંનેં હાપ આલે ? 11 નેં ઝર તમું ભૂંડસ
થાએંનેં, પુંતાન સુર નેં અસલ ની વસ્તુ આલવાનું
જાણો હે, તે તમારો હરગ વાળો બા પુંતાન માંગવા
વાળ નેં અસલ ની વસ્તુવેં કેંમ નેં આલહે ? 12 એંને
લેંદે ઝી કઈ તમું સાહો હે કે મનખ તમારી હાતેં
કરે, તમુ હુદ હેંનનેં હાતેં વેંવુંસ કરો; કેંમકે નિયમ
અનેં ભવિષ્યવક્તા નું શિક્ષણ ઈયુસ હે 13 "હાકડા
બાએંણા થી ભરાવો, કેંમકે મુકળું હે વેયું બાએંણું
હજુ હેલું હે વેયો રસ્તો ઝી નાશ મ પોતાડે હે અનેં
ઘણ બદ હે ઝી હેંને થી ભરાએ હે 14 કેંમકે હાકડું હે
વેયું બાએંણું હજું કાઠૂં હે વેયો રસ્તો ઝી જીવન મ
પોતાડે હે; અનેં થુંડક હે ઝી હેંનેં મેંળવે હે 15 "ઝુઠ
ભવિષ્ય વક્તાવ થી જાળવેંન રો, ઝી ઘેંઠ ના વેહ મ
તમારી કનેં આવે હે, પુંણ ફરક મ વેહ ફાડવા વાળા
હિયાળજ્યા હે 16 હેંનન ફળ થકી તમુ હેંનનેં વળખેં
લેંહો હું મનખ ઝાડજ્ય મહી દરાક, કે કટાળ ઝાડ
મહુ અંજીર તુંડે હે ? 17 ઈવીસ રિતી દરેક તાજું ઝાડ
તાજું ફળ લાવે હે અનેં નકમ્મું ઝાડ ભુંડસ ફળ લાવે
હે 18 તાજું ઝાડ ભુંડસ ફળ નહેં લાવેં સકતું, અનેં
નહેં નકમ્મું ઝાડ તાજું ફળ લાવેં સકે હે 19 ઝી ઝી
ઝાડ તાજું ફળ નહેં લાવતું, વેયું કાપવામ અનેં આગ
મ નાખવામ આવે હે 20 ઈવી રીતી હેંનન ફળ થકી
તમું હેંનનેં વળખેં લેંહો 21 "ઝી મનેં થકી,'હે પ્રભુ
! હે પ્રભુ !' કે હે,હેંન મના દરેક હરગ ના રાજ
મ ભરાએં નેં સકહે, પુંણ વેયોસ ઝી મારા હરગ
વાળા બા ની મરજી ઈપેર સાલે હે 22 હેંને દાડે ઘણ
બદ મનખ મનેં થકી કેંહે,'હે પ્રભુ,હે પ્રભુ,હું હમવેં
તારા નામ થી ભવિષ્યવાણી નહેં કરી, અનેં તારા
નામ થકી દુષ્ટ આત્મા નેં નહેં કાડી, અનેં તારા નામ
થી ઘણ બદ ગજબ ન કામ નહેં કરય ? 23 તર હું
હેંન થકી ખુલેંનેં કેંદેં, મેંહ તમનેં કેંર નહેં જાણ્યા હે
ખરાબ કામ કરવા વાળો, મારી કનેં હા જાતા રો
' 24 "એંતરે હારું ઝી કુઈ મારી ઈયે વાતેં હામળેંનેં
માને હે, વેયો હેંના અકલ વાળા માણસ નેં જેંમ
વેંહે ઝેંને પુતાનું ઘેર ભાટ વાળી જમીન મ બણાયુ
25 અનેં વરહાત વરહ્યો, અનેં ઝાબોળેં આવજ્યી,
અનેં કુંએણું આયુ, અનેં ઘેર નેં વાગ્યું, તે હુંદું વેયું
નહેં પડ્યું, કેંમકે હેંનો પાજ્યો ભાટ ઈપેર નાખવામ
આયો હેંતો 26 પુંણ ઝી કુઈ મારી ઈયે વાતેં હામળે
હે અનેં હેંનેં ઈપેર નહેં સાલતું, વેયું હેંના અકલ વગર
ના માણસ જેંવું વેંહે ઝેંને પુંતાનું ઘેર રેતાળ જમી
મ બણાયુ 27 અનેં વરહાત વરહ્યો, અનેં પુર આયા,
અનેં કુંએંણ સાલ્ય, અનેં હેંના ઘેર ને વાગ્યું અનેં
વેયું પડેંનેં સત્યનાશ થાએં જ્યું " 28 ઝર ઈસુ ઈયે
વાતેં કરેં સુક્યો, તે એંવું થાયું કે ભીડ ઈસુ ના ભાષણ
થી વિસાર કરતી થાએં ગઈ , 29 કેંમકે ઈસુ હેંનન
શાસ્ત્રિય નેં જેંમ નેં પુંણ અધિકારી નેં જેંમ ભાષણ
આલતો હેંતો

**8** 1 ઝર ઈસુ ડુંગોર ઈપેર થી ઉતર્યો, તે એક મુંટી
ભીડ ઈસુનેં વાહેડ થાએ ગઈ 2 અનેં ભાળો
એક કોઢ ની બેંમારી વાળે ટીકે આવેંનેં ઈસુ નેં પોગેં
લાગ્યો અનેં કેંદૂ, "હે પ્રભુ અગર તું સાહે, તે મને
તાજો કરેં સકે હે " 3 ઈસુવેં હાત લાંબો કરેંનેં હેંનેં
અડ્યો, અનેં કેંદૂ,"હૂં સાહૂ હે,તું તાજો થાએ જા "
અનેં વેયો તરત કોઢ થી તાજો થાએં જ્યો 4 ઈસુવેં
હેંનેં કેંદૂ, "ભાળ કેંનેં યે કઈ નેં કેંતો વેહ, પુંણ જાએંનેં
પુતે યાજક નેં વતાડ અનેં ઝી સઢાવો મુસાવેં રાખ્યો
હે હેંનેં સઢાવ, એંતરે કે મનખ હારું ગવાઈ થાએ
" 5 ઝર ઈસુ કફરનહૂમ મ આયો તે આગેવાનેં હેંનેં
કન આવેંનેં ઈસુ થી અરજ કરી , 6 "હે પ્રભુ, મારો
સેંવક ઘેર મ લાખુવા ના રુંગ થી દુઃખી પડ્યો હે "
7 ઈસુવેં હેંને કેંદૂ, આવેંનેં આજો કરેં " 8 આગેવાનેં
જવાબ આલ્યો, "હે પ્રભુ, હું એંનેં લાએંક નહેં કે
તું મારા ઘેર નીસ આવે, પુંણ ખાલી મોડા કેં દે તે
મારો સેવક હાજો થાએ જાહે 9 કેંમકે હૂં હુદો બીજનેં
પરાધીન માણસ હે,અનેં સપાઈ મારા અધીન મ હે
ઝર હૂં એક થકી કું હે, 'જા!' તે વેયો જાએ હે; અનેં
બીજા થી,'આવ!' તે વેયો આવે હે; અનેં ઝર મારા
દાસ નેં કું હે, 'આ કર !' તે વેયો કરે હે " 10 ઈયુ
હામળેંનેં ઈસુ નેં નવાઈ લાગી,અનેં ઝી ઈસુનેં વાહેડ
આવેં રીય હેંત હેંનનેં કેંદૂ, "હું તમ થકી હાસુ કું હે કે
મેંહ ઈસ્રાએલ મ હુદો એંવો વિસ્વાસ નહેં ભાળ્યો
11 અનેં તમ થકી કું હે કે ઉગમણ અનેં બુડમણ થી
ઘણ બદ મનખ આવેંનેં ઈબ્રાહેંમ અનેં ઈસાગ અનેં
યાકુબ નેં હાતેં હરગ ના રાજ્ય મ બેંએંહે 12 પુંણ

રાજ્ય નો પરિવાર બારત ઈન્દારા મ નાખેં દેંવામ
આવહે :વેંહાં ગાંગરવું અનેં દાત કકડાવવું થાહે ”
13 તર ઈસુવેં આગેવાન નેં કેંદૂ, “જા, ઝેંવો તારો
વિસ્વાસ હે વેવુસ તારી હારું થાએ ” અનેં હેંનો
સેંવક હીની ઘડી મસ હાજો થાએ જ્યો 14 ઈસુ ઝર
પતરસ ને ઘેર આયો, તે ઈસુવેં પતરસ ની હાહુ નેં
તાવ મ પડીલી ભાળી 15 ઈસુવેં હેંના હાત નેં અડ્યો
અનેં હેંનો તાવ ઉતરેં જ્યો, અનેં વેયે ઉઠેંનેં ઈસુની
ની સેવા કરવા મંડી 16 ઝર હાંજ પડી તર વેય ઈસુ
કનેં ઘણ બદ મનખ નેં લાય ઝેંનમ દુષ્ટ આત્માવેં
હિતી અનેં ઈસુવેં હીની આત્મા નેં પુંતાના વસન થી
કાડ દીદી; અનેં બદ્ બેંમાર નેં હાજ કરય 17 એંતરે કે
ઝી વસન ભવિષ્યવક્તા દુવારા કેંવામ આયુ હેંતું વેયું
પૂરું થાએં : હેંને પુતે હમારી નબળાઈ લેં લીદી અનેં
હમારી બેંમારી નેં તુકેં લીદી ” 18 ઈસુવેં ઝર પુતાનેં
સ્યારેં મેર એક મુંટી ભીડ ભાળી તે દરજ્યા ને પેંલે
પાર જાવાનું હુકમ આલ્યું 19 તર એક શાસ્ત્રીવેં ટીકે
આવેંનેં ઈસુનેં કેંદૂ, “હે ગરુ, ઝાં ખેંતોક તું જાહેં,
હું તારી વાહેડ થાએં જએં ” 20 ઈસુવેં હેંનેં કેંદૂ,
“હિયાળ નેં દએંડ અનેં ગગન ન પંખીડ નેં વસવાટ
રે હે ; પુંણ માણસ ના બેંટા નેં માથું મેંલવાની હુદી
જગ્યા નહેં ” 21 એક બીજે સેંલેં ઈસુનેં કેંદૂ, “હે પ્રભુ
મનેં પેલ જાવા દે કે મારા બા નેં ડાટેં દૂ ” 22 ઈસુવેં
હેંનેં કેંદૂ, તું મારી વાહેડ થાએં જા, અનેં મડદ નેં
પુંતાન મડદ ડાટવા દે ” 23 ઝર ઈસુ નાવ ઈપેર
સડ્યો, તે ઈસુ ના સેંલા ઈસુનેં વાહેંડ થાએં જ્યા
24 અનેં ભાળો, દરજ્યા મ એક એંવું તુફન આયુ કે
નાવ ઝાબોળેં થી ઢકાવા લાગી,અનેં ઈસુ હુતો હેંતો
25 તર સેંલવેં ટીકે આવેંનેં ઈસુનેં જગાડ્યો અનેં કેંદૂ,
“હે પ્રભુ હમનેં વસાડ, હમું નાશ થાવા જાએં રિયા ”
26 ઈસુવેં હેંનનેં કેંદૂ, “હે અરદા વિસ્વાસ વાળો, હુંકા
સમકો હે ?”તર ઈસુવેં ઉઠેંનેં કુંએંણા અનેં પાણેંનેં
વળગ્યો, અનેં બદ્દુ ટાડુ થાએં જ્યું 27 અનેં વેયા
વિસારેંનેં કેંવા મંડ્યા, “ઈયો કેંવો માણસ હે કે કુંએંણું
અનેં પાણેં હુંદ હેંનું હુકમ માને હે ” 28 ઝર ઈસુ પેંલે
પાર ગદરેનિય ના દેંસ મ પોત્યો, તે બે માણસ ઝેંનમ
દુષ્ટ આત્મા હિતી કબર મહા નકળતા જાએંનેં ઈસુનેં
મળ્યા વેયા એંતરા ખતરનાક હેંતા કે કુઈ હેંના રસ્તા
થી જાએં નેં સકતું હેંતું 29 હેંનવેં સિસાએંનેં કેંદૂ,“હે
પરમેશ્વર ના બેંટા, હમારું તારી થકી હું કામ?હું તું
ટાએંમ થી પેલ હમનેં દુઃખ આલવા આં આયો હે
?” 30 હેંન થી થુંડેક સિટી ઘણ બદ ભુંડણ નો એક
ટુંળો સરેં રિયો હેંતો 31 દુષ્ટ આત્માવેં ઈસુ થી એંમ
કેંનેં અરજ કરી, “અગર તું હમનેં કાડે હે, તે ભુંડણ
ના ટુંળા મ મુંકલેં દે 32 ઈસુવેં હેંનનેં કેંદૂ,“જો!” અનેં
વેયે નકળેંનેં ભુડણ મ પેંહે ગઈ અનેં ભાળો,આખો
ટુંળો ભીત મહો ઘહકેંનેં પાણેં મ જાએં પડ્યો, અનેં
બુડેં મરયો 33 હેંનના ગુંવાળ નાઠા, અનેં સેર મ
જાએંનેં ઈયે બદ્દી વાતેં અનેં ઝેંનમ દુષ્ટ આત્માવેં
હિતી હેંનની આખી વાત કેં હમળાવી 34 તર આખા
સેર ન મનખ ઈસુનેં મળવા હારું નકળેં આય,ઈસુનેં
ભાળેંનેં અરજ કરી કે હમારી હિમ મહો બારતો
નકળેં જા

9 1 ફેંર ઈસુ નાવ મ સડેંનેં પેંલે પાર જ્યો,
અનેં પુંતાના સેર મ આયો 2 અનેં ભાળો,કેંતરક
મનખ લખુંવા ના રુગી નેં ખાટલા મ મેંલેંનેં ઈસુ કનેં
લાય ઈસુવેં હેંનનો વિસ્વાસ ભાળેંનેં, હેંના લખુંવા
ના રુગી નેં કેંદૂ, “હે બેંટા, હિમ્મત રાખ; તારા
પાપ માફ થાયા ” 3 એંનેં ઈપેર કઈક શાસ્ત્રીયવેં
વિસાર્યૂં, “ઈયો તે પરમેશ્વર ની નિંદા કરે હે ”
4 ઈસુવેં હેંનની મન ની વાતેં જાણેંનેં કેંદૂ, “તમું
માણસ પુંત પુંતાના મન મ ભુન્ડોસ વિસાર હુંકા
કરેં રિયા હે ? 5 હેલું હું હે? આ કિવું, ‘તારા પાપ
માફ થાયા’, કે આ કિવું, ‘ઉઠ અનેં સાલતો ફર
6 પુણ તેમ હારું કે તમુ જાણીલો કે મનખ નાં
બીટાની ધરતી ઉપર પાપ માફ કરવાનો હક હે’’
તર એને લકુંવા વાળા રંગીની કીદુ, “ઉઠ, પુતાનો
ખાટલો તુંક, અને પૂતાના ઘેર જાતો રે” 7 ત્યો ઉઠીની
પુતાની ઘેર જાતો રો” 8 મનખ ઈયુ ભાળીની સમકી
જ્યાં અને પરમેશ્વર ની મહિમા કરવા લાગ્ય ઝીને
મનખ ની એવો હક આલ્યો હે 9 તા થકી અગ્યેડ
વદેંનેં ઈશુવી મતી નામના એક માણસની વેરુ લેવા
ની સોકી ઉપર બીઠીલો ભાળ્યો, અને એન થકી
કીદુ, “માર પાસડ થાઈ જા વેયો ઉઠીની ઈશુની
પાસડ થાઈ જ્યો 10 ઝર ઈશુ ઘેરમ ખાવેનું ખાવાં
હારું બેંઠો તે ઘણ બદ વેરું લેંવા વાળ અનેં પાપી
આવેંનેં ઈસુ અનેં એંન સેંલ નેં હાતેં ખાવા બેંઠા
11 ઈયુ ભાળેંનેં ફરીસીય વેં ઈસુન સેંલ થકી કેંદૂ,
“તમારો ગરુ વેરું લેંવા વાળ અનેં પાપિયનેં હાતેં
હુંકા ખાએં હે ?” 12 ઈયુ હામળેંનેં ઈસુવેં એંન થકી
કેંદૂ, “વૈદ્ય હાજ તાજ હારું નહેં પુંણ બેંમાર નેં હારું
જરુર હે 13 એંતરે હારું તમું જાએંનેં એંનો મતલબ
હિકેં લો :’હું ભુગ નહેં પુંણ દયા સાહુ હે’કેંમકે હું
ધર્મિય નેં નહેં, પુંણ પાપિય નેં બુંલાવવા આયો
હે” 14 તર યૂહન્ના ન સેંલવેં ઈસુ કનેં આવેંનેં કેંદૂ,
“હું મતલબ હે કે હમું અનેં ફરીસી એંતરો ઉપવાસ
કરજ્યે હે, અનેં તારા સેંલા ઉપવાસ નહેં કરતા ?”
15 ઈસુવેં હેંન થકી કેંદૂ, “હું જાન વાળ, ઝાં તક ઓર
હેંનનેં હાતેં હે, દુઃખ કરે સકે હે ? પુંણ વેયા દાડા
આવહે ઝર ઓર હેઅન થકી અલગ કરવામ આવહે,
હેંના ટાએંમેં વેયા ઉપવાસ કરહે 16 નવા સિસરા નું
થીગળું નવા સિસર મ કુઈ નહેં લગાડતું, કેંમકે વેયું

થીગળું હેંના સિસરા મહુ થુડુંક પાસું કેંસેં લે હે, અનેં
વેયું વદાર ફાટેં જાએ હે 17 અનેં મનખ નવો દરક નો
રસ જુની ગાગર મ નહેં ભરત, કેંમકે એંવું કરવા થકી
ગાગર ફાટેં જાએ હે, અનેં દરાક નો રસ વએ જાએ
હે અનેં ગાગરેં નાશ થાએ જાએ હે ; પુંણ નવો દરાક
નો રસ નવી ગાગર મ ભરે હે અનેં વેહ બે વસેં રે હે"
18 ઈસુ હેંન થી ઈયે વાતેં કેંસ રિયો હેતો, કે ભાળો,
એક આગેવાનેં આવેંનેં ઈસુનેં પોગેં લાગ્યો અનેં કેંદૂ,
"મારી સુરી હમણ મરી હે, પુંણ સાલેંનેં તારો હાત
હેંનેં ઈપેર રાખ, તે વેયે જીવતી થાએ જાહે" 19 ઈસુ
ઉઠેંનેં પુંતાન સેંલનેં હાતેં હેંનેં વાહેંડ થાએ જ્યો
20 અનેં ભાળો, એક બજ્યેરેં ઝેંનેં બાર વરસ થી લુઈ
સાલવાનો રુંગ હેંતો, વાહે થી આવેંનેં ઈસુન સિસર
ના સેંડા નેં અડેં લેંદૂ 21 કેંમકે વેયે પુંતાના નાં મન મ
કીતી હિતી, "અગર હું હેંનાન સીસર નેંસ અડેં લેં
તે હાજી થાએં જએં" 22 ઈસુવેં વળેંનેં હેંનેં ભાળી
અનેં કેંદૂ, "બીટી હિમ્મત રાખ; તારા વિસ્વાસેં તનેં
હાજી કરી હે "હાં નેં વેયે બજ્યેર તરતેંસ હાજી થાએં
ગઈ 23 ઝર ઈસુ હેંના આગેવાન ના ઘેર મ પોત્યો
અનેં વાહળી વગાડવા વાળ નેં અનેં ભીડ નેં બકુર
કરત ભાળ્ય 24 તર કેંદૂ, "હરકેં જો, સુરી મરી નહેં,
પુંણ હુવે હે" એંનેં ઈપેર વેય ઈસુની મશ્કરી કરવા
મંડ્ય 25 પુંણ ઝર ભીડ કાડવામ આવી, તે ઈસુવેં
મએં જાએંનેં સુરી નો હાત હાદો,અનેં સુરી જીવી
થાએ ગઈ 26 અનેં ઈની વાત ની સરસા હેંના આખા
દેસ મ ફેંલાઈ ગઈ 27 ઝર ઈસુ વેંહાં થી અગ્યેડ
વદયો, તે બે આંદળા ઈસુનેં વાહેડ એંમ સિસાતા
જાએંનેં સાલ્યા, "હે દાઉદ ના બેંટા, હમ ઈપેર દયા
કર !" 28 ઝર ઈસુ ઘેર મ પોત્યો, તે વેયા આંદળા
ઈસુ કનેં આયા, અનેં ઈસુવેં હેંનનેં કેંદૂ,"હું તમનેં
વિસ્વાસ હે, કે હું ઈયુ કરેં સકું હે ?" હેંનવેં ઈસુનેં કેંદૂ,
"હા, પ્રભુ" 29 તર ઈશુવે હેની આંખને અડીની કીદુ,
"તમારા વિસ્વાસની પરમાણે તમારે હારું થાએ
30 અનેં હેંનની આંખેં ખુલી ગજ્યીઈસુવેં હેંનનેં
સેંતવેંનેં કેંદૂ, "જાળવેંન, કુઈ ઈની વાત નેં નેં જાણે "
31 પુંણ હેંનવેં નકળેંનેં આખા દેસ મ હેંની મહિમા
ફેંલાવ દીદી 32 ઝર વેયા બારત જાએં રિયા હેંતા,
તે ભાળો, મનખ એક ગુંગા નેં ઝેંનમદુષ્ટ આત્મા
હિતી, ઈસુ કનેં લાય ; 33 અનેં ઝર દુષ્ટ આત્મા કાડ
દેંવામ આવી, તે ગુંગો બુલવા મંડ્યો, એંને ઈપેર
ભીડ વાળેં નવાઈ કરેંનેં કેંદૂ, "ઇસ્રાએંલ મ એંવું કેંર
યે નહેં ભાળવામ આયુ " 34 પુંણ ફરિસીયવેં કેંદૂ,
"ઈયો તે દુષ્ટ આત્મા ના આગેવાન ની મદદ થી દુષ્ટ
આત્માવ નેં કાડે હે " 35 ઈસુ બદ્ સેર અનેં ગામ મ
ફરતો રિયો અનેં હેંનન દેંવોળ ભાષણ કરતો, અનેં
રાજ્ય નો તાજો હમિસાર પરસાર કરતો રિયો, અનેં
દરેક પરકાર ની બેંમારી અનેં નબળાઈ નેં સિટી કરતો
રિયો 36 36ઝર ઈસુવેં ભીડ નેં ભાળી તે હેંનેં મનખ
ઈપેર માયા આવી, કેંમકે વેય હેંન ઘેંઠ નેં જેંમ ઝેંનો
કુઈ ગુવાળ નેં વેહ, થાકેંલ અનેં ભટકેંલ જીવ હેંત
37 તર ઈસુવેં પુંતાન સેંલ નેં કેંદૂ, "પાકેંલ ખેંતર તે
ઘણ હે પુંણ મજુર થુંડક હેં 38 એંતરે હારું ખેંતર ના
ધણી થી અરજ કરો કે વેયો પુંતાન ખેતર નેં વાડવા
હારું મુંકલેં દે "

10 1 ફેંર ઈસુવેં પુંતાન બાર સેંલનેં ટીકે
બુલાવેંનેં, હેંનનેં ગંદી આત્મા ઈપેર
અધિકાર આલ્યો કે હેંનનેં કાડે અનેં બદ્દી પરકાર
ની બેંમારી અનેં બદ્દી પરકાર ની નબળાઈ નેં સીટી
કરે 2 એંન બાર સેંલ ન નામ ઈય હે : પેલો શમોન,
ઝી પતરસ કેંવાએં હે,અનેં હેંનો ભાઈ અન્ટ્રીયાસ;
જબ્દી બેંટો યાકૂબ, અનેં હેંનો ભાઈ યૂહન્ના ;
3 ફીલીપ્પુસ, અનેં બરતુલ્મૈ, થોમા, અનેં વેરું લેંવા
વાળો મત્તી, હલફઈ નો બેંટો યાકૂબ, અનેં તદ્દેઅ,
4 શમોન કનાની, અનેં યહૂદા ઈસ્કરીયોતી ઝેંને
ઈસુનેં હવાડ્યો હુંદો હેંતો 5 એંન બારનેં ઈસુવેં ઈયે
આજ્ઞા આલેંનેં મુકલ્યા : "બીજી જાતી મએં નહેં
જાતા વેહ, અનેં સામરિય ના કઈના યે નગર મ નેં
ભરાતા વેહ 6 પુંણ ઈસ્રાએંલ ના ઘરાણા નસ ઘેઠ
કનેં જાજો 7 અનેં સાલતા-સાલતા એંમ પરસાર કરો
: હરગ નું રાજ નજીક આવેં જ્યું હે ' 8 બેંમાર નેં
હાજ કરો, મરેંલ નેં જીવાડો, કોઢ વાળ ને તાજ કરો,
દુષ્ટ આત્મા નેં કાડો તમવેં મોફત મેંળવ્યુ હે, મોફત
આલો 9 પુંતાન ઝુળ મ નેં તે હુનું, અનેં નેં રૂપું, અનેં
નેં તાંબુ રાખતા વેહ ; 10 રસ્તા હારુ નહેં ઝુળી
રાખો, નેં બે ઝબ્બા, નેં કાહડ ,નેં લાખડી લો,કેંમકે
મજુર નેં હેંનું ખાવાનું મળવું જુગે 11 "ઝેંના કઈના
સેર કે ગામ મ જો, તે પતો લગાડો કે વેંહાં કુંણ
લાએંક હે, અનેં ઝાં તક વેંહાં થી નેં નકળો, હેંન તાસ
રો 12 ઘેર મ ભરાતા જાએંનેં હેંનેં આશિષ આલજો
13 અગર હેંના ઘેર ન મનખ લાએંક વેંહે તે તમારું
કલ્યાણ હેંન ઈપેર પોતહે, પુંણ અગર વેય લાએંક
નેં વેહ તે તમારું કલ્યાણ તમારી કનેં વળેં આવહે
14 ઝી તમનેં ગરહણ નેં કરે અનેં તમારી વાતે નેં
હામળેં, હેંના ઘેર કે હેંના સેર મહા નકળતા જાએંનેં
પુંતાન પોગ ની ધૂળ ખખેંર નાખો 15 હું તમ થકી
હાસ્સું કુ હે કે નિયા નેં દાડે હેંનાસેર ની દસ્યા થી
સદોમ અનેં ગમોરા ની દસ્યા વદાર વેંઠવાનેં લાએંક
વેંહે 16 "ભાળો, હું તમનેં ઘેંઠનેં જેંમ હિયાળજ્ય નેં
વસમ મૂકલું હે, એંતરે હારું હાપ નેં જેંમ અકલ
વાળા અનેં કબુતર નેં જેંમ ભુળ બણો 17 પુંણ
મનખ થકી સેતેંન રો, કેંમકે વેય તમનેં મુંટી સભા
મ મુંકલહે,અનેં એંનની પંસાત મ તમનેં કોડા મારહે

18 તમું મારી હારું હાકીમ અનેં રાજાવ નેં હામેં હેંન
ઈપેર, અનેં બીજી જાતી ઈપેર ગવાહ થાવા હારું
પોતાડવામ આવહો 19 ઝર વેય તમનેં હવાડહે તે
એંમ સિન્તા નેં કરતા વેહ કે હમું કીવી રીતી કે હું
કેંહું, કેંમકે ઝી કઈ તમારે કેંવું વેંહે, વેયું હિનીસ વખત
તમનેં વતાડ દેંવામ આવહે 20 કેંમકે બુલવા વાળા
તમું નહેં ,પુંણ તમારા બા નો આત્મા તામારી મ
બુલે હે 21 "ભાઈ, ભાઈ નેં અનેં બા બેંટા નેં, મારા
હારું હુંપહે, અનેં સુંર આઈ બા ના વિરુદ્ધ થાએંનેં
હેંનનેં મરાવ દડહે 22 મારા નામ ને લેંદે બદ્ મનખ
તમ થી વેર કરહે, પુંણ ઝી સેલ્લે તક ધીરજ ધરેં
રાખહે હેંનુંસ તારણ થાહે 23 ઝર વે તમનેં એક સેર
મ વિતાડે ,તે બીજા મ નાહેં જાજો,હૂં તમ થી હાસ્સું
કું હે,તમું ઈસ્રાએલ ન બદ્ સેર મ નેં ફરેં સકહો કે
મનખ નો બેંટો આવેં જાહે 24 "સેંલો પુંતાના ગરુ
કરત મુંટો નહેં થાએં સકતો ; અનેં નેં સેંવક પુંતાના
ધણી થી 25 સેંલા નું ગરુ નેં અનેં સેંવક નું ધણી નેં
બરુબર થાવું ઈસ ઘણું હે ,ઝર હેંનવેં ઘેર ના ધણી
નેં શેતાન કેંદો તે હેંન ઘેર વાળ નેં હું કઈસ નેં કેંહે
26 "એંતરે હારું મનખ થકી નેં સમકત વેહ, કેંમકે
કઈ ઢકાએંલું નહેં ઝી ખોલવામ નેં આવહે, અનેં
નહે કઈ ઓંઠું હે ઝી જાણવામ નેં આવે 27 ઝી હૂં
તમ થી ઈન્દારા મ કુ હે ,હેંને ઈજવાળામ કો ,અનેં
ઝી કાનેં-કાન હામળો હે હેંનેં ઢાંભ ઈપેર થી પરસાર
કરો 28 ઝી શરીર નું નુકશાન કરે હે ,પુંણ આત્મા
નું નુકશાન નહેં કરેં સકત, હેંન થી નહેં સમકતા
વેહ, પુંણ હેંન થીસ સમકો, ઝી આત્મા અનેં શરીર
બેય નેં નરક મ નાશ કરેં સકે હે 29 હું પઈસા મ
બે સકલજ્યી નહેં વેંસાતી ?તે હુંદુ તમારા બા ની
મરજી વગર હેંન મની એક હુદી જમી ઈપેર નહેં પડેં
સકતી 30 તમારા માથા ના વાળ હુદા બદા ગણેંલા
હે 31 એંતરે હારું સમકો નહેં, તમું ઘણા સકલજ્યી
કરત વદેંનેં હે 32 "ઝી કુઈ મનખ નેં હામેં મનેં માનેં
લેંહે, હેંનેં હૂં હુંદો મારા હરગ વાળા બા નેં હામેં
માનેં લેં 33 પુંણ ઝી કુઈ મનખ નેં હામેં મારો નકાર
કરહે, હેંનેં હૂં હુંદો મારા હરગ વાળા બા નેં હામેં
નકાર કરેં 34 "એંમ નહેં હમજો કે હૂં ધરતી ઈપેર
મેળ કરાવવા આયો હે ;હૂં મેળ કરાવવા નહેં, પુંણ
તલુંવાર સલાડવા આયો હે 35 હૂં તે આયો હે કે
: 'મનખ નેં એંનના બા થી, અનેં બીટી નેં ઈની
આઈ થી, અનેં વવું નેં ઈની હાહુ થી અલગ કર દુ
; 36 "મનખ નો વેરી હેંના ઘેર નસ મનખ વેંહે '
37 "ઝી આઈ કે બા નેં મારી કરત વદાર વાલું જાણે
હે, વેયું મારી લાએંક નહેં; અનેં ઝી બેંટા કે બીટી
નેં મારી કરત વદાર વાલું જાણે હે ,વેયું મારી લાએંક
નહેં ; 38 અનેં ઝી પુંતાનો ક્રૂસ લેંનેં મારી વાહેંડ
નેં સાલે વેયું મારી લાએંક નહેં ; 39 ઝી પુંતાનો
જીવ વસાડે હે, વેયું હેંનેં ખુંવહે;અનેં ઝી મારી લેંદે
પુંતાનો જીવ ખુંવે હે,વેયું હેંનેં મેંળવહે 40 "ઝી તમનેં
ગરહણ કરે હે, વેયું મનેં ગરહણ કરે હે; અનેં ઝી મનેં
ગરહણ કરે હે, વેયું મનેં મુંકલવા વાળા નેં ગરહણ
કરે હે 41 ઝી ભવિષ્યવક્તા નેં ભવિષ્યવક્તા જાણેંનેં
ગરહણ કરે,વેયું ભવિષ્યવક્તા નો બદલો મેંળવહે;
અનેં અનેં ઝી ધર્મી નેં ધર્મી જાણેંનેં ગરણ કરે, વેયું
ધર્મી નો બદલો મેંળવહે 42 ઝી કુઈ એંન નાન મના
એક નેં મારો સેંલો જાણેંનેં ખાલી એક ટાડો કળજ્યો
પાણેં પાએ, હૂં તમ થી હાસુ કું હે, વેયું કઈ બી રીતી
પુતાનું બદલાનું ફળ નેં ખુંવહે "

# 11

1 ઝર ઈશુ પુંતાન બાર સેંલ નેં આજ્ઞા
આલેં સુક્યો, તે ઈસુ હેંનન સેર મ અનેં
ભાષણ અનેં પરસાર કરવા હારું વેંહાં થી જાતો
રિયો 2 યૂહન્ના વેં જેલ ખાના મ મસીહ ન કામ નો
હમિસાર હામળ્યો અનેં પુંતાન સેંલનેં ઈસુ થી ઈયુ
પુસવા મુકલ્યા , 3 "હૂં આવવા વાળો તુંસ હે, કે હમું
કઈનાક બીજાની વાટ જુવેજ્યે ?" 4 ઈસુવેં જવાબ
આલ્યો, "ઝી કઈ તમુ હામળો હે અનેં ભાળો હે, વેયું
બદ્દુ જાએંનેં યૂહન્ના નેં કેં દો , 5 કે આન્દળ ભાળે
હે અનેં લંગડ સાલે ફરે હે, કોઢી તાજ કરવામ આવે
હે અનેં બેર હામળે હે, મરેંલ જીવાડવામ આવે હે,
અનેં ગરીબ નેં તાજો હમિસાર હમળાવામ આવે હે
6 અનેં ધન્ય હે વેય ઝી મારી લેંદે ઠુંકર નેં ખાએ "
7 ઝર વેયા વેહાં થી સાલેં જ્યા,તે ઈસુ યૂહન્ના નેં
બારામ મનખ થકી કેંવા મંડ્યો,"તમું જંગલ મ હું
ભાળવા જ્ય હેંત ?હું હવા મ હલત નસરગંડ નેં ?
8 ફેંર તમું હું ભાળવા જ્ય હેંત ? હું નરમ સિસર
પેરેંલા માણસ નેં ? ભાળો ઝી નરમ સિસર પેરે હે,
વેય રાજ ભવન મ રે હે 9 તે ફેંર હુંકા જ્ય હેંત ?
હું કઈનાક ભવિષ્યવક્તા નેં ભાળવા હારું ?હાં, હૂં
તમ થી કું હે ભવિષ્યવક્તા થી હુંદો મુંટા નેં 10 ઈયો
વેયોસ હે ઝેંનેં બારામ લખ્યું હે: 'ભાળ, હૂં મારા
દૂત નેં તારી અગ્યેડ મુંકલું હે, ઝી તારી અગ્યેડ તારી
હારું રસ્તો તિયાર કરહે ' 11 હૂં તમ થકી હાસુ કું હે
કે ઝી બજ્યેરોં થી જલમ્યા હે, હેંન મહો યૂહન્ના
બક્તિસ્મ આલવા વાળા થી કુઈ મુંટો નહેં થાયો;
પુંણ ઝી હરગ ના રાજ મ નાન મહો નાનો હે વેયો
હેંનેં હો મુંટો હે 12 યૂહન્ના બક્તિસ્મ આલવા વાળા
ન દાડ થી હમણ તક હરગ ના રાજ મ તાકત હાતેં
ભરાત રિયો હે, અનેં તાકતવર હેંનેં ઉદાળ લે હે
13 યહોના તક બાદા ભવિષ્યવક્તા અનેં નિયમ ની
ભવિષ્યવાણી કરત રેયા હે 14 અનેં સહો તે માનો કે
એલીય્યાહ ઝે આવવા વાળો હેંતો, વેયો હે 15 ઝેને
હાળવાના કાદડા હે,વેય હમળેલે 16 હૂં એના ટાઈમ

ના મનખ ની ઉપસના કેને આલું ?વેય હેંન સુર
જેવ હે ઝે બજારો મ બેઠે લ એક બીજાન સીસાએ
કરેહે : 17 હામે તમાર હારું વાહળી વગાડી, અનેં
તમુ ને નાસય ;હામે દુઃખ કરું ,અનેં તમે સાતી
નહી ઠુંકી ' 18 કેમકે યહોના ને ખાતો આયો અનેં
ને પીતો ,અનેં વેય કે હે , 'હેંનમ ખરાબ આત્મા
હે 19 મનખ નો બેટો ખાતો પિત આયો ,અનેં વે
કે હે 'ભાળો ,પીટલું અનેં દારુડજ્યો માણસ ,વેરું
લેવાવાળ અનેં પપીયનો દોષ ' પૂણ જ્ઞાન પોતાના
કામ થી અસલ ઠહરા વામ આયુ હે '' 20 તર ઈસુ
હેંન સેર નેં હરાપ દેંવા લાગ્યો, ઝેંનમ ઈસુવેં ઘણ
બદ સામ્રત ન કામ કરય હેંત,કેંમકે હેંનવેં પુંતાન મન
નેં ફેંરવ્ય હેંત 21 "હાય, ખુરાજીન ! હાય, બૈતસૈદા
! ઝી સામ્રત ન કામ તમારી મ કરવામ આય, અગર
વેહ સુર અનેં સૈદા મ કરવામ આવત, ટાટ ઉંડેંનેં,
અનેં રખુંડા મ બેંહેંનેં વેય કેંરન મન ફેંરવેં લેંત 22 પુંણ
હૂં તમ થકી કું હે કે નિયા નેં દાડે તમારી દસ્યા સુર
અનેં સૈદા ની દસ્યા વદાર વેંઠવા લાએંક વેંહે 23 હે
કફરનહૂમ, હું તું હરગ તક ઉસું કરવામ આવહેં ?
તું તે પાતાળ તક નીસ જાહે !ઝી સામ્રત ન કામ
તારી મ કરવામ આય હે, અગર સદોમ મ કરવામ
આવત, તે વેયું આજે તક બણેં રેંતું 24 પુંણ હૂં તમ
થી કુ હે કે નિયા ને દાડે તારી દસ્યા થી સદોમ ની
દસ્યા વદાર વેંઠવાનેં લાએંક વેંહે " 25 હેંનેસ ટાએંમેં
ઈસુવેં કેંદૂ, "હે બા, હરગ અનેં ધરતી ના પ્રભુ, હૂં
તારું ધન્યવાદ કરુ હે કે તેં ઈની વાત નેં ગિયન વાળ
અનેં હમજદાર થી હતાડેં રાખી, અનેં બાળક ઈપેર
વતાડ્યું 26 હાં, હે બા, કેંમકે તનેં ઈયુસ અસલ લાગ્યું
27 "મારે બએં મનેં બદ્દુસ હુઈપું હે ;અનેં કુઈ બેંટા
નેં નહેં જાણતું, ખાલી બા, અનેં કુઈ બા નેં નહેં
જાણતું, ખાલી બેંટો; અનેં વેયો ઝેંનેં ઈપેર બેંટો હેંનેં
વતાડવા માંગે 28 "હે બદ્ મજૂરી કરવા વાળ અનેં
ભાર થી દબાએંલ મનખો, મારી કનેં આવો;હૂં તમનેં
આરમ આલેં 29 મારું ઝુહરું પુતાનેં ઈપેર તુકેં લો,
અનેં મનેં થી હિકો; કેંમકે હૂં નરમ અનેં મન મ ગરીબ
હે : અનેં તમું તમું પુંતાના મન મ આરમ મેંળવહો
30 કેંમકે મારું ઝુહરું હેંલું અનેં મારો ભાર હળકો હે
"

12 1 હેંન દાડ મ ઈસુ આરાદના ને દાડે ખેંતર
મ થાએંનેં જાએં રિયો હેંતો, અનેં હેંન સેંલ
નેં ભુખ લાગી તે કણહ તુંડેં-તુંડેંનેં ખાવા લાગ્યા
2 ફરિસીયવેં ઈયુ ભાળેંનેં ઈસુનેં કેંદૂ,"ભાળ તારા
તારા સેંલા વેયું કામ કરેં રિયા હે, ઝી આરાદના નેં
દાડે કરવું ઠીક નહેં " 3 ઈસુવેં હેંનન કેંદૂ,"હું તમવેં
નહેં વાસ્યું,કે દાઉદે, ઝર વેયો અનેં હેંના હાત વાળા
ભુખા થાયા તે હું કરું? 4 વેયો કેંકેંમ પરમેશ્વર ના
ઘેર મ જ્યો, અનેં ભેટ ની રુટજ્યી ખાદી, ઝેંનેં
ખાવું નેં તે હેંનેં અનેં અનેં નેં હેંન હાત વાળ નેં
પુંણ ખાલી યાજક નેં ઠીક હેંતું ? 5 કે તમવેં નિયમ
મ નહેં વાસ્યું કે યાજક આરાદના ને દાડે દેંવોળ
મ આરાદના ના દાડા ની વિધી નેં તુંડવા સત
દોસી નહેં થાતા ? 6 પુંણ હું તમ થકી કું હે કે
આં વેયો હે ઝી દેવોળ થી હુંદો મુંટો હે 7 અગર
તમુ એંનો મતલબ જાણતા, 'હૂં દયા થી ખુશ થું
હે, ભુંગ થી નહેં,'તે તમુ દોષ વગરન નેં દોષી નેં
બણાવતા 8 મનખ નો બેંટો તે આરાદના ના દાડા
નો હુંદો પ્રભુ હે " 9 વેંહાં થી સાલેંનેં ઈસુ હેંનન
દેંવોળ મ આયો 10 વેહાં એક માણસ હેંતો, ઝેંનો
હાત હુકાએંલો હેંતો હેંનવેં ઈસુ ઈપેર દોષ લગાડવા
હારું ઈસુનેં પુસ્યું, 'હું આરાદના નેં દાડે હાજો કરવો
ઠીક હે ?" 11 ઈસુવેં હેંનનેં કેંદૂ, "તમ મ એંવું કુંણ
હે ઝેંનું એંકેંસ ઘેંઠું વેહ, અનેં વેયું આરાદના ને દાડે
ખાડા મ પડેં જાએ, તે વેયો હેંનેં હાએંનેં નેં કાડે ?
12 ભલા,માણસ ની કીમત ઘેઠાં થી કીતરી વદેંનેં હે!
એંતરે હારું આરાદના નેં દાડે ભલાઈ કરવી ઠીક હે"
13 તર ઈસુવેં હેંના માણસ નેં કેંદૂ, "પુંતાનો હાત
લાંબો કર "હેંને લાંબો કરયો, અનેં વેયો ફેંર બીજા
હાટ નેં જેંમ અસલ થાએં જ્યો 14 તર ફરિસીયવેં
બારત જાએંનેં ઈસુ ના વિરુદ્ધ મ હમ્પ કરયો કે હેંનેં
કીવી રીતી નાશ કરજ્યે 15 ઈયુ જાણેંનેં ઈસુ વેંહાં
થી જાતો રિયો અનેં ઘણ બદ મનખ ઈસુનેં વાહેંડ
થાએંજ્ય, અનેં ઈસુવેં બદ્નેં હાજ કર્ય , 16 અનેં
હેંનનેં સેતવ્ય કેં મનેં બાર નેં પાડત વેહ , 17 એંતરે
કે ઝી વસન યશાયાહ ભવિષ્યવક્તા દુવારા કેંવામ
આયુ હેંતું, વેયું પુરું થાએ : 18 "ભાળો ઈયો મારો
સેંવક હે, ઝેંનેં મેહ પસંદ કરયો હે; મારો વાલો, ઝેંનેં
થી મારું મન ખુશ હે : હૂં મારો આત્મા હેંનેં ઈપેર
નાખેં, અનેં વેયો બીજી જાતી નેં નિયા નો હમિસાર
આલહે 19 વેયો નેં ઝગડો કરહે, અનેં નેં હુંબાળો
કરહે ,અનેં નેં બજાર મ કુઈ એંનો શબત હામળહેં
20 વેયો કસરેંલ નસરગંડ નેં નેં તુંડહે, અનેં નેં ગલુંણું
કાડતી બત્તી નેં ઉંલવહે ,ઝર તક વેયો નિયા નેં નેં
બારત પાડે 21 અનેં બીજી જાતી હેંના નામ ઈપેર
આહ કરહે " 22 તર મનખ એક આંદળા-ગુંગા નેં
ઝેંનેમ દુષ્ટ આત્મા હિતી, ઈસુ કનેં લાય; ઈસુવેં હેંનેં
અસલ કરયો, અનેં વેયો બુંલવા અનેં ભાળવા મંડ્યો
23 એંનેં ઈપેર બદ્ વિસાર કરેંનેં કેંવા મંડ્ય, "ઈયો હું
દાઉદ નો બેંટો હે !" 24 પુંણ ફરિસીયવેં ઈયુ હામળેંનેં
કેંદૂ, "ઈયો તે દુષ્ટ આત્મા ના આગેવાન બાલજબૂલ
ની મદદ વગર દુષ્ટ આત્મા નેં નહેં કાડતો " 25 ઈસુવેં
હેંનના મન ની વાત જાણેંનેં હેંનનેં કેંદૂ, "ઝેંનેં કઈનાક
રાજ્ય મ ફૂટ પડે હે, વેયું ઉજડેં જાએં હે; અનેં કુઈ

સેર કે પરિવાર મ ફૂટ પડે હે, હન્દાએં નેં રેહે 26 અનેં
અગર શૈતાનેંસ શૈતાન નેં કાડે,તે વેયો પુતાનોસ
વિરુદી થાએં જ્યો ; ફેંર હેંનું રાજ કેંકેંમ હંદાએં રેંહે
? 27 ભલું, અગર હું શૈતાન ની મદદ થી દુષ્ટ આત્મા
નેં કાડુ હે, તે તમારી પીઢી કીની મદદ થી કાડે હે ?
એંતરે હારું વેયાસ તમારો નિયા કરહે 28 પુંણ અગર
હું પરમેશ્વર ની આત્મા ની મદદ થી દુષ્ટ આત્મા નેં
કાડુ હે, તે પરમેશ્વર નું રાજ્ય તમારી 29 કે કેંકેંમ કુઈ
માણસ કઈનાક તાકતવર ના ઘેર મ ભરાએંનેં હેંનો
માલ લુંટેં સકે હે ઝર તક કે પેલ વે યો હેંના તાકતવર
નેં બાંદેં નેં લે ?તર વેયો હેંના ઘેર નેં લુંટેં લેંહે 30 ઝી
મારી હાતેં નહેં વેયું મારી વિરુદ્ધ મ હે, અનેં ઝી
મારી હાતેં નહેં ભેગું કરતું વેયું વર્ખેરે હે 31 એંતરે
હારું હું તમ થી કું હે માણસ નું બદ્દા પરકાર પાપ
અનેં નિંદા માફ કરવામ આવહે, પુંણ પવિત્ર આત્મા
ની નિંદા માફ નેં કરવામ આવે 32 ઝી કુઈ માણસ ના
બેંટા ના વિરુદ્ધ મ કઈ વાત કેંહે, હેંનો ઈયો ગુંનો
માફ કરવામ આવહે,પુંણ ઝી કુઈ પવિત્ર આત્મા ના
વિરુદ્ધ મ કઈક કેંહે,હેંનો ગુંનો નેં તે એંના લોક મ
અનેં નેં પરલોક મ માફ કરવામ આવહે 33 "અગર
ઝાડ નેં તાજું કો, તે હેંના ફળ નેં હુદું તાજું કો, કે
ઝાડ નેં નકમ્મું કો, તે હેંના ફળ નેં હુંદું નકમ્મું કો
; કેંમકે ઝાડ પુંતાના ફળ થકીસ વળખવામ આવે
હે 34 હે હાપ ન બસ્સોં, તમું ભુંડસ થાએંનેં કેંકેંમ
તાજી વાતેં કેં સકો હે ?કેંમકે ઝી મન મ ભરું હે,
વેયુસ વેયુસ મોડા ઈપેર આવે હે 35 ભલું મનખ મન
ના ભલા ભંડાર મહું ભલી વાતેં કાડે હે,ભુંડુ મનખ
ભુંડા ભંડાર મહી ભુંડી વાતેં કાડે હે 36 અનેં હું તમ
થકી કું હે કે ઝી ઝી નકમ્મી વાતેં મનખ કેંહે, નિયા
ને દાડે વેયું હરેક હીની વાત નું લેંખ આલહે 37 તું
પુંતાની વાત ને લેંદે દોષ વગર, અનેં પુંતાની વાત
નેંસ લેંદે દોષી બણાવામ આવહે " 38 એંનેં ઈપેર
થુંડક શાસ્ત્રીય અનેં ફરિસીયવેં ઈસુનેં કેંદૂ, "હે ગરુ,
હમું તારી થી એક નિશાની ભાળવા માંગજ્યે હે "
39 ઈસુવેં હેંનનેં જવાબ આલ્યો, "એંના જુંગ ન ભુંડ
અનેં વેંભિસારી મનખ નિશાની જુંવે હે, પુંણ યોના
ભવિષ્યવક્તા ની નિશાની સુંડેંનેં કુઈ બીજી નિશાની
હેંનનેં નેં આલવામ આવે 40 યોના તાણ રાત-દાડા
પાણેં વાળા જનાવરા ના પેંટ મ રિયો, વેંમેંસ મનખ
નો બેંટો તાણ રાત દાડા ધરતી નેં મએં રેંહે 41 નીનવે
ન મનખ નિયા ને દાડે એંના જુંગ ન મનખ નેં હાતેં
ઉઠેંનેં હેંનનેં દોષી બણાવહે, કેંમકે હેંનવેં યોના ના
પરસાર નેં હામળેંનેં મન ફેંરવ્યુ; અનેં ભાળો, આં
વેયો હે ઝી યોના થી હુંદો મુંટો હે 42 રાખોહ ની
રાણી નિયા નેં દાડે એંના જુંગ ન મનખ નેં હાતેં
ઉઠેંનેં હેંનનેં દોષી બણાવહે, કેંમકે વેયે સુલેમાન ના
જ્ઞાન નેં હામળવા હારુ ધરતી ને સેંડે હી આવી;
અનેં ભાળો, આં વેયો હે ઝી સુલેમાન થી 43 "ઝર
મેલી આત્મા મનખ મહી નકળેં જાએ હે, તે હુકી
જગ્યા મ આરમ જુંવેતી ફરે હે, અનેં મેંળવતી નહેં
44 તર કે હે, 'હું મારા હેંનાસ ઘેર મ ઝાહીં નકળી
હિતી, વળેં જએં ' અનેં વળેંનેં હેંનેં હુંનું, બારે-હુરેંલુ
અનેં હણગારેંલું મેંળવે હે 45 તર વેયે જાએંનેં પુતાનેં
કરત વદાર ભુંડી હાત આત્મા નેં પુંતાનેં હાતેં લેં
આવે હે, અનેં વેયે હેંના મનખ મ પેંહેં નેં વેંહા વાસો
કરે હે,અનેં હેંના મનખ ની વાહલી દસ્યા પેલ થી
હુદી ભુંડી થાએં જાએ હેએંના જુંગ ન ભુંડ મનખ
ની દસ્યા હુદી ઈવીસ થાહે " 46 ઝર ઈસુ ભીડ વાળ
હાતેં વાતેં કરેંસ રિયો હેંતો, તર ઈસુ ની આઈ અનેં
ભાઈ બારત ઈબા હેતા અનેં ઈસુ હાતેં વાતેં કરવા
માંગત હેંત 47 કેંનેંકેં ઈસુ નેં કેંદૂ,"ભાળ,તારી આઈ
અનેં તારા ભાઈ બારત ઈબ હે,અનેં તનેં હાતેં વાતેં
કરવા માંગે હે 48 ઈયુ હામળેંનેં ઈસુવેં કેંવા વાળ નેં
જવાબ આલ્યો, "કુંણ હે મારી આઈ ?અનેં મારા
ભાઈ ?" 49 અનેં પુંતાન સેંલ મએં પુંતાનો હાત
લાંબો કરેંનેં કેંદૂ, "ભાળો, મારી આઈ અનેં મારા
ભાઈ ઈય હે 50 કેંમકે ઝી કુઈ મારા હરગ વાળા બા
ની મરજી ઈપેર સાલે, વેયસ મારા ભાઈ, અનેં મારી
બુંનેં, અનેં મારી આઈ હે "

13 1 હેંને દાડે ઈસુ ઘેર હો નકળેંનેં દરજ્યા નેં
ઘેંડેં જાએં બેંઠો 2 અનેં ઈસુ કનેં ઈવી મુંટી
ભીડ ભીગી થાઈ કે ઈસુ નાવ મ સડેં જ્યો, અનેં
આખી ભીડ ઘેંડેં ઈબી રી 3 અનેં ઈસુવેં હેંન થી
દાખલ મ ઘણી બદી વાતેં કીદી : "એક વાવવા વાળો
બી લેંનેં નકળ્યો 4 વાવત ની વખત થુંડુક બી વાટ
ની મેંર પડ્યું અનેં પંખીડવેં આવેંનેં હેંનેં વેંણેં ખાએં
જ્ય 5 થુંડુક બી પાણ વાળી જમી મ પડ્યું, ઝાં
હેંનનેં ઘણી ગાર ને મળી અનેં ઉંડી ગાર નેં મળવા ને
લેદે વે એક દમ ઉગી જ્ય 6 પૂણ દાડો નકળવા થકી
વેયુ બળે જ્યુ, અનેં મુળ નેં હાવા થી હુંકાએં જ્યુ
7 થુંડુક બી ઝાડજ્ય મ પડ્યું અનેં ઝાડજ્યવેં વદેંનેં
હેંનેં દાબેં દેંદું 8 પુંણ થુંડુક બી તાજી જમી મ પડ્યું,
અનેં ફળ લાયું, કુઈ હો ગણું, કુઈ હાએટ ગણું,
કુઈ તીસ ગણું 9 ઝેંનેં કાન્દડા વેહ વેય હામળેં લે
" 10 સેંલવેં ટીકે આવેંનેં ઈસુને કેંદૂ, "તું મનખ થકી
દાખલ મ હુંકા વાતેં કરે હે ?" 11 ઈસુવેં જવાબ
આલ્યો, "તમનેં હરગ ના રાજ ના ભેદ ની હમજ
આલવામ આવી હે, પુંણ એંનનેં નહેં 12 કેંમકે ઝેંનેં
કન હે, હેંનેં આલવામ આવહે, અનેં હેંનેં કન ઘણું
થાએં જાહે, પુંણ ઝેંનેં કન કઈસ નહેં, હેંનેં કન હું
ઝી કઈ હેંનેં કન હે, વેયું હુદું લેં લેંવામ આવહે
13 હું હેંન થકી દાખલ મ એંતરે હારું વાતેં કરું હે

કે વેય ભાળત જાએંનેં નહેં ભાળત અનેં હામળત
જાએંનેં નહેં હામળત, અનેં નહેં હમજત 14 હેંનન
બારામ યશાયાહ ની ઈયે ભવિષ્યવાણી પૂરી થાએં
હે : 'તમું કાંદડ થી તે હામળહો, પુંણ હમજો નેં;
અનેં આંખ થી તે ભાળહો, પુંણ તમનેં હુજ નેં પડહે
15 કેંમકે એંન મનખ નું મન જાડું થાએં જ્યૂં હે, અનેં
વેય કાંદડ થી અદર હામળે હે અનેં હેંનવેં પુંતાની
આંખેં વીસી દીદી હે ; ખેંતુક એંવું નેં થાએ કે વેય
આંખ થી ભાળે, અનેં કાંદડ થી હામળે અનેં મન
થી હમજે, અનેં ફરેં જાએ, અનેં હૂં હેંનનેં હાજ કરું
' 16 પુંણ ધન્ય હે તમારી આંખેં, કે વયે ભાળે હે
; અનેં તમારા કાંદડા કે વેયા હામળે હે 17 કેંમકે હૂં
હાસુ કુ હે કે ઘણ બદ ભવિષ્યવક્તાવેં અનેં ધર્મિયવેં
સાઈહું કે ઝી વાતેં તમું ભાળો હે, ભાળો, પુંણ નેં
ભાળી; અનેં ઝી વાતેં તમું હામળો હે, હામળો, પુંણ
નેં હામળી 18 હાવું તમું વાવવા વાળા દાખલા નો
મતલબ હામળો : 19 ઝી કુઈ રાજ્ય વસન હામળેંનેં
નહેં હમજતું,હેંનના મન મ ઝી કઈ વાવવા મ આયુ
હેંતું,હેંનેં વેયો દુષ્ટ આવેંનેં ઉદાળ લેં જાએ હે ઈયુ
વેયુસ હે ઝી રસ્તા ની મેંર વાવવા મ આયુ હેતું
20 અનેં ઝી પાણ વાળી જમી મ વાવવામ આયુ,
ઈયુ વેયુ હે , ઝી વસન હામળેંનેં તરત ખુશી થી
માનેં લે હે 21 પુંણ પુંતાના મ મુળ નેં રાખવાને
લેંદે વેયું થુંડકેંસ દાડ નું હે,અનેં વસન નેં લેંદે દુઃખ
કે સતાવ થાએંહે , તે તરત ઠુંકર ખાએ હે 22 ઝી
ઝાડજ્ય મ વાવવામ આયુ, આ વેયું હે, ઝી વસન
નેં હામળે હે, પુંણ ઈની સંસાર ની સિન્તા અનેં
ધન નો ધુંખો વસન નેં દાબે હે, અનેં વેયું ફળ નહેં
લાવતું 23 ઝી તાજી જમી મ વાવવામ આયુ, આ
વેયું હે,ઝી વસન નેં હામળેંનેં હમજે હે, અનેં ફળ
લાવે હે ; કુઈ હો ગણું, કુઈ હાએંટ ગણું, અનેં કુઈ
તરી ગણું " 24 ઈસુવેં હેંનન એક બીજો દાખલો
આલ્યો : "હરગ નું રાજ્ય હેંના માણસ નેં જેંમ હે
ઝેંને પુંતાના ખેંતર મ અસલ નું બી વાઈવું 25 પુંણ
ઝર મનખ હુંત હેંત તે હેંનો વેરી આવેંનેં ગુંવ ના
વસમ જંગલી બી વાવેં નેં જાતો રિયો 26 ઝર ધરહા
નકળયા અનેં ઉમન્યી લાગજ્યી, તે જંગલી દાણ
ન ઝાડ હુદ ભાળવા જડ્ય 27 એંને હારું ઘેર ન
નોકરએં આવેંનેં હેંનેં કેંદૂ,'હે માલિક,હું તેં પુંતાના
ખેંતર મ તાજું બી નેં વાઈવું હેંતું ? ફેંર જંગલી
દાણ ન ઝાડ હેંનના વસમ કાંહ આય ?' 28 માંલીકેં
હેંનનેં કેંદૂ, 'આ કઈનાક વેરી નું હે ' નોકરએ હેંનેં
કેંદૂ, 'હું તારી મરજી હે, કે હમું જાએંનેં હેંનેં ભેંગું
કર લેંજ્યે ?' 29 માલીકેં કેંદૂ,'ના,એંવું નેં થાએં કે
જંગલી દાણ ન ઝાડ ભેગ કરતા જાએંનેં તમું હેંનેં
હાતેં ગું હુંદા ઉફેંડલો 30 વાડણી તક એક હાતેં બેય
નેં વદવા દો, અનેં વાડણી ની વખત હૂં વાડવા
વાળ નેં કે પેલ જંગલી દાણ ન ઝાડ નેં ભેંગ કરેં
નેં બાળવા હારું હેંનના ભારા બાંદેં લો, અનેં ગુંવ
નેં માર કબલ મ ભેંગા કરો' " 31 હેંનનેં એક બીજો
દાખલો આલ્યો : "હરગ નું રાજ્ય રાઈ ના એક
દાણા નેં જેંમ હે, ઝેંનેં કયેક માણસેં લેં નેં પુંતાના
ખેંતર મ વાવેં દેંદું 32 વયો બદ્ દાણ થી નાનો તે
રે હે પુંણ ઝર વદેં જાએ હે તર બદ્દી સાગ-ભાજી
કરત મુટું થાએ હે ; અનેં એંવું ઝાડ થાએ જાએ હે
કે ગગન ન પંખીડ આવેંનેં હીની ડાળજ્યી ઈપેર
વસવાટ કરે હે " 33 ઈસુવેં એક બીજો દાખલો હેંનનેં
હમળાયો : "હરગ નું રાજ્ય ખમીર નેં જેંવું હે ઝેંનેં
કઈનીક બજ્યેરેં તાણ પસીરી લુંઠ મ મળાવ દેંદું અનેં
થાત થાત વેયું બદ્દુ ખમીર થાએં જ્યું " 34 ઈયે
બદ્દી વાતેં ઈસુવેં દાખલ મ મનખ નેં કીદી, અનેં
વગર દાખલે ઈસુ હેંનનેં કઈસ નેં કેંતો હેંતો , 35 કે
ઝી વસન ભવિષ્યવક્તા નેં દુવારા કેંવામ આયુ હેંતું,
વેયું પુરું થાએ : "હૂં દાખલો કેંવા હારું મારું મોડું
ખોલેં : હું હીની વાત નેં ઝી દુનિયા નેં પૈદાઈસ થી
સાની રી હે વતાડેં " 36 તર ઈસુ ભીડ નેં સુંડેંનેં ઘેર
મ આયો, અનેં ઈસુન સેંલવેં ઈસુ કનેં આવેંનેં કેંદૂ,
"ખેંતર ન જંગલી દાણ નો દાખલો હમનેં હમજાડ
દે " 37 ઈસુવે હેંનનેં જવાબ આલ્યો, "તાજા બી નેં
વાવવા વાળો માણસ નો બેંટો હે 38 ખેંતર સંસાર
હે, તાજું બી રાજ્ય ન બેંટા બીટી, અનેં જંગલી
બી દુષ્ટ ન બેંટા બીટી હે 39 ઝેંના વેરીવેં –હેંનનેં
વાઈવું વેયો શૈતાન હે;વાડણી દુનીય નું અંત હે, અનેં
વાડવા વાળા હરગ દૂત હે 40 હાં નેં ઝેંમ જંગલી
દાણા ભેંગા કરાએ અનેં બાળવામ આવે હે વેવુસ
દિનિય ના અંત મ થાહે 41 માણસ નો બેંટો હરગ
દૂત નેં મુંકલહે,અનેં વેયા હેંના રાજ્ય મ બદ્ ઠુકર
બણવા વાળ નેં અનેં ખરાબ કામ કરવા વાળ નેં
ભેંગ કરહે , 42 અનેં હેંનનેં આગ ની કુંન્ડ મ નાખહે,
ઝાં ગાંગરવું અનેં દાત કકડાવવું થાહે 43 હેંન દાડ
મ ધર્મી પુંતાના બા ના રાજ્ય મ સુર્યા નેં જેંમ
ભભળહે ઝેંનનેં કાંદડા વેહ વેય હામળે લે 44 "હરગ
નું રાજ્ય ખેંતર મ હતાએંલા ધન ને જેંમ હે, ઝેંનેં
કયેક માણસેં મેંળવ્યુ અનેં હતાડ દેંદૂ, અનેં માર્યો
ખુશી થી જાએંનેં પુંતાનું બદ્દુસ વેંસેં દેંદું અનેં હેંના
ખેંતર નેં વેંસાતું લેં લેંદું 45 "ફેંર હરગ નું રાજ એક
વેપારી નેં જેંમ હે ઝી તાજા મોતી ની ખોળી મ હેંતો
46 ઝર હેંનેં એક કિમતી મોતી મળ્યો તે હેંને જાએંનેં
પુંતાનું બદ્દુસ વેંસેં દેંદૂ અનેં હેંનેં વેંસાતું લેં લેંદુ
47 "ફેંર હરગ નું રાજ્ય હેંની મુંટી જાળ નેં જેંમ હે
ઝી દરજ્યા મ નાખવામ આવી, અનેં હરેક પરકાર
ની માસલજ્યી ઘેંર લાવી 48 અનેં ઝર જાળ ભરાએ

ગઈ, તે માસલ્જ્યી મારવા વાળા હેંનેં ધેંડેં કેંસેં
લાયા, અનેં અસલ-અસલ ની તે રાસડ મ ભીગી
કરી અનેં નકમ્મી નકમ્મી ફેંકેં દીદી 49 દુનીય ના
અંત મ એંવુંસ થાહે હરગ દૂત આવેંનેં દુષ્ટ નેં ધર્મિય
થી અલગ કરહે , 50 અનેં હેંનનેં આગ ની કુંડ મ
નાખહે ઝાં ગાંગરવું અનેં દાત કકડાવવું થાહે 51 “હું
તમવેં ઈયે બદ્દી વાતેં હમજી ?” હેંનવેં હેંનેં કેંદૂ,
“હા ” 52 હેંને હેંનન કેંદૂ,“એંતરે હારું હરેક શાસ્ત્રી
ઝી હરગ ના રાજ્ય ના સેંલો બણ્યો હે, હેંના ઘેંર
વાળા નેં જેંમ હે ઝી પુંતાના ભંડાર મહી નવી અનેં
જૂની વસ્તુવે કાડે હે 53 ઝર ઈસુ ઈયા બદ્દા દાખલા
કેં સુક્યો, તે વેંહાં થી જાતો રિયો 54 અનેં પુંતાના
સેર મ આવેંનેં હેંનન દેંવોળ મ હેંનનેં એંવું ભાષણ
આલવા મંડ્યો કે વેય વિસાર કરેંનેં કેંવા મંડ્ય, “એંનેં
ઈયુ જ્ઞાન અનેં સામ્રત ન કામ કાંહ મળય ? 55 હું
ઈયો હુતાર નો બેંટો નહેં ? અનેં હું ઈની આઈ નું
નામ મરિયમ અનેં એંન ભાજ્ય ન નામ યાકૂબ,
યૂસુફ, શમોન, અનેં યહૂદા નહેં ? 56 અનેં હું ઈની
બદ્દી બુંનેં આપડ વસમ નહેં રીત્યી ? ફેંર એંનેં ઈયુ
બદ્દુ કાંહું મળ્યું ?” 57 ઈવી રીતી હેંનવેં હેંને લેંદે
ઠુંકર ખાદી, પુંણ ઈસુવેં હેંનનેં કેંદૂ, “ભવિષ્યવક્તા નું
પુતાના દેસ અનેં પુંતાના ઘેર નેં સુંડેંનેં બીજું ખેતું યે
ઈજ્જત વગર નો નહેં થાતો ” 58 અનેં ઈસુવેં વેંહાં
હેંનના અવિશ્વાસ નેં લેંદે ઘણ બદ સામ્રત ન કામ
નેં કરય

14 1 હેંન દાડ મ સોથાઈ દેસ નો રાજા હેરોદેસેં
ઈસુ ની સરસા હામળી , 2 અનેં પુંતાન
સેંવક થી કેંદૂ, “ઈયો યૂહન્ના બક્તિસ્મ આલવા
વાળો હે !વેંયો મરેંલ મહો જીવી ઉઠ્યો હે, એંતરે
હારું હેંનેં થકી સામ્રત ન કામ પરગટ થાએં હે ”
3 કેંમકે હેરોદેસેં પુંતાના ભાઈ ફિલિપ્પુસ ની બજ્યેર
હેરોદિયાસ ને લેંદે, યૂહન્ના નેં હાએંનેં બાંદ્યો અનેં
જેલ ખાના મ નાખેં દેંદો હેંતો 4 કેંમકે યૂહન્નાવેં હેંનેં
કેંદૂ, હેંતું કે એંનેં રાખવું તારી હારું ઠીક નહેં 5 એંતરે
હારું વેંયો હેંનેં મારેં નાખવા સાહતો હેંતો, પુંણ
મનખ થી સમકતો હેંતો કેંમકે વેય હેંનેં ભવિષ્યવક્તા
માનત હેંત 6 પુંણ ઝર હેરોદેસ નો જલમ દાડો
આયો, તે હેરોદિયાસ ની સુરજ્યી પોગ્રમ મ નાસ
વતાડેંનેં હેરોદેસ નેં ખુશ કર્યો 7 એંનેં હારું હેંને હમ
ખાએંનેં વસન આલ્યું, “ઝી કઈ તું માંગહેં હૂં તનેં
આલેં ” 8 વેયે ઈની આઈ ની સડાવા થી બુલી,
“યૂહન્ના બાક્તિસ્મ આલવા વાળા નું માથું પરત મ
આંસ મનેં હારું મંગાડ લે ” 9 રાજા દુઃખી થાયો,
પુંણ પુંતાના હમ નેં,અનેં હાતેં બેંહવા વાળ ને
લેંદે,હુકમ કર્યું કે આલ દેંવામ આવે 10 અનેં હેંને
જેલ ખાના મ માણસ નેં મુકલેં નેં યૂહન્ના નું માથું
કપાડ દડ્યું ; 11 અનેં હેંનું માથું પરત મ લાવવામ
આયુ, ઝેંને વેયે પુંતાની આઈ કનેં લેં ગઈ 12 તર
યૂહન્ના ના સેંલા આયા અનેં હેંની લાશ નેં ડાટેં
દીદી , અનેં જાએંનેં ઈસુ નેં હમિસાર આલ્યો 13 ઝર
ઈસુવેં ઈયુ હામળ્યું, તે વેયો નાવ મ બેંહેંનેં કઈનેક
હુની હટ જગ્યા મ ,એંખલામ જાતોરિયો મનખ
ઈયુ હામળેંનેં સેરેં-સેર થી પોગેં સાલેં નેંસ ઈસુ નેં
વાહેડ થાએં જ્ય 14 ઈસુવેં નકળેંનેં એક મુંટી ભીડ
ભાળી અનેં હેંન ઈપેર માયા આવી અનેં હેંન ન
બેંમાર નેં હાજ કરય 15 ઝર હાંજ પડી તે ઈસુ ન
સેંલવેં ઈસુ કનેં આવેંનેં કેંદૂ, “આ હુનવેણ જગ્યા હે
અનેં વાર થાઈ રી હે ; મનખ નેં વળાવામ આવે કે
વેય વસ્તી મ જાએંનેં પુતાનેં હારું ખાવાનું વેંસાતું
લે ” 16 પુંણ ઈસુવેં હેંનન કેંદૂ, “હેંનનું જાવું જરુરી
નહેં !તમુંસ એંનનેં ખાવા હારું આલો ” 17 હેંનવેં
ઈસુનેં કેંદૂ, “આં હમારી કનેં પાંસ રુટજ્યી અનેં બે
માસલ્જ્યી નેં સુંડેંનેં બીજું કઈસ નહેં ” 18 ઈસુવેં
કેંદૂ, “હેંનનેં આં મારી કનેં લેં આવો ” 19 તર હેંને
મનખ નેં ખોડ મ બેંહવા હારું કેંદૂ, અનેં હીની પાંસ
રુંટજ્યી અનેં બે માસલ્જ્ય નેં લીદી; અનેં હરગ
મએં ભાળેંનેં ધન્યવાદ કર્યું અનેં રુટજ્યી તુંડેં-તુંડેંનેં
સેંલનેં આલજયી, અનેં સેંલવેં મનખનેં 20 ઝર બદ્
ખાએંનેં ધાફેંજ્ય, તે સેંલવેં વસેંલ બટક થી ભરેંલ
બાર ટુંપલ ઉપાડ્ય 21 અનેં ખાવા વાળ બજ્યેરેં
અનેં સુંર નેં સુંડેંનેં, પાંસ હજાર માણસ નેં લગબગ
હેતા 22 તર ઈસુવેં તરત પુંતાન સેંલનેં નાવ મ સડવા
હારું વિવશ કર્યું કે વેયા હેંનેં કરત પેલ પેંલે પાર
જાએ, ઝર તક ઈસુ મનખ નેં વળાવે 23 ઈસુ મનખ
નેં વળાવેં નેં, દુવા કરવા હારું અલગ ડુંગોર ઈપેર
જાતોરયો; અનેં હાંજ નો ઈસુ વેંહા એંખલો હેંતો
24 હેંના ટાએંમેં નાવ દરજ્યા નેં વસેં ઝાબોળ થી
ડગમગેં રી હિતી, કેંમકે વાએંરુ હામું હેંતું 25 અનેં
ઈસુ રાતેં સોથે પોરેં (તાણ-ચાર વાગ્યે નો ટાએંમ)
દરજ્યા મ સાલતો જાએંનેં સેંલ કનેં આયો 26 સેંલા
ઈસુ નેં દરજ્યા મ સાલતો ભાળેંનેં ઘબરાએં જ્યા
અનેં કેંવા મંડ્યા, “ઈયો ભૂત હે !”વદાર બીક નેં મોરેં
સિસાવા મંડ્યા 27 તર ઈસુવેં તરત હેંન હાતેં વાતેં
કરજ્યી અનેં કેંદૂ, હું હે, સમકો નહેં !” 28 પતરસેં
ઈસુનેં જવાબ આલ્યો, “હે પ્રભુ, અગર તુંસ હે, તે
મનેં તારી કન પાણેં ઈપેર સાલેંનેં આવવાની આજ્ઞા
આલ ” 29 ઈસુવેં કેંદૂ, “આવ!’ તર પતરસ નાવ મહો
ઉતરેંનેં ઈસુ કન જાવા હારુ પાણેં ઈપેર સાલવા
મંડ્યો 30 પુંણ વાએંરા નેં ભાળેંનેં સમકેં જ્યો, અનેં
ઝર બુડવા લાગ્યો તે સીસાએંનેં કેંદૂ, “હે પ્રભુ, મનેં
વસાડ !” 31 ઈસુવેં તરત હાત લાંબો કરેંનેં હાએં લેંદો
અનેં હેંનેં કેંદૂ,“હે અરદા વિસ્વાસ વાળા, તેં હુંકા સક

કર્યો ?" 32 ઝર વેયા નાવ મ સડેં જ્યા તે વાએંરું
થમેં જ્યું 33 એંનેં ઈપર હેંનવેં ઝી નાવ મ હેંતા, પોગેં
લાગેંનેં કેંદૂ, "હાસેં હાસ તું પરમેશ્વર નો બેંટો હે "
34 વેયા પાર ઉતરેંનેં ગન્નેસરત મ પોત્યા 35 વેહાં
ન મનખવેં ઈસુનેં વળખેં લેંદો અનેં આજુ-બાજુ ન
આખા દેસ મ હમિસાર મુંકલ્યો, અનેં બદ્ બેંમાર નેં
ઈશુ કનેં લાય , 36 અનેં ઈસુ થી અરજ કરવા લાગ્ય
કે ઈસુ હેંનનેં હેંન સિસર ના સેંડા નેંસ અડવા દે;
અનેં ઝેંતરવેં ઈસુનેં અડ્ય, વેય હાજ થાએં જ્ય

15 1 તર યરુશલેમ મ થુંડાક ફરિસી અનેં
શાસ્ત્રી ઈસુ કનેં આવેં નેં કેંવા મંડ્યા ,
2 "તારા સેંલા ડુંહ ની રીતી-રીવાજ નેં હુંકા ટાળે
હે, વગર હાત ધુંયે રુટી ખાએં હે ?" 3 ઈસુવેં હેંનનેં
જવાબ આલ્યો, "તમું હુંદા પુંતાની રિતી-રિવાજ
હારું હુંકા પરમેઅશ્વર ની આજ્ઞા નેં ટાળો હે ?
4 કેંમકે પરમેશ્વરેં કેંદૂ હે,'પુંતાના બા અનેં પુંતાની
આઈ નું માન કરજો',અનેં 'ઝી કુઈ બા કે આઈ
નેં ભુંડું કે, વેયું મારેં નાખવામ આવે ' 5 પુંણ તમું
કો હે કે અગર કુઈ પુંતાના બા કે આઈ નેં કે, 'ઝી
કઈ તનેં મનેં થકી ફાએંદો પોતેં સકતો હેંતો, વેયું
પરમેશ્વર નેં ભેટ સડાવ દેંવાયુ હે', 6 તે વેયું પુંતાના
ના બા નું માન નેં કરે, ઈવી રિતી તમવેં પુતાની
રિતી-રિવાજ નેં લેંદે પરમેશ્વર નું વસન ટાળ દેંદું
7 હે કપટ વાળો, યાશાયાહ વેં તામારા બારામ ઈયે
ભવિષ્યવાણી ઠીકેંસ કરી હે : 8 'ઈય મનખ હોંઠ થી
તે મારું માન કરે હે, પુંણ હેંનનું મન મારી થી સિટી
હે 9 અનેં ઈય બેકાર મારી ભક્તિ કરે હે, કેંમકે મનખ
ની વિધિ નેં ધરમ નો પરસાર કરેંનેં હિકાડે હે " 10 તર
ઈસુવેં મનખ નેં પુતાનેં કન બુલાવેંનેં કેંદૂ, "હામળો,
અનેં હમજો : 11 ઝી મોડામ જાએં હે, વેયું મનખ
નેં મેંલું નહેં કરતુ, પુંણ ઝી મોડા થી નકળે હે, વેયુંસ
મનખ નેં મેલું કરે હે " 12 તર સેંલવેં આવેંનેં ઈસુનેં
કેંદૂ, "હું તું જાણે હે કે ફરિસીયવેં ઈયુ હામળેં નેં ઠુકર
ખાદી ?" 13 ઈસુવે જવાબ આલ્યો, "હરેક ઝાડ ઝી
મારા હરગ વાળે બએ નહેં સુઈપુ, ઉફડવામ આવહે
14 હેંનનેં જાવા દો વેયા આંદળી હિક આલવા વાળા
હે અનેં આંદળો અગર આંદળા નેં રસ્તો વતાડે, તે બે
યે ખાડા મ પડહે " 15 ઈયુ હામળેંનેં પતરસેં ઈસુનેં
કેંદૂ, "ઈયો દાખલો હમનેં હમજાડ દે " 16 ઈસુવેં કેંદૂ,
"હું તમું હુંદા હજું તક વણહમજ્યા હે ? 17 હું તમું
નહેં જાણતા હું તમુ નહેં જાણતા કે ઝી કઈ મોડા મ
જાએં હે વયું પેંટ મ પડે હે,સંડાસ મ નકળેં જાએ હે ?
18 પુંણ ઝી કઈ મોડા થી નકળેં હે, વયું મન થી નકળે
હે, અનેં વેયુસ મનખ નેં મેલું કરે હે 19 કેંમકે ભુંડા
વિસાર, માર નાખવું, બીજા બઈરા હાતેં સાલવું,
સિનાળવું, સુરી, ઝુઠી ગવાઈ અનેં નિંદા મન થીસ
નકળે હે 20 ઈયસ હે ઝી મનખ ને મેલ કરે હે, પુંણ
વગર હાત ધુયે ખાવાનું ખાવું મનખ નેં મેલું નહેં
કરતું " 21 ઈસુ વેહા થી નકળેં નેં ,સૂર અનેં સૈદા
ન પરદેસ મ નકળેં જ્યો 22 હેંના પરદેસ મહી એક
કનાની બજ્યેર નકળી ,અનેં સિસાએંનેં કેંવા મંડી ,
"હે પ્રભુ! દાઉદ ના બેંટા મનેં ઈપેર દયા કર !" મારી
સુરી નેં દુષ્ટ આત્મા ઘણી વિતાડેં રી હે " 23 પુંણ
ઈસુવેં હેંનેં કઈસ જવાબ નેં આલ્યોતર ઈસુન સેંલવેં
આવેંનેં ઈસુ થી અરજ કરી કે,"એંનેં વળાવ કેંમકે
વેયે આપડી વાહેડ સિસાતી જાએંનેં આવી રી હે "
24 ઈસુવેં જવાબ આલ્યો, "ઈસ્રાએલ ના ઘરાણાં ન
ઘેઠ નેં સુંડેંનેં હૂં કેંનેં યે કન નહેં મુકલવામ આયો "
25 પુંણ વેયે આવી, અનેં ઈસુ નેં પોગેં લાગેં નેં કેંવા
મંડી, "હે પ્રભુ, મારી મદદ કર " 26 ઈસુવેં જવાબ
આલ્યો, "સુર નો રુંટો લેંનેં કુતર નેં અગ્યેડ નાખવો
અસલ નહેં " 27 બજ્યેરેં કેંદૂ, "હાસુ હે પ્રભુ, પુંણ
કૂતર હુંદ વેયું બટક ખાએ હે, ઝી હેંનન માલિક
ન ટેબલ થી ગરે હે " 28 એંનેં ઈપેર ઈસુવેં હેંનેં
જવાબ આલ્યો, "હે બાઈ, તારો વિસ્વાસ મુટો હે
ઝેંવું તું માંગે હે વેવુંસ તારી હારું થાએ " અનેં હીની
સુરી હેંનેસ ટાએંમેં હી હાજી થાઈ ગઈ 29 ઈસુ
વેહાં થી ગલીલ ના દરજ્યા કનેં આયો, અનેં ડુંગોર
ઈપેર સડેંનેં બેંહેંજ્યો 30 તર ભીડ ઈપેર ભીડ ઈસુ
કનેં આય વેય પુતાનેં હાતેં લંગડ, આંદળ, ગુંગ,બુંઠ
અનેં બીજ ઘણનેં ઈસુ કનેં લાય, અનેં હેંનનેં ઈસુ
ન પોગ ઈપેર દડ દેંદ, અનેં હેંનનેં ઈસુવેં હાજ
કરય 31 ઝર મનખવેં ભાળું કે ગુંગ બુંલે હે, અનેં
બુંઠ હાજ થાએ, અનેં લંગડ સાલે, અનેં આંદળ
ભાળે હે તે વિસાર કરેંનેં ઈસ્રાએલ ના પરમેશ્વર ની
મોંટાઈ કરી 32 ઈસુવેં પુંતાન સેંલનેં બુંલાયા અનેં
કેંદૂ, "મનેં ઈની ભીડ ઈપેર માયા આવે હે, કેંમકે
વેય તાણ દાડ થી મારી હાતેં હે અનેં હેંન કનેં કઈસ
ખાવાનું નહેંહૂ હેંનનેં ભુખ વળાવા નહેં માંગતો,
ખેંતુક એંમ નેં થાએ કે રસ્તામ થાકેંનેં રેં જાએ "
33 સેંલવેં ઈસુનેં કેંદૂ, "હમ નેં એંના જંગલ મ કાંહી
ઈતરી બદ્દી રુટજ્યી મળહેં કે હમું ઈતરી મુંટી ભીડ
નેં ધપાડજ્યે ?" 34 ઈસુવેં હેંનનેં પુસ્યું,"તમારી
કનેં કીતરી રુટજ્યી હે?" હેંનવેં કેંદૂ,"હાત,અનેં
થુંડીકેંસ નાની માસલજ્યી " 35 તર ઈસુવેં મનખ
નેં જમીમ બેંહવાની આજ્ઞા આલી 36 અનેં હીની
હાત રુટજ્યી અનેં માસલજ્યી નેં લીદી, ધન્યવાદ
કરેંનેં તુંડી, અનેં પુંતાન સેંલનેં આલતો જ્યો, અનેં
સેંલા મનખ નેં 37 ઈવી રિતી બદ્ ખાએં નેં ધાફેં
જ્ય, અનેં સેંલવેં વસેંલ બટક થી ભરેંલ હાત ટુંપલ
ઉપાડ્ય 38 ખાવા વાળ બજ્યેરેં અનેં નાન સુંર નેં
સુડેંનેં ચાર હજાર માણસ હેંતા 39 તર વેયો ભીડ નેં

વળાવેંનેં નાવ મ સડેં જ્યો, અનેં મગદન દેસ ની
હીમ મ આયો

16 1 ફરિસી અનેં સદુકીય વેં ટીકે આવેં નેં
ઈસુનેં પારખવા હારું હેંનેં કેંદૂ, "હમનેં
હરગ ની કઈક નિશાની વતાડ " 2 ઈસુવેં હેંનન
જવાબ આલ્યો, "હાંજ ન તમું કો હે, 'મોસમ
અસલ રેંહે, કેંમકે ગગન રાતું હે', 3 અનેં હવેંર મ
કો હે, 'આજે કુંએંણું આવહે, કેંમકે ગગન રાતું અનેં
ભુરું હે ' તમું ગગન ના લક્ષણ ભાળેંનેં હેંનો ભેદ
વતાડેં સકો હે, ટાએંમ ની નિશાની નો ભેદ કેંમ
નહેં વતાડેં સકત ? 4 એંના જુંગ ન ભુંડ અનેં ખરાબ
કામ કરવા વાળ મનખ નિશાની જુંવે હે, પુંણ યોના
ની નિશાની નેં સુંડેંનેં હેંનનેં બીજી કઈ નિશાની
નેં આલવામ આવે "અનેં વેયો હેંનનેં સુંડેંનેં જાતો
રિયો 5 સેંલા દરજ્યા નેં પેલે પાર પોત્યા ,પુંણ વેયા
રુટજ્યી લેંવાનું ભૂલેં જ્યા હેંતા 6 ઈસુવેં હેંનનેં કેંદૂ,
"ભાળો, ફરિસી અનેં સદુકિય ના ખમીર થી સેતેંન
રેંજો " 7 વેયા એંન-એંન મ વિસાર કરવા મંડ્યા,
આપું રુટજ્યી નહેં લાયા એંતરે હારું ઈસુ એંમ
કે હે " 8 ઈયુ જાણેંનેં, ઈસુવેં એંનન કેંદૂ,"હે અરદા
વિશ્વાસ વાળો,તમુ તમારા મ હુંકા વિસાર કરો હે
આપડી કન રુટજ્યી નહેં ? 9 હું તમું હજુ તક નહેં
હમજ્યા ? હું તમનેં હેંન પાંસ હજાર ની પાંસ
રુટજ્યી ઈયાદ નહેં, અનેં નેં ઈયુ કે તમવેં કેંતર
ટુંપલ ઉપાડ્ય ? 10 અનેં નેં હેંન ચાર હજાર ની
હાત રુટજ્યી, અનેં નેં ઈયુ કે તમવેં કેંતર ટુંપલ
ઉપાડ્ય હેંત ? 11 તમું હુંકા એંમ નહેં હમજતા
કે મેંહ રુટજ્યી ના બારા મ નહેં કેંદૂ,પુંણ ઈયુ કે
તમું ફરિસી અનેં સદુકિય ના ખમીર થી સેતેંન રેંજો
12 તર હેંનના હમજ મ આયુ કે રુટજ્યી ના ખમીર
થી નેં, પુંણ ફરિસીય અનેં સદુકીય ના સિક્ષણ થી
સેતેંન રેંવાનું કેંદુ હેંતું 13 ઈસુ કેંસરિયા ફીલિપ્પી ન
રાજ્ય મ આયો અનેં પુંતાન સેંલ થી પુસવા મંડ્યો,
"મનખ માણસ ના બેંટા નેં હું કે હે ?" 14 હેંનવેં
કેંદૂ, "થુંડક તે યૂહન્ના બક્તિસ્મ આલવા વાળો કે
હે, અનેં થુંડક એલિય્યાહ, અનેં થુંડક યીર્મિયાહ
કે ભવિષ્યવક્તા મનો કુઈ એક કે હે " 15 ઈસુવેં
હેંનનેં કેંદૂ, "પુંણ તમું મનેં હું કો હે ? 16 શમોન
પતરસેં જવાબ આલ્યો, "તું જીવતા પરમેશ્વર નો
બેંટો મસીહ હે " 17 ઈસુવેં હેંનેં જવાબ આલ્યો,"હે
શમોન,યોના ના બેંટા, તું ધન્ય હે; કેંમકે કે માહ અનેં
લુંઈ જ્યે નહેં,પુંણ મારે બએં ઝી હરગ મ હે, ઈયે
વાત તારી ઈપેર નાખી હે 18 અનેં હું તનેં થકી કું હે કે
તું પતરસ હે, અનેં હું એંના પાણા ઈપેર મારી મંડળી
બણાવેં,અનેં અધોલોક ન બાએંણ હેંનેં મ ભરાએં નેં
સકે 19 હૂં તનેં હરગ ના રાજ્ય ની સાવજ્યી આલેં
: અનેં ઝી કઈ તું ધરતી ઈપેર બાંદહેં, વેયું હરગ મ
બંદાહે; અનેં ઝી કઈ તું ધરતી ઈપેર ખોલહેં, વેયું
હરગ મ ખોલાહે " 20 તર ઈસુવેં સેંલનેં સેતવ્યા કે
કેંનેં યે નેં કેંતા વેહ કે હૂં મસીહ હે 21 હેંને દાડે થી
ઈસુ પુંતાન સેંલ નેં વતાડવા મંડ્યો, "જરૂરી હે કે
હું યરુશલેમ મ જું અનેં વડીલ, અનેં મુખી યાજક
,અનેં શાસ્ત્રીય હાત થી ઘણું દુઃખ વેઠું; અનેં મારેં
નખાવું :અનેં તીજે દાડે જીવતો થાએં જું " 22 એંને
ઈપેર પતરસ ઈસુનેં અલગ લેં જાએંનેં વળગવા
મંડ્યો, "હે પ્રભુ, એંવું નેં થાએ પરમેશ્વર નેં કરે!
તારી હાતેં એંવું કેંર નેં થાએ " 23 ઈસુવેં ફરેંનેં પતરસ
નેં કેંદૂ,"હે શૈતાન,મારી હામેં થી સિટી થાએ જા! તું
મારી હારું ઠુકર નું મતલબ હે; કેંમકે તું પરમેશ્વર
ની વાત ઈપેર નહેં, પુંણ મનખ ની વાત ઈપેર મન
લગાડે હે " 24 તર ઈસુવેં પુંતાન સેંલ નેં કેંદૂ, "અગર
કુઈ મારી વાહેડ આવવા સાહે, તે પુતે પુંતાનો નકાર
કરે અનેં પુંતાનો ક્રૂસ તુંકે, અનેં મારી વાહેડ થાએં
જાએ 25 કેંમકે ઝી પુંતાનો જીવ વસાડવા સાહે, વેયું
હેંનેં ખુંવહે; અનેં ઝી કુઈ મારી હારું પુંતાનો ખુંવહે
હેંનેં વેયું મેંળવહે 26 અગર મનખ આખી દુનિય
મેંળવે, અનેં પુતાના જીવ ની ખુટ ખાએ, તે હેંનેં
હું ફાયદો થાહે ? કે મનખ પુતાના જીવ ને બદલે
હું આલહે ? 27 માણસ નો બેંટો પુંતાન હરગ દૂત
હાતેં પુતાના બાની મહિમા મ આવહે, અનેં હેંને
દાડે 'ઈસુ હરેક નેં હેંનન કામ ને પરમણેં બદલાનું
ફળ આલહે 28 હું તમ થકી હાસુ કુ હે કે ઝી આં
ઈબ હે, હેંન મન થુંડક એંવ હે કે વેય ઝાં તક માણસ
ના બેંટા નેં હેંના રાજ્ય મ આવત નેં ભાળ લેંહે, તાં
તક મોત નો હવાદ કેંર યે નેં સાકહે "

17 1 સો દાડ પસી ઈસુવેં પતરસ અનેં યાકૂબ
અનેં એંના ભાઈ યહૂન્ના નેં હાતેં લેંદા,
અનેં હેંનનેં હુંનવેંણમ કઈનાક ઉસા ડુંગોર ઈપેર લેં
જ્યો 2 વેહાં હેંનનેં હામેં ઈસુનું રુપ બદલાએં જ્યું,
અનેં ઈસુ નું મોડું સુર્યા નેં જેંવું ભભળ્યું અનેં હેંન
સિસર ઈજવાળા જેંવ ધોળ થાએં જ્ય 3 અનેં મૂસો
અનેં એલિય્યાહ ઈસુ નેં હાતેં વાતેં કરતા જાએંનેં
હેંનનેં ભાળવા જડ્યા 4 એંનેં ઈપેર પતરસેં ઈસુનેં
કેંદૂ, "હે પ્રભુ, આપડું આં રેંવું અસલ હે અગર
તારી મરજી વેહ તે આં તાણ મંડપ બણાવું; એક
તારી હારું, એક મૂસા હારું, અનેં એક એલિય્યાહ
હારું " 5 વેયો બુલેંસ રેંયો હેંતો કે એક ધોળે વાદળે
હેંનન ઢાકેં દેંદા, અનેં હેંના વાદળા મહી એં વાણી
આવી: આ મારો વાલો બેંટો હે, ઝેંનેં થી હૂં ખુશ
હે : ઈની હામળો " 6 સેંલા ઈયુ હામળેંનેં મોડા
ભેર પડેં જ્યા અનેં ઘણાસ સમકેં જ્યા 7 ઈસુવેં ટીકે
આવેંનેં હેંનનેં અડ્યો, અનેં કેંદૂ, "ઉઠો, સમકો નહેં

8 તર હેંનવેં પુંતાની આંખેં અદર કરજ્યી અનેં ઈસુનેં
સુંડેંનેં બીજું કેંનેં યે નેં ભાળ્યું 9 ઝર વેયા ડુંગોર ઈપેર
થી ઉતરતા હેંતા તર ઈસુવેં હેંનન ઈયે આજ્ઞા આલી,
“ઝર તક માણસ નો બેંટો મરેંલ મહો નેં જીવતો
થાએં જાએ, તર તક ઝી કઈ તમેં ભાળ્યું કેંનેં યે નેં
કેતા વેહ ” 10 એંનેં ઈપેર હેંન સેંલવેં ઈસુ નેં પુસ્યું,
“ફેંર શાસ્ત્રી હુંકા કે હે કે એલિય્યાહ નું પેલ આવવું
જરૂરી હે ?” 11 ઈસુવેં જવાબ આલ્યો, “એલિય્યાહ
જરૂર આવહે, અનેં બદ્દુસ હદારહે 12 પુંણ હૂં તમનેં
કું હે કે એલિય્યાહ આવેં સુક્યો હે, અનેં મનખવેં
હેંનેં નહેં વળખ્યો; પુંણ ઝેંવું સાઇહું વેવુસ હેંનેં હાતેં
કર્યું ઈવીસ રિતી થી માણસ નો બેંટો હુંદો હેંનના
હાત થી દુઃખ ઝેંલહેં 13 તર હેંનવેં હમજ્યું કે ઈસુવેં
હમનેં યૂહન્ના બક્તિસ્મ આલવા વાળા ના બારામ
કેંદૂ હે 14 ઝર વેયા ભીડ કનેં પોત્યા, તે એક માણસ
ઈસુ કનેં આયો, અનેં ઢેંસુંણ માંડેંનેં કેંવા મંડ્યો ,
15 “હે પ્રભુ, મારા બેંટા ઈપેર દયા કર ! કેંમકે હેંનેં
ફુંર આવેં હે, અનેં વેયો ઘણુ દુઃખ વેંઠે હે ;અનેં
વારે ઘડી આગ મ અનેં વારેં ઘડી પાણેં મ ગરેં
પડે હે 16 હૂં હેંનેં તાર સેંલ કનેં લાયો હેંતો, પુંણ
વેયા હેંનેં અસલ નેં કરેં સક્યા ” 17 ઈસુવેં જવાબ
આલ્યો, “વગર વિસ્વાસી અનેં હટ કરવા વાળો
મનખું, હૂં કાં તક તમારી હાતેં રેં ? કાં તક તમારી
વેંઠેં ? હેંનેં આં મારી કન લાવો ” 18 તર ઈસુ દુષ્ટ
આત્મા નેં વળગ્યો, અનેં વેયે હેંનેં મહી નકળેં ગઈ
;અનેં સુંરો હિનીસ ઘડી અસલ થાએં જ્યો 19 તર
સેંલવેં એંખલામ ઈસુ કનેં આવેંનેં કેંદૂ, “હમુ હેંનેં
હુંકા નેં કાડેં સક્યા ?” 20 ઈસુવેં હેંનનેં કેંદૂ, “તમારા
વિશ્વાસ ની કમી નેં લેંદે, કેંમકે હૂં તમનેં હાસું કુ હે,
અગર તમારો વિશ્વાસ રાઈ ના દાણા નેં બરુબર
હુંદો વેહ, તે એંના ડુંગોર થી કેં સકહો, ‘આં થકી
હરકેંનેં પેંલ તાં જાતોરે’, તે વેયો જાતો રેંહે; અનેં કુઈ
વાત તમારી હારું કાઠી નેં વેંહે 21 [પુંણ ઈયે જાતિ
વગર દુવા અનેં ઉપવાસ થી નહેં નકળતી ]” 22 ઝર
વેયા ગલીલ મ હેંતા,તે ઈસુવેં હેંનનેં કેંદૂ,“માણસ નો
બેંટો મનખ ન હાત મ હવાડવામ આવહે ; 23 વેયા
હેંનેં માર દડહે, અનેં વેયો તીજે દાડે જીવતો થાએં
જાહે ” એંનેં ઈપેર વેયા ઘણા દુઃખી થાયા 24 ઝર
વેયા કફરનહૂમ પોત્યા, તે દેંવોળ નું વેરું લેંવા વાળે
પતરસ કનેં આવેંનેં પુસ્યું,હું તમારો ગરુ દેંવોળ નું
વેરું નહેં આલતો ?” 25 હેંને કેંદૂ, “હા, આલે હે
” ઝર વેયો ઘેર મ આયો, તે ઈસુવેં હેંનેં પુસવા થી
પેલેંસ હેંનેં કેંદૂ, “હે શમોન, તું હું વિસારે હે ? ધરતી
ના રાજા જમો કે વેરું કેંનેં કન લે હે ? પુંતાન સુંર
કન કે પારક કન ?” 26 પતરસેં ઈસુ નેં કેંદૂ, “પારક
થી” ઈસુવેં પતરસ નેં કેંદૂ, “તે બેંટા વસેં જ્યા 27 તે
હુંદા આપું હેંનન ઠુકર નેં ખવાડજ્યે, તું દરજ્યા ની
ઘેડેં જાએંનેં ગળ નાખ, અનેં ઝી માસલી પેલ નકળે,
હેંનેં લે; હેંનું મોડું ખોલવા થી તનેં એક સિક્કો મળહે
હેંનેંસ લેંનેં મારી અનેં તમારી બદલે હેંનન આલ
દેંજે ”

18 1 હેંને ટાએંમેં સેંલા ઈસુ કન આવેંનેં પુસવા
મંડ્યા, “હરગ ના રાજ્ય મ મુટું કુંણ હે ?”
2 એંનેં ઈપેર ઈસુવેં એક બાળક નેં ટીકે બુલાવેંનેં
હેંનના વસમ ઈબુ કર્યું , 3 અનેં કેંદૂ, “હૂં તમ થી
હાસુ કુ હે કે ઝર તક તમું નેં ફરો અનેં બાળક નેં
જેંમ નેં બણો , તમુ હરગ ના રાજ્ય મ જાએં નેં
સકહો 4 ઝી કુઈ પુતાનેં એંના બાળક નેં જેંમ નાનું
કરહે, વયું હરગ ના રાજ્ય મ મુટું થાહે 5 અનેં ઝી
કુઈ મારા નામ થી એક એંવા બાળક નેં ગરહણ કરે હે
વેયું મનેં ગરહણ કરેં હે 6 “પુંણ ઝી કુઈ એંન નાન મન
ઝી મારી ઈપેર વિશ્વાસ કરે હે એક નેં ઠુકર ખવાડે
,હેંનેં હારું ભલું થાતું કે મુંતી ઘટી નો પોડ હેંના
ગળા મ ટાંગવામ આવતો, અનેં વેયું ઉંડા દરજ્યા મ
બુડાડવામ આવતો 7 ઠુકર ને લેંદે સંસાર મ હાય!ઠુકર
નું લાગવું જરૂરી હે ! પુંણ હાય હેંના મનખ ઈપેર
ઝેંનેં દુવારા ઠુકર લાગે હે 8 “અગર તારો હાત કે તારો
પોગ તનેં ઠુકર ખવાડે, તે હેંનેં કાપેં નેં ફેંકેં દે ; બુઠું કે
લંગડું થાએંનેં જીવન મ ભરાવું તારી હારું એંનેં કરત
ભલું હે કે બે હાત કે બે પોગ રેંત તું હમેંશા ની આગ
મ નાખવામ આવે 9 અગર તારી આંખ તનેં ઠુકર
ખવાડે, તે હેંનેં કાડેં નેં ફેંકેં દે; કાણો થાએંનેં જીવન મ
ભરાવું તારી હારું એંનેં કરત ભલું હે કે બે આંખેં રેંત
તું હંમેશા ની આગ મ નાખવામ આવે 10 “ભાળો,
તમું એંન નાન મન કેંનેં યે નકમ્મું નેં હમજતા વેહ;
કેંમકે હૂં તમ થકી કું હે કે હરગ મ હેંન ના દૂત મારા
હરગ વાળા બા નું મોડું હંમેશા ભાળેં હે 11 [કેંમકે
માણસ નો બેંટો ખુંવાએંલ નેં વસાડવા આયો હે ]
12 “તમું હું વિસારો હે ? અગર કઈનાક માણસ ન
હો ઘેંઠ વેહ, અનેં હેંન મહુ એક ભટકેં જાએ, તે હું
વેયો નવાણું નેં સુંડેંનેં, અનેં ડુંગોર મ જાએંનેં, હેંના
ભટકેંલા નેં નેં જુંવહે ? 13 અનેં અગર એંવું થાએ કે
હેંનેં મેંળવે, તે હૂં તમનેં હાસું કું હે કે વેયો હેંન નવાણું
ઘેંઠ હારું ઝી ખુંવાય નેં હેંત, એંતરું આનંદ નેં થાહે
ઝેંતરું કે એંના ઘેંઠા હારું કરહે 14 એંવુંસ તમારા બા
ની કે ઝી હરગ મ હે ઈયે મરજી નહેં કે એંન નાન
મનું એક હુંદું નાશ થાએં જાએ 15 અગર તારો ભાઈ
તારી વિરુદ્ધ ગુંનો કરે, તે જા અનેં એંખલામ વાત
સિત કરેંનેં હેંનેં હમજાડ અગર વેયો તારી હામળે
તે તેં તારા ભાઈ નેં મેંળવેં લેંદો 16 અગર વેયો નેં
હામળે, તે એક કે બે જણ નેં તારી હાતેં વદાર લેં
જા, કે ‘હરેક વાત બે કે તાણ પુરાવા ન મોડ થી પાકી

કરવામ આવે ' 17 અગર વેયો હેંનની હુદી નેં માનેં,
તે મંડળી થી કેં દે, પુંણ અગર વેયો મંડળી ની હુદી
નેં માનેં તે તું હેંનેં બીજી જાતી કે વેરું લેંવા વાળ
જેંવો જાણ 18 "હૂં તમ થકી હાસુ કું હે, ઝી કઈ તમું
ધરતી ઈપેર બાંદહો, વેયું હરગ મ બંદાહે અનેં ઝી
કઈ તમું ધરતી ઈપેર ખોલહો, વેયું હરગ મ ખોલાહે
19 ફેંર હું તમ થી કું હે, અગર તમ મહ બે જાણ ધરતી
ઈપેર કઈનેક વાત હારું એક મન થાએંનેં હેંનેં માંગે,
તે વેયું મારા બા ના તરફ થી ઝી હરગ મ હે, હેંન
હારું થાએં જાહે 20 કેંમકે ઝાં બે કે તાણ જણ મારા
નામ થી ભેંગ થાએં હે, વેહાં હું હેંનન વસમ રું હે
" 21 તર પતરસેં ટીકે આવેં નેં ઈસુ નેં કેંદૂ, "હે પ્રભુ,
અગર મારો ભાઈ ગુંનો કરતો રે, તે હૂં કિતરી વાર
હેંનેં માફ કરું ? હું હાત હાત વાર તક ?" 22 ઈસુવેં
હેંનેં કેંદૂ, "હૂં તનેં એંમ નહેં કેંતો કે હાત વાર તક પુણ
હાત વાર ના હિત્તર ગણા તક 23 "એંતરે હારું હરગ
નું રાજ્ય હેંના રાજા નેં જેંમ હે, ઝેંને પુંતાન નોકર
થી લેંખ લેંવું સાઈહું 24 ઝર રાજા લેંખ લેંવા મંડ્યો,
તે એક જાણો હેંણો હેંનેં હામેં લાવવામ આયો ઝી
દસ હજાર તાલંત નો દેંવેદાર હેંતો 25 જુ કે આલવા
હારું હેંનેં કન કઈસ નેં હેંતું, તે હેંને માલિકેં કેંદૂ,
'ઈયો અનેં ઈની ઘેર વાળી અનેં બાળ-બસ્સ અનેં
ઝી કઈ એંનું હે બદ્દુ વેંસવામ આવે ' 26 એંનેં ઈપેર
હેંને નોકરેં પડેં નેં હેંનેં પોગેં લાગ્યો, અનેં કેંદૂ, 'હે
માલિક ધીરજ ધર, હું બદ્દુસ ભર દેં ' 27 તર હેંના
નોકર ના માલિકેં માયા કરેંનેં હેંનેં સુંડ દેંદો, અનેં
હેંનું દેંવું હુંદું માફ કર દેંદું 28 "પુંણ ઝર વેયો નોકર
બારત નકળો, તે હેંના હાત વાળ નોકર મનો એક
હેંનેં મળ્યો ઝી હેંનો હો દી નાર નો દેંવેદાર હેંતો;હેંને
હેંનેં હાએંનેં હેંનું ગળુ દબાયું અનેં કેંદૂ,'ઝી કઈ તારી
ઈપેર દેંવું હે ભર દે' 29 એંનેં ઈપેર હાત વાળો નોકર
પડેંનેં હેંનેં થી અરજ કરવા મંડ્યો, 'ધીરજ ધર હું
, બદ્દુસ ભર દેં ' 30 હેંને નેં માન્યું, પુંણ જાએંનેં
હેંનેં જેલ ખાના મ નાખેં દેંદો કે ઝર તક દેંવું ભરેં
નેં દે,તર તક વેંહાસ રે 31 હેંના હાત વાળા નોકર
ઈયુ ઝી થાયું હેંતું ભાળેંનેં ઘણા દુઃખી થાયા, અનેં
જાએંનેં પુંતાના માલિક નેં આખી વાત વતાડ દીદી
32 તર હેંનાને માલિકેં હેંનેં બુલાવેંનેં હેંનેં કેંદૂ, 'હે દુષ્ટ
નોકર,તેં ઝી મનેં થી અરજ કરી, તે મેંહ તારું વેયું
પુરું દેંવું માફ કર દેંદૂ 33 એંતરે હારું ઝેંમ મેંહ તારી
ઈપેર દયા કરી, વેંમેંસ હું તારે હુંદુ તારા હાત વાળા
નોકર ઈપેર દયા કર વી નેં જુગતી હીતી ?' 34 અનેં
હેંને માલિકેં રીહ મ આવેંનેં હેંનેં સજા આલવા વાળ
નેં હાત મ હુપેં દેંદો, કે ઝર તક વેયો બદ્દુ દેંવું ભરેં નેં
દે, તર તક હેંનના હાત મ રે 35 "ઈવીસ રિતી અગર
તમું મન હરેક તમારા ભાઈ નેં માફ નેં કરહે, તે મારો
બા ઝી હરગ મ હે, તમ થી હુંદો વેંવુસ કરહે "

19 1 ઝર ઈસુ ઈયે વાતેં કેં સુક્યો,તે ગલીલ
મહો જાતો રિયો;યરદન નેં પાર યહૂદિયા
ના રાજ્ય મ આયો 2 તર મુંટી ભીડ ઈસુ નેં વાહેડ
થાએં ગઈ, અનેં ઈસુવેં વેંહા હેંનનેં હાજ કરય 3 તર
ફરિસી ઈસુ નું પરિક્ષણ કરવા હારું ટીકે આવેંનેં કેંવા
મંડ્યા, "હું હરેક કારણ થી પુંતાની બજ્યેર નેં સુટી
કરવી ઠીક હે ?" 4 ઈસુવેં જવાબ આલ્યો, "હૂં તમનેં
નહેં ખબર કે ઝેંને હેંનનેં બણાય, હેંને સરુવાત થી
નર અનેં નારી બણાવેંનેં કેંદૂ , 5 'એંને લેંદે માણસ
પુંતાન આઈ-બા થી અલગ થાએંનેં પુંતાની બજ્યેર
હાતેં રેંહે અનેં વેય બે એક શરીર થાહે ? 6 હાં નેં
વેય હાવું બે નહેં, પુંણ એક શરીર હે એંતરે હારું
ઝેંનેં પરમેશ્વરેં જુડ્ય હે, હેંનેં માણસ અલગ નેં કરે
" 7 હેંનવેં ઈસુનેં કેંદૂ, "ફેંર મૂસાવેં હુંકા ઠરાવ કરયો
કે સુટા સેંડા નું કાગળ લખેંનેં હેંનેં સુડ દે ? 8 ઈસુવેં
હેંનનેં કેંદૂ, "મૂસાવેં તમારા મન ની કઠુંરતા નેં લેંદે
તમનેં પુંત-પુંતાની બજ્યેર નેં સુંડ દેંવાની આજ્ઞા
આલી, પુંણ સરુવાત થી હેંવુ નેં હેંતું 9 અનેં હૂં
તમ થી કું હે, કે ઝી કુઈ સિનાળવા નેં સુંડેંનેં બીજા
કઈનાક મતલબ થી પુંતાની બજ્યેર નેં સુંડેંનેં બીજી
થી લગન કરે, વેયો સિનાળવું કરે હે; અનેં ઝી હીની
સુડેંલી હાતેં લગન કરે, વેયો હુંદો સિનાળવું કરે હે
" 10 સેંલવેં ઈસુ નેં કેંદૂ, "અગર માણસ નું બજ્યેર
નેં હાતેં એંવો સબંધ હે, તે લગન કરવું ઠીક નહેં "
11 ઈસુવેં હેંનનેં કેંદૂ, "બદ્દા ઈયુ વસન ગરહણ નહેં
કરેં સકતું ખાલી વેયા ઝેંનનેં ઈયુ દાન આલવામ
આયુ હે 12 કેંમકે થુંડાક ભુવાજ્યા એંવા હે, ઝી આઈ
ની કુખ મહાસ એંવા જલમ્યા; થુંડાક ભુવાજ્યા
એંવા હે ઝેંનેં મનખએં ભુવાજ્યા બણાયા; અનેં
થુંડાક ભુવાજ્યા એંવા હે, ઝેંનવેં હરગ ના રાજ્ય
હારું પુતાનેં ભુવાજ્યા બણાયા હે ઝી હેંનેં ગરહણ
કરેં સકે હે, વેયો ગરહણ કરે " 13 તર મનખ બાળક નેં
ઈસુ કનેં લાય કે ઈસુ હેંન ઈપેર હાત મેંલે અનેં દુવા
કરે, પુંણ સેંલા હેંનનેં વળગ્યા 14 ઈસુવેં કેંદૂ,"બાળક
નેં મારી કનેં આવવા ડો અનેં હેંનનેં ના નહેં કો, કેંમકે
હરગ નું રાજ્ય એંવનુંસ હે " 15 અનેં ઈસુ હેંન ઈપેર
હાત મેંલેંનેં વેંહા થી જાતો રિયો 16 એક માણસ ઈસુ
કનેં આયો અનેં ઈસુ નેં કેંદૂ,"હે ગરુ હું કઈનું ભલું
કામ કરું કે અમર જીવન મેંળવું ?" 17 ઈસુવેં હેંનેં
કેંદૂ, "તું મનેં થી ભલાઈ ના બારામ હુંકા પૂસે હે ?
ભલો તે એંકેંસ હે, પુંણ અગર તું જીવન મ ભરાવા
માંગે હે, તે આજ્ઞાવ નેં માનેં કર " 18 ઈસુવેં હેંનેં કેંદૂ,
"ઈયુ કે હત્યા નેં કરવી, સિનાળવું નેં કરવું, સુરી નેં
કરવી ,ઝૂઠી ગવાઈ નેં આલવી , 19 પુંતાના બા અનેં

પુંતાની આઈ નું માન કરવું ,અનેં પુંતાના પાડુસી થી
પુતાનેં જેંમ પરેંમ રાખવો " 20 હેંને જુવનેં ઈસુનેં
કેંદૂ, "ઈની બદ્નેં તે મેંહ માન્યું હે; હાવું મનેં મ કઈની
વાત ની કમી હે ?" 21 ઈસુવેં હેંનેં કેંદૂ, "અગર તું
સિદ્ધ થાવા માંગે હે તે જા, પુતાનો માલ વેંસેં નેં
ગરીબ નેં આલ, અનેં તનેં હરગ મ ધન મળહે ;અનેં
આવેં નેં મારી વાહેડ થાએં જા " 22 પુંણ વેયો જુવન
ઈયે વાત હામળેંનેં દુઃખી થાએંનેં જાતો રિયો, કેંમકે
વેયો ઘણો ધની હેંતો 23 તર ઈસુવેં પુંતાન સેંલનેં કેંદૂ
, "હૂં તમનેં હાસુ કુ હે કે ધનવાન નું હરગ ના રાજ્ય
મ ભરાવું કાઠું હે 24 તમ થી ફેંર કું હે કે પરમેશ્વર ના
રાજ્ય મ ધનવાન નેં ભરાવા થી ઉંટ નું હોઈ ના
નાકા મ થી નકળેં જાવું હેંલું હે " 25 ઈયુ હામળેંનેં
સેંલ વેં ઘણું વિસારેંનેં કેંદૂ, "ફેંર કેંનું તારણ થાએં
સકે હે ?" 26 ઈસુવેં હેંન મએં ભાળેંનેં કેંદૂ, "મનખ
થી તે ઈયુ નહેં થાએં સકતું, પુંણ પરમેશ્વર થી સબ
કઈ થાએં સકે હે " 27 એંનેં ઈપેર પતરસેં ઈસુનેં કેંદૂ,
"ભાળ હમું તે બદ્દુસ સુંડેંનેં તારી વાહેડ થાએં જ્યા
હે : તે હમનેં હું મળહે ?" 28 ઈસુવેં હેંનનેં કેંદૂ, "હૂં
તમ થી હાસું કું હે કે નવી રસના મ ઝર માણસ
નો બેંટો પુંતાની મહિમા ની ગદ્દી ઈપેર બેંએંહે, તે
તમું હુંદા ઝી મારી વાહેડ થાએં જ્યા હે, બાર રાજ
ગદ્દી ઈપેર બેંહેંનેં ઈસ્રાએંલ ન બાર ઘરાણા નો નિયા
કરહો 29 અનેં ઝેંને કેંનેંક ઘેર, કે ભાઈ , કે બુંનેં , કે
બા, કે આઈ, કે બાળ-બસ્સ, કે ખેતર નેં મારા નામ
હારું સુડ દેંદ હે , હેંનેં હો ગણું મળહેં , અનેં વેયો
અમર જીવન નો અધિકારી થાહે 30 પુંણ ઘણા બદા
ઝી પેલા હે , વાહલા થાહે ; અનેં વાહલા હે પાસલા
થાહે

20 1 "હરગ નું રાજ્ય કઈનાક ઘેર ના માલિક
નેં જેંમ હે, ઝી હવેંર મ નકળો કે પુંતાની
દરાખ ની વાડી મ મજૂર નેં લગાડે 2 હેંને મજુર
થી એક દીનાર રુંજ નક્કી કરયો અનેં અનેં હેંનનેં
પુંતાની દરાક ની વાડી મ મુંકલ્ય 3 ફેંર એક પોર દાડો
સડયે હેંને નકળેંનેં બીજ મનખ નેં બજાર મ બેંકાર
ઈબેંલ ભાળ્ય , 4 અનેં હેંનનેં કેંદૂ, 'તમું હુંદ દરાક
ની વાડી મ જો, અનેં ઝી કઈ ઠીક હે, હૂં તમ નેં
આલેં 'હાં નેં વે હુંદ જ્ય 5 ફેંર હેંને બીજે અનેં તીજે
પોરેં નકળેંનેં વેંવુંસ કર્યું 6 એક કલાક દાડો રિયે હેંને
ફેંર નકળેંનેં બીજ નેં ઈબેંલ ભાળ્ય, અનેં હેંને કેંદૂ,
'તમું હુંકા આં આખો દાડો બેંકાર ઈબ રિય ? હેંનવેં
હેંનેં કેંદૂ, 'એંતરે હારું કે કેંનેં યે હમનેં મજુરજ્યી
નહેં લગાડ્ય ' 7 હેંને હેંનનેં કેંદૂ, 'તમું હુંદ દરાક
ની વાડી મ જો ' 8 "હાંજ નો દરાક ની વાડી ને
માલિકેં પુંતાના ભંડારી નેં કેંદૂ, 'મજુર નેં બુલાવેંનેં
વાહલ થી લેંનેં આગલ તક હેંનનેં મજુરી આલ '
9 ઝર વેય આય ઝી કલાક દાડો રિયે લગાડ્ય હેંત, તે
હેંનનેં એક એક દીનાર મળ્યું 10 ઝી પેલ આય હેંનવેં
એંમ હમજ્ય કે હમનેં વદાર મળહે, પુંણ હેંનનેં હુંદું
એક એક દીનારેંસ મળ્યું 11 ઝર મળ્યું તે વેય ઘેર ના
માલિક ઈપેર ગંગણેંનેં કેંવા મંડ્ય , 12 એંન વાહેડ
વાળેં એકેંસ કલાક કામ કર્યું અનેં તેં હેંનનેં હમારી
બરુંબર કર દેંદ, ઝેંનવેં આખા દાડા નો ભાર તુંક્યો
અનેં તોપ વેંઠ્યો ?' 13 હેંને હેંન મના એક નેં જવાબ
આલ્યો, 'હે ભાઈ બંદ, હૂં તારી થી કઈ ગલત નહેં
કરતો હું તેંસ મારી થી એક દીનાર નેં નક્કી કરું
હેંતું ? 14 ઝી તારું હે, લેં લે અનેં જાતો રે; મારી
મરજી ઈયે હે કે ઝેંતરું તનેં આલું હેંતરુંસ એંના
પાસલા નેં હુંદો આલું 15 હું ઈયુ ઠીક નહેં કે હૂં મારી
મિલકત થી ઝી સાહુ તી કરું ? હું મારા ભલા થાવા
નેં લેંદે તું મનેં ભુંડી નજર થી ભાળે હે ? 16 ઈવીસ
રીતિ થી ઝી વાહલ હે, વેય આગલ થાહે; અનેં ઝી
આગલ હે; વેય વાહલ થાહે " 17 ઈસુ યરુશલેમ
મ જાતો જાતો બાર સેંલ નેં હુંનવેણ મ લેં જ્યો,
અનેં રસ્તા મ હેંનનેં કેંવા મંડ્યો , 18 "ભાળો ,હામું
યરુશ્લેમ જાયે હે ;અનેં મનખ નો બેટો મોટો સેવક
અનેં શાસ્ત્રિયોન હાંથે હવાડવામ આવહે ,અનેં વયા
યીશુ મોત ની લાયક ઠહરાવ હે 19 અનેં યીશુ ને
બીજી જાતિ ને હાથ મ હુપહે કે વેયા હેંને ઠઠો મ
ઉડાડે હે ,અનેં કોડા મારે ,અનેં ખરુસ ઈપેર સઢાંયો
,અનેં વયો તાણ વે દાડે જીવાડવામ આવહે '' 20 તર
જબદી ના બેટા ની માં ને ,પોતાનો બેટા ને હાતે
યીશુ કન આવેન પોગે લાગી ,અનેં યીશુ કન હુ કઈક
માગવા લાગી 21 યીશુ વે હેંને કેંદૂ , "તું હુ સાહે હે
?'' વેયે યીશુ ન કેંદૂ , "આ વાએદો કર કે મારા આ
બે બેટા તારા રાજય મ એક તારા જમણે અનેં એક
તારા ડાબે બેહે '' 22 યીશુ વે જવાબ આલય , "તુમ
નહી જાણત કે હુ માંગોહે ઝે વાટકો હૂં પીવા કરું
હે , હુ તમુ પી સકો હે ?''હેંનવે યીશુ ને કેંદૂ , "પી
સકતે હે 23 યીશુ વે હેંનન કેંદૂ , "તમુ મારો વાટકો
તે પીહો ,પૂણ પોતાના જમણી પાકતી અનેં ડાબી
પાકતી કેને બેહાડવું મારું કામ નહી ,પૂણ ઝેને હારું
તારો બા ની તરફ થકી તયાર કરવામ આયુ હે ,હેંન
હારું હે 24 આ હાંમળે દસ સેલા હેંના બે ભાયોન
ઈપેર રી સડી 25 યીશુ વે હેંનન ટેંકે બોલાવે કેંદૂ ,
"તમુ જાનો હે કે બીજી જાતીય નો અધિકારી હેંન
ઈપેર પ્રભુતા કરે હે ;અનેં ઝે મોટા હે ,વે હેંન ઈપેર
અધિકાર જમાડે હે 26 પુણ તમમ એવું ને થાએ
; પૂણ ઝે કુઈ તમમ મોટો થાવા હારું સાહે ,વેયો
તમારો સેવક બણે ; 27 અનેં ઝી તમમ મુખી થાવા
સાહે , વેયો તમારો દાસ બણે ; 28 ઝેંમ કે માણસ
નો બેંટો; વેયો એંત હારું નહેં આયો કે હીની સેવા

કરવામ આવે, પુંણ એંતરે હારું આયો કે પુતે સેવા
કરે, અનેં ધણ નેં સુડાવવા હારું પુંતાનો જીવ આલે "
29 ઝર વેયા યરીહો થી નકળેં રિયા હેંતા, તે એક મુંટી
ભીડ ઈસુનેં વાહેડ થાએ ગઈ 30 અનેં બે આંદળા ઝી
સડક ની મેંરેં બેંઠા હેંતા, ઈયુ હામળેંનેં કે ઈસુ જાએં
રિયો હે, સિસાએંનેં કેંવા મંડ્યા, "હે પ્રભુ, દાઉદ ના
બેંટા, હમ ઈપેર દયા કર " 31 મનખ હેંનેં વળગ્ય કે
સપ રે; પુંણ વેયા વદાર સિસાએંનેં કેંદૂ, "હે પ્રભુ,
દાઉદ ના બેંટા હમ ઈપેર દયા કર " 32 તર ઈસુવેં
ઈબે રેં નેં, હેંનનેં બુંલાયા અનેં કેંદૂ, "તમું હું સાહો હે
કે હૂં તમારી હારું કરું ?" 33 હેંનવેં કેંદૂ, "હે પ્રભુ, ઈયુ
કે હમારી આંખેં ખુલેં જાએ " 34 ઈસુવેં માયા કરેંનેં
હેંનની આંખ નેં અડ્યો, અનેં વેયા તરત હાળવા
મંડ્યા ; અનેં ઈસુ નેં વાહેડ થાએ જ્યા

# 21

1 ઝર વેયા યરુશલેમ નેં ટીકે પોત્યા અનેં
જેતુન ડુંગોર ઈપેર બૈતફગે નેં ટીકે આયા, તે
ઈસુવેં બે સેંલનેં એંમ કેં નેં મુકલ્યા , 2 "હામેં ના ગામ
મ જો વેંહા પોકત મસ એક ગદેડી બંદાએંલી,અનેં
હેંનેં હાતેં ખુંલકું તમનેં મળહેહેંનનેં સુંડેંનેં મારી કન
લેં આવો 3 અગર તમ થી કુઈ કઈક કે, તે કેંજો કે
પ્રભુ નેં એંનનું કામ હે, તર વેયું તરત હેંનનેં મુંકલેં દેંહે
" 4 ઈયુ એંતરે હારું થાયું કે ઝી વસન ભવિષ્યવક્તા
દુવારા કેંવામ આયુ હેંતું, વેયું પુરું થાએ : 5 "સિય્યોન
ની બીટી નેં કો, 'ભાળ, તારો રાજા તારી કનેં આયો
હે ;વેયો નમ્ર હે,અનેં ગદેડા ઈપેર બેંઠો હે પુંણ ગદેડી
ના ખુલકા ઈપેર '" 6 સેંલવેં જાએંનેં,ઝેવું ઈસુવેં
હેંનનેં કેંદૂ હેંતુ, વેંમેંસ કર્યુ 7 અનેં ગદેડી અનેં ખુલકા
નેં લાવેંને, હેંન ઈપેર પુંતાન સિસર નાંખ્ય, અનેં
ઈસુ હેંનેં ઈપેર બેંહેંજ્યો 8 તર ધણ બદ મનખવેં
પુંતાન સિસર રસ્તા મ વાથ્રય, અનેં બીજ મનખવેં
ઝાડ ની ડાળજ્યી કાપેં નેં રસ્તામ વાથરજ્યી 9 ઝી
ભીડ અગ્યેડ-અગ્યેડ જાતી અનેં વાહેડ-વાહેડ સાલેં
આવતી હિતી, સિસાએં-સિસાએંનેં કીતી હિતી,
"દાઉદ ના બેંટા નેં હોશાના, ધન્ય હે વેયો ઝી પ્રભુ
ના નામ થી આવે હે, ગગન મ હોશાના " 10 ઝર
ઈસુ યરુશલેમ મ ભરાયો, તે આખા સેર મ દોડા-
દોડી થાએ ગઈ, અનેં મનખ કેંવા મંડ્ય"આ કુંણ હે
?" 11 મનખવેં કેંદૂ, "ઈયો ગલીલ ના નાસરત નો
ભવિષ્યવક્તા હે " 12 ઈસુવેં પરમેશ્વર ના મંદિર મ
જાએંનેં હેંન બદ નેં, ઝી મંદિર મ લેંવડ-દેંવડ કરેં
રિય હેંત, કાડ દેંદ અનેં નાણા વટજ્ય ન બાજઠ
અનેં કબુતર વેંસવા વાળ ન પિજર ઉંદ વાળ દેંદ
; 13 અનેં હેંનનેં કેંદૂ, "લખ્યું હે, 'મારું ઘેર દુવા નું
ઘેર કેંવાહે ; પુંણ તમું હેંનેં ડાકુવ ની ખુંહ બણાવો
હે " 14 તર આંદળ અનેં લંગડ, મંદિર મ ઈસુ કનેં
આય, અનેં ઈસુવેં હેંનન હાજ કરય 15 પુંણ ઝર
મુખી યાજક અનેં શાસ્ત્રીયવેં એંન મુંટ કામ નેં, ઝી
ઈસુવેં કરય, અનેં સુર નેં મંદિર મ 'દાઉદ ના બેંટા
નેં હોશાના' સિસાત હેંત ભાળ્ય, તે વેયા રિહ મ
ભરાએં જ્યા , 16 અનેં ઈસુ થી કેંવા મંડ્યા, "હું તું
હામળે હે કે ઈય હું કે હે ?" ઈસુવેં હેંનનેં કેંદૂ, "હા;
હું તમેં ઈયુ કેંર યે નહેં વાસ્યું : 'બાળક અનેં દૂધ
પીત બસ્સ ના મોડા થી તે ગજબ સ્તુતિ કરાવી ?"
17 તર ઈસુ હેંનનેં સુડેંનેં સેર ને બારત બેતનિયાહ મ
જ્યો અનેં વેંહા રાત કાડી 18 હવેંર મ ઝર ઈસુ સેર
મ પાસો આવતો હેંતો તે હેંનેં ભુખ લાગી 19 સડક
નેં મેંર અંજીર નું એક ઝાડ ભાળેનેં ઈસુ હેંનેં કન
જ્યો, અનેં પાન નેં સુડેંનેં હેંનેંમ કઈસ નેં મળ્યું
તે હેંનેં કેંદૂ, "હાવું થી તારી મ કેંર યે ફળ નેં લાગે
" અનેં અંજીર નું ઝાડ તરત હુકાઈ જ્યું 20 ઈયુ
ભાળેનેં સેંલનેં નવાઈ લાગી અનેં હેંનવેં કેંદૂ, "ઈયુ
અંજીર નું ઝાડ તરત કેંકેંમ હુકાઈ જ્યું ?" 21 ઈસુવેં
હેંનનેં જવાબ આલ્યો, "હૂં તમ થી હાસુ કુ હે, અગર
તમું વિસ્વાસ રાખો અનેં શક નેં કરો, તે નેં ખાલી
ઈયુ કરહો ઝી એંના અંજીર ના ઝાડ હાતેં કરવામ
આયુ હે, પુંણ અગર એંના ડુંગરા થી કેંહો, 'ઉફડાએં
જા, અનેં દરજ્યા મ જાએ પડ', તે ઈયુ થાએં જાહે
22 અનેં ઝી કઈ તમું દુવા મ માંગહો વેયું બદ્દુ તમનેં
મળહેં " 23 ઈસુ દેંવોળ મ જાએંનેં ભાષણ આલેં
રિયો હેંતો, તે મુખી યાજક અનેં મનખ ના અગુવવેં
ઈસુ કનેં આવેંનેં પુસ્યું, "તું ઈય કામ કેંના અધિકાર
થી કરે હે ?અનેં તનેં ઈયો અધિકાર કેંનેં આલ્યો હે
?" 24 ઈસુવેં હેંનનેં જવાબ આલ્યો, "હૂં હુંદો તમ
થી એક વાત પુસું હે; અગર વેયું મનેં વતાડહો, તે
હું હુંદો તમનેં વતાડે કે ઈય કામ કઈના અધિકાર
થી કરું હે 25 યૂહન્ના નું બક્તિસ્મ કાં થકી હેંતું ?
હરગ ની તરફ થી કે મનખ ના તરફ થી ?"તર વેયા
એક બીજા હાતેં બબાલ કરવા મંડ્યા, "અગર આપું
કીજ્યે 'હરગ ની તરફ થી' તે વેયો આપ થી કેંહે,
'ફેંર તમવેં હેંનો વિસ્વાસ કેંમ નેં કરયો ? 26 અનેં
અગર કીજ્યે 'મનખ ની તરફ થી', તે આપન ભીડ
ની સમક હે, કેંમકે વેય બદ્દ યૂહન્ના નેં ભવિષ્યવક્તા
માને હે " 27 હાં નેં હેંનવેં ઈસુનેં જવાબ આલ્યો,
"હમું નહેં જાણતા" ઈસુવેં હુંદુ હેંનનેં કેંદૂ, "તે હૂં હુદો
તમનેં નહેં વટાડતો કે ઈય કામ કઈના અધિકાર થી
કરું હે 28 "તમુ હું વિસારો હે ? કઈનાક આદમી
નેં બે સુરા હેંતા ; હેંને પેલા કનેં જાએંનેં કેંદૂ, 'હે
બેંટા આજે દરાક ની વાડી મ કામ કર ' 29 હેંને
જવાબ આલ્યો, 'હું નેં જું', પુંણ વાહે પસતાએંનેં
જ્યો 30 ફેંર બાપેં બીજા કન જાએંનેં એંવુંસ કેંદૂ, હેંને
જવાબ આલ્યો, 'જી હાં જું હે', પુંણ નહેં જ્યો
31 એંન બેય મનેં કઈને બા ની મરજી પુરી કરી ?"

હેંનવેં કેંદૂ, "પેલ વાળે" ઈસુવેં હેંનનેં કેંદૂ, "હું તમ
થી હાસું કું હે કે વેરું લેંવા વાળા અનેં વેશ્યાએં તમ
થી પેલ પરમેશ્વર ના રાજ્ય મ ભરાએ હે 32 કેંમકે
યૂહન્નો ધરમ નો રસ્તો વતાડતો જાએંનેં તમારી
કનેં આયો, અનેં તમવેં હેંનો વિશ્વાસ નેં કર્યો; પુંણ
વેરું લેંવા વાળેં અનેં વેશ્યાવેં હેંનો વિસ્વાસ કર્યો
: અનેં તમું ઈયુ ભાળેંનેં વાહેડેં હુંદા નેં પસતાયા
કે હેંનો વિસ્વાસ કરેં લેંતા 33 એક બીજો દાખલો
હામળો : એક ઘેર નો માલિક હેંતો, ઝેંને દરાક ની
વાડી લગાડી, હેંનેં સારેં મેર વાડ બાંદી, હેંન મ રસ
ની કુંડી ખણી અનેં ગુમ્મટ બણાયો, અનેં ખેડૂત નેં
હેંનો ઠેંકો આલેંનેં પરદેંસ જાતો રિયો 34 ઝર ફળ નો
ટાએંમ નજીક આયો, તે હેંને પુંતાન નોકર નેં હેંનું
ફળ લેંવા હારું ખેડુત કનેં મુંકલ્યા 35 પુંણ ખેડુંતવેં
હેંનાન નોકરનેં હાએંનેં, કેંનેક નેં માર્યા અનેં કેંનેકનેં
માર દડ્યા, અનેં કેંનેંક ઈપેર પત્થર મારો કર્યો 36 ફેંર
હેંને પેલ કરત વદાર નોકરનેં મુકલ્યા, અનેં હેંનવેં હેંન
હાતેં હુંદું વેવુસ કર્યું 37 સેંલ્લે હેંને પુંતાના બેંટાનેં હેંન
કનેં એંમ વિસારેં નેં મુકલ્યો કે વેયા મારા બેંટાનું માન
કરહે 38 પુંણ ખેડુતવેં બેંટાનેં ભાળેંનેં એક બીજાનેં
કેંદૂ, 'ઈયો તે હકદાર હે, આવો, એંનેં માર દડજ્યે
અનેં હક લેં લેંજ્યે ' 39 હાં નેં હેંનવેં હેંનેં હાદો
અનેં દરાક ની વાડી માહો બારત લેં જાએંનેં માર
દડ્યો 40 એંતરે હારું ઝર દરાક ની વાડી નો માલિક
આવહે, તે હેંન ખેડુત હાતેં હું કરહે ? 41 હેંનવેં
ઈસુનેં કેંદૂ, "વેયો હેંન ભુંડ મનખ નું ભુંડી રીતી થી
નાશ કરહે; અનેં દરાક ની વાડી નો ઠેંકો બીજનેં
આલહે, ઝી ટાએંમ ઈપેર હેંનેં ફળ આલેં કરહે "
42 ઈસુવેં હેંનનેં કેંદૂ, "હું તમવેં કેંર યે પવિત્ર શાસ્ત્ર
મ ઈયુ નહેં વાસ્યુ : 'ઝેંના પાણા નેં મુંટ કારિગરવેં
નકમ્મો ગણ્યો હેંતો, વેયોસ ખુણા નો માથા નો
પાણો બણેં જ્યો ? ઈયુ પ્રભુ ની તરફ થી થાયું,
અનેં આપડી નજર મ ગજબ હે ' 43 એંતરે હારું
હું તમ થી કુ હે કે પરમેશ્વર નું રાજ્ય તમ કન થી
લેં લેંવામ આવહે અનેં ઈવી જાતી નેં ઝી હેંનું ફળ
લાવે, આલવામ આવહે 44 ઝી એંના પાણા ઈપેર
પડહે, વેયું ઝેંણું ઝટ થાએં જાહે ; અનેં ઝેંનેં ઈપેર
વેયો પડહે, હેંને વાટેં દડહે " 45 મુંખી યાજક અનેં
ફરિસી ઈસુન દાખલ નેં હામળેંનેં હમજેં જ્યા કે
વેયો હેંનના બારામ કે હે 46 અનેં હેંનવેં ઈસુનેં હાવા
સાઈહુ, પુંણ મનખ થી સમકેં જ્યા કેંમકે વેય ઈસુ
નેં ભવિષ્યવક્તા માનત હેંત

22 1 ઈસુ ફેંર હેંન થી દાખલ મ કેંવા મંડ્યો ,
2 "હરગ નું રાજ્ય હેંના રાજા નેં જેંવું હે,
ઝેંને પુંતાના બેંટાનું લગન કર્યું 3 અનેં હેંને પુંતાન
નોકર નેં મુંકલ્યા કેં તેંડુ કરેંલ મનખ નેં લગન ના
જમણવાર બુંલાવે; પુંણ હેંનવેં આવવા નેં સાઈહુ
4 ફેંર હેંને પુંતાન બીજ નોકર નેં એંમ કેં નેં મુકલ્યા,
'તેંડું કરેંલ મનખ નેં કો : ભાળો, હું જમવાનું તિયાર
કરેં સુક્યો હે, મારા ઢાહા અનેં અનેં પાળેંલ ડગર
મારવામ આય હે, અનેં બદ્દુસ તિયાર હે; લગન
ના જમ ણવાર મ આવો ' 5 પુંણ વેય ટાળો વાળેં
નેં જાત રિય: કુઈ પુંતાના ખેંતર મ, કુઈ પુંતાના
ધંધે 6 બીજ મનખ ઝી વસેંલ હેંત રાજા ન નોકર
નેં હાએંનેં હેંનનેં બે ઈજ્જત કર્યા અનેં માર દડ્યા
7 તર રાજા નેં રિહ આવી ,અનેં હેંને પુંતાની ફોજ
મુંકલેંનેં હેંન હત્યાર નું નાશ કર્યું, અનેં હેંનન સેર
નેં બાળ દેંદ 8 તર હેંને પુંતાન નોકર નેં કેંદૂ, 'લગન
નું જમવાનું તિયાર હે પુંણ તેંડેંલ મનખ લાએંક નેં
થાય 9 એંતરે હારું ચાર રસ્ત ઈપેર જો અનેં ઝેંતર
મનખ તમનેં મળે, બદ્નેં લગન ના જમણવાર મ
બુંલાવ લાવો ' 10 હાં નેં હેંન નોકરએં સડક ઈપેર
જાએંનેં હું ભુંડ હું ભલ, ઝેંતર મલ્ય, બદ્નેં ભેંગ
કર્ય; અનેં લગન વાળું ઘેર પામણ થી ભરાએં જ્યુ
11 ઝર રાજા પામણ નેં ભાળવા મએં આયો, તે હેંને
વેહા એક માણસ નેં ભાળ્યો, ઝી લગન ન સિસર
નેં પેંરેંલો હેતો 12 રાજાવેં હેંનેં કેંદૂ, 'હે ભાઈ બન; તું
લગન ન સિસર પેરયા વગર આં હુંકા આવેં જ્યો હે
?'હેંનું મોડું બંદ થાએં જ્યું 13 તર રાજાવેં નોકર થી
કેંદૂ, 'એંના હાત-પોગ બાંદેં નેં હેંનેં બારત ઈન્દારામ
દડ દો, વેહાં ગાંગરવું અનેં દાત કકડાવવું થાહે '
14 કેંમકે બુંલાવેલ તે ઘણ હે પુંણ પસંદ કરેંલ થુંડક
હે " 15 તર ફરિસીય વેં એંન એંનએં વિસાર કર્યો કે
હેંનેં કીવી રીતી વાત મ ફસાવજ્યે 16 હાં નેં હેંનવેં
પુંતાન સેંલનેં હેરોદિય નેં હાતેં ઈસુ કનેં એંમ કેંવા
મુકલ્યા, "હે ગરુ, હમું જાણન્યે હે કે તું હાસો હે,
અનેં પરમેશ્વર નો રસ્તો હાસ થાકી હિકાડે હે, અનેં
કીની એ પરવાહ નહેં કરતો, કેંમકે તું મનખ ન મોડ
ભાળેં નેં વાતેં નહેં કરતો 17 એંતરે હારું તું હમનેં
વતાડ તું હું વિસારે હે ? કૈસર નેં વેરું ભરવું ઠીક
હે કે નહેં " 18 ઈશુવેં હેંનની હરમાઈ ભાળેંનેં કેંદૂ,
"હે કપટ વાળો, મનેં હુંકા પારખો હે ? 19 વેરા
નો સિક્કો મનેં વતાડો " તર વેયા ઈસુ કનેં એક
દીનાર લેં આયા 20 ઈસુવેં હેંનનેં પુસ્યું ઈયે સાપ
અનેં નામ કેંનું હે ?" 21 હેંનવેં ઈસુનેં કેંદૂ, "કૈસર
નો " તર ઈસુવેં હેંનનેં કેંદૂ, "ઝી કૈસર નું હે, વેયું
કૈસર ને; અનેં ઝી પરમેશ્વર નું હે, વેયું પરમેશ્વર
નેં આલો " 22 ઈયુ હામળેંનેં હિયા ભકનાએં જ્યા,
અનેં ઈસુનેં સુડેંનેં જાતા રિયા 23 હેંનેસ દાડે સદૂકી
ઝી કે હે મરેંલ નું પાસું જીવતું થાવું હેસ નહેં, ઈસુ
કનેં આયા અનેં ઈસુ નેં પુસ્યું , 24 "હે ગરુ, મૂસાવેં
કેંદૂ હેંતું કે અગર કુઈ માણસ વગર પરિવારેં મરેં

જાએ, તે હેંનો ભાઈ હીની બજ્યેર હાતેં લગન કરેંનેં
પુંતાના ભાઈ હારું સુંર પૈદા કરે 25 આવું હમારતએં
હાત ભાઈ હેંતા; પેલો લગન કરેંનેં મરેં જ્યો, અનેં
સુર નેં હોવા ને લેદે પુંતાની બજ્યેર પુંતાના ભાઈ
હારું સુંડેં જ્યો 26 ઈવીસ રીતી બીજે અનેં તીજે
હુંદું કર્યું , અનેં હાત તક ઈયુસ થાયું 27 એંનેં વાહે
વેયે બજ્યેર હુદી મરેં ગઈ 28 હાં નેં જીવેં ઉઠવા
બાદ વેયે કીની બજ્યેર થાહે ?કેંમકે વેયે બદ્ની
બજ્યેર થાઈ સુકી હિતી " 29 ઈસુવેં હેંનનેં જવાબ
આલ્યો,"તમુ પવિત્ર શાસ્ત્ર અનેં પરમેશ્વર ની સમ્રત
નેં નહેં જાણતા ; એંને લેંદે ભૂલ મ પડેંલા હે 30 કેંમકે
જીવી ઉઠવા પસી વેય નેં લગન કરહે અનેં નેં લગન
મ આલવામ આવહે પુંણ હરગ મ પરમેશ્વર ન
દૂત નેં જેંમ વેહે 31 પુંણ મરેંલ મહું જીવી ઉઠવાના
બારામ હું તમવેં ઈયુ વસન નહેં વાસ્યું ઝી પરમેશ્વરેં
તમ થી કેંદૂ : 32 "હું ઈબ્રાહીમ નો પરમેશ્વર, અનેં
ઈસાગ નો પરમેશ્વર, અનેં યાકૂબ નો પરમેશ્વર હે
? વેયો મરેંલ નો નહેં, પુંણ જીવત નો પરમેશ્વર
હે " 33 ઈયુ હામળેંનેં મનખ ઈસુના ભાષણ થી
વિસાર કરત થાએં જ્ય 34 ઝર ફરિસીયવેં હામળ્યું
કેં ઈસુવેં સદૂકીય નું મોડું બંદ દેંદૂં, તે વેયા ભેંગા
થાયા 35 હેંન મના એક વેવસ્થાપકેં ઈસુનેં પારખવા
હારું પુસ્યું , 36 "હે ગરુ વેવસ્થા મ કઈની આજ્ઞા
મુંટી હે ?" 37 ઈસુવેં હેંનેં કેંદૂ, "તૂ પરમેશ્વર તારા
પ્રભુ થી આખા મન અનેં તારા આખા જીવ અનેં
તારી આખી બુદ્ધિ નેં હાતેં પરેંમ રાખ 38 મુંટી અનેં
ખાસ આજ્ઞા તે ઈયેસ હે 39 અનેં હેંનેંસ જીવી ઈયે
બીજી હુદી હે કે તું તારા પાડુંસી થી પુતાનેં જેંમ
પરેંમ રાખ 40 ઈયેસ બે આજ્ઞા આખી વેવસ્થા અનેં
ભવિષ્યવક્તા નો આધાર હે " 41 ઝર ફરિસી ભેંગા
હેંતા, તે ઈસુવેં હેંનનેં પુસ્યું , 42 "મસીહ ના બારામ
તમું હું વિસારો હે ?" હેંનવેં ઈસુનેં કેંદૂ, "દાઊદ નો "
43 ઈસુવેં હેંનનેં પુસ્યું, "તે દાઊદ આત્મા મ આવેંનેં
હેંનેં પ્રભુ હુંકા કે હે ? 44 'પ્રભુવેં, મારા પ્રભુ થી કેંદૂ,
મારે જમણે બેહ,ઝર તક કે હું તાર વેરજ્ય નેં તાર
પોગ નેં નીસ નેં કર દુ 45 ભલું, ઝર દાઊદ હેંનેં પ્રભુ
કે હે, તે વેયો હેંનો બેંટો કેંકેંમ થાયો ?" 46 એંના
જવાબ મ કુઈ બી એક વાત નેં કેં સક્યો હેંના દાડા
થી ફેંર ઈસુ થી કઈસ પુસવા ની હિમ્મત નેં થાઈ

23 1 તર ઈસુવેં ભીડ થી અનેં પુંતાન સેંલ થી
કેંદૂ , 2 "શાસ્ત્રી અનેં ફરિસી મૂસા ની ગદ્દી
ઈપેર બેંઠા હે ; 3 એંતરે હારું વેયા તમ થી ઝી કઈ
કે વેયું કરજો અનેં માનજો, પુંણ હેંન જેંવ કામ
નેં કરત વેહ; કેંમકે વેયા કે તે હે પુંણ કરતા નહેં
4 વેયા એક એંવા મુંટા વજન નેં ઝેંનેં તુકવું કાઠું
હે, બાંદેંનેં હેંનેં મનખ ન ખબ ઈપેર મેંલે હે; પુંણ
પુંતે હેંનેં પુંતાની આંગળી થકી હુંદુ હરકાવા નહેં
માંગતા 5 વેયા પુંતાન બદ્ કામ મનખ નેં વતાડવા
હારું કરે હે : વેયા પુંતાન માંદળજ્ય પોસત કરે હે
અનેં પુંતાન સિસર ની કુંરેં વદારે હે 6 જમણવાર
મ ખાસ ખાસ જગ્યા, અનેં સભા મ ખાસ ખાસ
બેંહવાનું , 7 બજાર મ નમસ્તે, અનેં મનખ મ પ્રભુ
કેંવાવું હેંનનેં ભાવે હે 8 પુંણ તમું પ્રભુ નેં કેંવાત વેહ,
કેંમકે તમારો એકેંસ ગરુ હે, અનેં તમું બદ્દા ભાઈ
હે 9 ધરતી ઈપેર કેંનેં યે આપડો બા નેં કેંત વેહ કેંમકે
તમારો એકેંસ બા હે , ઝી હરગ મ હે 10 અનેં માલિક
હુંદા નેં કેંવાતા વેહ, કેંમકે તમારો એકેંસ માલિક
હે ,નેં મસીહ 11 ઝી તમ મ મુંટુ વેહ, વેયું તમારું
સેંવક બણેં 12 ઝી કુઈ પુતાનેં મુંટું બાણાવહે, વેયું
નાનું કરવામ આવહે : અનેં ઝી કુઈ પુતાનેં નાનું
બાણાવહે વેયું મુંટું કરવામ આવહે 13 હે કપટ વાળ
શાસ્ત્રીયોં અનેં ફરીસિયોં, તમ ઈપેર હાય ! તમું
મનખ હારું હરગ ના બાએંણા નેં બંદ કરો હે, નહેં
તે પુંતેસ હેંન મ જાતા અનેં નહેં હેંન મ જાવા વાળ
નેં જાવા દેંતા 14 [હે કપટ વાળા શાસ્ત્રીયોં અનેં
ફરિસીયોં તમ ઈપેર હાય ! તમું રાંડીલજ્ય ન ઘેર
નેં ખાએં જો હે, અનેં વતાડવા હારું ઘણી વાર
તક દુવા કરો હે : એંતરે હારું તમનેં વદાર સજા
મળહે ] 15 હે કપટ વાળા શાસ્ત્રીયોં અનેં ફરિસીયોં
તમ ઈપેર હાય ! તમું એક જણા નેં પુતાના મત મ
લાવવા હારું આખા પાણેં અનેં ધરતી મ ફરો હે,
અનેં ઝર વેયું મત મ આવેં જાએ હે તે હેંનેં પુંતાનેં
કરત બે ગણું નરકીય બાણાવ દો હે 16 "હે આંદળ
અગુવું , તમ ઈપેર હાય ! ઝી કો હે કે અગર કુઈ
મંદિર ના હમ ખાએ તે કઈસ નહેં, પુંણ અગર કુઈ
મંદિર ના હુંના ના હમ ખાએ તે હેંનેં થકી બંદાએં
જાહે 17 હે મુરખોં આંદળા, કુંણ મુટું હે; હુંનું કે મંદિર
ઝેંનેં થી હુંનું પવિત્ર થાએં હે ? 18 ફેંર કો હે કે અગર
કુઈ વેદી ના હમ ખાએ તે કઈસ નહેં, પુંણ ઝી
અર્પણ હેંનેં ઈપેર હે, અગર કુઈ હેંના હમ ખાએ
તે બંદાએ જાએ હે 19 હ "હે આંદળો, કુંણ મુંટુ હે;
અર્પણ કે વેદી ઝેંનેં થી અર્પણ પવિત્ર થાએ હે ?
20 એંતરે હારું ઝી વેદી ના હમ ખએ હે, વેયુ હીની
અનેં હેંનેં ઈપેર હે બેય ના હમ ખાએ હે 21 ઝી
મંદિર ના હમ ખાએ હે, વેયું હીની અનેં હેંનેં મ રેંવા
વાળા ની બેય ના હમ ખાએ હે 22 ઝી હરગ ના
હમ ખાએ હે, વેયું પરમેશ્વર ની ગદ્દી ની અનેં હેંનેં
ઈપેર બેંહવા વાળા ના હમ ખાએ હે 23 "હે કપટ
વાળો શાસ્ત્રીયોં અનેં ફરિસીયોં, તમ ઈપેર હાય !
તમું દમડા અનેં વરયાળી અનેં જીરા નો દસવો ભાગ
તે આલો હે , પુંણ તમવેં નિયમ ની ઉંડી વાત નેં
એંતરે નિયા, અનેં દયા, અનેં વિસ્વાસ નેં સુંડ દેંદ

; જુગતું હેંતું કે એંનેં હુંદા નેં કરતા રેંતા અનેં હેંનેં
હુંદા નેં સુંડતા 24 હે આંદળા અગુંવુ તમું નુસત્યા
(મસરા)નેં તે ગાળ દડો હે પુંણ ઉંટ નેં ગલેં જો
હે 25 “હે કપટ વાળો શાસ્ત્રીયોં અનેં ફરિસીયોં, તમ
ઈપેર હાય ! તમુ વાટકા અનેં થાળજ્ય નેં ઈપેર ઈપેર
થી માંજો હે પુંણ વેય મએં ઈન્દારા અનેં અસંયમ
થી ભરેંલ હે 26 હે આંદળા ફરિસી, પેલ વાટકા
અનેં થાળી નેં મએં થકી માજ કે વેય બારત થી
હુંદ સાફ થાએં જાએ 27 “હે કપટ વાળો શાસ્ત્રીયોં
અનેં ફરિસીયોં, તમ ઈપેર હાય ! તમું સુનો સુંપડેંલી
કબર નેં જેંમ હે ઝી ઈપેર થી તે રૂપાળી ભાળવા
જડે હે, પુંણ મએ મરેંલ ન હટક અનેં બદ્દી પરકાર
ની ગંદગી થી ભરેંલી હે 28 ઈવીસ રિતી થી તમું
હુંદા ઈપેર થી મનખ નેં ધર્મી ભાળવા જડો હે,
પુંણ મએં થી કપટ અનેં સંસારિકતા થી ભરેંલા હે
29 “હે કપટ વાળો શાસ્ત્રીયોં અનેં ફરિસીયોં, તમ
ઈપેર હાય ! તમું ભવિષ્યવક્તા ની કબરેં હણગારો
અનેં ધર્મિય ની કબરેં બણાવો હે , 30 અનેં કો હે,
‘અગર હમું બાપ દાદ ન દાડ મ રેંતા તે ભવિષ્યવક્તા
ની હત્યા મ હેંનના ભાગીદાર નેં થાતા ’ 31 એંનેં
થી તે તમું પુતાનેં ઈપેર પુતેસ ગવાઈ આલો હે કે
તમું ભવિષ્યવક્તાવ ન હત્યાર ના બેંટા હેં 32 હાં નેં
તમું તમારા બાપ દાદ ના પાપ ના ઘડા પૂરી રીતી
થી ભર દો 33 હે હાપોં, હે કરૈત નોં બસ્સોં, તમું
નરક ની સજા થી કેંકેંમ વસહો ? 34 એંતરે હારું
ભાળો, હૂં તમારી કનેં ભવિષ્યવક્તા અનેં બુદ્ધિમાન
અનેં શાસ્ત્રીય નેં મુકલું હે; અનેં તમું હેંન કેંનેંક નેં
માર દડહો અનેં ક્રૂસ ઈપેર સડાવહો, અનેં કેંનેંક
નેં પુંતાન આરાધના ભવન મ કોડા મારહો અનેં
એક સેર થી બીજે સેર ખદેંડતા ફરહો 35 ઝેંનેં થી
ધર્મી હાબીલ થી લેંનેં બિરીક્યાહ ના બેંટા જકરયાહ
તક, ઝેંનેં તમેં મંદિર અનેં વેદી નેં વસમ માર દડ્યો
હેંતો, ઝેંતર ધર્મિય નું લુઈ ધરતી ઈપેર વહાડવા મ
આયુ હે વેયું બદ્દુ તમારા માથા ઈપેર પડહે 36 હૂં
તમ થી હાસુ કું હે, ઈયે બદ્દી વાતેં એંના ટાએંમ
ન મનખ ઈપેર આવેં પડહે 37 “હે યરુશલેમ, હે
યરુશલેમ ! તું ભવિષ્યવક્તાવ નેં માર દડે, અનેં ઝી
તારી કનેં મુંકલવામ આયા, હેંન ઈપેર પત્થર મારો
કરે હે કીતરી વાર મેંહ સાહ્યું કે ઝેંમ કુકડી પુંતાન
સેંલ નેં પુંતાની પાંખ નીસ ભેંગ કરે હે, વેંમેંસ હું
હુંદો તાર બાળક નેં ભેંગ કર લું, પુંણ તમવેં નેં સાહ્યું
38 ભાળો, તમારું ઘેર તમારી હારું ઉજોડ સુંડેં જું
હે 39 કેંમકે હૂં તમ થી કું હે હાવું થી ઝર તક તમું નેં
કેંહો, ‘ધન્ય હે વેયો, ઝી પ્રભુ ના નામ થકી આવે
હે’ તર તક તમું મનેં ફેંર કેંર યે નેં ભાળહો ”

24 1 ઝર ઈસુ દેંવોળ મહો નકળેંનેં જાએં રિયો,
તે ઈસુ ના સેંલા ઈસુ નેં દેંવોળ ની બણાવટ
વતાડવા હારું ઈસુ કનેં આયા 2 ઈસુવેં હેંનનેં
કેંદૂ,“તમું ઈયુ બદ્દુ ભાળો રિય હે નેં,હૂં તમનેં હાસુ
કું હે, આં પાણા ઈપેર પાણો હુંદો નેં રે ” 3 ઝર ઈસુ
જેંતુન ડુંગરા ઈપેર બેંઠો હેંતો, તે સેંલવેં એંખલા મ
હેંનેં કન આવેંનેં કેંદૂ, “હમનેં વતાડ કે ઈયે વાતેં કેંર
થાહે ? તારી આવવાની અનેં દુનિય ના અંત ની
હું નિશાની વેંહે ?” 4 ઈસુવેં હેંનનેં જવાબ આલ્યો,
“જાળવેંન રો કુઈ તમનેં નેં ભરમાવે સકે , 5 કેંમકે
ઘણ બદ્ એંવ વેંહે ઝી મારા નામ થી આવેંનેં કેંહે,
‘હૂં મસીહ હે’, અનેં ઘણ નેં ભરમાવહે 6 તમું ઝગડા
અનેં ઝગડ ની સરસા હામળહો, તે ઘબરાએ નેં
જાતા વેહ કેંમકે એંનું થાવું જરૂરી હે, હેંન દાડ મ
અંત નેં વેહ 7 કેંમકે જાતિ ઈપેર જાતિ, અનેં રાજ્ય
ઈપેર રાજ્ય સઢાઈ કરહે, અનેં જગ્યા જગ્યા મ
કાળ પડહે, અનેં ભુકંપ થાહે 8 ઈયે બદ્દી વાતેં પીડા
ની સરુવાત થાહે 9 તર વેય વિતાડવા હારું તમનેં
હવાડહે, અનેં તમનેં માર દડહે, અનેં મારા નામ ને
લેંદે બદ્દી જાતિ ન મનખ તમ થકી વેર રાખહે 10 તર
ઘણ બદ્ ઠુકર ખાહે, અનેં એક બીજાનેં હવાડહે,
અનેં એક બીજા હાતેં વેર રાખહે 11 ઘણા બદા ઝુઠા
ભવિષ્યવક્તા ઈબા થાહે, અનેં ઘણનેં ભરમાવ હે
12 સંસારિકતા વદવા થી ઘણનો પ્રેમ ટાડો પડેં જાહે
, 13 પુંણ ઝી સેંલ્લે તક ધીરજ ધરેં રેંહે, હેંનુંસ તારણ
થાહે 14 અનેં રાજ્ય નો તાજો હમિસાર આખી
દુનિય મ પરસાર કરવામ આવહે, કે બદ્દી જાતિ ઈપેર
ગવાઈ થાએ, તર અંત આવેં જાહે 15 “એંતરે હારું
ઝર તમું હીની ઉજોડ કરવા વાળી ખરાબ વસ્તુ
ઝીની સરસા દાનિય્યેલ ભવિશ્યવતા નેં દુવારા થાઈ
હિતી, પવિત્ર જગ્યા મ ઈબી થાઈ ભાળો (ઝી વાસે,
વેયું હમજે ), 16 તર ઝી યહૂદિયા મ વેહ વેય ડુંગોર
મ નાહેં જાએ 17 ઝી ઢાબા ઈપેર વેહ, વેયું પુંતાના
ઘેર મ થી સામન લેંવા હારું નેં ઉતરે ; 18 અનેં
ઝી ખેંતર મ વેહ, વેય પુંતાન સિસર લેંવા હારું નેં
વાહેં નેં વળે 19 હેંન દાડ મ ઝી બે જીવી અનેં દુદ
પાતી વેંહે, હિન્યી હારું હાય, હાય 20 દુવા કરેં કરો
કે તમનેં હિયાળા મ કે અરાદના નેં દાડે નાહવું નેં
પડે 21 કેંમકે હેંન દાડ મ એંવું ભારી દુઃખ વેંહે,ઝેંવું
દુનિય ની સરુવાત થી નેં હજુ તક થાયું અનેં નેં
કેંર થાહે 22 અગર વેયા દાડા ઉંસા(કમ) કરવામ નેં
આવતા તે કુઈ જીવ નેં વસતો, પુંણ પસંદ કરેંલ ને
લેંદે વેયા દાડા ઉંસા કરવામ આવહે 23 હેંન દાડ મ
અગર તમનેં કુઈ કે, ‘ભાળો, મસીહ આં હે !’ કે
‘પેંલ તાં હે !’ તે વિસ્વાસ નેં કરતા વેહ 24 કેંમકે
ઝૂઠા મસીહ અનેં ઝૂઠા ભવિષ્યવક્તા ઈબા થાહે,

અનેં મુંટા સમત્કાર, અનેં ગજબ કામ વતાડહે કે
અગર થાએં સકે તે પસંદ કરેંલ નેં હુંદ ભરમાવ દે
25 ભાળો, મેંહ પેલ થકીસ તમ થી ઈયુ બદ્દ્દુ કેં
દેંદું હે 26 એંતરે હારું અગર વેય તમ થી કે, 'ભાળો
વયો જંગલ મ હે', બારત નેં નકળેં જાત વેહ ; કે
'ભાળો, વેયો ઉઈડજ્ય મ હે', તે વિશ્વાસ નેં કરત
વેહ 27 કેંમકે ઝેંમ વિજળાઈ ઉગમણી થી નકળેંનેં
બુડમણી તક ભભળે હે, વેમેંસ માણસ ના બેંટાનું
હુંદું આવવાનું થાહે 28 ઝાં ઢાઢોર વેહ, વેહાંસ ગરદ
ભેંગા થાહે 29 "હેંન દાડ ના દુઃખ નેં તરત વાહે
સૂર્યો ઈંદારું થાએં જાહે, અનેં સાન નું ઈજવાળું
જાતું રેંહે, અનેં તારા ગગન થી ગરેં પડહે અનેં ગગન
ની તાકતેં હલાવામ આવહે 30 તર માણસ ના બેંટા
ની નિશાની ગગન મ ભળાહે, અનેં તર ધરતી ના
બદ્ ઘરાણા ન મનખ સાતી કૂટહે; અનેં માણસ ના
બેંટા નેં મુંટી સામ્રત અનેં મહિમા નેં હાતેં ગગન ન
વાદળ ઈપેંર આવત ભાળહે 31 વેયો હણાઈ ની મુંટી
અવાજ હાતેં પુંતાન દૂત નેં મુકલહે, અનેં વેયા ગગન
ના એંના સેંડા થી પેંલા સેંડા તક , ચારેં બાજું થી
હેંના પસંદ કરેંલ નેં ભેંગ કરહે 32 "અંજીર ના ઝાડ
થી ઈયો દાખલો હીકો :ઝર હીની ડાળજ્યી કુંણાએં
જાએ હે અનેં પાન નકળવા લાગે હે, તે તમું હમજેં
જો હે કે ઉનાળો નજીક હે 33 ઈવીસ રીતિ થી ઝર
તમું ઈની બદ્દી વાત નેં ભાળો, તે જાણ લો કે વેયો
નજીક હે, પુંણ બાએંણેંસ હે 34 હૂં તમને હાસું કુ
હે કે ઝર તક ઈયે વાતેં પૂરી નેં થાએ જાએ, તર તક
ઈની પીઢી નો અંત નેં થાહે 35 ગગન અનેં ધરતી
ટળેં જાહે, પુંણ મારી વાતેં કેંર યે નેં ટળહે 36 "હેંના
દાડા અનેં હીની વખત ના બારામ કુઈ નહેં જાણતું,
નેં હરગ ના દૂત અનેં નહેં બેંટો, પુંણ ખાલી બા
37 ઝેંવા નુહા ના દાદા ,વેમેંસ માણસ ના બેંટાનું
આવવાનું હુંદું થાહે 38 કેંમકે ઝેંમ જલાપાલા ન દાડ
થી પેલ વાળ દાડ મ, ઝેંના દાડા તક નુહો જહાજ
મ નેં સડ્યો, હેંના દાડા તક મનખ ખાત-પીત
હેંત, અનેં હેંનમ લગન થાત હેંત 39 અનેં ઝર તક
જલાપાલું આવેં નેં હેંન બદ્ નેં ઉવાએ નેં લેંજ્યું, તર
તક હેંનનેં કઈસ હુદી નેં ખબર પડી ;વેમેંસ માણસ
ના બેંટાનેં હુંદું આવવાનું હુંદું થાહે 40 હેંના ટાએંમેં
બે જણ ખેંતર મ વેંહે, એક લેં લેંવાહે અનેં બીજું
સુંડ દેંવાહે 41 બે બજ્યેરેં ઘટી સલાડતી રેંહે, એક લેં
લેંવાહે બીજી સુંડ દેંવાહે 42 એંતરે હારું જાગત રો,
કેંમકે નહેં જાણત કે તમારો પ્રભુ કેંર આવહે 43 પુંણ
ઈયુ જાણ લો કે અગર ઘેર નો માલિક જાણતો હેંતો કે
સુંર કઈનેં પોરે આવહે તે જાગતો રેંતો, અનેં પુંતાના
ઘેર મ બાખૂં પડવા નેં દેંતો 44 એંતરે હારું તમું
હુંદ તિયાર રો, કેંમકે ઝીની વખત ના બારામ તમું
વિસારત હુંદ નેં વેહ, હિનીસ વખત મ માણસ નો
બેંટો આવેં જાહે 45 "હા નેં વેયો વિસ્વાસ લાએંક
અનેં બુદ્દિ વાળો દાસ કુંણ હે, ઝેંનેં માલિકેં પુંતાન
નોકર-સાકર ઈપેંર અગુવો બણાયો કે ટાએંમ ઈપેંર
હેંનનેં ખાવાનું આલેં ? 46 ધન્ય હે વેયો દાસ, ઝેંનેં
હેંનો માલિક એંમેંસ કરત ભાળે 47 હું તમનેં હાસું
કું હે, વેયો હેંનેં પુંતાની બદ્દી સંપતિ ઈપેંર અધિકારી
બણાવહે 48 પુંણ અગર વેયો દુષ્ટ દાસ વિસારવા
લાગે કે મારા માલિક નેં આવવાની વાર હે , 49 અનેં
પુંતાન હાત વાળ દાસ નેં મારવા મંડે, અનેં પીદ્દડ
નેં હાતેં ખાએ પીયે 50 હેંના દાસ નો માલિક એંવે
દાડે આવહે, ઝર વેયો હીની વાટ નેં જુંવતો વેહ,
અનેં ઈવી વખત ઝેંનેં વેયો નેં જાણતો વેહ , 51 તર
વેયો હેંનેં ભારી તાડના આલહે અનેં હેંનો ભાગ
કપટ વાળ નેં હાતેં રાખહે : વેહાં ગાંગરવું અનેં દાત
કકડાવવું થાહે

25 1 "હરગ નું રાજ હીની દસ કુંવારજ્યી નેં
જેંમ વેંહે ઝી પુંતાની મશાલેં લેંનેં ઓર
નેં મળવા હારું નકળ જ્યી 2 હેંનમ પાંસ મુરખ
અનેં પાંસ હમજ દાર હિતી 3 મુરખએં પુંતાની
મશાલેં તે લીદી, પુંણ પુતાનેં હાતેં તેંલ નહેં લેંદું ;
4 પુંણ હમજદાર વેં પુંતાની મશાલ નેં હાતેં પુંતાની
હિહીજ્યી મ તેંલ હુંદું ભર લેંદૂ 5 ઝર ઓર નેં
આવવા મ વાર થાઈ, તે વેયે બદ્દી ઉંગાવા લાગજ્યી
અનેં હુઈ ગજ્યી 6 "અરદી રાતેં બકુર થાયું : 'ભાળો,
ઓર આવેં રિયો હે ! હેંનેં મળવા હારું સાલો ' 7 તર
વેયે બદ્દી કુંવારજ્યી ઉઠેંનેં પુંતાની મશાલેં હદારવા
લાગજ્યી 8 અનેં મુરખએં હમજ દારજયી થી કેંદૂ,
'તમારા તેંલ મહું થુંડુંક હમનેં હુંદું આલો, કેંમકે
હમારી મશાલેં ઉલાવા કરે હે ' 9 પુંણ હમજદારએ
જવાબ આલ્યો , 'કદાસ ઈયુ હમારી અનેં તમારી
હારું પુરું નેં થાએ; તાજું તે ઈયુ હે કે તમું વેંસવા
વાળ કનેં જાએંનેં તમારી હારું વેંસાતું લેં લો '
10 ઝર વેયે વેંસાતું લેંવા હારું જાએં રીજ્યી હિતી
તે ઓર આવેં પોત્યો, અનેં ઝી તિયાર હિતી, વેયે
ઓર નેં હાતેં લગન ના ઘેર મ જાતી રીજ્યી અનેં
બાએંણું બંદ કરવામ આયુ 11 એંનેં વાહેડ વેયે બીજી
કુંવારજ્યી હુદી આવેંનેં કેંવા મંડજ્યી, 'હે માલિક,
હે માલિક, હમારી હારું બાએંણું ખોલ દે !' 12 હેંને
જવાબ આલ્યો હો તમનેં હાસું કું હે, હું તમનેં નહેં
જાણતો ' 13 એંતરે હારું જાગત રો, કેંમકે તમું નેં હેંના
દાડા નેં જાણો હે, નેં હીની વખત નેં 14 "કેંમકે ઈયે
હેંના માણસ નેં જીવી દસ્યા હે ઝેંને પરદેસ જાવાનેં
ટાએંમેં પુંતાન નોકર નેં બુલાવેંનેં પુંતાની સંપતિ
હેંનનેં હુંપેં દીદી 15 હેંને એક ને પાંસ તાલંત, બીજાનેં
બે તાલંત, અનેં તીજા નેં એક ; એંતરે હરેક નેં હેંનની

સામ્રત નેં પરમણેં આલ્યું, અનેં તર પરદેસ જાતોરિયો
16 તર, ઝેંનેં પાંસ તાલંત મળય હેંત, હેંને તરત
જાએંનેં હેંન થી લેંવડ-દેંવડ કર્યુ, અનેં પાંસ તાલંત
બીજા કમાયા 17 ઈવીસ રિતી ઝેંનેં બે મળ્યા હેતા,
હેંને હુંદા બે બીજા કમાયા 18 પુંણ ઝેંનેં એક મળ્યો
હેંતો, હેંને જાએંનેં ગાર ખણી, અનેં પુંતાના માલિક
ના રૂપજ્યા હાતેં દેંદા 19 “ઘણ દાડ પસી હેંન નોકર
નો માલિક આવેંનેં હેંન થી લેંખ લેંવા મંડ્યો 20 ઝેંનેં
પાંસ તાલંત મળ્યા હેતા, હેંને પાંસ તાલંત બીજા
લાવેંનેં કેંદૂ, ‘હે માલિક તેં મનેં પાંસ તાલંત હુઈપા
હેતા, ભાળ, મેંહ પાંસ તાલંત બીજા કમાયા હે ’
21 હેંનાનેં માલિકેં હેંનેં થી કેંદૂ, ‘ધન્ય, હે અસલ અનેં
વિશ્વાસુ દાસ, તું થુંડાક મ વિશ્વાસુ રયો; હૂં તનેં
ઘણી વસ્તુ નો અધિકારી બણાવેં તારા માલિક ના
આનંદ મ ભાગીદાર થા ’ 22 “અનેં ઝેંનેં બે તાલંત
મળ્યા હેતા, હેંને હુંદુ આવેંનેં કેંદૂ, ‘હે માલિક તેં
મનેં બે તાલંત હુઈપા હેતા, ભાળ, મેંહ બે તાલંત
બીજા કમાયા 23 હેંનાને માલિકેં હેંનેં કેંદૂ, ‘ધન્ય, હે
અસલ અનેં વિશ્વાસુ દાસ, તું થુંડાક મ વિસ્વાસુ
રયો ; હૂં તનેં ઘણી બદ્દી વસ્તુવ નો અધિકારી બણાવેં
તારા માલિક ના આનંદ મ ભાગીદાર થા ’ 24 “તર
ઝેંનેં એક તાલંત મળ્યો હેંતો, હેંને આવેંનેં કેંદૂ, ‘હે
માલિક, હૂં તનેં જાણતો હેંતો કે તું કઠોર માણસ હે
: તું ઝાં ખેંતો નહેં વાવતો વેંહાં વાડે હે, અનેં ઝાં
નહેં વખેંરતો વેંહાં થી ભેંગું કરે હે 25 એંતરે હારું
હૂં સમકેં જ્યો અનેં જાએંનેં તારો તાલંત ગાર મ
હાતેં દેંદોભાળ,ઝી તારો,હે વેયો આ હે’ 26 હેંનાને
માલિકેં હેંનેં જવાબ આલ્યો, ‘હે દુષ્ટ અનેં હુવાળા
દાસ, ઝર તું ઈયુ જાણતો હેંતો કે ઝાં મેંહ નહેં વાઈવું
વેંહાં થી વાડું હે, અનેં ઝાં મેંહ નહેં વખેંર્યુ વેંહાં
થી ભેગું કરું હે ; 27 તે તનેં જુગતું હેંતું કે મારા
રુપજ્યા લેંવડ-દેંવડ કરવા વાળ નેં આલ દેંતો, તર
હૂં આવેંનેં મારું ધન વિયાજ હાતેં લેં લેંતો 28 એંતરે
હારું વેયો તાલંત હેંનેં કન હો લેં લો, અનેં ઝેંનેં
કન દસ તુંડા હે, હેંનેં આલ દો 29 કેંમકે ઝેંનેં કેંનેં
કન હે, હેંનેં વદાર આલવામ આવહે ; અનેં હેંનેં
કન ઘણું થાએં જાહે : પુંણ ઝેંનેં કન નહેં , હેંનેં થી
વેયું હુંદું ઝી હેંનેં કન હે, લેં લેંવામ આવહે 30 અનેં
એંના નકમ્મા દાસ નેં બારત ઈન્દારા મ દડ દો, ઝાં
ગાંગરવું અનેં દાત કકડાવવું થાહે ’ 31 “ઝર માણસ
નો બેંટો પુંતાની મહિમા મ આવહે અનેં બદ્દા હરગ
દૂત હેંનેં હાતેં આવહે, તે વેયો પુંતાની મહિમા ની
ગદ્દી ઈપેર બેંએંહે 32 અનેં બદ્દી જાતી હેંનેં હામેં
ભીગી કરવામ આવહે; અનેં ઝેંમ ગુંવાળ ઘેંઠ નેં
બુકડજ્યી થી અલગ કર દે હે, વેંમેંસ વેયો હેંનનેં
એક બીજા થી એક બીજાનેં અલગ કરહે 33 વેયો ઘેંઠ
નેં પુંતાની જમણી બાજુ અનેં બુકડજ્યી નેં ડાબી
બાજુ ઈબ કરહે 34 તર રાજા પુંતાની જમણી બાજુ
વાળ થી કેંહે, ‘હે મારા બા ન ધન્ય મનખોં, આવો,
હેંના રાજ્ય ન અધિકારી થાએં જો, ઝી દુનિય નેં
પેલ થી તમારી હારું તિયાર કરવામ આયુ હે 35 કેંમકે
હૂં ભુખો હેંતો, અનેં તમેં મનેં ખાવા હારું આલ્યું
; હૂં તરહ્યો હેંતો, અનેં તમેં મનેં પાણેં પાદૂ ; હૂં
પરદેંસી હેંતો , અનેં તમેં મનેં તમારા ઘેર મ રુક્યો
; 36 હૂં લાંગો હેંતો, અનેં તમેં મનેં સિસર પેરાય,
હૂં બેંમાર હેંતો, તમું મારી હમાળ કરી, હૂં જેલ
ખાના મ હેંતો, અનેં તમું મનેં મળવા આય ’ 37 “તર
ધર્મી હેંનેં જવાબ આલહે, ‘હે પ્રભુ, હમવેં કેંર તનેં
ભૂખો ભાળ્યો અનેં ખવાડ્યું ? કે તર્હ્યો ભાળ્યો અનેં
પાણેં પાદુ ? 38 હમવેં કેંર તનેં પરદેશી ભાળ્યો અનેં
હમારા ઘેર મ રાખ્યો ? કે લાંગો ભાળ્યો અનેં સિસર
પેરાય ? 39 હમવેં કેંર તનેં બેંમાર કે જેલ ખાના મ
ભાળ્યો અનેં મળવા આય ?’ 40 તર રાજા હેંનનેં
જવાબ આલહે, ‘હૂં તમ થી હાસુ કું હે કે તમેં ઝી
માર એંન નાન મહ ભાજ્ય મહું કઈનાક એક નેં
હાતેં કર્યું, વેયું મારીસ હાતેં કર્યું ’ 41 “તર વેયો ડાબી
બાજુ વાળ થી કેંહે, ‘હે હરાપિત મનખોં, મારી
હામેં થી હીની હમેંશા ની આગ મ જાત રો, ઝી
શૈતાન અનેં હેંન દૂત હારું તિયાર કરવામ આવી હે
42 કેંમકે હૂં ભુંખો હેંતો,અનેં તમેં મને ખાવા હારું
નહેં આલ્યું; હૂં તર્હ્યો હેંતો,અનેં તમેં મનેં પાણેં નહેં
પાદૂ ; 43 હૂં પરદેશી હેંતો, અનેં તમેં મનેં તમારા
ઘેર મ નહેં રાખ્યો; હૂં લાંગો હેંતો, અનેં તમેં મનેં
સિસર નહેં પેરાય; હૂં બેંમાર અનેં જેલ ખાના મ
હેંતો અનેં તમેં મારી હમાળ નહેં કરી ’ 44 “તર વેય
જવાબ આલહે, ‘હે પ્રભુ, હમવેં તનેં કેંર ભૂખો, કે
તર્હ્યો,કે લાંગો, કે બેંમાર, કે જેલખાના મ ભાળ્યો
અનેં તારી સેવા સાકરી નહેં કરી ?’ 45 તર વેયો
હેંનનેં જવાબ આલહે, ‘હૂં તમને હાસુ કુ હે કે તમવેં
ઝી એંન નાના થી નાન મહું કઈનાક એક નેં હાતેં
નહેં કર્યું, વેયું મારી હાતેં હુંદું નહેં કર્યું ’ 46 અનેં ઈય
હમેંશા સજા ભુગવહે પુંણ ધર્મી હંમેંશા ના જીવન
મ ભરાહે ”

26 1 ઝર ઈસુ ઈયે બદ્દી વાતેં કેં સુક્યો તે પુંતાન
સેંલ થી કેંવા મંડ્યો , 2 “તમું જાણો હે કે
બે દાડ પસી ફસહ નો તેવાર હે, અનેં માણસ નો
બેંટો ક્રૂસ ઈપેર સડાવા હારું હવાડવામ આવહે ”
3 તર મુખી યાજક અનેં પરજા વડીલ કાઈફા નામ
ના મુંટા યાજક ના આંગણા મ ભેંગા થાયા , 4 અનેં
એક બીજામ વિસાર કરવા મંડ્યા કે ઈસુ નેં ધુંખા થી
હાએંનેં માર દડજ્યે 5 પુંણ વેયા કેંતા હેંતા,કે “તેવાર
ના ટાએંમ મ નેં, ખેંતુંક એંવું નેં થાએં કે મનખ

મ હુલોર થાએં જાએ ” 6 ઝર ઈસુ બૈતનિય્યાહ મ
શમોન કોઢી ના ઘેર મ હેંતો , 7 તે એક બજ્યેર
સંગમરમર ના રાસડા મ ઘણું કિમતી અંતર લેંનેં
ઈસુ કનેં આવી, અનેં ઝર ઈસુ ખાવાનું ખાવા હારું
બૈઠો હેંતો તે ઈસુ ના માથા ઈપેર રેંડ દેંદૂ , 8 ઈયુ
ભાળેંનેં ઈસુ ના સેંલા રિહાયા અનેં કેંવા મંડ્યા,
“એંનું હુંકા સત્ય નાશ કરવામ આયું ? 9 એંનેં તે
અસલ ભાવ મ વેંસેં નેં ગરીબનેં વાટેં સકાતું હેંતું ”
10 ઈયુ જાણેંનેં ઈસુવેં હેંનનેં કેંદૂ, “બજ્યેર નેં હુંકા
વિતાડો હે ? હિન્યે મારી હાતેં ભલાઈ કરી હે
11 ગરીબ તે તમારી હાતેં હમેશા રે હે ,પુંણ હું તમારી
હાતેં હમેશા નેં રું 12 હિન્યે મારા શરીર ઈપેર ઝી ઈયુ
અંતર રેંડ્યુ હે, વેયું મનેં ડાટવા હારું કર્યું હે 13 હૂં
તમનેં હાસુ કું હે, કે આખી દુનિય મ ઝાં ખેંતોક
ઈયો તાજો હમિસાર પરસાર કરવામ આવહે, વેહાં
હેંનેં એંના કામ નું વર્ણન હુદું હીની યાદગીરી મ
કરવામ આવહે ” 14 તર યહૂદા ઈસ્કરિયોતી વેં, ઝી
બાર સેંલ મનો એક હેતો, મુખી યાજક કનેં જાએંનેં
કેંદૂ , 15 “અગર હૂં હેંનેં તમારા હાતમ હવાડ દું તે
મનેં હું આલહો ?” હેંનવેં હેંનેં તરી સાંદી ના સિક્કા
તુંલેંનેં આલ દેંદા 16 અનેં વેયો હેંનાસ ટાએંમ થી
હેંનેં હવાડ વાનો મુંખો જુવાં મંડ્યો 17 ખમીર વગર
રુટી ના તેવાર ને પેલે દાડે, સેંલા ઈસુ કનેં જાએંનેં
પુસવા મંડ્યા, “તું કાં સાહે હે કે હમું તારી હારું
ફસહ ની તિયારી કરજ્યે ?” 18 ઈસુવેં કેંદૂ, “સેર મ
અમુક આદમી કનેં જાએંનેં હેંનેં કો, ‘ગરુ કે હે કે
મારો ટાએંમ નજીક હે હું માર સેંલ નેં હાતેં તારતાં
તેવાર ઉજવેં’ ” 19 હાં નેં સેંલવેં ઈશુ નું કેંવું માન્યું
અનેં ફસહ તિયાર કર્યું 20 ઝર હાંજ પડી તે ઈસુ
બાર સેંલ નેં હાતેં ખાવાનું ખાવા હારું બેંઠો 21 ઝર
વેયા ખાવાનું ખાએં રિયા હેંતા તે હેંને કેંદૂ,“હૂં તમ
થી હાસુ કું હે કે તમ મનો એક મનેં હવાડ હે”
22 એંનેં ઈપેર વેયા ઘણા દુઃખી થાયા, અનેં હરેક
ઈસુનેં પુસવા મંડ્યા, “હે ગરુ, હું વેયો હૂં હે ?”
23 હેંને જવાબ આલ્યો, “ઝેંને મારી હાતેં થાળી મ
હાતેં નાખ્યો હે, વેયોસ મનેં હવાડ હે 24 માણસ
નો બેંટો તે ઝેંવું હેંના બારામ લખ્યું હે, જાએસ
હે ;પુંણ હેંના માણસ હારું દુઃખ હે ઝેંનેં દુવારા
માણસ નો બેંટો હવાડ વામ આવે હે : અગર હેંના
માણસ નું જલમેંસ નેં થાતું, તે હેંનેં હારું ભલું થાતું
” 25 તર ઈસુનેં હવાડવા વાળે યહૂદા વેં કેંદૂ, “હે
પ્રભુ, હું વેયો હૂં હે ?” ઈસુવેં હેંનેં કેંદૂ, “તું કેં સુક્યો
” 26 ઝર વેયા ખાએં રિયા હેંતા તે ઈસુવેં રુટી લીદી
અનેં આશિષ માંગેં નેં તુડી, અનેં સેંલ નેં આલેં નેં
કેંદૂ, “લો, ખો ; આ મારું શરીર હે ” 27 ફેંર ઈસુવેં
વાટકો લેંનેં આશિષ માંગી, અનેં હેંનનેં આલેં નેં કેંદૂ,
“તમું બદ્દા એંનમ હું પીયો , 28 કેંમકે આ વાયદા નું
મારું વેયું લુઈ હે ઝી ઘણ બદ હારું પાપ ની માફી
હારું વહાડવામ આવે હે 29 હું તમ થી કું હે કે દરાક
નો ઈયો રસ હેંના દાડા તક ફેંર નેં પીયુ, ઝર તક
તમારી હાતેં આપડા બા ના રાજ્ય મ નવો નેં પીયુ
” 30 ફેંર વેયા ભજન ગાએંનેં જેતુન પહાડ ઈપેર
જ્યા 31 તર ઈસુવેં હેંનનેં કેંદૂ, “તમું બદ્દા આજેસ
રાતેં મારા બારામ ઠુકર ખહો, કેંમકે લખ્યું હે : ‘હૂં
ગુંવાળ નેં મારેં, અનેં ટુંળા ન ઘેંઠ વખેંરાએં જાહે ’
32 પુંણ મનેં જીવી ઉઠવા પસી તમ થી પેલ ગલીલ
મ જએં ” 33 એંનેં ઈપેર પતરસેં ઈસુનેં કેંદૂ,“અગર
બદ્દા તારા બારામ ઠુકર ખાએ તે ખાએ,પુંણ હૂં કેંર
યે ઠુકર નેં ખું 34 ઈસુવેં હેંનેં કેંદૂ, “હું તનેં થી હાસુ
કું હે કે આજેસ રાતેં કુકડા નેં બુંલવા થી પેલ, તું
તાણ વાર મનેં હો નકરેં જાહેં ” 35 પતરસેં ઈસુનેં
કેંદૂ, “અગર મનેં તારી હાતેં મરવું હુંદૂ પડે, તે હુંદો
હું તનેં હો કેંર યે નેં નકરું ” અનેં એંવુંસ બદ્ સેંલવેં
હુંદૂ કેંદુ 36 તર ઈસુ પુંતાન સેંલનેં હાતેં ગતસમની
નામ ની એક જગ્યા મ આયો અનેં પુતાન સેંલ થી
કેંવા મંડ્યો, “આંસ બેંહેં રેંજો, ઝર તક હૂં પેંલ તાં
જાએંનેં દુવા કરું ” 37 ઈસુ પતરસ અનેં જબ્દી ન બેં
યે સુંર નેં લેં જ્યો, અનેં ઘબરાવા અનેં દુઃખી થાવા
લાગ્યો 38 તર ઈસુવેં હેંનનેં કેંદૂ, “મારો જીવ ઘણો
ઘબરાએ હે આં તક કે મારો જીવ નકળેં જાએ રિયો
હે તમું આંસ રુકાવો અનેં મારી હાતેં જાગતા રો ”
39 ફેંર ઈસુ થુડોક પાસો અગ્યેડ જાએંનેં મોડા ભેર
પડ્યો, અનેં એંમ દુવા કરી, “હે મારા બા, અગર
થાએં સકે તે આ વાટકો મનેં હો ટળેં જાએ, તે હુંદો
ઝેંવું હું સાહું હે વેંવું નેં, પુંણ ઝેંવું તું સાહે હે વેવુસ
થાએ ” 40 ફેંર ઈસુવેં સેંલ કનેં આવેં નેં હેંનન હુતેંલા
ભાળ્યા અનેં પતરસ નેં કેંદૂ, “હું તમું મારી હાતેં એક
ઘડીક હુંદા નેં જાગેં સક્યા ? 41 જાગતા રો,અનેં
દુવા કરતા રો કે તમું પરિક્ષણ મ નેં પડો:આત્મા
તે તિયાર હે પુંણ શરીર નબળું હે ” 42 ફેંર ઈસુવેં
બીજી વાર જાએંનેં એંમ દુવા કરી, “હે મારા બા,
અગર આ મારા પીદા વગર નેં હરકેં સકેં તે તારી
મરજી પૂરી થાવા થાએ ” 43 તર ઈસુવેં આવેંનેં હેંનનેં
ફેંર હુતેંલા ભાળ્યા, કેંમકે હેંનની આંખે નીંદર થી
ભરેંલી હિતી 44 હેંનનેં સુડેંનેં ઈસુ ફેંર જાતોરિયો,
અનેં હેંનસ શબ્દ મ ફેંર તીજી વાર દુવા કરી 45 તર
ઈસુવેં સેંલ કનેં આવેંનેં હેંનનેં કેંદૂ, “હાવું હુવતા રો,
અનેં આરામ કરો : ભાળો વખત આવેં પોતી હે,
અનેં માણસ નો બેંટો પાપિય ને હાત હવાડવામ
આવે હે 46 ઉઠો, સાલજ્યે ; ભાળો, મનેં હવાડવા
વાળો નજીક આવેં પોત્યો હે ” 47 ઈસુ આ કેંસ રિયો
હેંતો કે યહૂદો ઝી બાર મનો એક હેંતો આયો, અનેં

હેંનેં હાતેં મુખી યાજક અનેં મનખ ના વડીલ ની
તરફ થી મુટી ભીડ, તલુંવારેં અનેં લાખડજ્યી લેંનેં
આવી 48 ઈસુનેં હવાડવા વાળે એંમ નિશાની આલી
હિતી : “ઝેંનેં હૂં બુંખેં દેં લું વેયોસ હે ; હેંનેં હાએ
લેંજો ” 49 અનેં તરત ઈસુ કનેં આવેંનેં કેંદૂ, “હે પ્રભુ
નમસ્તે !” અનેં ઈસુનેં ઘણું બુંખેં દેંદું 50 ઈસુવેં હેંનેં
કેંદૂ, “હે દોસ, ઝેંના કામ હારું તું આયો હે, હેંનેં કર
લે ” તર હેંનવેં ટીકે આવેંનેં ઈસુ ઈપેર હાત દડ્યા
અનેં હેંનેં હાએં લેંદો 51 ઈસુ ન હાત વાળ મના
એક જણે હાત લાંબો કરેંનેં તલુંવાર કેંસ લીદી અનેં
મુંટા યાજક ના નોકર ઈપેર સલાડેંનેં હેંનો કાંદડો
ઉડાડ દેંદો 52 તર ઈસુવેં હેંનેં કેંદૂ, “તારી તલુંવાર
મિયન મ રાખ લે કેંમકે ઝી તલુંવાર સલાડે હે વેયા
બદ્દા તલુંવાર થી નાશ કરવામ આવહે 53 હું તું નહેં
જાણતો કે હૂં મારા બા થકી અરજ કરેં સકું હે, અનેં
વેયો હરગ દૂત ની બાર ટુકડજ્યી કરત વદાર મારી
કન હમણ હજર કર દેંહે ? 54 પુંણ પવિત્ર શાસ્ત્ર
ની વેયે વાતેં કે એંવુંસ થાવું જરુરી હે, કેંકેંમ પૂરી
થાહે ? 55 હેંને ટાએંમેં ઈસુવેં ભીડ વાળ નેં કેંદૂ, “હું
તમું તલુંવારેં અનેં લાખડજ્યી લેંનેં મનેં ડાકુ નેં જેંમ
હાવા હારું નકળા હે ? હૂં હર રુંજ દેંવોળ મ બેંહેંનેં
ભાષણ આલેં કરતો હેંતો, અનેં તમેં મનેં નહેં હાદો
56 પુંણ ઈયુ બદ્દુ એંતરે હારું થાયું કે ભવિષ્યવક્તાવ
ન વસન પુર થાએ ” તર બદ્દા સેંલા ઈસુનેં સુંડેંનેં
નાહેં સુટ્યા 57 તર ઈસુ ના હાવા વાળા ઈસુનેં
કઈફા નામ ના મુંટા યાજક કનેં લેં જ્યા, ઝાં શાસ્ત્રી
અનેં વડીલ ભેંગા થાયા હેંતા 58 પતરસ સીટી સીટી
ઈસુનેં વાહે-વાહે મુંટા યાજક ના આંગણા તક જ્યો,
અનેં મએં જાએંનેં ફેંસલો ભાળવા હારું સોકીદાર નેં
હાતેં બેંહેં જ્યો 59 મુખી યાજક અનેં આખી મુંટી
સભા ઈસુનેં માર દડવા હારું ઈસુના વિરુદ્ધ મ
ઝુઠા પુરાવા ની ખોળી મ હેંતા , 60 પુંણ ઘણ બદ
નેં આવવા થી હુદી નેં મળી સેંલ્લે બે જણા આયા
, 61 અનેં કેંદૂ,“એંને કેંદૂ,હે કે હું પરમેશ્વર ના મંદિર
નેં પાડેં સકું હે અનેં હેંનેં તાણ દાડ મ બણાવેં સકું
હે ” 62 તર મુટે યાજકેં ઈબે થાએંનેં ઈસુનેં કેંદૂ, “હું
તું કઈ જવાબ નહેં આલતો ? ઈય મનખ તારા
વિરુદ્ધ મ હું પુરાવો આલે હે ?” 63 પુંણ ઈસુ સપ
રિયો તર મુટે યાજકેં ઈસુનેં કેંદૂ, “હૂં તનેં જીવતા
પરમેશ્વર નો કરાર કરું હે કે અગર તું પરમેશ્વર નો
બેંટો મસીહ હે, તે હમ નેં કેં દે ” 64 ઈસુવે હેંનેં કેંદૂ,
“ટી પુંતેસ કેં દે દેદું ; પુંણ હૂં તમનેં ઈયુ હુંદું કું હે કે
હાવું થી તમું મનખ ના બેંટા નેં બદ્ કરત તાકતવર
ની જમણી બાજુ બેંઠેંલો, અનેં ગગન ન વાદળ મ
આવત ભાળહો ” 65 એંનેં ઈપેર મુટે યાજકે સિસર
ફાડ્ય અનેં કેંદૂ, “એંને પરમેશ્વર ની નિંદા કરી હે,
હાવું આપડે પુરાવ નું હું કામ ? ભાળો, તમેં હામણ
ઈયે નિંદા હામળી હે ! 66 તમું હું વિસારો હે ?”
હેંનવેં જવાબ આલ્યો, “ઈયો ભુગ થાવા નેં લાએંક
હે 67 તર વેયા ઈસુ ના મોડા ઈપેર થુંક્યા અનેં હેંનેં
ઘુંધા વાદા, અનેં બીજે થાપલ વાએંનેં કેંદૂ, 68 “હે
મસીહ, હમ થી ભવિષ્યવાણી કરનેં કે કે કેંનેં વાદૂ
?” 69 પતરસ બારત આંગણા મ બેંઠેંલો હેંતો કે
એક નોકરણી હેંનેં કન આવી અનેં કેંદૂ, “તું હુંદો
ઈસુ ગલીલી નેં હાતેં હેંતો ” 70 પતરસેં બદ્દનેં હામેં
એંમ કેંનેં નકાર કર્યો, “હૂં નહેં જાણતો તું હું કેં રી હે
” 71 ઝર પતરસ બારત બાએંણા મ જ્યો, તે બીજી
નોકરણ્યેં હેંનેં ભાળેંનેં હેંન થી ઝી વેંહાં હેંતા કેંદૂ,
“ઈયો હુંદો તે ઈસુ નાસરી નેં હાતેં હેંતો ” 72 હેંનેં
હમ ખાએંનેં ફેંર નકાર કર્યો : “હૂં હેંના માણસ નેં
નહેં જાણતો ” 73 થુડીક વાર પસી મનખવેં ઝી વેંહાં
ઈબ હેંત, પતરસ કનેં આવેંનેં હેંનેં કેંદૂ, “હાસેં હાસ
તું હુંદો હેંન મહો એક હે, કેંમકે તારી બુલી તારો
ભેદ ખોલ દે હે ” 74 તર પતરસ ધિક્કારવા અનેં
હમ ખાવા મંડ્યો : “હૂં હેંના માણસ નેં નહેં જાણતો
” અનેં તરત કુકડો બુલ્યો 75 તર પતરસ નેં ઈસુની
કીદીલી વાત ઈયાદ આવી : “કુકડા નેં બુલાવા થી
પેલ તું તાણ વાર મારો નકાર કરહેં ” અનેં પતરસ
બારત જાએંનેં ઢહુકે-ઢહુકે ગાંગર્યો

## 27

1 ઝર હવેંર થાઈ તે બદ્દા મુખી યાજક અનેં
મનખ ના વડીલએં ઈસુ નેં માર દડવાનો
હુંપ કર્યો 2 હેંનવેં ઈસુનેં બાંદ્યો અનેં પિલાતુસ
હાકીમ ના હાત મ હુંપેં દેંદો 3 ઝર ઈસુનેં હવાડવા
વાળે યહૂદા વેં ભાળું કે ઈસુ ગુનેંગાર ગણવામ આયો
હે તે વેયો પસતાયો અનેં વેયા તારી સાંદી ના સિક્કા
મુખી યાજક અનેં વડીલ કનેં પાસો લેં આયો 4 અનેં
કેંદૂ, “મેંહ નિર્દોષ નેં હવાડેંનેં પાપ કર્યો હે !” “હેંનવેં
હમારે હું ? તુંસ જાણ ” 5 તર વેયો હેંન સિક્ક નેં
મંદિર મ ફેંકેં નેં જાતોર્યો, અનેં જાએંનેં પુતે-પુતાંનેં
ફાંસી આલી 6 મુખી યાજકવેં હેંન સિક્ક નેં લેંનેં
કેંદૂ,“એંનનેં ભંડાર મ રાખવા ઠીક નહેં,કેંમકે ઈયા
લુઈ ની કીમત હે ” 7 હાં નેં હેંનવેં હુપ કરેંનેં હેંન
સિક્ક થી બીજા દેસ વાળ નેં ડાટવા હારું કુમાર નું
ખેંતર વેંસાતું લેં લેંદૂ 8 એંનેં લેંદે વેયું ખેંતર આજ તક
લુઈ નું ખેંતર કેંવાએ હેં 9 તર ઝી વસન યિર્મિયાહ
ભવિષ્યવક્તા દુવારા કેંવામ આયુ હેંતું વેયું પુરું થાયું
: “હેંન વેં વેયા તરી સિક્કા એંતરે નક્કી કરેંલી કીમત
નેં (ઝેંનેં ઇસ્રાએલ ના પરિવાર મન કેંતરવેં નક્કી
કર્યા હેંતા) લેં લેંદા , 10 અનેં ઝેંમ પ્રભુવેં મનેં આજ્ઞા
આલી હિતી વેમેંસ હેંનનેં કુંમાર ના ખેંતર ની કિમત
મ આલ દેંદા ” 11 ઝર ઈશુ હાકિમ નેં હામેં ઈબો
હેંતો તે હાકિમેં ઈસુનેં પુસ્યું પુસ્યું, ‘હું તું યહૂદીય

નો રાજા હે ?" ઈસુવેં હેંનેં કેંદૂ, "તું પુંતેસ કેં રિયો
હે " 12 ઝર મુંખી યાજક અનેં વડીલ ઈસુ ઈપેર
દોષ લગાડેં રિયા હેંતા, તે ઈશુવેં કઈસ જવાબ નેં
આલ્યો 13 એંને લેંદે પિલાતુસેં હેંનેં કેંદૂ, "હું તું નહેં
હામળતો કે ઈય તારી વિરુદ્ધ મ કેંતરા પુરાવા આલેં
રિયા ?" 14 પુંણ ઈસુવેં હેંનેં એક વાત નો હુંદો
જવાબ નેં આલ્યો, આં તક કે હાકિમ નેં નવાઈ
લાગી 15 હાકિમ ની ઈયે રીત હિતી કે હેંના તેવાર
મ એક બંદી નેં ઝેંનેં વેય સાહત હેંત, સુંડ દેંતો હેંતો
16 હેંના ટાએંમ મ હેંનેં તા બરબ્બા નામ નો એક
માનિતો બંદી હેંતો 17 હાં નેં ઝર વેયા ભેંગા થાયા,
તે પિલાતુંસેં હેંનનેં કેંદૂ, "તમું કેંનેં સાહો હે કે હું
તમારી હારું સુંડ દું ? બરઅબ્બા નેં, કે ઈસુ નેં ઝી
મસીહ કેંવાએ હે ?" 18 કેંમકે વેયો જાણતો હેંતો કે
હેંનવેં હેંનેં ધુંખા થી હવાડ્યો હે 19 ઝર વેયો નિયા
ની ગદ્દી ઈપેર બેંઠેંલો હેંતો હેંનાની બજ્યેરેં હેંનેં કેં
મુંકલ્યું, 'તું હેંના ધર્મી ના મામલા મ હાત નેં નાખતો
વેહ, કેંમકે મેંહ આજે હામણા મ હેંને લેંદે ઘણું દુઃખ
વેંઠ્યુ હે " 20 મુખી યાજકવેં અનેં વડીલવેં મનખ
નેં સુહકારય કે વેય બરબ્બા નેં માંગેં લે, ઈસુ નું
નાશ કરાવેં 21 હાકિમેં હેંનનેં પુસ્યું, એંન બેય મન
કેંનેં સાહો હે હું તમારી હારું સુંડ દું ?" હેંનવેં કેંદૂ,
"બઅરબ્બા નેં" 22 પિલાતુંસેં હેંનનેં પુસ્યૂં, "ફેંર ઈસુ
નેં, ઝી મસીહ કેંવાએ હે, હું કરું ? બદ્દવેં હેંનેં કેંદૂ,
"વેયો ક્રૂસ ઈપેર સડાવામ આવેં !" 23 હાકિમેં કેંદૂ,
"હુંકા, હેંને હું ભુન્ડાઈ કરી હે ?"પુંણ વેય ફેંર હુંદ
સિસાએ-સિસાએંનેં કેંવા મંડ્ય, "વેયો ક્રૂસ ઈપેર
સડાવામ આવેં " 24 ઝર પિલાતુસેં ભાળ્યૂં કે કઈ
બણેં નહેં સકતું પુંણ હેંનું ઉંન્દુ હુલોર વદતો જાએ
હે, તે હેંને પાણેં લેંનેં ભીડ નેં હામેં પુંતાના હાત
ધુયા અનેં કેંદૂ, "હું એંના ધર્મી ના લુઈ હો નિર્દોષ હે
; તમુસ જાણો " 25 ઝર મનખ વેં જવાબ આલ્યો,
"એંનું લુઈ હમારી ઈપેર અનેં હમારા પરિવાર ઈપેર
આવે !" 26 એંનેં ઈપેર હેંને બરઅબ્બા નેં હેંન હારું
સુડ દેંદો, અનેં ઈસુનેં કોડા મરાવેંનેં હુપેં દેંદો, કે
ક્રૂસ ઈપેર સડાવામ આવે 27 હાકિમ ન સપાજ્યએ
ઈસુ નેં દરબાર મ લેં જાએંનેં ટુકડી ઈસુનેં સ્યારે
મેર ભીગી કરી , 28 અનેં ઈસુ ન સિસર કાડેં નેં
હેંનેં રાતા કલર નો ઝબ્બો પેરાયો , 29 અનેં કાટ
નો મુંગટ વણેંનેં ઈસુ ના માથા ઈપેર મેંલ્યો અનેં
હેંના જમણા હાત મ નસરગાંડું આલ્યું અનેં હેંનેં
અગ્યેડ ઢેંસુણ માંડેંનેં હેંનેં ઠઠ્ઠ મ ઉડાડવા લાગ્યા
અનેં કેંદૂ, "હે યહૂદીય ના રાજા, નમસ્તે !" 30 અનેં
હેંનેં ઈપેર થુંક્યા ; અનેં વેયુસ નસરગાંડુ લેંનેં ઈસુના
માથા ઈપેર વાવા મંડ્યા 31 ઝર વેયા ઈસુ નો ઠઠ્ઠો
કરેં સુક્યા, તે વેયો ઝબ્બો ઈસુ કન હો કાડેં નેં ફેંર
ઈસુ નસ સિસર પેરાય, અનેં ક્રૂસ ઈપેર સડાવા
હારું લેં સાલ્યા 32 બારત જાત જાત હેંનનેં શમોન
નામ નો એક કુરેની માણસ મળ્યો હેંનવેં હેંનેં એંમ
નેંમ હાદો કે ઈસુ નો ક્રૂસ તુંકેંનેં લેં સાલે 33 હીની
જગ્યા ઝી ગુલગુત્તા ઈપેર એંતરે ખુપડી ની જગ્યા
કેંવાએ હે, પોતેંનેં 34 હેંવેં પીત્ત મળાવેંલુ દાખરસ
ઈસુનેં પીવા હારું આલ્યું, પુંણ ઈસુવેં સાકેંનેં પીવા
નેં સાઈહું 35 તર હેંનવેં ઈસુનેં ક્રૂસ ઈપેર સડાયો,
સીઠ્ઠીજ્યી નાખેં નેં ઈસુ ન સિસર વાટેં લેંદ ,
36 અનેં વેંહાં બેંહેંનેં ઈસુ ની સોકીદારી કરવા મંડ્યા
37 અનેં ઈસુ ના ગુંના નું કાગળ ઈસુ ના માથા મ
સોટાડ્યુ, કે "ઈયો યહૂદિય નો રાજા ઈસુ હે" 38 તર
હેંનેં પસી ઈસુનેં હાતેં બે ડાકુ એક જમણેં અનેં
એક ડાબેં ક્રૂસ ઈપેર સડાવામ આયા 39 આવવા-
જાવા વાળ માથ હલાવેં-હલાવેં ઈસુ ની નિંદા કરત
હેંત , 40 અનેં એંમ કેંત હેંત, "હે મંદિર નેં પાડવા
વાળા અનેં તાણ દાડ મ બણાવા વાળા, પુતાનેં તે
વસાડ ! અગર તું પરમેશ્વર નો બેંટો હે, ક્રૂસ ઈપેર
હો ઉતરેં આવ " 41 ઈવીસ રીતી થી મુખી યાજક
અનેં શાસ્ત્રી અનેં વડીલ હાતેં ઠઠ્ઠો કરેં કરેંનેં કેંતા
હેંતા , 42 "એંને બીજ નેં વસાડ્ય,અનેં પુતાનેં નહેં
વસાડેં સકતો આ તે ઈસ્રાએંલ નો રાજા હે હાવું ક્રૂસ
ઈપેર હો ઉતરેં આવેં તે આપું હેંનેં ઈપેર વિશ્વાસ
કરજ્યે 43 હેંને પરમેશ્વર ઈપેર ભરુંહો રાખ્યો હે ;
અગર વેયો એંનેં સાહે હે, તે હાવું એંનેં સુડવેં લે,
કેંમકે એંને કેંદૂ, હેંતું, 'હું પરમેશ્વર નો બેંટો હે "
44 ઈવીસ રીતી ડાકુ હુંદા ઝી ક્રૂસ ઈપેર ટાંગવામ
આયા હેંતા, ઈસુ ની નિંદા કરતા હેંતા 45 બફોર થી
લેંનેં હાંજ ના પોર તક હેંના આખા દેસ મ ઈન્દારું
થાએંલુ રિયું 46 હાંજના પોર નેં નજીક ઈસુવેં જુંર
થી સિસાએંનેં કેંદૂ, 'એલી, એલી, લમા શબક્તની
?" એંતરે "હે મારા પરમેશ્વર, હે મારા પરમેશ્વર,
તેં મનેં હુંકા સુંડ દેંદો ?" 47 ઝી વેહાં ઈબ હેંત, હેંન
મહ કેંતર વેં ઈયુ હામળેંનેં કેંદૂ, "વેયો તે એલિય્યાહ
નેં બુલાવેં હે " 48 હેંન મનો એક તરત દોડ્યો, અનેં
રુહ લેંનેં સિરકા મ ડબુળ્યું, અનેં નસર ગાંડા ઈપેર
મેંલેંનેં ઈસુ નેં સુહાડ્યું 49 બીજવેં કેંદૂ, "રુંકાવો,
ભાળજ્યે એલિય્યાહ હેંનેં વસાડવા આવે હે કે નહે
" 50 તર ઈસુવેં ફેંર જુંર થી સિસાએંનેં જીવ કાડ
દડ્યો 51 અનેં ભાળો મંદિર નો પડદો ઈપેર થી નીસ
તક ફાટેં નેં બે ટુકડા થાએં જ્યા : અનેં ધરતી ડુંલેં
ગઈ અનેં ભડભેંટેં તેડાએં ગજ્યી , 52 અનેં કબરેં
ખોલાઈ ગજ્યી, અનેં હુતેંલ પવિત્ર મનખ ની લાશેં
જીવી ઉઠજ્યી , 53 અનેં અનેં હેંનનેં જીવી ઉઠવા
પસી વેય કબર મહ નકળેંનેં પવિત્ર સેર મ જય અનેં
ઘણ નેં ભાળવા જડ્ય 54 તર આગેવાન અનેં ઝી

હેંનેં હાતેં હાતેં ઈસુ ની રખવાળી કરેં રિયા હેંતા,
ભુકમ અનેં ઝી કઈ થાયું હેંતું હેંનેં ભાળેંનેં જબર
સમકેં જ્યા અનેં કેંદૂ, “હાસેં હાસ ઈયો પરમેશ્વર
નો બેંટો હેંતો !” 55 વેંહાં ઘણી બદી બજ્યેરેં ઝી
ગલીલ થી ઈસુ ની સેવા કરતી જાએંનેં ઈસુનેં હાતેં
આવજ્યી હિતી ,સીટી રેં નેં ઈયુ ભાળે રેંજ્યી
હિતી 56 હેંનમ મરિયમ મગદલીની અનેં યોસેસ ની
આઈ મરિયમ, અનેં જબ્દી ન સુંર ની આઈ હિતી
57 ઝર હાજ પડી તે યૂસુફ નામ નો આરિમતિયા નો
એક ધનવાન માણસ, ઝી પુતે ઈસુ નું સેંલો હેંતો,
આયો 58 હેંને પિલાતુસ કનેં જાએંનેં ઈસુ ની લાશ
માંગી એંનેં ઈપેર પિલાતુંસેં આલ દેંવાની આજ્ઞા
આલી 59 યૂસુફેં લાશ લીદી, હેંનેં સાદર મ ફૂતી ,
60 અનેં હેંનેં પુંતાની નવી કબર મ મેંલ્યો, ઝી હેંનેં
ભડભેટ મ કુંરાવી હિતી, અનેં કબર ના બાએંણા
ઈપેર મુટો ભાઠો ગગડાવેંનેં જાતો રિયો 61 મરિયમ
મગદલીની અનેં બીજી મરિયમ વેંહાં કબર નેં હામેં
બીઠીલજ્યી હિતી 62 બીજે દાડેં ઝી તિયારી ના
દાડા નેં વાહેદ વાળો દાડો હેંતો, મુખી યાજક અનેં
ફરિસીયવેં પિલાતુસ કનેં ભેંગા થાએંનેં કેંદૂ , 63 “હે
મહારાજા, હમનેં ઈયાદ હે કે હેંને ભરમાવવા વાળેં
ઝર વેયો જીવતો હેંતો, કેંદૂ, હેંતું, હૂં તાણ દાડ પસી
જીવી ઉઠેં ” 64 હાં નેં આજ્ઞા આલ કે તીજા દાડા તક
રખવાળી કરવામ આવે, એંવું નેં થાએ કે હેંના સેંલા
આવેંનેં હેંનેં સુંર લેં જાએ અનેં મનખ થી કેંવા મંડે,
વેયો મરેંલ મહો જીવી ઉઠ્યો હે ’ તર વાહેડ વાળો
ધુખો પેલ વાળા કરત હુંદો ભુંડો વેંહે ” 65 પિલાતુંસેં
હેંનનેં કેંદૂ, “તમારી કનેં રખવાળ તે હે જો, તમારી
હમજ ની પરમણેં રખવાળી કરો ” 66 હાં નેં વેયા
રખાવાલ નેં હાતેં લેંનેં જ્યા, અનેં કબર ભાઠા ઈપેર
સાપ લગાડેંનેં કબર ની રખવાળી કરી

28 1 હપ્તા ના દાડા પસી હપ્તા ને પેલે દાડે
ફટક થાત મસ મરિયમ મગદલીની અનેં
બીજી મરિયમ કબર નેં ભાળવા આવજ્યી 2 અનેં
ભાળો એક મુટું ભુકમ થાયું, કેંમકે પ્રભુ નો એક દૂત
હરગ મહો ઉતર્યો અનેં ટીકે આવેંનેં હેંને ભાઠા નેં
ગગડાવ દેંદો, અનેં હેંનેં ઈપેર બેંહેં જ્યો 3 હેંનું રૂપ
લાએંટ જેંવું અનેં હેંન સિસર બરફ નેં જેંવ ધોળ
હેંત 4 હીની સમક થી રખવાળ ફફડે જ્યા , અનેં
મરેંલા જેંમ થાએં જ્યા , 5 હરગ દૂતેં બજ્યેર નેં
કેંદૂ, “નહેં સમકો,હૂં જાણું હે કે તમું ઈસુ નેં ઝી
ક્રૂસ ઈપેર સડાવામ આયો હેતો જુંવો હે 6 વેયો આં
નહેં,પુંણ પુતાનેં કેંવા પરમણેં જીવી ઉઠ્યો હે આવો
આ જગ્યા ભાળો, ઝાં પ્રભુ પડ્યો હેંતો , 7 અનેં
એક-દમ જાએંનેં ઈસુન સેંલ નેં કો કે વયો મરેંલ મહો
જીવી ઉઠ્યો હે, અનેં વેયો તમ થી પેલ ગલીલ મ
જાએ હે ,વેંહાં હેંનું દર્શન મેંળવહો ! ભાળો, મેંહ તમ
થી કેં દેંદું ” 8 વેયે બીક અનેં મુંટા આનંદ નેં હાતેં કબરેં
હી એક દમ પાસી ફરેંનેં ઈસુન સેંલ નેં હમીસાર
આલવા હારું દોડેં ગજ્યી 9 તર ઈસુ હેંનનેં મળ્યો
અનેં કેંદૂ, “સલામ” હેંનવેં ટીકે આવેંનેં અનેં ઈસુના
પોગ હએંનેં ઈસુનેં પોગેં લાગજ્યી 10 તર ઈસુવેં
હેંનેં કેંદૂ, “નહેં સમકો; માર ભાજ્ય થી જાએંનેં કો
ગલીલ મ જાતા રે, વેંહાં મનેં ભાળહે ” 11 વેયે
જાએંસ રીજ્યી હિતી કે રખવાળ મનેં કેંનેંકેં સેર મ
આવેંનેં પૂરી વાત મુખી યાજક નેં કેં હમળાવજ્યી
12 તર હેંનવેં વડીલ નેં હાતેં ભેંગા થાએંનેં હંપ કર્યો કે
અનેં સપાજ્ય નેં ઘણી સાંદી આલેં નેં કેંદુ , 13 “કેંજો
કે રાતેં ઝર હમું હુતા હેંતા, તે હેંના સેંલા આવેં નેં હેંનેં
સુંર લેં જ્યા 14 અનેં અગર ઈયે વાત હાકીમ ન કાંદડ
તક પોતહે, તે હમું હેંનેં હમજાડ લેંહું, અનેં તમનેં
જુંખમ થી વસાડ લેંહું ” 15 હાં નેં હેંનવેં રુબજ્યા
લેંનેં ઝેંવું હિકાડવામ આયા હેંતા, વેવુસ કર્યું ઈયે વાત
આજ તક યહૂદીય મ ફેલાઈલી હે 16 અગ્યાર સેંલા
ગલીલ મ હેંના ડુંગોર ઈપેર જ્યા, ઝેંનેં ઈસુવેં હેંનનેં
વતાડ્યું હેંતું 17 હેંનવેં ઈસુનું દર્શન મેંળવેં નેં ઈસુનેં
પોગે લાગ્યા, પુંણ કેંનેંક કેંનેંક નેં શક થાયો 18 ઈસુવેં
હેંન કન આવેં નેં કેંદૂ, “હરગ અનેં ધરતી નો આખો
અધિકાર મનેં આલવામ આયો હે 19 એંતરે હારું
તમું જો, બદ્દી જાતિ ન મનખ નેં સેંલા બણાવો ;
અનેં હેંનનેં બા, અનેં બેંટા, અનેં પવિત્ર આત્મા ના
નામ થી બક્તિસ્મ આલો , 20 અનેં હેંનનેં બદ્દી વાતેં
ઝી મેંહ તમનેં આજ્ઞા આલી હે, માનવું હિકાડો :
અનેં ભાળો, હૂં દુનિય ની સેંલ્લે હુંદો હમેંશા તમારી
હાતેં હેં ”

# MARK

# માર્ક

1
[1] પરમેશ્વર નો બેંટા ઈસુ મસીહ ના તાજા
હમિસાર ની સરુવાત | [2] ઝેવું યસાયાહ
ભવિષ્યવક્તા ની સોપડીમ લખ્યું હે, "ભાળ, હૂં
મારા દૂતનેતારે અગેડ મોંકલૂં હે, વેયો તારી હારૂ
રસ્તો હદારહે | [3] જંગલ મ એક પોંકારવા વાળા ની
વાણી હમળાએ હે કે પ્રભુ નો રસ્તો તિયાર કરો,
અને ઈની સડકેં હીદી કરો |" [4] યૂહન્નો આયો,વેયો
જંગલ મ બક્તિસ્મ આલતો, અને પાપની માફી
હારુંમન ફેરવવાના બપ્તિસમાં નો પરસાર કરતો
હેતો | [5] આખા યહૂદિયા દેશ ન, અને યરુશલેમ
ન બદ્દસ રેવા વાળ નકળેને એને કન જ્ય , અને
પુતાન પાપ નેં કબુલ કરેનેં યરદન નદી મ એનાકન
બપ્તિસમાં લેંદૂ | [6] યૂહન્નો ઉટ ના વાળ ન કપડ
પેરે અને ઈની કમર મ સામડા નો પટ્ટો પેરે રેતો
હેતો' ને ટીડ અને વગડાઉ મોદ ખાદ કરતો હેતો,
[7] "અને એમ પરસાર કરતો હેતો, ""મારી વાહેડ
ઈયો આવવા વાળો હે, વેયો મારી કરત તાકત વાન
હે; હૂં એના લાએક નહેં કે એન કાહડ ની દૂરી
ખોલૂં |" [8] "મેં તે તમને પાણી થકી બાક્તિસ્મ આલું
હે પુંણ વેહ તમને પવિત્ર આત્મા થકી પપ્તિસમાં
આલહે | [9] એન દાડમ ઈશુવે ગલીલ ના નાસરત
થી આવેંનેં યર્દન મ યહૂન્ના થકીબપ્તિસમાં લેંદૂ |
[10] અને ઝર ઈશુ પાણીમહો નકળેને ઈપેર આયો,
તે તરત એને હરગ ને ખોલાત અને આત્મા ને
કબૂતર જેંવું પૂતાને ઈપેરઉતરત ભાળું | [11] "અને
ઈયે હરગવાણી થાઈ, "" તું મારો લાડલો બેટો હે,
તારીથકી હૂં ખુશ હે | [12] તર આત્માએ તરત ઈશુ
ને જંગલ મએ મુકલ્યો | [13] જંગલ મ સાળીસ દાડ
તક ભૂતે ઈશુ નું પરિક્ષણ કરું; અને ઈશુ વગડાઉ
જાનવરને હાતે રયો અને હરગ દૂત ઈની સેવા કરતા
રો [14] યૂહન્નાને હવાડા જાયા પસી ' ઈશુવે ગલીલ
મ આવેને પરમેશ્વર ના રાજનો તાજા હમિસાર નો
પરસાર કરયો, [15] "અને કેંદૂ, "" સમય પૂરો થાયો
હે, અને પરમેશ્વર નું રાજ નેડ આવેં જ્યું હ; મન
ફેંરવો અને તાજા હમિસાર ઈપેર વિસ્વાસ કરો ” "
[16] ગલીલ ના દરિયા ની ધેડે ધેડે જાતી વખત, ઈશુવે
સિમોન અને એનો ભાઈ અન્દ્રિયાસ ને દરિયામ
જાળ નાખત ભાળા; કેમ કે ઈયા માસલ હાવા વાળા
હેતા | [17] ઈશુવે એનને કેદૂ, "મારી વાહેડ આવો; હું
તમન મનખ ને હાવા વાળા બણાવે | [18] ઈયા તરત
જાળ ને સોંડેને ઈશુ ને વાહે થાઈગ્યા | [19] થુંડેકઅગેડ
જાઈને ઈશુવે જબ્દી ના બેટા યાકુબ અને એના
ભાઈ યૂહન્નાને, નાવડા મજાળ ને હદારત ભાળા
| [20] ઈશુવે તરત એનન બુલાયા; અને ઈયા એનન
બાપ જબ્દી ને મજુરન હાતે નાવડમ સોંડેને, ઈશુ ને
વાહે થાએજ્યાં | [21] તર ઈયા કફરનહૂમ મ આયા,
વિશ્રામ વારે [પરમેશ્વરનો દાડો] આરાદના ભવન
મ જાઈને ભાષણ કરવા મંડ્યો | [22] અને મનખ
ઈશુ ના ભાષણ થકી વિસાર કરત થાએજ્ય; કેમકે
ઈશુ શાશ્ત્રીયને જેમ નહે,પૂણઅધિકારી ને જેમ
ભાષણ આલતો હેતા | [23] એનાસ સમયે, આરાદના
ભવન મ એક આદમી હેતો, ઝેનામ એક અશુદ્દ્ધ
આત્મા હિતી | [24] "એને સિસાએન કેદૂ'હે ઈશુ
નાસરી,હમારે તાર થકી હૂં કામ હે?હૂં તું હમન
નાશ કરવા આયા હે? હૂં તને વળખૂ હે,તૂ કોંણ
હે? પરમેશ્વર નો પવિત્ર જાણ| [25] "ઈશુવે એને
વળગેન કેદૂ,"સપ રે; અને એનામ થી નકળે જા|
[26] તર અશુદ્દ્ધ આત્મા એને અમેળેને, અને જોંર
થી સિસાએન એનેમહી નકળે ગઈ| [27] "એને ઈપેર
બદ્દસ વિસાર કરત જાએન મએ મએ પુસવા મંડ્ય
આ હૂં વાત હે,""આ તે કઈક નવું ભાષણ હે ઈયો
અધિકાર ને હાતે હુકમ આલે હે અને વેહ એનું
હુકમ માને હે |" [28] અને ઈશુ નું નામ તરત ગલીલ
ના આજુ બાજુ ન બદ્દસ રાજ્ય મ ફેલાએજ્યું |
[29] ઈશુ તરત આરાદના ભવન મ થી નકળેને યાકૂબ
અને યૂહન્ના નેં હાતે સિમોન અને અન્દ્રિયાસ ને
ઘેર આયો | [30] સિમોન ની હાહુ તાવે પડીલી ઈતી
અને એનએ તરત એના બારામ ઈશુ ને કેંદૂ | [31] તર
ઈશુવે નેડ જાએને એનો હાત હાએને એને ઉઠાડી
અને એનો તાવ ઉતરે જયો, અને ઈયે એનની સેવા
કરવા લાગેગઈ | [32] હાંજના સમય મ ઝર દાડો
બુડેજ્યો તે મનખ બદ્દ બિમારને અને એનને,ઝેનમ
ભૂત ભરાએલો હેતો ઈશુ કને લાય | [33] અને આખુ
સેર બાએણા મ ભેગું થાયું | [34] ઈશુવે ઘણને ઝી
અલગ અલગ બિમારી થકી દુઃખી હેત, એનને હાજ
કરય, અને ઘણ બદ ભૂતડ ને કાડ્ય, અને ભૂતને
બુલવા ને દેદૂ, કેમકે ભૂતડ ઈશુ ને વળખત હેત
| [35] ફટક નો દાડો ઉગવા કરત ઘણો પેલો,ઈશુ
ઉઠેને નકળો,અને એક ઉજોડ જગા મ ગ્યો,અને તા
પ્રાર્થના કરવા લાગેગ્યો | [36] તર સિમોન અને એના

હાતવાળા ઈશુને જુવા ગ્યા | 37 ઝર ઈશુ મળો ,
તે ઈશુને કેદૂ"બદ્ મનખ તને જુવે હે| 38 "ઈશુવે
એનને કેદૂ, આવો આપું હજુ ખેતાક આજુ બાજુ
ની વસ્તી મ જાજ્યે કે હું તાં હુંદો પરસાર કરું, કેમકે
હું ઈની હારુસ નકળો હે | 39 અને ઈશુ આખા
ગલીલ મ એનન આરાદના ભવન મ જાએ જાએ
ને પરસાર કરતો અને ભૂતને કાડતો રયો | 40 એક
કોડી ઈશુ કને આયો,ઈશુ થી અરજ કરી,અને ઈશુ
હામેં ઢેસુણ માંડેને ઈશુ ને કેંદૂ,અગર તું સાહે તે મને
હાજો કરી સકે | 41 "ઈશુવે એંનેં ઈપેર દયા કરેંનેં
હાથ લાંબો કરો અને હેંને અડેને કેંદૂ,'હું સાહું હે
તૂ હાજો થાએજા | 42 અને તરત એનો કોડ જાતો
રયો, અને હેયો હાજો થાએજ્યો | 43 તર ઈશુવે
એને સેતવણી આલેને તરત કાડ્યો | 44 "અને એને
કેદૂ,""ભાળ કેંને યે કઈસ ને કેંતો વેહ, પૂણ જાઈને
પુંતાન સેવક ને વતાડ, અને તારા હાજુ થાવા ના
બારા મ ઝી કઈ મૂસાવે ઠરાયું હે હેને ભેટ સઢાવ કે
હેને ઈપેર ગવાઈ થાએ |"" " 45 પૂણ ઈયો બારત
જાએને ઈની વાત નો ઘણો પરસાર કરવા અને આં
તક ફેલાવા લાગ્યો કે ઈશુ ફેર ખુલ્લે ખુલ્લ્લો સેર મ
નેં જાએ સક્યો, પું ણ બારત ઉજોડ જગા મ રેંયો
;સારેં બાજુ થી મનખ ઈશુ કને આવત રેંય |

2 1 ઘણ દાડ પસી ઈશુ પાસો કફરનાહૂમ મ
આયો,અને હામળવામ આયુ કે ઈશુ ઘેરમ હે
| 2 ફેર એતર મનખ ભેગ થાય કે બાએણા ને નેડ
હૂદો માગ ને હેતો;અને ઈશુ એનને વસન હમળાવે
રેંયો હેતો | 3 અને મનખ એક લખુવા વાળા બેમાર
ને ચાર આદમી થકી તોકાડેને ઈશુ કને લે આય|
4 પૂણ ઝર વેય ભીડ ને લેદે ઈશુને નેડ ને પોતેં
શક્યા તે એનએ હેના સાપરાને ઝેનેં નિસ ઈશુ
બેઠો હેતો, ઉકેંલ દડ્યું ; અને ઝર એયા ઉકેંલેં રેંયા,
તે હેના ખાટલાને ઝેને મ લખુવા વાળો બિમાર
પડો હેતો,ઉતાર દેદો | 5 "ઈશુવે હેનનો વિસવાસ
ભાળેને હેના લખુવા વાળા બેમારને કેંદૂ, ""હે બેંટા
તારા પાપ માફ થાયા | 6 તર કેંતરાક શાસ્ત્રી ઝી
વેહાં બેંઠા હેંતા પુતપુતાના મનમ વિસાર કરવા
લાગ્યા , 7 ""ઈયો માણસ હૂંકા એવું કે હે?ઈયો તે
પરમેશ્વરની નિન્દા કરે હે!પરમેશ્વરને સોડેને બીજું
કોંણ પાપ માફ કરે સકે હે?""*" 8 ઈશુ વે તરત
પુંતાની આત્મામ જાણ લેદૂ કે ઈયા પુતપુ-તાના
મનમ એવો વિસાર કરે હે, અને હેનન, કેંદૂ,"તમોં
પુત-પુતાના મનમ એવો વિસાર હુંકા કરો હે ?
9 હેલું હૂં હે?હું લખુવા ના બેમારને એમ કેંવું કે તારા
પાપ માફ થાયા,કે એમ કેવું કે ઉઠ તારો ખાટલો
તુકેને સાલ ફર ? 10 "પૂણ ઝેને થી તમોં જાણે
લો કે મનખ ના બેટા ને ધરતી પર પાપ માફ
કરવાનો હૂંદો અધિકાર હે |"" ઈશુવે હેના લખુવા
વાળા બેમાર ને કેદૂ , " 11 "હું તનેં થકી કું હે ,
ઉઠ ,પુંતાનો ખાટલો તુંકીનેં પુંતાને ઘેર જાતોરે વેયો
ઉઠો અને તરત ખાટલો તુંકેને બદને હાંમેં નકળેનેં
જાતોરિયો ;એંનેં ઈપેર બદ વિસાર મ પડેજ્ય ,અને
પરમેશ્વર નિ મોંટાઈ* કરેંનેં કેવાલાગ્ય ,"હમે એવું
કેરનહી ભાળું | 12 "વેયો ઉઠો અને તરત ખાટલો
તુંકેને બદને હાંમેં નકળેનેં જાતોરિયો ;એંનેં ઈપેર
બદ વિસાર મ પડેજ્ય ,અને પરમેશ્વર નિ મોંટાઈ*
કરેંનેં કેવાલાગ્ય ,"હમે એવું કેરનહી ભાળું | 13 ઈશુ
ફેંર નકળેને દરયાનેં ઘેડે જ્યો અને બદ્દી ભીડ ઈશુ
કને આવી,અને ઈશુ એનને ભાષણ આલવા મડ્યો
| 14 "જાતો જાતો ઈશુવે હલફઈ ના બેટા લેવી ને
ટેક્ષ ઉગરાવવાળે નાકે બેઠેલો ભાળો, અને લેવી ને
કેંદૂ, ""મારી વાહે થાએ જા"" અને ઈયો ઉઠેનેં ઈશુને
વાહે આવેજ્યો |" 15 ઝર ઈયો એના ઘેરમ ખાવાનું
ખાવા બેઠો તર ઘણા બદા ટેક્ષ ઉગરાવવા વાળા
અને પાપી,ઈશુ અને એન સેલને હાતે ખાવાનું
ખાવા બેંઠા;કેંમકે ઈયા ઘણાસ હેતા,અને ઈશુને વાહે
થાએગ્યા હેંતા | 16 "શાસ્ત્રી અને ફરિસીવેં ઈયુ
ભાળેનેં કે ઈશુ તે પાપી અને ટેક્ષ ઉગરાવવા વાળનેં
હાતેં ખાવાનું ખાએ હે,ઈશુન સેલનેં કેંદૂ,"ઈશુ તે
ટેક્ષ ઉગરાવવા વાળનેં અને પાપિયને હાતે ખાએ
પિયે હે | 17 "ઈશુ વે ઈયુ હામળેનેં એનને કેંદૂ,"હાજ
તાજ નેં ડોક્ટરની જરૂરત નહેં,પુંણ બિમારને હે : હું
ધર્મીય ને નહેં , પુંણ પાપિયનેં બોલાવવા આયો હે
| 18 "યૂહન્ના ના સેલાં, અને ફરિસી ઉપવાસ કરતા
હેંતા;અને એનએ આવેંનેં ઈશુને એમ કેંદૂ,"યૂહન્ના
ના સેંલ અને ફરિસી ના સેંલા હુંકા ઉપવાસ રાખે હે
,પુંણ તારા સેંલા ઉપવાસ નહેં રાખતા ? 19 ઈશુવે
એનને કેંદૂ,"ઝાં હોંદો ઓર જાન વાળને હાતેં રે હે,હૂં
વેય ઉપવાસ કરે સકે હે;હાં ઝાં હોંદો ઓર એનન
હાતે હે,તાં હૂંદ વેય ઉપવાસ નેં કરે સકે| 20 પુંણ
વેયા દાડા આવહે ઝર ઓર એનથી જુદો કરે દેવાહે;
*હેંને વખત વેયા ઉપવાસ કરહે | 21 નવા કાપડનું
થીગળું જુંન સિસર મ કુંઈ નહે લગાડતું,નેં તે વેયું
થીગળું જુંનામથી થુંડુંક કેંસેં લેંહે, નેં નવું જુંના કરત
અને વેયું પેલ કરત વદારે ફાટે જાહે |" 22 નવા
દાખરસ ને જૂની મશક [સામડા ની થેલી] મ કુઈ
નહે રાખતું, નેં તે દાખરસ મશક નેં ફાડ દડહે, અને
દાખરસ અને મશકે બે નાશ થાએ જાહે; પું ણ નવો
દાખરસ નવી મશક મ ભરવામ આવે હે ; 23 એવું
થાયું કે ઈશુ વિશ્રામ વારે ખેતર મ થાએનેં જાએ
રેંયો હેંતો, અને એના સેલા સાલતા જાએનેં કણહ
તોંડવા મંડયા| 24 "તર ફરિસીયે ઈશુને કેંદૂ,"ભાળ
ઈયા વિશ્રામ વારે વેયું કામ હુંકા કરે હે ઝી ઠીક નહે

? 25 "ઈશુવે ફરીસીયને કેંદૂ,""હું તમે આ કેંર નહે
વાસ્યું કે ઝર દાઉદ ને જરૂર પડી,અને ઝર દાઉદ
અને એ ના હાત વાળા ભૂખા થાયા, તર દાઉદે હું
કરું હેતું ? 26 "એને કેંકેંમ અબિયાતાર મુખી સેવક
ના સમયે,પરમેશ્વરના ભવન મ જાએને અર્પણ ની
રુટજ્યી ખાદીઝેનું ખાવું સેવકને સોંડેને બીજું કુઈને
તાજું નહે,અને એના હાત વાળને હુંદી આલી ?
27 તર ઈશુવે એનને કેંદૂ,"વિશ્રામ વાર મનખ હારું
બણાવામ આયો હે,નહે કે મનખ વિશ્રામ વાર હારું
| 28 "એતરે માણસ નો બેટો વિશ્રામ વારનો હુંદો
પરભુ હે |

3 1 ઈશુ ફેર પ્રાર્થના ભવન મ જ્યો, તાં એક
માણસ હેતો ઝેનો હાથ હુકાએ જ્યો હેતો ,
2 અને ફરિસી ઈશુ ઈપેર દોષ લગાડવા હારુ ઈશુ
ની ઘાત મ લાગેલા હેંતા કે ભાળે ઈશુ વિશ્રામ વારે
હુકાએલા હાથ વાળાને હાજો કરહે કે ને કરે |*
3 ઈશુવે હુકાએલા હાથ વાળા માણસ ને કેદૂ,"વસમ
ઈબો થા |" 4 "અને એનન કેંદૂ;"હું વિશ્રામ વારે
ભલું કરવું તાજું હે કે ભૂંડું કરવું, જીવને બસાવવો
કે મારવો ?"" પૂણ વેયા સપ રયા |" 5 " ઈશુવે
એનના મન ની કઠણતા થી દુઃખી થાએને,એનને
ગુસ્સા થી ચારે બાજુ ભાળું, અને હેના માણસ ને
કેંદૂ, ""પુંતાનો હાથ લાંબો કર"" એને લાંબો કરો,
અને એનો હાત હાજો થાએજ્યો |" 6 તર ફરિસી
બારત જાએને તરત હેરોદિયને હાતે ઈશુ ના વિરુદ્ધ
મ ગુંઠમણી કરવા મંડ્યા*કે ઈશુને કેંવી રીતેં નાશ
કરવો | 7 ઈશુ પૂતાન સેલને હાતે દરિયા ને મએ
જાતોર્યો: અને ગલીલ થકી એક મોંટી ભીડ ઈશુને
વાહે થાએગી, 8 "અને યહૂદિયા, અને યરુશલેમ,
અને ઈદૂમિયા, અને યર્દન નદી ને પેલે પાર થકી,
અને સૂર અને સૈદા ને આજૂ બાજૂ થી એક મોંટી
ભીડ એમ હામળેને કે ઈશુ કેવ મૂટ કામ કરે હે,
ઈશુને ટિકે આવી | 9 "ઈશુવે એન સેલને કેંદૂ ,
ભીડ ને લેંદે એક નાની નાવ મારી હારૂ તિયાર રે
એતરે કે ભીડ મને ઢાકે નેં સકે | 10 કેંમકે ઈશુવે
ઘણને હાજ કરય હેત, એને હારું ઝેતર મનખ
મંદવાડ મ હેત, ઈશુને અડવા હારું એને ઈપેર
પડત હેત |* 11 અસુદ્ધ આત્મા હુદી, ઝર ઈશુને
ભાળતી હિતી,તે ઈશુને અગેડે પડે જાતી હિતી,અને
સિસાએને કેંતી હિતી કે તું પરમેશ્વરનો બેટો હે ;*
12 અને ઈશુવે એનને ઘણા સેતવ્યા કે મને પ્રગટ
નેં કરતા વેહ |* 13 ફેર ઈશુ ડુંગોર ઈપેર સડેજ્યો,
અને ઝેને ઈયો પસંદ કરતો હેતો હેનને એને કન
બુંલાયા,અને વેયા ઈશુ કને આયા |* 14 તર ઈશુવે
બાર માણસ ને અલગ કરા કે વેયા ઈશુને હાતે હાતે
રે,અને ઈશુ એનને મોંકલે કે વેયા પરસાર કરે ,*
15 અને ભૂતને કાડવાનો અધિકાર રાખે | 16 વેયા
આ હે, શમોન ઝેનું નામ ઈશુવે પતરસ રાખ્યુ
,* 17 અને જબ્દી નો સોંરો યાકૂબ અને યાકૂબનો
ભાઈ યૂહન્ના, ઝેનું નામ ઈશુવે બુઅનરગિસ એતરે
[ગર્જના સુંરા] રાખ્યું , 18 અને અન્દ્રિયાસ, અને
ફિલિપ્પુસ, અને બરતુલ્મેઅ, અને મત્તી, અને થુંમો,
અને હલફઈ નો સોંરો યાકૂબ,અને તદ્દેઅ, અને
શમોન કનાની , 19 અને યહુદો ઈસ્કરિયોતી ઝેને
ઈશુન હવાડ હોંદો દેદો | 20 તર ઈશુ ઘેરમ આયો :
અને ઈવી ભીડ ભિગી થાએગી કે, ઈયા રૂંટો હુદો
ને ખાએ શક્યા | 21 ઝર એન પરિવાર વાળે એમ
હામળું, તે વેય ઈશુને હાવા હારું નકળ; કેંમકે વેય
કેંત હેંત કે એનું મગજ ઠેકણે નહે | 22 શાસ્ત્રી હુંદા
ઝી યરુશલેમ થકી આયા હેતા, એમ કેંતા હેંતા,
"એનામ ભૂત હે," અને "વેયો ભૂત ના અગવા ની
મદદ થકી ભૂતને કાડે હે | 23 એતરે ઈશુ એનને ટીકે
બુંલાવેનેં દાખલમ કેંવા મંડ્યો,* "ભૂત કિવી રીતેં
ભૂત ને કાડે સકે ? 24 કદાસ કયાક રાજ્ય મ ફૂટ
પડે, તે વેયું રાજ્ય કિવી રિતેં ટકી રે સકે ? 25 અને
કદાસ કયાક ઘેરમ ફૂટ પડે,તે વેયું ઘેર કિવી રિતેં રે
સકે ? 26 એતરે કદાસ ભૂત પુંતે વિરુધી થાએને
પુતાનામ ફૂટ નાખે, તે વેયો કિવી રિતેં બણે રે સકે
હે ? એનું તે મટે જાતું | 27 "પુંણ કુંણેક મનખ કયાક
બળવાન ના ઘેરમ ભરાએન એનો માલ નહે લુટે
સકતું, ઝાં તક કે વેયો પેલ બળવાન ને બાંદે ને
લે, અને તર એના ઘેરને લૂંટે લેહે | 28 હૂં તમને
હાસ્સું કું હે કે મનખ ના પરિવાર ના બદ્દા પાપ
અને નિંદા ઝી ઈય કરે હે, માફ કરાહે ," 29 "પુંણ
ઝી કુઈ પવિત્ર આત્માને વિરુધ નીંદા કરે,ઈયુ કેર
બી માફ નેં કરાહે* : પુંણ વેયું હમેશા ના પાપ નો
દોષી થાએજાએ હે | 30 કેંમ કે ઈયા એમ કેંતા હેતા
કે એનામ અસુદ્ધ આત્મા હે | 31 તર ઈશુ ની માં
અને એના ભાઈ આયા, અને બારત ઈબ રેને ઈશુને
બુલાવા હારું મુકલ્યો| 32 "ભીડ ઈશુને આજુ બાજુ
બિઠીલી હિતી, અને એનએ ઈશુને કેંદૂ"ભાળ તારી
માં અને તારા ભાઈ બારત તને જુંવે હે | 33 "ઈશુવે
એનન જવાબ આલ્યો "મારી માં અને મારા ભાઈ
કુંણ હે ? 34 અને હેનમએ ઝી એને આજુ બાજુ બેંઠ
હેત,નજર કરેને કેંદૂ,"ભાળો' મારી માં અને મારા
ભાઈ આ હે | 35 "કેંમકે ઝી કુઈ પરમેશ્વર ની ઈચ્છા
ઉપર સાલે, ઈયસ મારા ભાઈ, અને મારી બેંન, અને
મારી માં હે |

4 1 ઈશુ ફેર દરિયા નિ ઘેડે ભાષણ આલવા
લાગ્યો : અને ઈવી ભીડ ઈશુ કને ભીગી
થાએગી કે, ઈશુ દરિયા મ એક નાવ ઈપેર સડેને
બેહેજ્યો, અને આખી ભીડ જમી ઈપેર દરિયાને

ઘેડે ઉબી રી |* 2 અને ઈશુ એનને દાખલ મ ઘણી
બદી વાતેં હિકાડવા મંડ્યો,* અને એના ભાષણ મ
એનન કેંદૂ , 3 "હામળો! એક વાવનાર બી વાવવા
નકળો | 4 વાવત સમયે થુંડુંક વાટ ને મેરે પડું અને
પંખી આવેને વેણે ખાએજ્ય | 5 થુંડુંક પાણ વાળી
જમીમ પડું ઝાં એને ઘણી ગાર ને મળી,અને ઉંડી
ગાર ને મળવા થકી જલ્દી ઉગે આયું , 6 અને
ઝર દાડો નકળો તે બળેજ્યું, અને મૂળ નેં જાવાને
કારણે હુકાએજ્યું | 7 થુંડુંક ઝાડજ્યી મ પડું, અને
ઝાડજ્યી વદેને એનેં દાબેદદૂ, અને ઈયુ ફળ નેં લાયું|
8 પુંણ થુંડુંક તાજી જમીમ પડું, અને ઉગ્યું અને વદેને
ફળવન થાયું, કુઈ ત્રિસ ગણું,કુઈ હાએઠ ગણું,અને
કુઈ હો ગણું ફળ લાયું |* 9 " તર ઈશુવે કેંદૂ, "ઝેનેં કન
હામળવા હારું કાન્દડા વેહ ,તી હામળેં લે | 10 ઝર
ઈશુ એખલો રેજ્યો,તે એના હાત વાળે પેલા બાર
ને[સેલા]હાતે ઈશુને એન દાખલ ના બારામ પુછું|
11 ઈશુવે એનને કેંદૂ, "તમને તે પરમેશ્વર ના રાજ્ય
ના ભેદ ની હમજ આલીલી હે, પૂણ બારત વાળ
હારુ બદ્દી વાતેં દાખલમ થાએ હે | 12 "એતરે હારું
કે "વેયા ભાળતા જાએને ભાળે અને એનને જાણ
ને પડે,અને હામળતા જાઈને હામળે હુદા અને ને
હમજે; એવું ને થાએ કે ઈયા ફરે, અને માફ કરે
દેવાએ | 13 "ફેંર ઈશુવે સેલનેં કેંદૂ, ""હું તમોં આ
દાખલો નહે હમજતા? તે ફેંર બીજા સબ દાખલ
ને કેંકેંમ હમજહો?" 14 વાવવા વાળો વચન વાવે
હે |* 15 ઝી રસ્તા ને મેરી નું હે ઝાં વચન વવાએ
હે, ઈ વેયું હે કે ઝર એનએ હામળું,તે ભૂત તરત
આવેને વચન ને ઝી એનમ વાઈવું હેતુ, લેં જાએ હે
| 16 હેમેસ પાણ વાળી જમી મ વવાએ હે,ઈ વેયું હે
ઝી વચન ને હામળેને તરત આનંદથી ગરહણ કરેલે
હે| 17 પુંણ પુતાને મએ મૂળ ને રાખવાને લેંદે થકી
વચન થુંડકેંસ દાડ હારું રે હે; હેંના પસી વચન નેં
લેંદે એનન ઈપેર દુઃખ નેં તે સતાવ થાએ હે,તે વેય
તરત ઠૂંકર ખાએ હે 18 ઝી ઝાડજ્યી મ વવાએલું
ઈ વેયું હે, ઝેંનએ વચન હામળું , 19 અને દુનિય
ની ચિન્તા, અને ધન ની માયા, અને બીજી-બીજી
વસ્તુ નો લોબ એનમ ભરાએને વચન ને દાબે દે
હે અને વેય ફળા વગર રે જાએ હે | 20 અને ઝી
તાજી જમી મ વવાએલું ઈ વેયું, ઝી વચન હામળેને
ગરહણ કરે અને ફળ લાવે હે: કુઈ ત્રિસ ગણું, કુઈ
હાએટ ગણું અને કુઈ હો ગણું " 21 ઈશુવે એનન
કેંદૂ,"હું દીવા ને એતરે લાવે હે,કે ટુંપલા કે ખાટલા
ને હેટણ મેંલાએ ?હું એતરે હારું નહે કે ઉસાઈ
મ મેંલાએ ? 22 કેંમકે કુઈ બી વસ્તુ ઓઠી નહે,
પુંણ એતરે હે કે ભળાએજાએ, અને નેં કઈ સાનું
હે, પુંણ એતરે હારું હે કે ભળાએ જાએ | 23 "હાં
કેંનેંક ને હામળવાના કાન્દડા વેહ, તે વેય હામળે
લે | 24 ફેર ઈશુવે એનન,કેદું "ધિયાન રાખો કે હું
હામળો હે, ઝેના માપ થી તમોં માપો હે વેના
થિસ તમારે હારું માપવામ આવહે; અને તમને
વદારે આલવામ આવહે | 25 કેંમકે ઝેને કન હે,એને
આલવામ આવહે;અને ઝેને કન નહે,એને કને થી
વયું બી ઝી કઈ હે, લેંલેંવામ આવહે " 26 "ફેર ઈશુવે
કેંદૂ, ""પરમેશ્વરનું રાજય એવું હે,* ઝેંમ કુઈ મનખ
જમીમ બી નાખે ," 27 અને રાતે હુવે અને દાડે
જાગે, અને વેયું બી એમ ઉગે અને વદે કે મનખ
ને જાણે | 28 ધરતી આપું આપ ફળ લાવે હે, પેલ
ધરહો, તર કણહ, તર કણહ મ તિયાર દાણા |
29 પુંણ ઝર દાણા પાકે જાએ હે, તર મનખ તરત
દાતિડું લગાડે હે, કેંમકે કાપણી આવે ગઈ હે | 30 ફેર
ઈશુવે કેંદૂ,હમું પરમેશ્વર ના રાજ ની બરાબરી હેના
થી કરજ્યે,અને કઈના દાખલા થી ઉકેલ કર્જ્યે?
31 ઈયુ રાઈ ના દાણા ને જેવું હે : ઝર જમીમ વાવે
દેવાએ હે તે જમીમ બદ્ બી થકી નાનું બી હે ,
32 "પુંણ ઝર વાઈવું, તે ઉગેને બદ્દા સુંડ કરત મુટું
થાએ જાએ હે, અને ઈની ઈવી મુટી ડાળજ્યી નકળે
હે, આકાશ ન પંખીડ એના સાએલા મ વસવાટ
કરે હે | 33 ઈશુ એનને એને જિવા ઘણા બદા
દાખલા આલે-આલેને એનની હમજ ને જેમ વચન
હમળાવતો હેતો, 34 અને વગર દાખલો કેંદે ઈશુ
એનને કઈસ નેં કેંતો હેતો, પુંણ હુનવેણ મ ઈશુ એન
સેલને બદ્દી વાત નો અર્થ વતાડતો હેત 35 "એનેસ
દાડે ઝર હાંજ પડી, તે ઈશુવે સેલને કેંદૂ, "આવો,
આપું પેલે પાર જાજ્યે | 36 અને વેયા ભીડને સુંડેને
ઝેવો ઈયો હેતો, હેવોસ એને નાવમ હાતે લે જ્યા;
અને એને હાતે બીજી હુદી નાવે હિતી | 37 તર મુટું
કુઓણું આયુ, અને ઝાબોળે નાવમ આં તક વાગી
કે નાવ પાણી થકી ભરાએ જાવા લાગી | 38 "પુંણ
ઈશુ પુતે વાહલા ભાગ મ ઉસીકો મેલેને હુતો હેતો|
તર સેલએ ઈશુને જગાડેને એને કેંદૂ,""એ ગરુ, હું
તને સિન્તા નહે કે હમુ નાશ થાવા જાએરયા હે ?
39 "તર ઈશુવે ઉઠેને કુંઓણા ને વળગ્યો, અને દરિયા
ને કેંદૂ,"ટાડો રે,થમે જા!"" અને કુઓણું થમે જ્યુ
અને મુંટી શાંતિ થાઈ ગઈ ;" 40 "અને સેલને કેંદૂ,
""તમોં હુંકા સમકો હે? હું તમને હજુ હુંદો વિશ્વાસ
નહે ? 41 "ઈયા ઘણાસ સમકે જ્યા એન એનમ
બુંલ્યા,""આ કુંણ હે કે કુઓણું અને પાણી હુદું ઈની
કેવું માને હે ?

5 1 ઈયા દરિયાને પેલે પાર ગિરાસેનીયો ના દેશ
મ પોત્યા , 2 ઝર ઈશુ નાવમ હી ઉતરો તે તરત
એક માણસ ઝેનામ અસુદ્દ્ધ આત્મા હિતી, માહણ
મહો નકળેને ઈશુંનેં મળો | 3 વેયો માહણમ રેતો

હેતો અને કુઈ એને હાકોળે થકી હુદુ બાંદે નેં સકતું
હેતું , 4 કેંમકે ઈયો વારે ઘડી નાડજ્યે અને હાકોળે
થકી બાંદવામ આયો હેતો,પુંણ એને હાકોળને તુંડે
દડજ્યી અને નાડજ્યી ના ટુકડા-ટુકડા કરે નાખ્યા
હેતા, અને કુઈ એને કાબૂમ ને કરે સકતુ હેતુ |
5 ઈયો લગધરો રાત દાડો માહણમ અને ડુંગોરમ
સિસાતો અને, પુતાને પાણ થકી ઘાયલ કરતો હેતો|
6 ઈયો ઈશુને સિટી હી ભાળેને દોડ્યો, ઈશુને પોગે
લાગ્યો , 7 "અને જોંર થી સિસાએને કેંદૂ,""હે ઈશુ,
પરમપ્રધાન પરમેશ્વરના બેટા મારે તારી થી હું
કામ? હૂં તને પરમેશ્વર ના સોગન્ધ આલું હે કે મને
દુઃખ નહે આલે | 8 "કેમકે ઈશુવે એને કેંદૂ હેતુ, ""હે
અસુદ્ધ આત્મા, એના માણસ મથી નકળે આવ !
9 "ઈશુવે એનાને પૂછું, ""તારું હું નામ હે?"" એને
ઈશુને કેંદૂ, ""મારું નામ સેના હે, કેંમકે હમું ઘણ હે
| 10 "અને એને ઈશુ થી ઘણી અરજ કરી, ""હમને
આ દેશ મ થી બાર નહે મુકલે | 11 તાં ડુંગોર ઈપેર
ભુંડણ નો એક મોંટો ટુંળો સરતો હેતો | 12 ભૂતડે
ઈશુ થકી અરજ કરેને કેંદૂ, "હમને પેલ ભુંડણ મ
મુકલે દે કે હામું એનન મએ જાજ્યે ; 13 "અને
ઈશુવે એનન જાવા કેંદૂ અને અસુદ્ધ આત્મા નકળેને
ભુંડણ મ ભરાએગી, અને ટૂળો, ઝી કઈક બે હજાર
નો હેતો, ડુંગોર ઈપર થી ઘહકેને દરિયામ જાએ
પડ અને બૂડે મર | 14 ભુંડણ ના ગુંવાળએ નાહેને
બજારમ અને ગામ મ હમિસાર હમળાયો, અને ઝી
થાયું હેતું મનખ એને ભાળવા આય | 15 ઈશુ કને
આવેને વેય એને ઝેનામ દુષ્ટ આત્મા હિતી, મતલબ
ઝેનામ સેના ભરાઈ હિતી, કપડ પેરેલ અને ભાંડ
મ બેઠેલો ભાળેને સમકેજ્ય | 16 ભાળવા વાળે
એનું, ઝેનામ દુષ્ટ આત્માએ હિતી, અને ભુંડણ ની
આખી વાત અનને કરે હમળાવી | 17 તર વેય ઈશુ
થકી અરજ કરને કેવા મંડ્ય કે હમારી હીમ મથી
જાતોરે | 18 "ઝર ઈશુ નાવ મ સડવા મંડ્યો તે વેયો
ઝેનામ પેલ દુષ્ટ આત્માએ હિતી,ઈશુ થકી અરજ
કરવા મંડ્યો "" મને તારી હાતે રેવા દે | 19 "પુંણ
ઈશુવે હેને પરવંગી નેં આલીને હેને કેદૂ,"તારે ઘેર
જાએને તાર સંબંધીય ને વતાડ કે તારી ઈપેર દયા
કરેને પરભુવે તારી હારું કેવ મોંટ કામ કરય હે |
20 ઈયો જાઈને દિકાપુલીસ*[દસ નગર] મ ઈની
વાત નો પરસાર કરવા મંડયો કે ઈશુવે મારી હાતે કેવ
મોંટ કામ કરય; અને બદ્ મનખ વિસાર કરત હેત
| 21 ઝર ઈશુ ફેર નાવ થી પેલે પાર જ્યો, તે એક
મુંટી ભીડ ઈશુ કને ભીગી થાઈ ગઈ, ઈયો દરિયા ને
ઘેડેસ હેતો કે|* 22 યાઈર નામનો પ્રાથના ભવન ના
અધિકારજ્ય*મનો એક આયો, અને ઈશુને ભાળેને
ઈશુન પોગમ પડયો , 23 "અને એમ કેં ને ઈશુ થકી
અરજ કરી, ""મારી નાની સુરી મરવા પડી હે : તૂ
આવેને એને ઈપેર હાત મેંલ કે ઈયે હાજી થાએને
જીવતી રે | 24 તર ઈશુ એને હાતે સાલ્યો; અને
મુંટી ભીડ ઈશુને હાતે થાએગી,આં તક કે મનખ
ઈશુ ઈપેર પડે જાત હેત | 25 એક બજ્યેર હિતી,
ઝેને બાર વરસ થી લુઈ સાલવાની* બિમારી હિતી
| 26 હીની બજ્યેરે ઘણ ડોક્ટર થકી મુંટુ દુઃખ ઝેલું,
અને પુતાનું બદ્દુ ધન ખરસ કરવા થકી હુંદો કઈસ
ફાએદો ને થાયો, પુંણ વદારે બિમાર થાએ ગઈ |
27 ઈયે ઈશુ ની સરસા હામળેને ભીડ મ ઈશુને વાહે
હી આવી અને ઈશુન કપડને અડે લેદૂ | 28 "કેંમકે
ઈયે કીતી હીતી,"અગર હું ઈશુન કપડનેસ અડે
લે,તે હાજી થાએ જએ | 29 અને તરત એનું લુઈ
સાલવાનું બંદ થાએ જ્યું, અને પુતે એના શરીર મ
જાણે લેંદૂ કે હૂં પીલી બીમારી થી અસલ થાએ ગઈ
હે | 30 "ઈશુવે તરત એનામ જાણે લેંદૂ કે મારા મહી
સામ્રત નકળી હે,અને ભીડ મ વાહે ફરને પૂસું,માર
કપડ ને કુણ અડ્યુ ? 31 "ઈશુન સેલવે ઈશુને કેંદૂ,"તું
ભાળે હે કે ભીડ તારી ઈપેર પડે હે, અને તું કે હે
કે કુંણ મને અડું ? 32 તર ઈશુવે હેને ભાળવા હારું
ઝેને આયુ કામ કરું હેતુ, ચારે મેર નજર કરી | 33 તર
વેયી બજ્યેર ઈયુ જાણેને કે મારી કીવી ભલાઈ થાઈ
હે, સમકતી અને ફફડતી જાએને આવી,અને ઈશુન
પોગમ પડેને ઈશુને બદ્દી વાત હાસી-હાસી કેં દેંદી
| 34 "ઈશુવે બજ્યેરને કેંદૂ, "બીટી તારે વિશ્વાસે
તને હાજી કરી હે શાંતિ થી જા, અને તારી આ
બિમારી થી વસે રે | 35 "ઈશુ એમ કેંસ રેંયો હેતો
કે પ્રાર્થના ભવન ના અધિકારી ના ઘેર હ મનખએ
આવેને કેંદૂ, ""તારી સુરી તે મરે ગઈ, હાવું ગરુ ને
હુંકા તખલીબ આલે હે ? 36 ઝી વાત વેયા કેંતા
હેતા, હેને ઈશુવે ધિયાન ને કરેને, પ્રાર્થના ભવનના
અધિકારીને કેંદૂ, "નહે સમકે; ખાલી વિશ્વાસ રાખ
|" 37 અને ઈશુવે પતરસ અને યાકુબ અને યાકૂબ
ના ભાઈ યૂહન્નાને સુડેન, બીજા કુઈને પુંતાને હાતે
આવવા ને દેદૂ | 38 પ્રાર્થના ભવન ના અધિકારી
ના ઘેર મ પોતેને, ઈશુવે મનખને જેંરેં ગાંગરત અને
સિસાત ભાળ | 39 "તર ઈશુવે મએ જાએને હેનન
કેંદૂ,""તમોં હુંકા બકોર કરો અને ગાંગરો હે?સુરી
મરી નહે,પુંણ હુતી હે| 40 વેય ઈશુની મશ્કરી કરવા
મંડ્ય, પુંણ ઈશુવે બદ્દને કાડેને સુરી ન માં બાપ ને
અને એના હાત વાળનેં હાતે મએ, ઝાં સુરી પડી
હિતી, જ્યો | 41 "અને સુરીનો હાત હાએને હેને
કેંદૂ, "તલીતા કૂમી!" ઝેનો અરથ હે,"એ સુરી, હૂં તને
કું હે, ઉઠ ! 42 અને સુરી તરત ઉઠેને હરવા-ફરવા
મંડી; કેંમકે વેયે બાર વરસ ની હિતી | આને ઈપેર
મનખ ઘણ વિસાર મ પડે જ્ય | 43 " ફેર ઈશુવે

હેનન સેતવેને હુકમ આલું કે આ વાત કુઈ જાણે ને
સકે અને કેંદૂ,""સુરીને કઈક ખાવા આલો |
6 1 તાંહો નકળેને ઈશુ પુતાના ના દેશ* મ
આયો, અને ઈશુના સેલા હુદા એને વાહે જ્યા
| 2 વિશ્રામ વારે*ઈશુ પ્રાર્થના ભવન મ ભાષણ
આલવા મંડ્યો, અને ઘણ બદ મનખ વિસાર કરત
થાએ જ્ય,અને કેંવા મંડ્ય,"એને આ વાતે કાં થકી
આવી ગઈ? આ કઈનું જ્ઞાન હે ઝી એને આલાવામ
આયુ હે? કેંવ સામ્રત ન કામ એન હાથ થી પ્રગટ
થાએ હે ? 3 હું આ વયો હુતાર નહે, ઝી મરિયમ
નો સુંરો, અને યાકુબ, યોસેસ, યહુદા, અને શમોન
નો ભાઈ હે? હું ઈની બુંને આં આપડ વસમ
નહે રીતી? એતરે એનએ ઈશુ ના બારામ ઠોંકર
ખાદી | 4 "ઈશુવે એનન કેંદૂ,"ભવિષ્યવક્તા નો
પુતાના દેશ,અને પુતાનું કુટુમ, અને પુતાના ઘેર
ને સોડેને,બીજે ખેતું ને નકાર નહે થાતો | 5 ઈશુ
તાં કઈ સામ્રત નું કામ નેં કરે સક્યો,ખાલી થુંડકેંસ
બિમાર ઈપેર હાત મેલેને એનને હાજ કરય |
6 અને ઈશુને મનખના અવિશ્વાસ ઈપેર વિસાર
થાયો,અને ઈશુ સારે મેર ન ગામ મ ભાષણ કરતો
ફર્યો|* 7 ઈશુવે બાર સેલને એનેંકન બુંલાયા*અને
એનને બે બે કરેને મોંકલવા મંડ્યો; અને એનને
અસુદ્ધ આત્મા ઉપર અધિકાર આલ્યો | 8 ઈશુવે
એનને હુકમ આલ્યું, "રસ્તા હારું લાખડી સોડેને
બીજું કઈસ નેં લો; નેં તે રૂંટો, નેં ઝુળી, નેં પાગીટ
મ પઈસા , 9 પુંણ કાહડ પેરેંલો અને બે બે ઝબ્બા
નહે પેરો |" 10 અને ઈશુવે એનને કેંદૂ,ઝાં ખેતાક
તમો કઈનાક ઘેરમ જો,તે ઝાં તક તાંહા નેં નકળો
તાં તક હેનાસ ઘેરમ રુંકાવો | 11 "ઝીની જગ્યાન
મનખ તમને અવકારે નેંકરે અને તમારી નેં હામળે,
તાંહાં સાલત હાંતે તમાર પાએર ની ધૂળ ખખેર
દડો કે એનની ગવાહ થાએ |""*" 12 તર એનએ
જાએને પરસાર કરો કે મન ફેરવો , 13 અને ઘણી
બદી દુષ્ટ આત્માને કાડી, અને ઘણ બદ બિમાર
ઈપેર તેલ લગાડેને એનને હાજ કરય |* 14 "હેરોદેસ
રાજાવે હુંદૂ ઈશુના બારામ હામળું, કેંમકે એનું નામ
ફેલાએ જ્યુ હેતું, અને એને કેંદૂ, "યૂહન્નો બપ્તિસ્મ
આલવા વાળો મરેલ મહો જીવતો થાએ જ્યો
હે,હેને લેદે એના થકી સામ્રત ન કામ થાએ હે|
15 "બીજ મનખએ કેંદૂ,"આ એલિય્યાહ હે"પુંણ
કઈનક બીજવે કેંદૂ"ભવિષ્યવક્તા નેં તે ભવિષ્યવક્તા
મનો કઈનાક એક ને જેવો હે | 16 "હેરોદેસ રાજાએ
ઈયુ હામળેને કેંદૂ,"ઝેના યૂહન્નાનું માથું મેંહ કપાડૂ
હેતું, હેયોસ જીવતો થાયો હે | 17 હેરોદેસે પુંતાના
ભાઈ ફિલિપ્પુસ ની બઈરી હેરોદિયાસ નેં લેદે, ઝેનેં
થકી એને વિવાહ કર લેંદા હેંતા, મનખ ને મોંકલેને
યૂહન્ના ને હવાડેને જેલ મ દડ દેદો હેતો;* 18 "કેંમકે
યૂહન્નાવે હેરોદેસ ને કેંદૂ હેતું,"પુતાના ભાઈ ની
બઈરી ને રાખવું તારે ઠીક નહે | 19 એતરે હેરોદિયાસ
યૂહન્ના થી વેર રાખતી હિતી અને એમ સાહતિ
હિતી કે એને મરાવ દડે; પુંણ હેમ નેં થાએ સક્યું ,
20 કેંમકે હેરોદેસ યૂહન્નાને ધર્મી અને પવિત્ર માણસ
જાણેને એને થી સમકતો હેતો, અને યૂહન્નાને
બસાવે રાખતો હેતો, અને ઈની વાતે હામળેને ઘણો
ઘબરાતો હેતો, પુંણ ખુશી થી હામળતો હેતો |
21 અસલ મોંખો આયો ઝર હેરોદેસે એના જનમ
દાડે પુતાના અધિકારી અને મુખી આદમી અને
ગલીલ ન મોંટ મનખને હારું જમણ વાર કરું |
22 "તે હેરોદિયાસ ની સુરી મએ આવી, અને નાસેને
હેરોદેસ અને એને હાતે બેહવા વાળને ખુશ કરય,
તે રાજાવે સુરીને કેંદૂ,"તું ઝી સાહે મને થકી માંગ
હું તને આલે | 23 અને સૂરી થકી હમ ખાદા,"હું
મારું અરદૂ રાજ તક ઝી કઈ તું મને થકી માંગહે
હું તને આલે ; 24 "ઈનીવે બારત જાએને ઈની માં
ને પૂછુ,"હું હૂં માંગુ માં બુંલી,"યૂહન્ના બપ્કિતસ્મ
આલવા વાળાનું માથું| 25 "સૂરી તરત રાજા કને મએ
આવી અને એને થી અરજ કરી,"હું સાહું હે કે
તું હમણ યુહન્ના બપ્તિસ્મ આલવ વાળા નું માથું
એક થાળ મ મંગાડ લે | 26 તર રાજા ઘણો દુઃખી
થાયો, પુંણ એના હમ ને લેદે અને હાતે બેહવા
વાળ ને લેદે એને ટાળવા નેં સાઈહો | 27 અને
રાજાવે તરત એક જલ્લાદ[ફાંસી આલવા વાળો] ને
હુકમ આલેને મોંકળ્યો કે યૂહન્નાનું માથું કાપે લાવે
| 28 જલ્લાદે જેલ ખાનામ જાએને યૂહન્નાનું માથું
કાઈપું, અને એક થાળ મ મેંલેને લાયો અને સુરીને
આલ્યું અને સુરજ્યે ઈની માં ને આલ્યું | 29 આયુ
હામળેને યૂહાન્ના ના સેલા આયા,અને ઈની લાશ
ને લે જ્યા અને કબર માં મેંલ્યો | 30 સેલએ ઈશુ
કને ભેગા થાએને, ઝી કઈ એનએ કરું અને હિકાડું
હેતુ, સબ ઈશુને વતાડું | 31 ઈશુવે એનન કેંદૂ,"તમો
પુંતે અલગ કઈનિક હુંની જગ્યા મ જાએને થોડીક
આરમ કરો"કેંમકે ઘણ બદ મનખ આવત જાત હેત,
અને એનન ખાવાનો મોંકો હુંદો નેં મળતો હેતો |
* 32 એતરે વેયા નાવ ઈપેર સડેને, હુંની હટ જગ્યા
મ અલગ જાતારિયા | 33 ઘણવે એનન જાત ભાળેને
વળખે લેંદો, અને બદ બજાર મહ ભેંગ થાએને પોગેં
દોડય અને એન થી પેલ જાએ પોતય | 34 ઈશુવે
ઉતરેંને મોંટી ભીડ ભાળી,અને મનખ ઈપેર દયા
કરી, કેંમ કે વેય એવ ઘેટ ને વાણ્યે હેત,ઝેંનો કુઈ
ગુંવાળ નેંવેહ, અને ઈશુ એનને ઘણી બદી વાતે
હિકાડવા મંડ્યો | 35 ઝર દાડો ઘણો નમેજ્યો,તે
ઈશુના સેલા ઈશુ કને આવેને કેંવા મંડ્યા,"આ

હુંનવેંણ જગ્યા હે, અને દાડો ઘણો નમેજ્યો હે
| 36 "મનખ ને જાવાદે કે સ્યારે મેર ન ગામમ ને
ફળિયામ થી પુંતાને હારું કઈક ખાવાનું વેંસાતુ લે
| 37 "ઈશુવે જવાબ આલ્યો,"તમુસ એનન ખાવા
હારું આલો"સેલવે ઈશુને કેંદૂ"હું અમોં હો દીનાર ની
રોંટ જ્યી વેંસાતી લેંજ્યે, અને એનને ખવાડજ્યે
? 38 "ઈશુવે સેલને કેંદૂ,જાએને ભાળો તમારે કન
કિતરી રોંટજ્યી હે? સેલવે ખબર કરેને કેંદૂ,"પાંચ
અને બે માસલ્જ્યી હુદી | 39 તર ઈશુવે એનન
હુકમ કરું કે બદ્દને લીલા ખોડ મ ટુકડી ટુકડી
કરને બેંહાડ દો | 40 મનખ હો-હો અને પચાસ-
પચાસ ની ટુકડી ટુકડી મ બેંહેજ્ય | 41 ઈશુવે પાંચ
રોંટજ્યી અને બે માસલજ્યી લીદી, અને હરગ
મએ ભાળેને આશિર્વાદ માંગ્યો, અને રોંટ જ્યી
તોડે-તોડેને સેલને આલતો જ્યો કે ઈયા મનખને
આલે,અને વેયે બે માસલજ્યી હુદી વેન બદ્દને
વાટે દીદી | 42 બદ્ ખાએને ધાફેજ્ય , 43 "અને
સેલવે બટક ન બાર ટુંપલ ભરેને ઉપાડ્ય અને કઈક
માંસલ્જ્યી મહુ હુદૂ | 44 ઝેનવે રોંટજ્યી ખાદી,
વેયા પાંચ હજાર આદમી હેતા | 45 તર ઈશુવે તરત
એન સેલને નાવ મ સડવા હારું મજબૂર કર્યા કે
ઈયા એને કરત પેલ, પેલે પાર બેતસેદા મે જાતારે,
ઝાં તક કે ઈયો મનખને વળાવે | 46 એનને વળાવવા
ઈશુ ડુંગોર ઈપેર પ્રાર્થના કરવા હારું જ્યો | 47 ઝર
હાંજ થાઈ, તે નાવ દરિયાને વસમ હિતી, અને ઈશુ
એખલો જમી ઈપેર હેતો | 48 ઝર ઈશુવે ભાળું કે
સેલા એકદમ ઘબરાએ જ્યા હે,કેંમકે પવન એનન
હામું હેતું,તે રાત ના ચોથા પોર ને નજીક ઈશુ દરિયા
મ સાલતો જાએન એનને નેડ આયો; અને એન
થી અગેડ નકળે જાવા હારું સાહતો હેતો | 49 પુંણ
સેલવે ઈશુને દરિયા મ સાલત ભાળેને હમજ્યા કે
ભૂત હે, અને સિસાવા મંડયા | 50 "કેંમકે બદ્દા એને
ભાળેને ઘબરાએ જ્યા હેતા| પુંણ એને તરત એન
હાતે વાતે કરજ્યી અને કેંદૂ,""હિમ્મત રાખો: હૂં હે
;સમકો નહે ! 51 તર ઈશુ એન કને નાવ મ આયો,
અને પવન થમે જ્યું,અને સેલા ઘણા વિસાર કરવા
મંડેજ્યા | 52 સેલા પીલી રોંટજ્યી ના બારામ નતા
હમજ્યા હેતા, કેંમકે એનન મન કઠણ થાએ જ્ય
હેત | 53 ઈયા પાર કરને ગન્નેસરત મ પોક્યા, અને
નાવ ધેડે લગાડી | 54 ઝર ઈયા નાવ મહા ઉતરા,
તે મનખ તરત ઈશુને વળખે ને | 55 આજુ બાજુ
ન આખા દેશ મ દોડ્ય, અને બિમારને ખાટલ મ
નાખેને, ઝાં ઝાં હમિસાર મળો કે ઈશુ હે, તાં તાં લેં
નેં ફરય | 56 અને ઝાં કઈ ઈશુ ગામ મ, બજારમ,
કે ફળજ્યમ જાતો હેતો, મનખ બિમારને બજારમ
મેંલેનેં ઈશુ થી અરજ કરત હેત કે વેય ઈશુન કપડ
ના સેંડાનેસ અડે લેવા દે: અને ઝેતર એને અડત
હેત, બદ્ હાજ થાએ જાત હેત |

7 1 તર ફરિસી અને થુંડાક શાસ્ત્રી ઝી યરુશલેમ
થી આયા હેતા, એન કન ભેળ થાય, 2 અને
એનએ ઈશુન કઈક સેલને અસુદ્દ્ધ મતલબ વગર
ધોંયે હાત* થકી રોંટો ખાત ભાળા- 3 કેંમકે ફરિસી
અને બદ્દા યહૂદી,બાપ-દાદ ના રિવાજ મ સાલે હે
અને ઝાં તક અસલ કરને હાત ધુંએ નહે લેંતા તાં
તક નહે ખાતા ; 4 અને બજાર મહા આવેને, ઝાં
તક ઉન્ગળે નહે લેતા, તાં તક નહે ખાતા;અને ઘણી
બદ્દી બીજી વાતે હે, ઝી એન કને માનવા હારું
આલીલી હે, ઝીવી રીતી વાટકા અને કળજ્યા,
અને તાંબા ન રાસડ ધોવ-માજવ | 5 " એતરે
વેન ફરિસીયવે અને શાસ્ત્રિયવે ઈશુને પુઈસું,"તારા
સેલા હુંકા બાપ-દાદ ના રિવાજ મ નહે સાલ તા,
અને વગર ધુયે હાતે રોંટો ખાએ હે ? 6 ઈશુવે
એનન કેંદૂ,"યાશાયાહવે તમારા ઢોંગયના બારામ
ઘણી અસલ ભવિષ્યવાણી કરી; ઝેવું લખ્યું હે ,
'આ મનખ હોંઠ થકી તે મારું માન કરે હે, પુંણ
એનનું મન મારી થકી સિટી હે |* 7 ઈય બેકાર મારો
ઉપાસ કરે હે, કેંમકે મનખ ના નિયમને ધરમ નો
પરસાર કરેને હિકાડે હે | 8 કેંમકે તમોં પરમેશ્વર
ના નિયમ ને ટાળેને મનખની રિતી ને માનો હે ;
9 ઈશુવે એનને કેંદૂ,"તમોં તમારા રિવાજને માનવા
હારું પરમેશ્વર નું નિયમ કેંવું અસલ તરીકા થી ટાળ
નાખો હે ; 10 કેંમકે મૂસાવે કેંદૂ હે,તારા બાપ અને
તારીમાં નું માર કર,અને ઝી કુઈ બાપ કે માં ને બુરું
કે તેંનેં જરૂર મારે નાખવામ આવે ; 11 પુંણ તમોં
કો હે કે ઝી કુઈ તમારા બાપ કે માં ને કો,'ઝી કઈ
તને મારી થી લાભ મળે સકતો હેતો,વેયું કુરબાન
મતલબ અર્પણ થાએ જ્યું ; 12 તે તમોં એને એના
બાપ કે એની માં ની કઈસ સેવા કરવા નહે દેતા
; 13 ઈવી રીતી તમોં તમારા રિવાજ થી,ઝેને તમે
બણાયો હે,પરમેશ્વર નું વચન ટાળ દો હે;અને એવ
એવ ઘણ બદ કામ કરો હે ; 14 તર ઈશુવે મનખ ને
એને કન બુંલાવેને કેંદૂ,"તમોં બદ્ મારી હામળો ને
હમજો ; 15 ઈવી કઈ વસ્તુ નહે મનખ મ બારત હી
ભરાએને હેને અસુદ્દ્ધ કરે; પુંણ ઝી વસ્તુ મનખ ને
મએ હી નકળે હે, વેયેસ હેને અસુદ્દ્ધ કરે હે ; 16 જો
કેંનેંક હામળવા હારું કાન્દડા વએ તે હામળેલે ;]
17 ઝર ઈશુ ભીડ કને થી ઘેર મ જ્યો, તે એન સેલવે
એના દાખલા ના બારામ ઈશુને પુસ્યું ; 18 ઈશુવે
એનન કેંદૂ,"હું તમોં હુંદા એવા વણા હમજું હે"હું
તમોં નહે હમજતા કે ઝી વસ્તુ બારત હી મનખ ને
મએ જાએ હે, વેયે એને અસુદ્દ્ધ નહે કરે સકતી ;
19 કેંમકે વેયે એના મન મ નહે, પુંણ પેંટ મ જાએ

હે અને સંડાસ મ નકળે જાએ હે; એમ કેંનેં ઈશુવે
બદ્દી ખાવાની વસ્તુને તાજી કીદી ; 20 ફેર ઈશુવે
કેંદૂ,"ઝી મનખ ને મએ હી નકળે હે, વેયે મનખ
ને અસુદ્દ્ધ કરે હે ; 21 કેંમકે મએ હી, મતલબ
મનખ ના મન મ હી, ખરાબ ખરાબ વિસાર,
ખરાબ કામ કરનાર, ચોરી, હત્યા બીજા બઈરા હાતે
સબંધ , 22 લોભ, દુષ્ટતા, કપટ, લુસાઈ,ખરાબ
નજર, નિન્દા,અભિમાન, અને મૂરખ પણું નકળે
હે ; 23 આ બદ્દી ખરાબ વાતે મએ હિસ નકળે હે
અને મનખને અસુદ્દ્ધ કરે હે ; 24 તર ઈશુ તાં થકી
ઉઠેને સૂર અને સૈદા ના દેશ મ આયો;અને એક
ઘેરમ જ્યો અને ઈચ્છા હિતી કે કુઈ નેં જાણે; પુંણ
ઈશુ હતાએ નેં સક્યો ; 25 અને તરત એક બજ્યેર
ઝીની નાની સૂરી મ અસુદ્દ્ધ આત્મા હિતી, ઈશુના
બારામ હામળેને આવી અને ઈશુન પોગમ પડી
; 26 ઈએ યૂનાની અને સુરૂફિનીકી જાતિની હિતી
બજ્યેરે ઈશુ થી અરજ કરી કે મારી સુરી મહી દુષ્ટ
આત્મા કાડે નાખ ; 27 ઈશુવે એનેં કેંદૂ,"પેલ સુરને
ધાપવા દે, કેંમકે સુરનો રોંટો લેંનેં કુતરને અગેડ દડવો
ઠીક નહે ; 28 બજ્યેરે ઈશુને જવાબ આલ્યો,'હાસુ
હે પ્રભુ;તે હુદ કુતર હુદ તે ટેબલ ને નીસ સુરનું
એઠાડૂ ખાએ લેહેં 29 ઈશુવે એનેં કેંદૂ,"ઈની વાત
ને લેંદે જાતી રે;દુષ્ટઆત્મા તારી સુરી મહી નકળે
ગઈ હે ; 30 બજ્યેરે એન ઘેર આવેંનેં ભાળુ કે સુરી
ખાટલા મ પડી હે, અને દુષ્ટ આત્મા નકળે ગઈ
હિતી ; 31 ફેર ઈશુ સૂર અને સૈદા ન દેશ મહો
નકળેને દિકાપુલીસ મ થાએને ગલીલ ના દરિયા કને
પોત્યો ; 32 તે મનખ એ એક બેરાને ઝી તુંતળો હુંદો
હેતો ઈશુ કને લાવેનેં ઈશુ થી અરજ કરી કે એનો
હાત હેનેં ઈપેર મેંલે ; 33 તર ઈશુ હેનેં ભીડ થી
અલગ લેં જ્યો,અને પુંતાની અન્ગળજ્યી હેનાન
કાંદડ મ નાખજ્યી,અને થૂંકેંનેં હેની જીભ ને અડ્યો
; 34 અને હરગ હામું ભાળેને નેંહાકો નાખ્યો ,અને
હેનાને કેંદૂ ,"ઈપ્ફતહ"મતલબ "ખુંલેજા"; 35 એના
કાન્દડા ખુલેંજ્યા ,અને ઈની જીભ ની ગાંઠ હુદી
ખુલેં ગઈ ,અને ઈયો સાફ સાફ બુંલવા મંડ્યો ;
36 તર ઈશુવે એનન સેતવણી આલી કે કુઈ ને નેં
કેંવું ;પુંણ ઈશુવે એનન સેતવણી આલી એતરા ઈયા
વદાર પરસાર કરવા મંડ્યા ; 37 વેય ઘણ વિસારમ
પડેને કેંવા મંડય ,"એને ઝી કઈ કરું બદૂ અસલ કરું
હે ,વેયો બેરને હામળવાની , અને ગુંગ ને બુલવાની
શક્તિ આલે હે ;

8 1 હેન દાડ મ ઝર ફેર મોંટી ભીડ ભીગી થાઈ
,અને હેન કન કઈસ ખાવા હારું નેં હેતું ,તે
ઈશુવે એન સેલને નેંડ બુંલાવેને કેંદૂ , 2 "મને ઈની
ભીડ ઈપેર દયા આવે હે,કેંમકે આ તાણ દાડ થી
બરોંબર મારી હાતેં હે અને એન કને કઈસ ખાવાનું
નહે ; 3 કદાસ હૂં એનન ભુખ ઘેર મોંકલેંદૂ,તે વાટ
મ થાકેંનેં રે જાહે;કેંમકે એનમહ કુઈક કુઈક સિટી
હ આય હે; 4 ઈશુન સેલવે ઈશુને જવાબ આલ્યો
,"આં જંગલ મ ઈતરી રૂટજ્યી કુઈ કાંહી લાવે
કે ધાફે જાએ ; 5 ઈશુવે એનન પૂસ્યું ,"તમારેં કન
કિતરી રુટજ્યી હે" એનવે કેંદૂ ,હાત ; 6 તર ઈશુવે
મનખને જમીમ બેંહવા નું હુંકમ કરું ;અને વેયે હાત
રોંટજ્યી લીદી અને આશિર્વાદ માંગેને તુંડી ,અને
એન સેલને આલતો જ્યો કે મનખને અગેડે મેંલે
,અને સેલએ મનખને અગેડે મેંલું ; 7 એન કને થુડીક
નાની માસલજ્યી હુદી હિતી ;ઈશુવે આશિર્વાદ
માંગેને હેને હુદી મનખને અગેડે મેંલવા હારું કેંદૂ
; 8 વેય ખાએને ધાફેજ્ય અને સેલવે બાકી બટક ન
હાત ટુંપલ ભરને ઉપાડ્ય ; 9 અને મનખ ચાર હજાર
લગ ભગ હેત ;તર ઈશુવે એનન વળાય ; 10 અને
ઈશુ તરત એન સેલને હાતે નાવ મ સડેને દલમનૂતા
પ્રદેશ મ જાતોરયો ; 11 ફેર ફરીસી આવેંને ઈશુ થી
વાદ વિવાદ કરવા મંડ્યા અને ઈશુને પારખવા હારું
ઈશુ થી કઈક હરગ નિશાની માંગી ; 12 ઈશુવે ઈની
આત્મા મ નેંહાકો ભરને કેંદૂ "એના સમય ન મનખ
હુંકા નિશાની જુંવે હે ;હું તમ થી હાસું કું હે કે એના
સમય ન મનખને કઈ નિશાની નેં આલવામ આવે
; 13 અને ઈશુ એનનને સોંડેને ફેર નાવ મ સડે જ્યો
અને પેલે પાર જાતો રયો ; 14 સેલા રુટજ્યી લેવાનું
ભુલેજ્યા હેતા ,અને એન કને એકે સ રુટી હિતી ;
15 ઈશુવે એનન સેતવણી આલી ,"ભાળો ,ફરિસીય
ના ખમીર અને હેરોદેસ ના ખમીર થી સેતેને રો ;
16 ઈયા મનોં મન વિસાર કરેને કેંવા મંડ્યા ,"હમારી
કને રુટજ્યી નહે ; 17 ઈયુ જાણેને ઈશુવે એનન
કેંદૂ ,"તમોં હુંકા મનોં મન વિસાર કરો હે કે હમારી
કને રુટજ્યી નહે ;હું હજુ નહે જાણતા અને નહે
હમજતા ?હું રું મન કડક થાએજ્યું હેતમા? 18 હું
આંખે હોવા સતા નહે ભાળતા ,અને કાન્દડા હોવા
સતા નહે હામળતા ?*,અને હું તમને યાદ નહે
; 19 કે ઝર મેં પાંચ હજાર હારું પાંચ રુટજ્યી
તુંડજ્યી હિતી તે તમે બટકન કેતર ટુંપલ ભરેને
ઉપાડ્ય ;સેલવે કેંદૂ , બાર ટુંપલ ; 20 અને ઝર
ચાર હજાર હારું હાત રુટજ્યી હિતી તે તમે બટકન
કેંતર ટુંપલ ભરને ઉપાડ્ય હેંત ;સેલવે કેં દૂ "હાત
ટુંપલ" ; 21 ઈશુવે એનન કેંદૂ "હું તમોં હજુ હુંદા
નહે હમજતા ; 22 ઈયા બેતસેદા મ આયા ;અને
મનખ એક આંદળાને ઈશુ કને લેં આય અને ઈશુ
થી અરજ કરી કે આં દળાને અડે ; 23 ઈશુ હેંના
આંદળા નો હાત હાએને હેંને ગામ મહી બારત લેં
જ્યો અને હેંની આંખ મ થુંકેને હેને ઈપેર હાત

મેંલ્યા ,અને હેને પુસ્યું ,"હું તું કઈક ભાળે હે? "
24 એને આંખ અદર કરેને કેંદૂ ,"હૂં મનખને ભાળું
હે ;વેય મને સાલત જાઈન ઝાડ ને જેમ ભળાએ
હે ; 25 તર ઈશુવે બીજી વાર હીની આંખ ઈપેર
હાત મેંલ્યા ,અને આંદલે ધિયાન થી ભાળું ;અને
ઈયો હાજો થાએ જ્યો ,અને સબ કઈ સાફ સાફ
ભાળવા મંડ્યો ; 26 ઈશુવે હેને એમ કેંને મોકલ્યો
,"આના ગામ મ પોગ હુંદો નેં મેંલતો વેહ ; 27 ઈશુ
અને એના સેલા કેસરિયા ફિલિપ્પી ના ગામ મ
જાતા રયા ;રસ્તા મ ઈશુવે એન સેલને પુસ્યું ; મનખ
મનેં હું કે હે | 28 સેલવે જવાબ આલ્યો, "યૂહન્નો
બક્તિસ્મ આલવા વાળો ;પુંણ કુંણેક કુંણેક એલિયો
અને કુંણેક કુંણેક ભવિષ્યવક્ત મનો એક હુંદો કે હે
; 29 ઈશુવે એનન પુસ્યું "પુંણ તમોં મને હું કો હે;
"પતરસે ઈશુને જવાબ આલ્યો ,"તું મસીહ હે ;
30 તર ઈશુવે એનને સેતવેને કેંદૂ કે મારા બારા મ
આ કેંનેં નહે કેંતા વેહ ; 31 તર ઈશુ એનને હીકાડવા
મંડ્યો કે માણસ ના બેટા હારું જરૂરી હે કે વેયો
ઘણું દુઃખ ઝેંલે ,અને વડીલ અને મુખી યાજક,અને
શાસ્ત્રી ઈશુને નકમ્મો હમજેને માર નાખે,અને ઈયો
તાણ દાડ બાદ જીવી જાહે 32 ઈશુવે આ વાત એનને
સાપ સાપ કેં દેંદી;આની પેર પતરસ ઈશુને અલગ
લેં જાએને વળગવા મંડ્યો 33 પુંણ ઈશુવે ફરેને એન
પૂતાને સેલ મએ ભાળું ,અને પતરસ ને વળગેને
કેંદુ,"એ શેતાન મારી હામે થી સીટી જા ;કેંમકે તું
પરમેશ્વરની વાત ઈપેર નહે ,પુંણ મનખ ની વાત
ઈપેર મન લગાડે હે ; 34 ઈશુવે ટુંળાનેં પુંતાન સેલને
હાતે ટિકે બુંલાવેને હેનને કેંદૂ,'ઝી કુઈ મારી વાહે
આવવા સાહે,વેહ પુંતાને નકાર કરે અને પુંતાનો
કૂસ તુંકેંનેં મારી વાહે થાએ જાએ | 35 કેંમકે ઝી કુઈ
પુંતાનો જીવ વસાડવા સાહે વેહ હેને ખુંવહે ,પુંણ
ઝી કુઈ મારી અને તાજા હમિસાર હારું પુંતાનો જીવ
ખુંવહે, વેહ હેને વસાડહે | 36 કદાસ મનખ આખી
દુનીયને મેળવે અને પુતાના જીવ નું નુકસન મળે,
તે એને હું ફાયદો થાહે ? 37 મનખ પુતાના જીવ
ને બદલા મ હું આલહે ? 38 ઝી કુઈ આ ખરાબ
વિસારવા વાળી અને પાપી જાતી ને વસમ મને થકી
અને મારી વાતે થકી હરમાહે, મનખ નો બેટો હુંદો
ઝર વેયો પવિત્ર દૂતને હાતે પુંતાના બાપ ની મહિમા
હાતે આવહે, તર હેનથી હુંદો હરમાહે''

9 1 ઈશુવે એનને કેંદૂ, હું તમને હાસું કું હે કે ઝી
આં ઈબ હે એન મન કુઈક- કુઈક એવ હે કે
ઝાં તક પરમેશ્વર ના રાજ ને સામર્થ હાતે આવેલું
નેં ભાળ લે તાં તક મોત નો હવાદ કેંર યે ને સાકહે
|'' 2 સો દાડ ને પસી ઈશુવે પતરસ અને યાકૂબ
અને યૂહન્ના ને હાતે લેંદા, અને હુંનવેણમ કયાક
ઓસા ડુંગોર ઈપેર લેં જ્યો | તાં એનને હામે ઈશુ
નું રુંપ બદલાએ જ્યું , 3 અને ઈશુ નું સિસરું એવું
ભભળવા મંડ્યું અને આં તક ઉજળું થાયું, કે ધરતી
ઈપેર કુઈ ધુબી હુદુ વેવું ઉજળું નહે કરે સકતું |
4 અને એનને મૂસા નેં હાથે એલિય્યાહ ભળાયો,
વેયા યીશુ ને હાથે વાતેં કરતા હેતા | 5 એના ઈપેર
પતરસે ઈશુને કેંદૂ,'હે રબ્બી આપડૂ આં રેવું અસલ
હે:એતરે હારું અમું તાણ મંડપ બણાવજ્યે;એક
તારી હારું,એક મૂસા હારું અને એક એલિય્યાહ,
હારુ |'' 6 કેમકે ઈયો નેં જાણતો હેતો કે હું જવાબ
આલે,એતરે હારું કે ઈયા ઘણા સમકેં જ્યા હેતા |
7 તર એક વાદળે એનને ઘેંર લેંદા ,અને હેના વાદળા
મહો આ શબદ નકળો ,'' આ મારો વાલો બેંટો હે ,
ઈની હામળો |'' 8 તર એનવે તરત સારે-મેર નજર
કરી ,અને ઈશુને સુડેને એનને હાતે બીજું કેંને નેં
ભાળું | 9 ડુંગોર મહો ઉતરતી વખત ઈશુવે એનને
હુકમ કરું કે ઝાં તક મનખ નો બેંટો મરેલ મહો જીવી
નેં ઉઠે ,તાં તક ઝી કઈ તમે ભાળું હે વેયું કેંનેં નેં કેંતા
વેહ | 10 એનવે આની વાત ને યાદ રાખી ,અને એક
બીજાનેં પુસવા મંડ્યા,''મરેલ મહું જીવેં ઉઠવાનું હું
અરથ હે ?'' 11 અને એનવે ઈશુને પૂસ્યું,''શાસ્ત્રી
હુંકા કે હે કે એલિય્યાહ નું પેલ આવવું જરૂરરી હે ?''
12 ઈશુવે એનને જવાબ આલ્યો,''એલિયો ખરેખર
પેલ આવેને બદ્દૂસ હદારહે,પુંણ મનખ ના બેટા
ના બારામ ઈયુ હુંકા લખ્યું હે કે વેયો ઘણું બદ્દૂ દુઃખ
ઝેં લહે, અને નકમ્મો ગણાવામ આવહે ? 13 પુંણ
હું તમને કું હે, કે એલિયો તે આવે સુક્યો ,અને ઝેવું
એના બારામ લખ્યું હે ,એનવે ઝી કઈ સાઈહું એને
હાતે કરું |'' 14 ઝર ઈશુ સેલ કને આયો ,તે ભાળું
કે એનન સારે મેર મુંટી ભીડ લાગી હે અને શાસ્ત્રી
એન હાતે વિવાદ કરે રયા હે | 15 ઈશુને ભાળેને
બદ્ વિસાર કરવા મંડ્ય, અને ઈશુ ને હંમે દોડેને
નમસ્તે કરું| 16 ઈશુવે એનન પુંસ્યુ,''તમોં એન હાતે
હું વિવાદ કરો હે ?'' 17 ભીડ મહી એકે ઈશુને
જવાબ આલ્યો,''હે ગરુ હૂં મારા બેટાને ઝેનામ
ગુંગી આત્મા ભરાએલી હે ,તારી કને લાયો હેતો |
18 ઝાં કઈ એને હાએ હે,તાં દકડે દે હે:અને ઈયો
મોંડામ ફેંહકુંડ ભર દે હે,અને દાત કકડાવે અને
હુકાતો જાએ હે | મેં તાર સેલને કેંદૂ કે ઈયા એને
કાડ દે પુંણ વેયા કાડે નેં સક્યા |'' 19 ઈયુ હામળેને
ઈશુવે એનન જવાબ આલેને કેંદૂ,'હે અવિશ્વાસી
મનખોં હું કાં તક તમારી હાતે રે ?અને કાં તક તમારું
વેંઠે ?એને મારી કન લાવો |'' 20 તર ઈયા હેને ઈશુ
કને લેં આયા:અને ઝર ઈશુવે એને ભાળો,તે હીની
આત્માવે તરત એને અમેળો ;અને વેયો જમી ઈપેર
પડે જ્યો,અને મોંડા થી ફેંહકુંડ કાડતો જાએને જાવા

મંડયો | 21 ઈશુવે સોંરા ના બાપ નેં પૂસ્યું,'ઈની
આ દશા કેંરની હે ?" એને કેંદૂ "નાનપણ થી
| 22 ગુંગી આત્માવે એને નાશ કરવા હારું કેંરક
આગમ અને કેંરક પાણેમ પાડ્યો; પુંણ કદાસ તું કઈક
કરે સકે,તે હમારી ઈપેર લાગણી કરેને હમારી મદદ
કર | 23 ઈશુવે એને કેંદૂ , "કદાસ તું કરે સકે હે ?
આ હું વાત હે ,વિશ્વાસ કરવા વાળ હારું સબ કઈ
થાએ સકે હે |" 24 સુંરા ના બાપે તરત ગરજ કરને
કેંદૂ,"હે પરભુ હૂં વિશ્વાસ કરું હે ,મારા અવિશ્વાસ
નો ઉપાય કર |" 25 ઝર ઈશુવે ભાળું કે મનખ દોડે
ને ભીડ લગાડે હે,તે ઈશુવે અશુદ્ધ આત્માને એમ
કેંનેં વળગ્યો, "હે ગુંગી અને બેરી આત્માં ,હૂં તને
હુકમ કરું હે ,એન મહી નક ળે આવ ,એનામ ફેર
કેંર યે ને ભરાજે |" 26 તર વેયી સિસાએનેં અને
સોંરા ને ઘણો અમેળેને ,નકળે આવી અને સોંરો
મરેલા જેવો થાએ જ્યો ,આં તક કે ઘણ મનખ કેંવા
મંડ્ય કે ઈયો મરેજ્યો | 27 પુંણ ઈશુવે હેનો હાત
હાએને હેને ઉઠાડ્યો ,અને વયો ઈબો થાએ જ્યો |
28 ઝર ઈશુ ઘેરમ આયો ,તે એન સેલવે એખલાને
ઈશુ થી પુસ્યું, "હમૂ એને હુંકા નેં કાડે સક્યા ?"
29 ઈશુવે એનન કેંદૂ ,આ જાતી વગર દુંવા' કઈના
બીજા તરીકા થી નહે નકળે સકતી ; 30 ફેર ઈયા
વાંહાં સાલ્ય,અને ગલીલ મ થાએને જાએ રયા હેતા
| ઈશુ ને સાહતો હેતો કે કુઈ જાણે , 31 કેમકે ઈશુ
પુંતાન સેલને હિકાડતો ભાષણ આલતો અને એનનેં
કેંતો હેતો , "મનખ નો બેંટો, મનખને હાત મ
હવાડવામ આવહે અને વેયા એને માર દડહે; અને
વેયો મરવા ના તાણ દાડ બાદ જીવતો થાએ જાહે |"
32 પુંણ ઈયે વાત એનન હમજ મ નેં આવી ,અને
ઈયા ઈશુને પૂસવા થી સમકતા હેતા | 33 ફેર ઈયા
કફરનહૂમ મ આયા; અને ઘેરમ આવેને ઈશુવે એનન
પૂસ્યું ,રસ્તા મ તમોં કઈની વાત ઈપેર વિવાદ કરતા
હેતા ?" 34 ઈયા સપ રયા ,કેમકે રસ્તા મ એનવે
એક બીજા થી વાદ-વિવાદ કરો હેતો કે આપડા માહુ
મોંટુ કોંણ હે | 35 તર ઈશુવે બેહે ને બાર ને બુંલાયા
અને એન થકી કેંદૂ ,અને કુઈ મોંટુ થાવા સાહે ,તે બદ્
થી નાનો અને બદ્ નો સેવક બણે |" 36 અને ઈશુવે
એક સોંરા નેં લેંને એનન વસમ ઈબો કરયો,અને
હેને ખુળામ લેંનેં એનન કેંદૂ , 37 "ઝી કુઈ મારા
નામ થી એવ સોંરમહું કઈનાક એક નેં બી ગરહણ
કરે હે, વેયો મને ગરહણ કરે હે ,વેયો મને નહે પુંણ
મારા મોંકલવા વાળા ને ગરહણ કરે હે |" 38 તર
યૂહન્ના વે ઈશુ ને કેદૂ,હે ગરુ હમવે એક માણસ ને
તારા નામ થી ભૂત દુષ્ટ આત્મા ને કાડત ભાળ્યો
અને હમુ એને ના કરવા મંડ્યા ,કેમકે ઈયો હમારી
વાહે નેં આવતો હેતો |" 39 ઈશુવે કેંદૂ હેને નહે ના
કરો,કેમકે એવું કુઈ નહે ઝી મારા નામ થી સામર્થ નું
કામ કરે ,અને એક-દમ મને ભુંડું કે સકે , 40 કેમકે
ઝી હમારા વિરુદ્ધ મ નહે ,વેયું હમારી પાકતી હે
| 41 ઝી કુઈ એક કળજ્યો પાણે તમને એતરે પાએ
કે તમોં મસીહ ના હે તે હું તમને હાસું કું હે કે વેયો
પુંતાનું ફળ કઈ બી રિતી નેં ખુંવે | 42 ઝી કુઈ એન
નાન મહુ મારી ઈપેર વિશ્વાસ કરે હે ,કેંનેક ઠુંકર
ખવાડે તે એને હારું ભલું ઈયુ હે કે એક મુંટી ઘટી
નો પોડ એના ગળા મ ટાન્ગવામ આવે અને વેયું
દરિયા મ દડ દેવાએ | 43 અગર તારો હાત તને ઠુંકર
ખવાડે તે હેને કાપે દડ | બુંઠો થાએને જીવન મ
પેંહવું તારી હારું એને કરત ભલું હે કે બે હાત રેંત
નરક ની આગ મ દડ દેવાએ ઝી કેંર ઓંલાવા વાળી
નહે | 44 ઝાં એનો કીડો નહે મરતો,અને આગ નહે
ઓંલાતી | ;] 45 અગર તારો પોગ તને ઠુકર ખવાડે
તે હેને કાપે દડ | લંગડો થાએને જીવન મ પેંહવું
તારી હારું એને કરત ભલું હે કે બે પોગ રેંત બી નરક
મ દડ દેવાએ| 46 ઝાં એનો કીડો નહે મરતો, અને
આગ નહે ઓંલાતી | ] 47 અગર તારી આંખ તને
ઠુકર ખવાડે તે હેને કાડ દડ |કાણો થાએને પરમેશ્વર
ના રાજ મ પેંહવું તારી હારું એને કરત ભલું હે કે બે
આંખે રેંત બી તૂ નરકમ દડ દેવાએ | 48 ઝાં એનો
કીડો નહે મરતો અને આગ નહે ઓંલાતી | 49 કેમકે
હરેક જણ આગ થકી ખાર કરવામ આવહે | 50 લુંણ
અસલ હે પુંણ અગર લુંણ નો હવાદ જાતોરે તે વેને
હેને થકી ખારું કરહો ? પુંતામ લુંણ રાખો ,અને
એક બીજા હાતે હળે મળેને રો |"

10 1 ફેર ઈયો વેહાં થી ઉઠેને યહૂદિયા ની હીમ
મ અને યર્દન ને પાર આયો| ભીડ એને
કને પાસી ભીગી થાએ ગઈ,અને ઈશુ ઈની રીત
નેં અનુસાર એનનેં ભાષણ આલવા મંડ્યો | 2 તર
ફરીસીય વે ઈશુ કને આવેને ઈશુનું પરિક્ષણ કરવા
હારું ઈશુને પુસ્યું , " હું આ ઠીક હે કે આદમી
ઈની બજ્યેર ને સુટી કરે ? 3 ઈશુવે એનન જવાબ
આલ્યો , "મૂસાવે તમને હું આજ્ઞા આલી હે ?
4 એનવે કેંદૂ ,"મૂસા વે શુટા સેડા નું કાગળ લખવા નું
અને શુંડ ,વાની આજ્ઞા આલી હે |" 5 ઈશુવેં એનન
કેંદૂ "તમાર મન ની કઠણતા ને લેંદે એને તમારી
હારું ઈયે આજ્ઞા લખી | 6 પુંણ ધરતી ની સરુવાત
થકી પરમેશ્વરે નર અને નારી કરેને એનન બણાય
હે | 7 એને કારણ મનખ પુંતાના માં બાપ થી જુદ
થાએને પુતાની બજ્યેર ને હાટી રેહે , 8 અને વેય બે
એક શરીર થાહે,એતરે હારું વેય હાવું બે નહે પુંણ
એક શરીર હે| 9 એતરે ઝેને પરમેશ્વરે જુંડ હે હેને
મનખ અલગ નેં કરે |" 10 ઘેર મ સેલવે એના બારા
મ ઈશુને ફેર પુસ્યું | 11 ઈશુવે એનનેં કેંદૂ, 'ઝી કુઈ

પુંતાની બજ્યેર ને સોંડેને બીજી થાકી લગન કરે તે
વે પેલી બજ્યેર ના વિરુદ્‌ધ મ સિનાળવું કરે હે |
12 અને કદાસ બજ્યેર પુંતાના આદમી ને સોંડેને
બીજા થી લગન કરે તે વેયી સિનાળવું કરે હે |"
13 ફેર મનખ નાન સોંરને ઈશુ કને લાવવા મંડ્ય કે
ઈશુ એન ઈપેર હાત મેંલે, પુંણ સેલા એનન વળગ્યા
| 14 ઈશુવે ઈયુ ભાળેને ગુસ્સે થાએને એનન કેંદૂ,
"સોંરને મારી કન આવવા દો અને એનને ના નહે
કરો ,કેમકે પરમેશ્વર નું રાજ એવનુસ હે | 15 હૂં
તમને હાસું કું હે કે ઝી કુઈ પરમેશ્વર ના રાજ ને
સોંરા ને જેમ ગરહણ નેં કરે ,વેયું એમ કેંર યે પેંહે નેં
સકે |" 16 અને ઈશુવે એનન ખુળામ લેંદ ,અને એન
ઈપેર હાત મેંલેને એનન આશિષ આલી | 17 ઝર
ઈશુ વેહાં થી નકળેને રસ્તા મ જાએ રિયો હેતો,તે
એક માણસ ઈશુ કને દોડતો જાએને આયો ,અને
ઈશુને હામે ઢેસુંણ માંડેને ઈશુને પુસ્યું, 'હે ખાસ
ગરુ,અનંત જીવન નો વારસદાર થાવા હારું હૂં હું
કરું ?" 18 ઈશુવે હેનાને કેંદૂ,"તું મને ખાસ હુંકા
કે હે?કુઈ ખાસ નહે,ખાલી એક મતલબ પરમેશ્વર
| 19 તું આજ્ઞાઓં ને તે જાણે હે; 'હત્યા ને કરવી
,સિનાળવું ને કરવું ,સુરી ને કરવી ,ઝૂઠી ગવાહી
નેં આલાવી ,ઠગાઈ નેં કરવી ,માં બાપ નું માન
કરવું |" 20 હેને ઈશુને કેંદૂ , "હે ગરુ એન બદ્દને
હું નાનપણ થી માનતો આયો હે |" 21 ઈશુવે હેને
ઈપેર નજર કરેને હેને થકી પ્રેમ કરયો ,અને હેને
કેંદૂ, 'તારામ એક વાત ની કમી હે | જા, ઝી કઈ
તારું હે વેને વેંસેને ગરીબને આલ ,અને તને હરગ
મ ધન મળહે ,અને આવેને મારી પાછડ થાએજા |'
22 ઈની વાત ઈપેર હેનું મોડું ઉતરે જ્યું ,અને વેયો
મન દુઃખ કરેને જતોર્યો કેમકે વેયો ઘણો ધનવાન
હેતો | 23 ઈશુવે સારે-મેર ભાળેને પુંતાન સેલને કેંદૂ,
'ધનવાન ને પરમેશ્વર ના રાજ જાવું કેંતરું કાઠું હે |"
24 સેલા ઈશુની વાત થકી વિસાર કરતા થાએજ્યા|
એને ઈપેર ઈશુવે ફેર એનન કેંદૂ, "હે બાળકોં, ઝી
ધન ઈપેર ભરોંહો રાખે હે ,હેન હારું પરમેશ્વર ના
રાજ મ જાવું કેંતરું કાઠું હે | 25 પરમેશ્વર ના રાજ
મ,ધનવાન ને જાવા કરત ઊંટ નું હોઈ ના નાકા
મ નકળે જાવું હેલું હે |" 26 ઈયા ઘણાસ વિસાર
મ પડે જાએને હામ હામે કેંવા મંડ્યા ,"તે ફેર કેંનું
તારણ થાએ સકે ?" 27 ઈશુવે એનમએ ભાળેને
કેંદૂ,'મનખ હી તે આ નહે થાએ સકતું,પુંણ પરમેશ્વર
હી થાએ સકે હે ;કેમકે પરમેશ્વર હી સબ કઈ થાએ
સકે હે |" 28 પતરસ ઈશુને કેંવા મંડ્યો ,"ભાળ હમુ
તે સબ કઈ સોંડેને તારી વાહેડે થાએજ્યા હે |"
29 ઈશુવે કેંદૂ ,"હૂં તમને હાસ્સું કું હે કે એવું કુઈ નહે
,ઝેંનેં મારી અનેતાજા હમિસાર હારું ઘેર કેંભાયને
કે,બુંનને કે,માં નેં કે બાને કે,બાળ-બસ્સ ,ખેતર
ને,સોંડ દેદ વેહ, 30 અને હમણ એના સમયે હો
ગણા ને મેળવે ,ઘેર અને ભાઈ અને બુંને અને માંએ
અને બાળ બસ્સ અને ખેતર ને ,પુંણ સતાવ ને હાતે
આવતા કાળ મ અનન્ત જીવન | 31 ;પુંણ ઘણ ઝી
આગલ હે ,વાહલ થાહે ;અને ઝી વાહલ હે,વેય
આગલ થાહે 32 વેયા યરુશલેમ મ જાત રસ્તામ હેતા
,અને ઈશુ એનને અગેડ અગેડ જાએ રેંયો હેતો,સેલા
વિસારમ પડેલા હેતા અને ઝી ઈશુને વાહે વાહે
સાલતા હેત વેયા સમકેંલા હેતા|તર ઈશુ ફેર બાર
ને લેંનેં હેન થી વેયી વાતે કેંવા મંડ્યો ઝી એને ઈપેર
આવવા વાળી હિતી , 33 "ભાળો આપું યરુશલેમ
મ જાજ્યે હે ,અને મનખ નો બેટો મુખી યાજક
અને શાસ્ત્રીય ને ના હાત મ હવાડવામ આવહે,અને
વેયા મોત ને લાગ નો ઠરાવહે ,અને બીજી જાતી ના
હાત મ હોંપહે | 34 વેયા એને મશ્કરી મ ઉડાડહે,
એને ઈપેર થુંકહે ,એને કોડા મારહે અને એને માર
નાંખહે અને તાણ દાડ પસી ઈયો જીવી ઉઠહે |
35 તર જબ્દી નો બેટો યાકૂબ અને યૂહન્નાવે ઈશુ
કને આવેને કેંદૂ, "હે ગરુ, હમું સાહજ્યે હે કે ઝી
કઈ હમું તારી થકી માન્ગજ્યે ,વેયું તું હમારી હારું
કરે |" 36 ઈશુવે એનને કેંદૂ , "તમોં હું સાહો હે
કે હૂં તમારી હારું કરું ?" 37 એનવે ઈશુને કેંદૂ ,
"હમને ઈયુ આલ કે તારી મહિમા મ હમ મહો એક
તારી જમણી અને બીજો ડાબી બાજુ બેંહજ્યે |"
38 ઈશુવે એનને કેંદૂ "તમોં નહે જાણતા કે હું માંગો
હે ?ઝી પિયાલો હૂં પીવામ હે, હું તમોં પી સકો
હે ? અને ઝી બપ્તિસ્મ હૂં લેંવામ હે,હું તમોં લેં
સકો હે?" 39 એનવે ઈશુને કેંદૂ,"હમ થાકી થાએ
સકે હે" ઈશુવે એનન કેંદૂ,"ઝી પિયાલો હૂં પીવામ
હે, તમોં પીઅહો ;અને ઝી બપ્તિસ્મ હૂં લેંવામ હે,
હેને લેંહો | 40 પૂણ ઝેને હારું તિયાર કરેલું હે ,હેનને
સોંડેને બિજૂ કેંને યે મારી જમણી અને મારી ડાબી
બાજુ બેંહાડવું મારું કામ નહે | 41 ઈયુ હામળેને
દસ જણા યાકૂબ અને યૂહન્ના ઈપેર રિહાવા મંડ્યા
| 42 તે ઈશુવે એનને નજીક એન થકી કેંદૂ, "તમોં
જાણો હે કે ઝી અન્ય જાતી નારાજ કરનારા કેંવાએ
હે,વેયા એન ઈપેર રાજ કરે હે;અને એનમ ઝી મોંટા
હે અધિકાર સલાડે હે | 43 પુંણ તમારામ એવું નહે
,હાં ઝી કુઈ તમારામ મોંટુ થાવા સાહે વેયો તમારો
સેવક બણે ; 44 અને ઝી કુઈ તમારામ મુંખી થાવા
સાહે, વેયો બદ્દનો દાસ બણે | 45 કેંમકે મનખ નો
બેંટો એતરે હારું નહે આયો કે ઈની સેવા કરે ,પુંણ
એતરે હારું આયો કે પુંતે સેવા કરે ,અને ઘણને
સુંડાવા હારું પુંતાનો જીવ આલે |" 46 વેયા યરિહો
મ આયા ,અને ઝર ઈશુ અને એના સેલા, અને એક

મુંટી ભીડ યરીહો મહી નકળતી હીતી ,તર તિમાઈ
નો બેટો બર્તિમાઈ ,એક આન્દળો ભિખારી ,સડક
ની બાજુમ બેંઠો હેતો | 47 વેયો ઈયુ હામળેને કે ઈશુ
નાસરી હે,પોંકારે પોંકારે ને કેંવા મંડ્યો ,'હે દાઉદ
ના બેટા ઈશુ મને ઈપેર દયા કર !" 48 ઘણ એને
વળગ્ય કે સપ રે ,પું વેયો ફેર પાસો પોંકારવા મંડ્યો,
હે દાઉદ ના બેંટા, મને ઈપેર દયા કર !" 49 તર
ઈશુવે રોંકાએને કેંદૂ "એને બુંલાવ" અને મનખવે
હેના આંદળાને બુંલાવે નેં હેનાને કેંદૂ " હિમ્મત રાખ
! ઉઠ ! ઈશુ તને બુંલાવે હે |" 50 વેયો પુંતાન સિસર
ફેંકેંદેને તરત ઉઠ્યો ,અને ઈશુ કને આયો | 51 ઈની
ઈપેર ઈશુવે હેનાને કેંદૂ,"તું હું સાહે હે કે હૂં તારી
હારું કરું ? આંદળે ઈશુને કેંદૂ,"હે માલિક ,ઈયુ કે હૂં
ભાળવા મંડૂ |" 52 ઈશુવે હેનાને કેંદૂ,"જાતોરે ,તારા
વિશ્વાસે તને હાજો કર દેંદો હે|"વેયો તરત ભાળવા
મંડ્યો, અને રસ્તામ ઈશુને વાહે થાએ જ્યો |

11 1 ઝર વેયા યરુશલેમ નેં નજીક,જેતુન
ડુંગરા ઈપેર બેતફગે અને બેતનિય્યાહ નેં
નજીક આયા તે ઈશુવે પુંતાન મહા બેય એમ કેંને
મુકલ્યા , 2 "હામે વાળા ગામ મ જો ,અને હેંનમ
પોંકત હાતે એક ગદેડી નું ખુલકુ ,ઝેને ઈપેર કેંર એ
કુઈ નહે સડૂં ,બંદાએલુ તમને મળહે | હેને સુંડ લાવો
| 3 કદાસ તમને કુઈ પુંસે ,'આ હુંકા કરો હે ? તે
કેંજો,'પ્રભુ ને એનું કામ હે,' અને વેય તરત આં
મુકલે દેંહે |" 4 એનવે જાએને હેના ખુલકા ને બારત
બાએણા ને નજીક વાટ મ બાંદેલુ મળ્યું અને સુંડવા
મંડ્યા | 5 હેનમહ ઝી વેહાં ઈબ હેત, કુઈ કુઈ કેંવા
મંડ્ય, "આ હું કરો હે ,ગદેડી ના ખુલકા ને હુંકા સોંડો
હે ?" 6 ઝેવું ઈશુવે કેંદૂ હેંતું ,વેહમેંસ એનાવે હેનને
કેં દેંદૂ ;તર મનખવે એનને જાવા દેંદા | 7 એનવે
ખુલકાને ઈશુ કને લાવેને હેને ઈપેર સિસર દડ્ય અને
ઈશુ હેને ઈપેર બેંહેજ્યો | 8 તર ઘણવે પુંતાન સિસર
રસ્તામ વાથર્ય અને બીજવે ખેતર મહી ડાળજ્યી
કાપે કાપે ને પોસતી કરજ્યી | 9 ઝી ઈશુને અગેડ
અગેડ જાત અને વાહે વાહે સાલે આવત હેંત,પોંકારે
પોંકારે ને કેંત જાત હેંત ,"હોશાના ! ધન્ય હે વેયો
ઝી પ્રભુ ના નામ થકી આવે હે ! 10 હમારા બાપ
દાઉદ નું રાજ આવે રેંયુ હે !ધન્ય હે ;આકાશ મ
હોશન્ના !" 11 ઈશુ યરુશલેમ મ પોતેને મંદિરમ
આયો,અને સારે મેર બદ્દી વસ્તુ ને ભાળેને બાર ને
હાતે બેતનિય્યાહ મ જ્યો ,કેમકે હાંજ થાએ ગઈ
હિતી | 12 બીજે દાડે ઝર વેયા બેતનિય્યાહ મહા
નકળા તે ઈશુને ભુખ લાગી | 13 ઈશુ સિટી હો
રાઈણી નું લીલુ ઝાડ ભાળેને નેંડ જ્યો કે હું જાણે
હેનમ કઈક મળે : પુંણ પાંદડ ને સોંડેન કઈસ નેં
મળું ; કેમકે ફળ નો સમય નેં હેતો | 14 હેને ઈપેર
ઈશુવે ઝાડ ને કેંદૂ ,"હાવું થકી કુઈ તારું ફળ કેંર એ
નેં ખાએ !" અને ઈશુ ના સેંલા હામળતા હેતા |
15 ફેર વેયા યરુશલેમ મ આયા ,અને ઈશુ મંદિર મ
જ્યો ;અને વેહાં ઝી લેંવડ દેવડ કરેં રેંયા હેતા હેનાને
બારત કાડવા મંડ્યો ,અને નાણાવટીજ્ય ન બાજઠ
અને કબુતર વેંસવા વાળ ન પિંજર ઉંદ વાળ દેંદ ,
16 અને મંદિર મહ કેંને યે રાસડ લેંને આવવા જાવા
નેં દેંદુ | 17 અને ભાષણ કરેને એનને કેંદૂ ,"હું આ
નહે લખ્યું કે મારું ઘેર બદ્દી જાતિ હારું પ્રાર્થના નું
ઘેર કેંવાહે ?પુંણ તમે એનેં ડાકુવ ની ખુહ બણાવ
દેંદી હે |" 18 ઈયુ હામળેને મુખી યાજક અને શાસ્ત્રી
ઈશુને નાશ કરવાનો મોંખો જુંવા મંડ્યા ;કેંમકે વેયા
ઈશુ થકી સમકતા હેતા ,એતરે હારું કે બદ્દ મનખ
ઈશુ નું ભાષણ થી વૈસાર કરત હેત | 19 હાંજ થાત
મસ ઈયા સેર મહા બારત જાતાર્યા | 20 ફેર હવેરમ
ઝર વેયા વેહાં થી જાતા હેતા તે એનવે વેના રાઈણી
ના ઝાડ ને મુળ તક હુકાએલું ભાળું | 21 પતરસ
ને વેયે વાત ઈયાદ આવી અને એને ઈશુને કેંદૂ,"હે
,ભાળ ! આ રાઈણી નું ઝાડ ઝેંનેં તે હરાપ આલ્યો
હેતો ,હુકાઈ જ્યું |" 22 ઈશુવે એને જવાબ આલ્યો
,"પરમેશ્વર ઈપેર વિશ્વાસ રાખો | 23 હું તમને તમ
થકી હાસુ કુ હે કે ઝી કુઈ એના ડુંગોર થકી કે,'તૂ
ઉખડેજા,અને દરિયા મ જાએ પડ,'અને પુતાના
મનમ શંકા નેં કરે ,પુંણ વિશ્વાસ કરે કે ઝી કું હે
વેયું થાએ જાહે ,તે હેને હારું વેયુસ થાહે | 24 એતરે
હૂં તમને કું હે કે ઝી કઈ તમોં પ્રાર્થના કરેને માંગો ,તે
વિશ્વાસ કર લો કે તમને મળે જ્યું ,અને તમારી
હારું થાએ જાહે | 25 અને ઝર કેંરક તમોં ઈબા
થાએને પ્રાર્થના કરતા વેહ તે કદાસ તમારા મનમ
કેંનેંક હાતે કઈક વિરુદાઈ વેહ તે ,માફ કરો: એતરે
કે તમારો હરગ વાળો બાપ હુંદો તમારા ગુંના માફ
કરે | 26 [અને કાદાસ તમોં માફ નેં કરો તે તમારો
બાપ ઝી હરગ મ હે,તમારા ગુંના માફ નેં કરહે |" ]
27 વેયા ફેર યરુશલેમ મ આયા ,અને ઝર ઈશુ મંદિર
મ ફરતો હેતો તે મુખી યાજક અને શાસ્ત્રી અને
વડીલ ઈશુ કને આવેને પુંસવા મંડ્યા , 28 "તું આ
કામ કઈના અધિકાર થી કરે હે ?અને આ અધિકાર
અને કેંને આલ્યો કે તું આ કામ કરે ?" 29 ઈશુવે
એનન કેંદૂ ,"હૂં હુંદો તમને એક વાત પુસું હે ;મને
જવાબ આલો તે હૂં તમને વતાડે કે આ કામ કઈના
અધિકાર થી કરું હે ? 30 યૂહન્ના નું બકિતસમ હું
હરગ થકી હેતું | કે મનખ થકી હેતું મને જવાબ
આલો |" 31 તાર વેયા મોંડે મોંડે વિવાદ કરવા મંડ્યા
કે કદાસ હમુ કેંજ્યે 'હરગ થકી,'તે ઈયો કેંહે ,'ફેર તમે
એનો વિશ્વાસ કેંમ નહે કર્યો ?' 32 અને કદાસ હમુ
કેંજ્યે,'મનખ થકી ,તે ફેર મનખ ની સમક હે,કેમકે

બદ્ જાણે હે કે યૂહન્નો હાસેહાસ ભવિષ્યવક્તા હેતો
| 33 અને એનવે ઈશુને જવાબ આલ્યો ,“હમોં નહે
જાણતા” “હૂં હુંદો તમને નહે વતાડતો કે આ કામ
કઈના અધિકાર થકી કરું હે |”

12 1 ફેર ઈસુ દાખલ મ એન થકી વાતેં કરવાં
લાગ્યો : “કઈનેક માણસેં દરાખ ની વાંડી
લગાડી, અને વાંડી ને ફરતી મુંટી વાંડ અને રસ
ની કુંડી ખણી, અને તંબુ બાંદયો; અને ખેડુતને
એનો ઠેકો આલીને બીજે દેસ જાતોર્યો 2 ફેર ફળ
ના મોંસમ મ એને ખેડુત કન એક નોકર ને મુકલ્યો
કે ખેડૂત કન દરાખ ની વાંડી મનો ફળ નો ભાગ
લે 3 પુંણ એંનવેં નોકર ને હાઈનેં માર્યો અને ખાલી
હાથ કાડ દેંદો 4 ફેર એને એક બિજા નોકર ને ખેડૂત
કન મુકલ્યો ; એંનવેં નોકર નું મોંણકું ફૂડ દડ્યુ
અને નોકર નું ઈજત કાડ્યુ 5 ફેર એને એક બિજા
ને મુકલ્યો;એંનવે હેનેં માર દડ્યો તર એને બિજ
ઘણનેં મુકલ્ય ;એનમહ એંનવેં કઈનાકને માર્યો ,અને
કઈનાકનેં માર દડ્યો 6 હાવું એકેંસ રેંજ્યો હેતો, ઝી
એનો વાલો બેટો હેતો; સેલો એને હેંનેં હુદો ખેડૂત
કન આ વિસાર કરેંનેં મુકલ્યો કે ખેડૂત મારા બેટા ને
માન કરહે 7 પૂણ હેને ખેડૂત વે એંનમ એંનમ કેંદૂ,
‘આસ તે હકદાર હે ;આવો ,આપું એને મારનાખ્જે
, તર ધન આપડું થાએં જાહે ’ 8 અને એંનવેં હેંનેં
માર દડ્યો ,અને દરાખ ની વાડી નેં બારત ફેંકે
દેંદો 9 “ એંતરે હારું દરાખ ની વાડી નો ધણી હું
કરહે ? વેયો આવેનેં હેંન ખેડૂતનેં મટાડ દેહે, અને
દરાખ ની વાડી બીજનેં આલ દેહે 10 હું તમેં પવિત્ર
બાઈબલ મ આયુ વચન નહેં વાસ્યું : ‘ઝેના પાણા
ને મુંટ કારીગરેં નકમો ગણ્યો હેંતો, વેયોસ ખુણા નો
સિરો થાએંજ્યો ; 11 આ પ્રભુ ના તરફ થી થાયું,
અને આપડી નજરમ ગજબ હે’ !” 12 તર એનવે
ઈશુનેં હાવા હારું કરું ;કેમ કે હમજેં જ્ય હેત કે
એને હમારા વિરુદ્ધ મ ઈયો દાખલો કેંદો હે પૂણ
વેયા મનખ થકિ સમક્યા ,અને ઈસુનેં સુંડેંનેં જાતાર્યા
13 તર એનવે એનેં વાત મ ફસાવા હારું કઈક ફરીસિ
અને હેરોદીય ને ઈશુ કનેં મુંકલ્યા 14 એનવે આવેંનેં
ઈશુને કેંદૂ , “હે ગુરૂ, હમું જાણજ્યે હે, તું હાસો
હે, અને કિનીસ પરવાહ નહેં કરતો; કેંમકે તુ મનખ
નું મોડું ભાળેનેં વાતેં નહેં કરતો ;પૂણ પરમેશ્વર નો
રસ્તો હાસ થકી વતાડે હે તે હું કેસર ને વેરું ભરવું
ઠીક હે કે નહેં ? 15 હમુ આલજ્યે,કે નેં આલજ્યે?”
ઈશુવે એંનનો કપટ જાણેનેં એંનન કેંદૂ,“મને હુંકા
પારખો હે? એક દીનાર*મારી કન લાવો કે હૂં હેને
ભાળું ” 16 વેયા લેં આયા ,અને ઈશુવે એનન કેંદૂ ,
“ઈયો સાપ અને નામ કેનું હે ?” એનવે કેંદૂ , “કૈસર
નું ” 17 ઈશુવે એનન કેંદૂ, “ઝી કેસર નુ હે વેયું કેસર
નેં,અને ઝી પરમેશ્વર નુ હે પરમેશ્વર ને આલો ”તર
વેયા ઈશુ ઈપર ઘણો વિસાર કરવા લાગ્યા 18 પાસું
સદુકિયવેં હુંદૂ ,ઝી કે હે કે મરેંલ મહું જીવતું થાવું
હેસ નહેં ,ઈશુ કનેં આવેંનેં ઈશુને પુસ્યું , 19 હે ગરૂ
, મુસા વે હમાર હારું લખુ હે કે અગર કેનોક ભાઈ
વગર સુંર હી મરી જાએ અને ઈની બજ્યેર રેં જાએ
તે એનો ભાઈ ઈની બજ્યેર થકી લગન કરેં લે અને
પુતાના ભાઈ હારું સુંર પેદા કરે 20 હાત ભાઈ હેતા
પેલો ભાઈ લગન કરેંનેં સુંર વગર મરેં જ્યો 21 તર
બીજે ભાજ્યી હીની બજ્યેર થકિ લગન કર લેંદૂ
અને વગર સુંરેં મરેંજ્યો ;અને વેમેંસ તીજે હુદુ કર્યું
22 અને હાત થકી સુંર નેં થાય બદ્ ને વાહેડ ઈએ
બજેર હુંદિ મરેં ગઈ 23 અનેં જીવી ઉઠવા મ વેયે
હેંનમહી કિની બજ્યેર થાહે ? કેંમકે વેયે હાત ની
બજ્યેર થાઈ સુકી હિતી ” 24 યીશુ વે એનન કેંદૂ,
“હું તમોં એને લેંદે ગલતી મ નહેં પડયા હે કે તમોં નેં
તે પવિત્ર શાસ્ત્ર નેંસ જાણો હે,અને નહેં પરમેશ્વર
ની સામ્રત નેં ? 25 કેંમકે ઝર વેય મરેંલ મહ જીવેં
ઉઠહે,તે વેય નેં તે લગન કરહે અને નેં લગન મ
આલવામ આવહે, પૂણ હરગ મ દૂત નેં જેંવ એહે
26 મરેંલ નેં જીવી ઉઠવા ના બારામ હું તમવે મુસા
ની સોપડી મ ઝાડી ની કથા મ નહી ભાણું કે
પરમેશ્વરેં એનેં કેંદૂ, ‘હું ઈબ્રાહેંમ નો પરમેશ્વર ,અને
ઈસાગ નો પરમેશ્વર,અને યાકુબ નો પરમેશ્વર હે’ ?
27 પરમેશ્વર મરેંલ નો નહેં પૂણ જીવત નો પરમેશ્વર
હે;હાં તમું મુંટી ગલતી મ પડેલ હે ” 28 શાસ્ત્રિય
મહો એકેં આવેંનેં એંનન બબાલ કરત હામળું ,અને
ઈયુ જાણેંને કે ઈશુવે એનન અસલ રીતી થકિ જવાબ
આલ્યો ,ઈશુને પુસ્યું , “ સબ થકિ મુંટી આજ્ઞા
કઈની હે ?” 29 અને તું પ્રભુ પુંતાના પરમેશ્વર થકિ
પુંતાના આખા મંન થકિ,અને પુંતાના આખા જીવ
થકિ, અને પુંતાની આખી બુદ્ધી થકિ , અને પુંતાના
આખા બળ થકિ પ્રેમ રાખજે ’ 30 અને બીજી ઈએ
હે , ‘તું પુતાના પડોસી થકિ પુતાનેં જીવો પ્રેમ
રાખજે, એંનેં કરત મુંટી કુઈ આજ્ઞા નહેં ” 31 શાસ્ત્રી
વે એંનેં કેંદૂ , “હે ગરૂ ઘણું તાજુ ! તેં હાસુ કેંદૂ કે વેયે
એકેંસ હે ,અને એંનેં સુંડેંનેં બીજી કુઈ નહેં 32 અને
હેંને થકી પુરા મન, અને પૂરી બુદ્ધી , અને પૂરા જીવ
, અને પૂરા બળ ને હાતે પ્રેમ રાખવો; અને પડોસી
થકિ પુતાને જેવું પ્રેમ રાખવો,સબ હોમબલીયો અને
બલિદાનો થકી વદેંને હે ” 33 ઝર યીશુ વે ભાળું કે
એને હમજ થકી જવાબ આલ્યો ,તે એંને થી કેંદૂ,
તું પરમેશ્વર ના રાજ થકી સીટી નહેં ” અને કેંને
યે ફેંર ઈશુ થકી કઈક પુસવાની હિમત નેં થાઈ,
34 ફેર યીશુ વે મંદિર મ ભાષણ કરતે જાએંનેં ઈયુ
કેંદૂ, “શાસ્ત્રી કેંકેંમ 35 કે હે કે મસીહ દાઉદ નો બેટો

હે ? 36 દાઉદેં પુતેં પવિત્ર આત્મા મ થાઈન કેંદૂ
હે: ‘પ્રભુ વે મારા પ્રભુ ને કેંદૂ, “મારે જમણે બેહ,
ઝાં તક કે હું તાર વેરજ્યનેં તાર પોગનેં નિસ નેં કર
દુ ” 37 દાઉદ તે પુંતે હેંનેં પ્રભુ કે હે ,ફ્રેર વેયો હેંનો
બેટો કાંહો રયો ?” અને ઘણ મનખ ઈની ખુશી થકી
હામળ ત હેત 38 એને પુતાના ભાષણ મ એનન
કેંદૂ, “શાસ્ત્રિય થકી સેતેંન રો ,ઝી લામ્બા – લામ્બા
ઝબ્બા પેરીલ ને ફરવું અને બજારમ નમસ્કાર ,
39 અને આરાધના ભવન મ ખાસ ખાસ બેંહવાનું
અને ખાવામ ખાસ ખાસ જગા સાહે હે 40 વેય
રાંડીલજ્ય ન ઘેરનેં ખાએં જાએ હે ,અને વતાડવા
હારું ઘણી વાર તક પ્રાર્થના કરેં કરે હે ઈયા વદાર
સજા ભુગત હે ” 41 ઈશુ મંદિર ના ખજાનાને હામે
બેહેંનેં ભાળતો હેતો કે મનખ મંદિર ના ખજાનામ
કિવી રીતી પઈસા નાખેહે ;અને ઘણ ધન વાળેં ઘણું
કઈક નાય્ખું, 42 એતરામ એક ગરીબ રાન્ડીલ્જ્યી
આવેંને બે દમડજ્યી, ઝી એક અધેલે ને બરુબર
થાએ હે,નાંખી, 43 તર ઈશુવે પુતાન સેંલનેં ટીકે
બુંલાવેંનેં એનન કેંદૂ , “હૂં તમને હાસુ કું મંદિર ના
ખજાના મ નાખવા વાળ મ ઈની ગરીબ રાંડીલ્જ્યી
બદ્ કરત વદેંનેં નાય્ખું હે; 44 કેંમકે બદ્વે પુંતાના ધન
મ વદતામહું નાય્ખું હે ,પુંણ અણણ્યી પુતાની ખુંટ
મહું ઝી કઈક એંનું હેંતું ,એંતરે કે પુતાની આખી
જીવલીણી નાખેં દેંદી હે ”

13 1 ઝર ઈશુ મન્દિર થકી નકળતો હેંતો ,તે
ઈશુ ન સેંલ મહી એક સેંલે ઈશુ નેં કેંદું, “હે
ગરું, ભાળ, કેવાં મોટા ભાઠા અને કેંવ બણાવેંલ
ભવન હૈ” 2 યીશુ વે હેંને કેદું, “હું તમોં આ મુંટ મુંટ
ભવન ભાળો હે : આં ભાટા ઉપ્પર ભાટો હોંદો
વસેં નેં રે ઝી પાડેં નેં દેંવાએ” 3 ઝર ઈશુ જેતૂન
વાળા ડુંગોર ઉપર મંદિર ને હામો બેઠો હેંતો, તે
પતરસ અનેં યાકૂબ અને યૂહન્ના અને અન્દ્રિયાસ
વેં અલગ જાએંનેં ઈશુ નેં પુસ્યું , 4 “હમન વતાડ કે
ઈયે વાતેં કેંર થાહે ? અને ઝર આ બદ્દી વાતે પૂરી
થાવામ વેહે તર તેના સમય ની હું નિસાની વેહે ?”
5 યીશુ હેંનનેં કેંવા લાગ્યો , સતુર રો કે તમન કુઈ નેં
ભરમાવે 6 ઘણા બદા મારા નામે આવેને કેહે, કે હું
વેયોસ હે !’ અને ઘણનેં ભરમાવ હે 7 ઝર તમું લડાઈ
અને લડાજ્યી ની સરસા હામળહો, તે નેં ઘબરાતા
વોહ; કેંમકે એનું થાવું જરુરી હૈ, પુણ હેંના સમય
મ અંત નેં થાએ 8 કેમકે જાતિ ઈપેર જાતિ, નેં રાજ
ઈપેર રાજ વિરુદાઈ કરહે ઝાં કે તા ભુકમ થાહે,
અને કાળ પડહેં આ તે દુઃખ નું સરુવાતેંસ થાહે
9 “પુંણ તમું પુંતાના બારામ સતુર રો; કેંમકે મનખ
તમનેં મુટી સભા મ હુંપહે અનેં તમું પસ મ મારવામ
આવહો; અને મારે લેંદે અધિકારજ્ય અને રાજનેં
અગેડ ઈબા કરવામ આવહો, એંતરે કે એંન હારું
ગવા થો 10 પુંણ જરુરી હે કે પેલ તાજો હમિસાર
બદ્દી જાતિ મ પરસાર કરવામ આવે 11 ઝર વેયા
તમનેં લે જાએંનેં હુંપહે ,તે પેલ થી સિન્તા નેં કરતા
વેહ કે હમું હું કેંહું; પુંણ ઝી કઈ તમનેં હીની ઘડીમ
વતાડાહે વેયુસ કેંજો ; કેંમકે બુંલવા વાળા તમું નહેં,
પુંણ પવિત્ર આત્મા હે 12 ભાઈ ને ભાઈ, અને બા
નેં બેંટો મરાવવા હારું હુપહે, અને સુર આઈ બાને
વિરુદમ થાએંનેં હેંનન મરાવ દડહે 13 અને મારા
નામ નેં લેંદે બદ્ મનખ તમાર થી વેંર કરહે ;પૂણ ઝી
સેલ્લા હુદી ધીરજ ધરેં રાખહે, તેનોસ સુટકારો થાહે
14 હાં નેં ઝર તમું ઈની ઉજોડ કરવા વાળી અને
ભુન્ડીસ વસ્તુ ને ઝા ઠીક નહેં તાં ઈબીલી ભાળો,
(ભણવા વાળું હમજેં લે) તર ઝી યહુદિયા મ વેહ,
વેય ડુંગોર મ નાહેં જાએ ; 15 ઝી ઢાભા ઉપર વેહે,
પુંતાના ઘેરમ કઈક લેવા હારું નિસ નેં ઉતરે અને
નેં મએં જાએ , 16 અને ઝી ખેતરમ વેહ વેયું પુંતાનું
સિસરું લેંવા હારું પાસું નેં ફરે 17 હેંન દાડમ ઝી બે
જીવી અને દુદ પીયાડતી વેહે, હણન્યી હારું હાય
હાય ! 18 અને દુઆ કરેં કરો કે આ હિયાળા મ નેં
થાએં , 19 કેમકે વેયા દાડા એંવા દુઃખ વાળા વેહે
કે રસના ની સરુઆત થી ઝી પરમેશ્વરેં રસાવી હે,
અઝું તક નહેં થાયું અને નેં ફ્રેંર કેંર નેં થાએ 20 અગર
પ્રભુ હેંન દાડનેં નેં ઓંસા કરતો , તે કુઈ જીવ હુંદો નેં
વસતો ; પુંણ હેંન પસંદ કરેલ નેં લેંદે ઝેંનેં પરમેશ્વરે
પસંદ કર્યા હે, તેન દાડને ઓંસા કર્યા 21 હેંના સમય
મ અગર કુઈ તમ થકી કે,’ ભાળો, મસીહ આં હે,
નેંતે ભાળો તાં હે તે માનત નેં વેહ ; 22 કેંમકેં ઝૂઠા
મસીહ અનેં ઝૂઠા ભવિષ્યવક્તા ઈબા થાહે, અને
નિશાન્યી અને ગજબ કામ વતાડહે કે કદાસ થાએં
સકે તે પસંદ કરેંલ નેં હુંદ ભરમાવ દે 23 પુંણ તમું
સતુર રો; ભાળો, મૈ તમનેં બદ્દી વાતેં પેલ થકીસ
વતાડ દીદી હે 24 “હેંન દાડમ, હેંના સતાવ નેં બાદમ
દાડો ઈન્દારું થાએં જાહે, અને સાન ઈજવાળું ને
આલહે 25 અને આકાશ થકી તારા ગરવા લાગહે ;
અને આકાશ ની તાકતેં હલાવવામ આવહે 26 તર
મનખ માણસ ના બેંટાનેં મુંટી સામ્રત અને મહિમા
ને હાતે વાદળમ આવત ભાળહે 27 હેંના સમય ઈયો
પુતાન દૂત ને મોંકલેંનેં , ધરતી ને એના સેડા થકી
આકાશ ના પેંલા સેડા તક ,સ્યારેં બાજુ થકી પુંતાન
પસંદ કરેંલ મનખનેં ભેગ કરહે 28 “અંજીર ના ઝાંડ
થકી આ દાખલો હિકો : ઝર ઈની ડાળી કુણાએં
જાએ ,અને પાંદડ નકળવા લાગે હે ,તે તમુ જાણે
લો હે કે ઉનાળો ટીકે હે 29 ઈવી રિતી ઝર તમુ ઈની
વાત ને થાત ભાળો ,તે જાણે લો કે વેયો ટીકે હે નેં
બાએંણેંસ હે 30 હૂં તમનેં હાસુ કું હેં કે ઝાં તક વેયે

બદ્દી વાતેં નેં થાએં જાએ તાં તક વેય મનખ જાત
નેં રેહે 31 આકાશ અનેં ધરતી ટળે જાહે ,પુંણ મારી
વાતેં કેરસ નેં ટળહે 32 “હેંના દાડા ને કે હીની ઘડી
ના બારામ કુઈ નહેં જાણતું , નેં હરગ ના દૂત અને
નેં બેંટો , પુંણ ખાલી બા 33 ભાળો,જાગત રો અનેં
પ્રાર્થના કરત રો;કેમકે તમુ નહેં જાણત કે વેયો સમય
કેંર આવ હે 34 આ એના મનખ નેં જીવી દશા હે,
ઝી પરદેશ જાત સમય પુતાનું ઘેર સુંડેં જાએ, અને
પુતાન નોકર નેં હક આલે : અને હરેકનેં એનું કામ
વતાડ દે, અને સોકીદાર ને જાગવાની આજ્ઞા આલે
35 એંતરે હારું જાગત રો, કેમકે તમુ નહેં જાણત કે
ઘેર નો ધણી કેર આવહે, હાંજનો નેંતે અરદી રાતે, કે
કુકડા બુલવા ને સમયેં કે હવેંર મ ‘ 36 એવું નેં થાએ
કે ઈયો એકદમ આવેંનેં તમનેં હુતીલ ભાળે 37 અને
ઝી હૂં તમને કું હે, વેયુસ બદ્દનેં કું હે : જાગત રો

14 1 બે દાડા નેં બાદ મ ફસહ અને ખમીર
વગર રોટા નો તેવાર થાવા વાળો હેતો,
મુખી યાજક અને શાસ્ત્રી ઈની વાત ની ખોજ મ
હેંતા કે ઈશુને કેંકેંમ ધુંખા થી હાએંનેં માર દડજ્યે
; 2 પુંણ કેતા હેંતા, “ તેવાર ને દાડે નહેં, ખેંતુંક
એવું નેં થાએ કે મનખમ હુલોર થાએ ” 3 ઝર ઈશુ
બેતનિય્યાહ મ શમોન કોઢી ના ઘેર ખાવાનું ખાવા
બેંઠેંલો હેંતો, તર એક બજ્યેર સંગમરમર હીહી મ
જટામાંસી નું ઘણું મોગું પિયોર અંતર લેંનેં આવી;
અને હીહી તુંડેંનેં અંતર ને ઈશુ ના મુંણકા ઈપેર
રેંડ્યુ 4 પુંણ કુંણેંક કુંણેંક પુંતાના મનમ રિહાએંનેં કેંવા
મંડ્ય, “એંના અંતર નું હુંકા વગાડ કરવામ આયુ ?
5 કેંમકે આ અંતર તે તણસો દીનાર*થી વદાર મૂલ
મ વેંસેં દેંન ગરીબ મ વાટેં સકાતું હેંતું ” અને વેયા
ઈશુને વળગવા લાગ્યા 6 યીશુવે કેંદૂ, “એન છુડ દો
;એંને હુંકા સતાવો હે ? ઈનીવેં તે મારી હાતેં ભલાઈ
કરી હે 7 ગરીબ તમારે હાતે હમેશા રેહે, અને તમુ
ઝર સાહો તર એન થી ભલાઈ કરેં સકો હે; પુંણ
હું તમારેં હાતે હમેશા નેં રૂ 8 ઝી કઈ ઈયે કરેં સકી,
ઈનિવેં કરું; ઈનિવેં મનેં ડાટવાની તિયારી મ પેલ
થકી મારા શરીર ઈપેર અંતર રેંડ્યુ હે 9 હૂં તમન
હાસુ કું હે ,કે આખા જગત મ ઝાં ખેતુંક તાજો
હમીસાર નો પ્રચાર કરવામ આવહે,વેંહાં હેંના એંના
કામ ની સરસા હુદી ઈની યાદી મ કરવામ આવહે
” 10 તર યહુદો ઈસ્કરિતિ ઝી બાર મહો એક હેંતો ,
મુખી યાજક કન જ્યો કે ઈશુનેં હેંનના હાથેં હવાડ દે
11 વેયા આ હામળેનેં ખુશ થાયા, અને હેંનેં પઈસા
આલવાનું મંજુર કર્યું; અને વેયો મોંખો જુવા લાગ્યો
કે ઈશુનેં કીવી રીતી હવાડ દે 12 ખમીર વગર ની
રુટજ્યી ના તેવાર ને પેલે દાડે, ઝેંનમ વેય ફસહ નો
ભુંગ કરત હેંત, ઈશુન સેલવે ઈશુને પુસ્યુ , “ તું કાં
સાહે હે કે હમું જાએંને તારી હારું ફસહ ખાવાની
તયારી કરજ્યે ?” 13 ઈશુવે પુંતાન સેલ મહા બે
સેલનેં એંમ કેંનેં મુંકલ્યા, “ સેર મ જો, અને એક
માણસ પાણેં નો ઘડો તુંકેંલો તમન મળહે , એને
વાહે થાએં જાજો ; 14 અને વેયો ઝેંના ઘેર જાએ,
એના ઘેર ના ધણી નેં કેંજો, ‘ ગરૂ કે હે કે મારી
પરુંણો થાવાની જગ્યા ઝેનામ હું પુંતાન સેલને હાતે
ફસહ ખું કાં હે ?’ 15 વેયો તમનેં એક હણગારલી
અને તયાર કરીલી મુટી મેંઢી વતાડ દેંહે ,તા હમારી
હારું તયારી કરો 16 સેલા નકળનેં સેર મ આયા,
અને ઝેંવું ઈશુવેં હેંનન કેંદૂ હેંતું , હેંવુંસ મળું; અને
ફસહ તયાર કરયું 17 ઝર હાંજ થાઈ,તે ઈશુ બાર
સેલને હાતે આયો 18 ઝર વેયા બેહેન ખાવાનું ખાતા
હેંતા, તે ઈશુવે કેદું, “ હું તમન હાસુ કુ હે કે તમ
મહો એક,ઝી મારી હાતે ખાવાનું ખાએ હે, મંનેં
હવાડ દેહે ” 19 એંન ઈપેર ઉદાસી આવેં ગઈ અને
વેયા એક એક કરેંનેં ઈશુનેં કેવા મંડ્યા, “ હું વેયો
હું હે ?” 20 ઈશુવે હેંનન કેંદુ, “ વેયો બાર મહો
એક હે, ઝી મારી હાતે થાળી મ હાથ નાખે હે
21 કેમકે માણસ નો સોંરો તે, ઝેંવું એના બારામ
લખેલું હે, જાએસ હે ; પુંણ હેંના માણસ ઈપેર
હાય ઝેંને દુવારા માણસ નો સોંરો હવાડ દેવામ
આવે હે! અગર હેંના માણસ નું જલમેંસ નેં થાતું તે,
હેંના હારું ભલું થાતું ” 22 ઝર વેયા ખાતાસ હેંતા,
ઈશુવે રુટી લીદી, અને આશિષ માંગેંનેં તુંડી, અને
હેંનન આલી, અને કેંદૂ, “ લો, આ મારું શરીર હે ”
23 ફેર ઈશુવે વાટકો લેંનેં ધન્યવાદ કરયું, અને હેંનન
આલ્યું ; અને હેંનવેં બદ્દેઅ હેનમહુ પીદૂ 24 અને
ઈશુવે હેંનન કેંદૂ, “ આ વાએંદાનું મારું વેયું લૂઈ હે,
ઝી ઘણ બદ હારું વહાડવામ આવેં હે 25 હું તમન
હાસુ કુ હે કે દરાખ નો રસ હેંના દાડા તક ફેર કેર નેં
પીયૂ, ઝર તક પરમેશ્વર ના રાજ્ય મ નવું નેં પીયુ ”
26 ફેર વેયા ભજન ગાએંનેં બારત જેતુન ના ડુંગરા
ઈપેર જ્યા 27 તર ઈશુવે એનન કેંદૂ, “ તમું બદ્દા ઠુંકર
ખાહો, કેમકે લખ્યુ હે : “ રખવાળ ને મારેં, અને ગેંઠ
વખેંરાએ જાહે ’ 28 પુંણ હૂં પુતે જીવતો થાવા બાદ
તમ હી પેલ ગલીલ મ જએં ” 29 પતરસેં ઈશુને
કેંદૂ,“ અગર બદ્દા ઠૂંકર ખાએ તે ખાએ,પુંણ હૂં ઠૂંકર
નેં ખું 30 ઈશુવે પતરસનેં કેંદૂ,“ હૂં તનેં થકી હાસુ કું
હે કે આજેસ ઈની રાતેંસ કુકડા નેં બે વાર બુલવા
પેલ, તું તાણ વખત મારો નકાર કરહેં ” 31 પુંણ
પતરસેં વદાર જોંર દેંનેં કેંદૂ, “ અગર મને તાર હાતે
મરવું હુદુ પડે, તે હુંદો હું તારો નકાર કેંર યે નેં કરું
” હીવીસ રીતિ બિજવેં બદ્દેઅ હુંદુ કેંદૂ 32 ફેર વેયા
ગતસમની નામની એક જગા મ આયા, અને ઈશુવે
પુતાન સેંલનેં કેંદૂ, “આં બેંહેં રો, ઝાં તક હૂં પ્રાર્થના

કરું 33 અને ઈશુ પતરસ અને યાકુબ અને યૂહન્નાનેં
પુતાનેં હાતેં લેં જ્યો , અને ઘણોસ અકળાવા અને
ઉદાસ થાવા લાગ્યો , 34 અનેં ઈશુવે કેંદૂ, " મારું
મન ઘણું ઉદાસ હે, આ તક હૂં મરવામ હે : તમું આં
રોકાવો અને જાગતા રો " 35 ફેંર ઈશુ થુંડોક અગેડ
વદયો અને જમીન ઈપેર પડેંનેં પ્રાર્થના કરવા લાગ્યો
કે અગર થાએં સકે તે આ ઘડી મારી ઈપેર થકી ટળી
જાએ , 36 અને કેંદૂ, " હે અબ્બા, હે બા, તને થકે
સબ કઈ થાએં સકે હે; આ વાટકાનેં માર કન હો
હરકાવલે : તે હુંદો ઝેંવું હૂં સાહુ હે હેંવું નેં , પુંણ
ઝી તું સાહે હે વેયુસ કર " 37 ફેંર ઈશુ આયો અને
હેંનન હુતેંલા ભાળેંનેં પતરસ નેં કેંદૂ, " હે શમોન,
તું હુતો હે ? હું તું એક ઘડીક હુંદો નેં જાગેં સક્યો
? 38 જાગતા અનેં પ્રાર્થના કરતા રો કે તમું પરિક્ષણ
મ નેં પડો આત્મા તે તિયાર હે, પુંણ શરીર કમજોર
હે " 39 અનેં ઈશુ ફેંર જાતો રયો અનેં વેનસ શબ્દ મ
પ્રાર્થના કરી 40 ફેંર આવેન ઈયા હુતીલા મળા, કેમકે
આંખે નીદર થકી ભરીલી હીતી: અને નેં જાણતા
હેતા કે એને હુ જવાબ આલજ્યે , 41 ફેંર તીજી
વખત આવેંનેં એનન કેંદૂ, " હાવુ હુતેંલા રો અનેં
આરામ કરો, બસ, ઘડી આવી લાગી હે: ભાળો
માણસ નો બેંટો પાપિય ના હાથે હવાડવામ આવે હે
42 ઉઠો, સાલો, ભાળો ! મારો હવાડવા વાળો ટીકે
આવેં જ્યો હે !" 43 ઈશુ આ કેંતોસ હેંતો કે યહૂદો
ઝી બાર સેંલમ મનો એક હેંતો, પુતાનેં હાતેં મુખી
યાજક અનેં શાસ્ત્રી અનેં વડીલ ની તરફ થી એક
મુટી ભીડ લેંનેં તરત આવેં પોત્યો, ઝી તલવારેં અને
લાખડજ્યી લીદીલી હીતી 44 ઈશુનેં હવાડવા વાળે
એનન આ નિશાની આલી હીતી કે ઝેંનેં હૂં બુંખેં
દેં વેયોસ હે, હેંને હાએંનેં સોંકસાઈ થકી લેં જાજો
45 યહૂદો આયો,અને તરત ઈશુન ટિકે જાએન કેંદૂ,"
હે પ્રભુ !" અનેં ઈશુનેં ઘણુ બુંખેં દેંદૂ 46 તર એનવે
ઈશુ ઉપર હાથ દડેંનેં ઈશુનેં હાએં લેંદો 47 એન મહો
ઝી ટિકે ઈબા હેંતા, એકે તલવાર કેંસેંનેં મુંખીયાજક
ના નોકર ઈપેર વાદી, અને હેંનો કાંદડો કાપી દડો
48 ઈશુવે હેંનન કેંદૂ," હું તમું ડાકુ જાણેંનેં મને હાવા
હારું તલવારે અનેં લાખડજ્યી લેંનેં નકળા હે ?
49 હૂં તે હર રોંજ મન્દિર મ તમારે હાતે રેંનેં ભાષણ
આલેં કરતો હેંતો , અને તર તમેં મને નેં હાદો : પુંણ
આ એતરે હારું થાયુ હે કે પવિત્રશાસ્ત્ર ની વાતે પૂરી
થાએ " 50 એંનેં ઈપર બદા સેંલા ઈશુનેં સુંડેંનેં નાહેં
જ્યા 51 એક જુવન પુંતાનું ઉગાડુ શરીર મ સાદરો
ઓડેંલો ઈશુને વાહે થાએ જ્યો; અને મનખ વે એને
હાદો 52 પુંણ વેયો સાદરો સોંડેંનેં લાંગો નાહેં જ્યો
53 ફેંર વેયા ઈશુ ને મુંટા યાજક કનેં લેં જ્યા; અનેં
બદા મુંટા યાજક અનેં વડિલ અનેં શાસ્ત્રી એંનેં
તાં ભેંગા થાએં જ્યા 54 પતરસ સીટી સીટી ઈશુ
નેં વાહે -વાહે મુંટા યાજક ના આંગણા નેં મએં
જ્યોં ,અનેં ભાલા વાળ નેં હાતેં બેંહેંનેં આગ તાપવા
મંડ્યો 55 મુંટા યાજક અનેં આખી મુંટી સભા ઈશુ ને
માર દડવા હારુ ઈશુ ના વિરુદમ ગવાઈ ની નોદમ
હેંતા, પુંણ નેં મળી 56 કેમકે ઘણ બદ ઈશુ ના વિરુદ
મ ઝૂઠી ગવાઈ આલત હેંત, પુંણ એનની ગવાઈ
એક જીવી નેં હિતી 57 તર થુંડક મનખવેં ઉઠેંનેં ઈશુ
ના વિરુદ આ ઝૂઠી ગવાઈ આલી , 58 "હમએં એંને
એંમ કેંત હામળુ હે, હૂં એંના હાથે બણાવેલા મંદિર
ને પાડ દેં ,અનેં તાણ દાડમ બીજુ બણાવેં , ઝી હાથેં
નેં બાણું વેહે '*" 59 એંની વખત હુંદી એનની ગવાઈ
એક જીવી નેં નકળી 60 તર મોંટે યાજકે વસમ ઈબે
થાએંનેં ઈશુ નેં પુસ્યું, "તું કઈ જવાબ નહેં આલતો
? આ મનખ તારા વિરુદ મ હું ગવાઈ આલે હે ?"
61 પુંણ ઈશુ સપ થાએં રયો, અને કઈસ જવાબ ને
આલ્યો મોંટા યાજકેં ઈશુનેં ફેંર પુસ્યું , " હું તું હેંના
પરમ ધન્ય નો બેટો મસીહ હે ? 62 ઈશુવે કેંદૂ, " હું
હે : અને તમોં માણસ ના બેંટા નેં સર્વશક્તિમાન ની
જમણી પાકતી મ બેંઠેલો,અને આકાશ ન વાદળને
હાતે આવત ભાળ હો " 63 તર મોંટે યાજકે પોતાન
સીસર ફાડેંનેં કેંદૂ, " હાવું આપડે ગવાહ નું હજું
હું કામ હે ? 64 તમે આ નિન્દા હામળી તમારી હું
રાએં હે ?" હેંન બદ્એ કેંદૂ કે ઈયો મોત નેં લાયક
હે 65 તર કુઈક તે ઈશુ ઈપેર થુંકવા, અનેં કુઈક એનું
મોડું ટુપાવા, અનેં એંનેં ગોંધા વાવા, અનેં ઈશુનેં
કેંવા મંડ્ય, " ભવિષ્યવાણી કર !" અનેં ભાલા વાળેં
ઈશુનેં હાએં નેં થાપલેં વાદી 66 ઝર પતરસ નિસ
આંગણામ હેંતો, તર મોટા યાજક ની નોકરણી મહી
એક વેંહાં આવી , 67 અનેં પતરસ ને આગમ તાપત
ભાળેન એને એક સીતી નજર લગાડેન ભાળું અને
કેવા લાગી, " તુ હુદો તે એંના નાસરી ઈશુ નેં હાતેં
હેંતો " 68 પતરસેં નકાર કર્યો, અનેં કેંદૂ, " હૂં નહેં
જાણતો અને નહેં હમજતો કે તું હું કે રી હે, ફેંર
પતરસ બારત આંગણા મ જ્યો, અને કુકડો બુલ્યો
69 વેયે નોકરણી એને ભાળેંનેં હેંનનેં ઝી ટિકે ઈબીલ
હેંત, ફેંર કેવા મંડી, આ હેંન મનો એક હે " 70 પુંણ
પતરસેં ફેંર નકાર કર્યો થુડીક વાર રેંનેં હેંનવે ઝી ટિકે
ઈબા હેંતા ફેંર પતરસ નેં કેંદૂ,પાક્કું તું એંન મહો એક
હે;કેમકે ગલીલી હોંદો હે " 71 તર પતરસ હરાપ
દેંવા અને હમ ખાવા લાગ્યો, " હૂં એંના માણસ નેં
, ઝીની તમું સરસા કરો હે , નહી જાણતો " 72 તર
તરત બીજી વખત કુકડો બુલ્યો પતરસનેં વેયે વાત
ઝી ઈશુવે એંનેં કીદી હીતિ ઈયાદ આવી : " કુકડાનેં
બે વાર બુંલવા પેલ તું તાણ વખત મારો નકાર કરહેં "
અનેં પતરસ ઈની વાત નેં વિસારેંનેં ગાંગરવા લાગ્યો

15 1 ફટક થાત હાતેં તરત મુંટ યાજકેં ,વડીલેં,
અનેં શાસ્ત્રિયવેં હાં આખી મોંટી સભાવેં
સલા કરેંનેં બંદાડ્યો ,અનેં ઈશુ નેં લેં જાએંનેં
પિલાતુસ ના હાથ મ હુંપેં દેંદો 2 પિલાતુસેં ઈશુનેં
પુંસ્યુ, " હું તું યહૂદિયનો રાજા હે ? ઈશુવે હેંને
જવાબ આલ્યો, " તું પુતેસ કે હે " 3 મુંખી
યાજક ઈશુ ઈપેર ઘણી વાત નો દોષ લગાડત હેંત
4 પિલાતુસેં ઈશુનેં ફેંર પુસ્યું, "હું તું કઈ જવાબ
નહેં આલતો, ભાળ આ તાર ઈપેર કીતરી વાત
નો દોષ લગાડે હે ?" 5 ઈશુવે ફેર કઈ જવાબ ને
આલ્યો; આ તક કે પિલાતુસ ને મોંટી નવાઈ લાગી
6 પિલાતુસ હેંના તેવારમ કઈનાક એક કેદી ને ઝેને
વેયા સાહતા હેતા, હેંન હારું સોંડ દેંતો હેંતો 7 બર
અબ્બા નામનો એક માણસ હેંન હુલોર કરવા વાળ
ને હાંતે બંદ હેંતો, ઝેનવે હુલોર મ હત્યા કરી હિતી
8 અને ભીડ ઈપેર જાંઈને એન થકી અરજ કરવા
મંડી, કે ઝેંવું તુ હમારી હારું કરતો આયો હે હેંવું
તું કર 9 પિલાતુસેં હેંનને જવાબ આલ્યો, "હું તમોં
સાહો હે કે હું તમારી હારું યહુદિય ના રાજા ને સોંડ
દૂ ?" 10 કેમકે વેયો જાણતો હેંતો કે મુંખી યાજકવેં
ઈશુનેં ધોખા થકી હવાડ દેંદો હેંતો 11 પુંણ મુંખી
યાજકવે મનખને સુહી સડાયા કે વેયો બરઅબ્બા
નેંસ હેંન હારું સોંડ દે 12 હિયુ હામળેન પિલાતુસે
હેંનન પાસું પૂસ્યુ તે,ઝેને તમોં યહુદીયનો રાજા કો
હે, હેંને હૂં હું કરું ?" 13 વેય ફેંર સિસાય, હેંને
ક્રુસ ઈપેર સડાવ દેંવાએં !" 14 પિલાતુસે હેંનન કેંદું,
કેંમ, એંને હું બુરાઈ કરી હે,પુંણ વેય ફેર સિસાય,
એંનેં ક્રૂસ ઈપેર સડાવ દેંવાએં !" 15 તર પિલાતુસે
ભીડ ને ખુશ રાખવાની ઈચ્છા થકી બરઅબ્બા ને
હેંન હારું સોંડ દેંદો, અનેં ઈશુનેં કોડા વવાડેંન હુંપેં
દેંદો કે ક્રૂસ ઈપેર સડાવામ આવે 16 સપાઈ યીશુનેં
કસેરી ના આંગણામ લેંજ્યા ઝી પ્રીટોરીયુમ કેંવાએ
હે અનેં આખી ટુકડી બુલાવ લાયા 17 તર એનવે
ઈશુનેં જાંબુડી ઝબ્ભો પેરાયો અને કાંટ નો મોંગટ
બણાવેન ઈશુ ના મુંણકા મ મેંલ્યો , 18 અનેં એંમ
કેંનેં નમસ્કાર કરવા લાગ્ય,"હે યહુદીય ના રાજા,
નમસ્કાર !" 19 વેયા ઈશુ ના મોણકામ હુટજ્યી
વાત, અને ઈશુ ઈપેર થુંકત, અનેં ઢેંસુંણ માંડેંનેં
ઈશુનેં નમસ્કાર કરત રિય 20 ઝર વેય ઈશુ નો ઠઠો
કરેં સુક્ય, તર ઈશુ ઈપેર હો જાંબુડી ઝબ્ભો ઉતારેંનેં
એંનસ સિસર પેરાય; અને તર ઈશુ નેં ક્રૂસ ઈપેર
સડાવા હારું બારત લેં જ્ય 21 સિકન્દર અને રુફૂસ,
નો બા શમોન એક કુરેની માણસ, ઝી ગામ મહો
આવતો હેંતો તએંહોં નકળો, હેંનવે હેંન જબર
જસ્તી હાદો કે ઈશુનો ક્રુસ તુંકે લેં સાલે 22 વેય
ઈશુ નેં ગુલગુત્તા નામની જગા ઈપેર, ઝેંનો અરથ
ખોપડી ની જગા હે, લાય 23 તાં હેંને બોંળ મેળવેલો
દરાક નો રસ આલવા લાગ્યા, પુંણ ઈશુવેં નેં લેંદો
24 તર હેંનવે ઈશુનેં ક્રુસ ઈપેર સડાયો અને ઈશુન
સિસર ઈપેર સીઠી નાખેંનેં, કે કેંને હું મળે, હેંનેં વાટ
લેંદ 25 અનેં એક પોર દાડો સડેં (દાડો ઉગ્યા પસી
તાણ કલાક ના ટાએંમેં) આયો હેંતો, ઝર એંનવેં
ઈશુનેં ક્રુસ ઉપર સડાયો 26 અનેં ઈશુ નો દોષી
બોડ લખેને હેંના ઈપેર લગાડ દેંદો કે "યહૂદીય નો
રાજા" 27 હેંનવે યીશુ ને હાતે બે ડાકું, એક યીશુ ની
જમણી પાકતી એક ડાબી પાકતી ક્રુસ ઈપેર સડાયા,
28 [તર બાઈબલ નું વેયુ વસન કે ઈશુ ગુંનેંગારનેં
હાતેં ગણવામ આયો,* પૂરું થાયુ ] 29 અને વાટે
જાવા વાળ મુંણકૂ હલાવે હલાવેંનેં અનેં એંમ કેંનેં
ઈશુ ની નિન્દા કરત હેંત,"વાહ! મન્દિર નેં પાડવા
વાળા અને તાણ દાડ મ બણાવ વા વાળા ! 30 ક્રુસ
ઈપેર હોં ઉતરેંનેં પુતાનેં વસાડલે '' 31 હીવી રીતી
થી મોંટા યાજક હુંદા, શાસ્ત્રિય ભેંગા, એક બીજાનેં
ઠઠા મ કેંતા હેંતા, "એંને બીજને બસાય, પુંણ પુંતે
નેં બસાવેં સક્યો 32 ઈસ્રાએલ નો રાજા, મસીહ,
હાવું ક્રુસ ઈપેર હો ઉતરી આવે કે હામું ભાળેંનેં
વિસ્વાસ કરજ્યે '' અને ઝી ઈશુનેં હાતેં ક્રુસ ઈપેર
સડાવેલા હેંતા, વેયા હુંદા ઈશુ ની નીંદા કરતા હેંતા
33 બફોર થાત આખા દેશ મ ઈન્દારું થાઈ જ્યું,
અનેં તિજા પોર (ચારેંક વાગ્યે નો ટાએંમ) હુંદૂ રિયું
34 તિજે પોરે ઈશુવે જોંર થી સીસાએંનેં કેંદૂ,"ઈલોઈ
ઈલોઈ, લમા શબક્ત ની ?" ઝેંનો અર્થ એંમ હે,"હે
મારા પરમેશ્વર, હે મારા પરમેશ્વર, તેં મનેં હુંકા સુંડ
દેંદો ?" 35 ઝી ટિકે ઈબા હેંતા, હેંન મહ થુંડકેં આ
હામળેન કેંદૂ, " ભાળો, વેયો એલિય્યાહનેં બુંલાવેં
હે " 36 અનેં એકે દોડેન રુઈ ને સિરકા મ ડબુળું,
અને લાખડે મેંલેંનેં ઈશુનેં સુહાડું, અને કેંદું, " ઈબા
રો, ભાળજ્યે, એલીય્યાહ એંને ઉતારવા આવે હે કે
નહેં " 37 તર ઈશુવે જુર થી સિસાએંનેં જીવ સુંડ
દેંદો 38 અને મન્દિર નો પડદો,ઈપેર થી નીસ તક
ફાટેન બે ટુકડા થાએં જ્યો 39 ઝી સૂબેદાર ઈશું નેં
હામો ઈબો હેંતો, ઝર ઈશુંનેં હેંમ સિસાએંનેં જીવ
કાડત ભાળું, તે હેંને કેંદુ, "હાસેં હાસ આ માણસ,
પરમેશ્વર નો બેટો હેંતો !" 40 કઈક બજ્યેરેં હુદી
સીટી રેંનેં ભાળતી હેંતી, હેંનમ મરિયમ મગદલીની,
નાનો યાકૂબ અને યોસેસ ની આઈ મરિયમ, અને
સલોમી હિતી 41 ઝર ઈશુ ગલીલ મ હેંતો તે ઈયે
ઈશુનેં વાહેડ થાએં જાતી હેંતિ અને ઈશુની સેવાસ
કરી કરતી હેંતી, અને બીજી ઘણી બજ્યેરેં હુદી
હેંતી, ઝી ઈશુનેં હાતેં યરુશલેમ મ આવી હીતી
42 ઝર હાજ પડી ગઈ તે એતરે હારું કે તયારી નો
દાડો હેંતો, ઝી વિશ્રામ વાર ને એક દાડા પેલ થાએ

હે , 43 અરિમતિયા નો રેવા વાળો યુસુફ આયો,
ઝી મુંટી સભા નો માણસ હેંતો, અને પુંતે હુંદો
પરમેશ્વર ના રાજ ની વાટ જૂવેતો હેંતો વેયો સાંતી
રાખેંનેં પિલાતુસ કન જ્યો અને ઈશુ ની લાસ માંગી
44 પિલાતુસ ને વીસાર થાયો કે એતરો જલ્દી મરેં
જ્યો, અને હેંને સુંબેદાર (હો સપાઈ ની ટુકડી નો
અગુવો) નેં બુંલાવેંનેં પુસ્યુ, "હું હેંને મરવાની વાર
થાઈ ?" 45 ઝર હેંને સુબેદાર દુવારા હાલ જાણેં
લેંદો, તે લાસ યુસુફ ને અલાડ દીદી 46 તર હેંને હુંણ
ની એક સાદેર વેંસાતી લીદી,અને લાસ ને ઉતારેંનેં
હીની સાદરમ ફુંત્યો, અને એક કબર મ ઝી ભાઠા મ
ખણીલી હીતી મેંલ્યો,અને કબર ના બાએંણા ઈપેર
એક ભાઠો ગગડાવ દેંદો 47 મરિયમ મગદલીની અને
યોસેસ ની આઈ મરિયમ ભાળતી હીતી કે ઈશુ કાં
મેંલ્યો હે

16 1 ઝર વિશ્રામ વાર નો દાડો નકળેં જ્યો,
તે મરિયમ મગદલીની, અને યાકૂબ ની
આઈ મરિયમ, અને સલોમીવેં અસલ ગન્દાવા
વાળી વસ્તુ વેંસાતી લેં લેંદી કે આવેંનેં ઈશુનેં લગાડે
2 અઠવાડજ્યા નેં પેલે દાડે એકદમ હાવેરમ ઝર
દાડો નકળોસ હેંતો, વેયે કબર કન આવજ્યી ,
3 અને એક બીજી નેં કિત્જ્યી હિતી, " હમાર હારું
કબર ને બાઈણે હો ભાટો કુણ ગગડાવ હે ?" 4 ઝર
હેંનવે નજર કરી, તે ભાળું કે ભાટો ગગડાવેલો હે,
ભાટો ઘણો મોટો હેંતો 5 કબર નેં મએં જાએન હેંનવે
એક જુવન ને ધોળ સીસર પેરેંલ જમણી પાકતી
બેઠેલો ભાળો, અને ઘણી ઘબરાએં ગજ્યી 6 હેંને
હિન્યનેં કેંદૂ, "ઘબારાવો નહેં, તમુ ઈશુ નાસરી ને,
ઝી ક્રુસ ઈપેર સડાવવામ આયો હેંતો, જુંવો હે વેયો
જીવી જ્યો હે, આં નહી; ભાળો, આ વેયેસ જગા
હે, ઝાં હેંનવે ઈશુનેં મેંલ્યો હેંતો 7 પુંણ તમું જો,
અને ઈશુન સેંલનેં અનેં પતરસનેં કો કે ઈશુ તમાર
કરત પેલ ગલીલ મ જાહે ઝેંવું ઈશુવે તમન કેંદુ હેંતુ,
તમુ વેહાંસ ઈશુને ભાળ હો 8 અનેં વેયે નકળેંનેં
કબરેં હીં નાહેં ગઈ, કેંમકેં કાંપણી અનેં ઘબરાટ
હિન્યી નેં થાએં ગઈ હીતી ; અનેં ઈન્યીવેં કેંનસ
કઈસ નેં કેંદૂ, કેમકે સમકત્યી હીતી 9 અઠવાડજ્યાં
ને પેલે દાડે હવેંર થાત મસ ઈશુ જીવતો થાએંનેં
પેલામ પેલો મરિયમ મગદલીની ઝેંનેંમહી ઈશુવે
હાત દુષ્ટ આત્મા કાડી હીતી ભળાયો 10 ઈન્યી
જાએંનેં ઈસુ ન હાત વાળને ઝી સિન્તા મ પડીલ
હેંત અનેં ગાંગરત હેંત, હમિસાર આલ્યો 11 હેંનવે
ઈયુ હામળેંનેં કે ઈશુ જીવતો હે અને ઈન્યી એને
ભાળો હૈ, વિસવા નેં કરયો 12 હેંના પસી ઈશુ
બીજા રૂપ મ હેંનમના બે જણને ઝર ઈયા ગામ
મ જાએં રયા હેંતા, ભળાયો 13 હેંનવેં હુંદુ જાએંને
બીજને હમિસાર આલ્યો, પુંણ હેંનવેં તેંનેં ઈપેર
હુંદો વિસ્વા નેં કરયો 14 પાસડ ઈશુ હેંન અગ્યારનેં
હુંદો, ઝર ઈયા ખાવા બેંઠા હેંતા ભળાયો , અનેં
હેંનનાં અવિશ્વાસ અને મન ની કઠણતા હારું ઠપકો
આલ્યો કેમકે ઝેનવે એને જીવતો થાવા બાદ ઈશુને
ભાળો હેંતો, એંનવેં હેંન ઈપેર વિશ્વાસ નેં કરયો
હેતો 15 અને ઈશુવે હેંનને કેંદુ, "તમું આખા જગતમ
જાએંનેં આખી ધરતીન મનખને તાજા હમિસારનો
પરસાર કરો 16 ઝી વિશ્વાસ કરેં અનેં બક્તિસ્મ લે
તેનોસ બસાવ થાહે, પુંણ ઝી વિશ્વાસ નેં કરહે વેયું
દોષી ગણાવામ આવહે ; 17 વિશ્વાસ કરવા વાળમ
આ નિસાની વેહે કે વેય મારા નામ થી દુષ્ટ આત્મા
નેં કાડહે અને નવી નવી ભાષા બુલહે , 18 હાપને
તુંકેં લેહે, અને અગર ઈયા જીવ ઘાતક વસ્તુ હુદા
પી જાએ તે હુંદૂ એંનનું કઈ નુકસાન નેં થાએં; વેય
બિમાર ઈપેર હાથ મેંલહે અને બિમાર હાજ થાએં
જાહે 19 પ્રભુ ઈશુ હેંન થકી વાતેં કરવા બાદ હરગમ
ઉઠાવ લેંવામ આયો, અને પરમેશ્વર ની જમણી
પાકતી બેંહેંજ્યો 20 અને હેંનવે નકળેન હરેક જગ્યા
પ્રસાર કરયો, અને પ્રભુ હેંનન હાતે કામ કરતો રેંયો,
અને હેંની નિશાન્યી નેં દુવારા ઝી હાતેં હાતેં રેંતા
હેંતા, વસન નેં મજબુત કરતો રેંયો આમીન

# LUKE

# લુક

1 1 ધણાવે હે,હીની વાત નું ઝી હમારા વસમ
વીતી હે, કહાની લખવામ હાત લગાડ્યો
2 ઝેંવું કે એનવે ઝી પેલ થી ઈની વાત ને ભાળવા
વાળે અને વસન ના સેંવક હેંતા, હમ તક પોતાડ્યું
3 એતરે, હે વડીલ થિયુફિલુસ, મને ઠીક ખબર પડી
કે ઈની બદ્દી વાત નો પુરો હાલ સરુવાત થી અસલ-
અસલ જાંસ કરેંને, હેંને તારી હારુ લાએણસર લખું
4 એતરે તું ઈયુ જાણ લે કે વેયી વાતેં ઝેંનું તેં શિક્ષણ
લેંદૂ હે, કેંવું હાસુ હે 5 યહૂદિયા ના રાજા હેરોદેસ
ના સમયેં અબિય્યાહ ના દલ મ જકર્યાહ નામ
નો એક યાજક હેંતો, અને ઈની બજ્યેર હારુન
ના પરિવાર ની હીતી ઝેંનું નામ ઈલીશિબા હેંતું
6 વેય બે પરમેશ્વર ને અગેડ ધર્મી હેંત, અને પ્રભુ
ની બદ્દી આજ્ઞા અને વિધિ ઈપેર નિર્દોષ સાલવા
વાળ હેંત 7 એનનો કઈ પરિવાર નેં હેંતો, કેંમકે
ઈલીશીબા વાજણી હીતી, અને વે બે જણ ડુહ હેંત
8 ઝર વેયો પુંતાના દલ ની વારી ઈપેર પરમેશ્વર નેં
અગેડ યાજક નું કામ કરતો હેંતો , 9 તે યાજક ના
રિવાજ પરમાણે એના નામ ઈપેર સિઠ્ઠી નકળી કે
પ્રભુ ના મંદિરમ જાએને ધૂપ બાળે 10 ધૂપ કરવાને
સમયે મનખ ની આખી મંડળી બારત પ્રાર્થના કરતી
હીતી 11 હેના સમયે પ્રભુ નો એક હરગ દૂત ધૂપ
ની વેદી ની જમણી બાજુ ઉબેંલો એને ભળાયો
12 જકરયાહ ભાળેને ધબરાયો અને એનેમ મુટી
બીક ભરાએ ગઈ 13 પુંણ હરગ દૂતે એને કેંદૂ , "હે
જકરયાહ, બિકે નહે, કેંમકે તારી પ્રાર્થના હામળે
લેંદી હે ;અને તારી બજ્યેર ઈલીશિબા થી તારી
હારું એક બેંટો પેંદા થાહે, અને તું હેનું નામ
યૂહન્ના રાખજે 14 તને આનંદ અને હર્ષ થાહે : અને
ધણ મનખ એના જલમવા થકી આનંદિત થાહે ,
15 કેંમકે વેયો પ્રભુ ને હામે મોંટો થાહે અને દરાક
નો રસ [જુંનો રસ ઝેના થી નશો સડે] અને દારૂ
કેંર યે નેં પીયહે ;*અને પુંતાની માં ના પેટ મહીસ
પવિત્ર આત્મા થકી ભરપુર થાએ જાહે ; 16 અને
ઈસ્રાએલજ્ય મન ધણવને એનના પ્રભુ પરમેશ્વર
મએ ફેંરવહે 17 વેયો એલિય્યાહ ની આત્મા અને
સામ્રત મ ભરાએને એને અગેડ અગેડ સાલહે કે
બાપ નું મન બાળ-બસ્સ મએ ફેંરવેં દે; અને આજ્ઞા
નેં માનવા વાળ ને ધર્મ્યની હમજ ઈપેર લાવે;
અને પ્રભુ હારુ એક યોગ્ય પરજા તિયાર કરે *''
18 જકરયાવે હરગ દૂત ને પુસ્યું, "ઈયુ હું કેકેમ જાણું
? કેમકે હું તે ડુંહો હે; અને મારી બજ્યેર હુદી ડુંહી
થાએ ગઈ હે '' 19 હરગ દૂતે એને જવાબ આલ્યો,
"હું ઝિબ્રાઈલ હે, ઝી પરમેશ્વર ની હામે ઈબો રું
હે ;અને હું તને થી વાતેં કરવા અને તને આ તાજો
હમિસાર હમળાવવા હારું મોંકલવામ આયો હે *
20 ભાળ, ઝેંના દાડા તક ઈયે વાતેં પુરી નેં થાએ લે
,હેના દાડા તક તું ગુંગો રેંહે અને બુંલે નેં સકહે; એતરે
હારું કે તેં મારી વાત ને પુંતાના સમય મ પુરી થાહે,
વિશ્વાસ નહે કર્યો '' 21 મનખ જકરયાહ ની વાટ
જુવત રય અને વિસાર કરવા મંડ્ય કે એને મંદિર મ
ઈતરી વાર હુંકા લાગી 22 ઝર વેયો બારત આયો, તે
એન હામેં બોંલેં નેં સક્યો : વેય હમજેં જ્ય કે એને
મંદિર મ કઈક દર્શન મળું હે; અને વેયો મનખને
ઈશારો કરતો રયો,અને ગુંગો રેં જ્યો 23 ઝર ઈની
સેવા ના દાડા પુરા થાયા, તે વેયો પુંતાને ઘેર જાતોર્યો
24 એન દાડ બાદ હીની બજ્યેર ઈલીશિબા ને
મઈના રયા; અને પાંચ મઈના તક પુંતાને એમ કેં
નેં ઓઠૂં રાખ્યું , 25 "મનખ મ મારું અવમાન સિટી
કરવા હારું, પ્રભુવે એન દાડ મ કૃપા ની નજર
કરેંને મારી હારું એવું કરું હે " 26 સઠ્ઠા મઈના
મ પરમેશ્વર તરફ થી જિબ્રાઈલ હરગદૂત ,ગલીલ
ના નાસરત નગર મ , 27 એક કુંવારી કને મોંકલવા
મ આયો ઝીની હગાઈ યૂસુફ નામ ના દાઉદ ના
પરિવાર ના એક માણસ હાતે થાઈ હિતી:હીની
કુંવારી નું નામ મરિયમ હેતું * 28 હરગ દૂતે એને કન
મએ આવેને કેંદૂ,"આનન્દ અને જય તારી થાએ,ઝેને
ઈપેર ઈશ્વર નું અનુગ્રહ થાયુ હે ! પ્રભુ તારી હાતે હે
!" 29 વેયે હેના વસન થી ધણી ધબરાએ ગઈ ,અને
વિસાર કરવા લાગે ગઈ કે આ કેંવા પ્રકાર નો અવકાર
હે ? 30 હરગ દૂતે એને કેંદૂ, "હે મરિયમ, સમકે
નહે ,કેમકે પરમેશ્વર નું અનુગ્રહ તારી ઈપેર થાયુ હે
31 ભાળ,તું બે જીવી થાહે,અને તારે એક સોંરો પેંદા
થાહે;તું હેનું નામ ઈશુ રાખજે 32 વેયો મહાન્ થાહે
અને પરમપ્રધાન [મોંટામ મોંટો] નો બેંટો કેંવાહે;
અને પ્રભુ પરમેશ્વર એના બાપ દાઉદ ની રાજ ગદ્દી
એને આલહે, 33 અને વેયો યાકૂબ ના પરિવાર ઈપેર
હમેશા હારું રાજ કરહે અને એના રાજ નો અન્ત
નેં આવહે *" 34 મરિયમે હરગ દૂતને કેંદૂ, "ઈયુ કેંકેંમ
થાહે હું તે માણસ ને જાણતીસ નહે " 35 હરગ

દૂતે એને જવાબ આલ્યો, “પવિત્ર આત્મા તારી
ઈપેર ઉતરહે,અને પરમ-પ્રધાન ની સામ્રથ તારી
ઈપેર સાયા કરહે; એતરે હારું વેયો પવિત્ર ઝી ળો
હે, પરમેશ્વર નો બેટો કેંવાહે 36 અને ભાળ, તારા
પરિવાર ની ઈલીશિબા ને હુદો ગએડાપણ મ સોરો
થાવાન હે, આ એનો, સઠ્ઠો મઈનો હે, ઝી વાંજ
કેંવાતી હિતી 37 કેમકે ઝી વસન પરમેશ્વર તરફ થી
આવે હે પરભાવ વગરનું નહે હોતું” 38 મરિયમે કેંદૂ,
“ભાળ, હું પ્રભુ ની દાસી હે, મને તારા વસન ને
પરમાણે થાએ ”તર હરગ દૂત એને કન હો જાતોરયો
39 હેન દાડ મ મરિયમ ઉઠેને ઉતાવળી પહાડી દેશ
મ યહૂદા ના એક સેર મ ગઈ 40 અને જકરયાહ ના
ઘેર મ જાએને ઈલીશિબા ને સલામ કરી 41 ઝેમ
ઈલીશિબાવે મરિયમ ની સલામ હામળી, તેમેંસ
સુંરું પેંટ મ કુદ્યું,અને ઈલી શિબા પવિત્ર આત્મા
થકી ભરપુર થાએ ગઈ 42 અને ઈલીશિબાવે મોંટા
અવાજ થી પુંકારે ને કેંદૂ,“તું બઈર મ ધન્ય હે, અને
તારા પેટ નું ફળ ધન્ય હે ! 43 આ અનુગ્રહ મને કાં
થકી થાયું કે મારા પ્રભુ ની આઈ મારી કને આવી ?
44 ભાળ ઝેમ તારા સલામ નો અવાજ માંર કાંદડ
મ આયો ,તેમેંસ સુંરું મારા પેટ મ આનન્દ થી કુદવા
મંડ્યું 45 ધન્ય હે વેહ ઝેનેવે વિશ્વાસ કરો કે ઝી
વાતેં પ્રભુ તરફ થી એને કીદી વેહ પુરી થાહે !”
46 તર મરિયમે કેંદૂ,“મારો જીવ પ્રભુ ની મોંટાઈ કરે
હે 47 અને મારી આત્મા મારા તારનારા પરમેશ્વર
થી આનંદિત થાઈ, 48 કેમકે એને પુંતાની દાસી ની
ગરિબાઈ ઈપેર નજર કરી હે ;એતરે ભાળો, આવું
થી બદ્દી જુંગ જુંગન મનખ મને ધન્ય કેંહે , 49 કેમકે
વેને તાકતવરે મારી હારું મોંટ-મોંટ કામ કરય હે
વેનું નામ પવિત્ર હે , 50 અને ઈની દયા એન ઈપેર
ઝી એની બીક રાખે હે ,પીઢી થી પીઢી તક હાતેં રેં
હે 51 એને પુતાન બાવળ નું બળ વતાડું હે , અને
ઝી પુતાને મુટું હમજત હેત હેનને વખેંર નાંખ્ય
હે 52 એને બળવાન ને એનના રાજ ની ગદ્દી થી
ઉતારે નાખ્યાં ;ગરિબને ઉસા કરયા* 53 એને ભૂખને
અસલ વસ્તુવે થકીધપાડ્યા અને ધન વાળને ખાલી
હાત કાડ દેદા 54 એને પુંતાના સેવક ઇસ્રાએલ ને
હમાળલેંદો કે પુંતાની વેની દયા ને યાદ કરે , 55 ઝી
ઈબ્રાહીમ અને હેંના પરિવાર ઈપેર હમેશા રેંહે ,ઝેંવું
એને હમાર બાપ-દાદ થી કેંદૂ હેંતું ” 56 મરિયમ
લગભગ તાણ મઈના ઈલીશિબા ને હાતેં રેં નેં
પુંતાને ઘેર પાસી જાતીરી 57 તર ઈલીશિબા ના દાડા
પુરા થાયા અને ઈલીશિબાવે બેંટાને જનમ આલ્યું
58 એન પાડુંસી અને પરિવાર વાળે ઈયુ હામળેને
કે પ્રભુવે એને ઈપેર મુંટી દયા કરી હે, એને હાતે
આનન્દ કરું , 59 અને એવું થાયું કે આઠવે દાડે
વેય બાળક નું સુન્નત કરવા આય *અને એનું નામ
એના બાપ ના નામ ઈપેર જકરયાહ રાખવા મંડ્ય
60 એને ઈપેર ઈની માંએ જવાબ આલ્યો , “નહે;
પુંણ એનું નામ યૂહન્ના રાખવામ આવે ” 61 એનવે
કેંદૂ, “તારા પરિવાર મ કેંનું યે આ નામ નહે ” 62 તર
એનવે બાળક ના બાપ ને ઈશારો કરેને પુસ્યું કે તું
એનું નામ હું રાખવા સાહે હે ? 63 એને લખવાની
પટ્ટી મન્ગાડેને લખે દેંદૂ, “એનું નામ યૂહન્ના હે,”
અને બદ્દને નવાઈ લાગી 64 તર જકરયાહ નું મોંડુ
અને જીભ તરત ખુલી ગઈ; અને વેયો બુંલવા અને
પરમેશ્વર નું ધનેવાદ કરવા મંડ્યો 65 એન આજું
બાજું ન બદ્ રેંવા વાળ મ બીક ભરાએ ગઈ; અને
વેની બદ્દી વાત ની સરસા યહૂદિયા ન બદ્ પહાડી
દેશ મ ફેલાએ ગઈ , 66 અને બદ્ હામળવા વાળે
પુંત પુંતાના મન મ વિસાર કરેંનેં કેંદૂ, “ઈયુ બાળક કેંવું
વેહે ?”કેમકે પ્રભુ નો હાત એને હાતેં હેંતો 67 એનો
બાપ જકરયાહ પવિત્ર આત્મા થકી ભરપુર થાએ
જ્યો,અને ભવિષ્યવાણી કરવા મંડ્યો : 68 “પ્રભુ
ઈસ્રાઈલ નો પરમેશ્વર ધન્ય હે , કેમકે એને પુંતાન
મનખ ઈપેર નજર કરી , અને એનનો સુટકારો કરો
હે , 69 અને પુંતાના સેવક દાઉદ ના પરિવાર મ
હમારી હારું એક તારણ નું હેંન્ગડુ કાડ્યું , 70 (ઝેંવું
એને પુંતાન પવિત્ર ભવિષ્યવક્તાવ ન દવારા ઝી
જગત હી પેલું થાતું આયુ હે, કેંદૂ હેંતું ) 71 કે હમારા
દુશ્મન થી, અને હમારા બદ્દાવેરિજ્ય ના હાત હી
તારણ કરું હે, 72 કે હમાર બાપ-દાદ ઈપેર દયા કરેંને
પુંતાના પવિત્ર વાયદા ને યાદ કરે, 73 અને વેયા હમ
ઝી એને હમારા બાપ ઈબ્રાહીમ થી ખાદા હેંતા,
74 કે વેયો હમન ઈયુ આલહે કે હામું પુતાન દુશ્મન
ના હાત મહા સુટેંનેં , 75 એને અગેડ પવિત્ર બણેને
અને ધર્મી બણેને જીન્દગી ભર બિક વગર રેંને ઈની
સેવા કરત રય 76 અને તું હે બાળક,પરમપ્રધાન નો
ભવિષ્યવક્તા કેંવાહે,કેમકે તું પ્રભુ નો રસ્તો તિયાર
કરવા હારું હેંને અગ્યેડ-અગ્યેડ સાલ હેં 77 કે એન
મનખનેં તારણ નું જ્ઞાન આલે ,ઝી એનના પાપ
ની માફી થી મળે હે 78 ઈયુ હમારા પરમેશ્વર ની
વેનિસ મુંટી કરુંણા હી થાહે ; ઝેને લેદે ઈપેર થી
હમારી ઈપેર હવેર નું ઇજવાળું ઉગહે 79 કે ઇન્દારા
અને મોત ની સાયા મ બેંહવા વાળ નેં ઇજવાળું
આલે,*અને હમાર પોગ ને શાંતિ ના રસ્તા મ હિદ
સલાડે ” 80 અને વેયું બાળક વદતું અને આત્મા મ
તાકતવર થાતું જ્યું, અને ઈસ્રાઈલ મ પરગટ થાવા
તક જંગલ મ રયો

2
1 હેન દાડ મ ઑગુસ્તુસ કૈસર ની તરફ થી
હુંકમ નકળુ કે આખા જગત ન મનખ ન નામ
લખવામ આવે 2 આ પેલી નામ લખાઈ વેના સમયે

થાઈ,ઝર ક્વિરિનિયુસ સિરિયા [રાજ્ય] નો પ્રમુખ
હેંતો 3 બદ્ મનખ નામ લખાડવા હારું પુત-પુંતાના
સેર મ જ્ય 4 અને યૂસુફ્ હુંદો એંતરે હારું કે વેયો
દાઉદ ના પરિવાર નોં અને પીઢી નો હેંતો, ગલીલ
ના નાસરત સેર મહો યહૂદિયા મ દાઉદ ના સેર
બેતલહેં મ જ્યો , 5 કે પુંતાની હગાઈ વાળી મરિયમ
ને હાતેં ઝી ભારી પોગેં હિતી નામ લખાડે, 6 એનને
તાં રેંત જાએને મરિયમ નેં હાજી ઉઠવાના દાડા
પુરા થાયા, 7 અને મરિયમ પુંતાનો પેલ ખોંળો સુંરો
જાણી અને સુંરાનેં સિસરામ કુંતેનેં વેંડ મ મેંલ્યો;
કેંમકે એંન હારું ધરમ શાળા મ જગા નેં હિતી 8 અને
હેના દેશ મ કેંતરા ઘેંટ ના ગુંવાળજ્યા હેંતા, ઝી
રાત્રેં ખેંતર મ રેંને પુંતાના ટુંળાની રખવાળી કરતા
હેંતા 9 અને પ્રભુ નો એક દૂત એંન કનેં આવેં નેં
ઉબો થાએજ્યો, અને પ્રભુ નો તેજ એંનન સારેં
મેર ભળાયું, અને વેયા ઘણા સમકેં જ્યા 10 તર
હરગ દૂતેં એંનનેં કેંદૂ, "નહેં સમકો; કેંમકે ભાળો,
હું તમનેં મોંટા આનંદ નો તાજો હમિસાર હમળાવું
હે ઝી બદ્ મનખ હારું થાહે , 11 કે આજે દાઉદ
ના સેર મ તમારી હારું એક તારણ હારો જલમ્યો
હે,અને ઈયોસ મસીહ પ્રભુ હે 12 અનેં એંની તમારી
હારું આ નિશાની હે કે તમોં એક બાળક નેં લુંગડે
લપટેંલું અનેં વેંડ મ હુતેંલું મળહે " 13 તર એકાએક
હેંના હરગદૂત નેં હાતેં હરગદૂતનું દળ પરમેશ્વર ની
સ્તુતિ કરતા જાએંનેં એમ કેંત ભાળવા જડ્યા ,
14 "આકાશ*મ પરમેશ્વર ની મહિમા અને ધરતી મ
વેન મનખ મ ઝેંને થકી વેયો ખુશ હે, શાંતિ થાએ
" 15 ઝર હરગ દૂત એંન કન હા હરગ મ જાતારયા,
તે ઘેંટ ના ગુંવાળજ્યવે એક બિજાનેં કેંદૂ, "આવો,
આપું બેતલહેંમ મ જાએંને આ વાત ઝી થાઈ હે,અનેં
ઝેંનેં પ્રભુવે હમનેં વતાડી હે, ભાળજ્યે " 16 અને
એંનવેં તરત જાએંને મરિયમ અનેં યૂસુફ નેં,અને
વેંડ મ બાળક નેં પડેંલું ભાળું 17 એંનનેં ભાળેંનેં
એંનવે વેયે વાત ઝી એંના બાળક ના બારામ એંનને
કેંવામ આવી હીતી, વતાડી , 18 અને બદ્ હામળવા
વાળેં હીની વાત થકી ગુંવાળજ્યે એંનન કેંદી નવાઈ
લાગી 19 પુંણ મરિયમ ઈયે બદ્દી વાતેં પુંતાના મન
મ રાખેંને વિસારતી રી 20 અનેં ગુંવાળજ્યા ઝેંવું
એંનનેં કેંવામ આયું હેંતું,વેહમેસ બદ્દુ હામળેંનેં અનેં
ભાળેં નેં પરમેશ્વર ની મહિમા અને સ્તુતિ કરતા
જાએંને પાસા જાતારયા 21 ઝર આંઠ દાડા પુરા થાયા
અને બાળક નો સુન્નત નો સમય આયો, તે એંનું
નામ ઈશુ રાખવામ આયુ ઝી હરગ દૂતેં બાળક નેં પેંટ
મ આવવા પેલ કેંદૂ હેંતું 22 ઝર મૂસા ના નિયમ ના
અનુસાર એંનના શુદ્ધ થાવાના દાડા પુરા થાયા, તે
વેય એંને યરુશલેમ મ લેં જ્ય કે પ્રભુ નેં અગેડ લાવે
, 23 (ઝેંવું કે પ્રભુ ના નિયમ મ લખ્યું હે : "હરેક પેલ
ખુંળું પ્રભુ હારું પવિત્ર ઠરે ") 24 અને પ્રભુ ના નિયમ
ના વસન નેં પરમણેં : "હુંલ ની એક જોંડ, અને
કબુતર ન બે સેંલ લાવેંને બલિદાન કરે 25 યરુશલેમ
મ શમોન નામ નો એક આદમી હેતો, અને વેયો
આદમી ધર્મી અનેં ભગત હેંતો; અનેં ઈસ્રાએલ ની
શાંતિ ની વાટ જુંવતો હેંતો ,અનેં પવિત્ર આત્મા
એંને ઈપેર હેંતું 26 અને પવિત્ર આત્મા દુવારા એંને
ઈપેર પરગટ થાયું હેંતું કે ઝાં તક વેયો પ્રભુ ના મસીહ
નેં ભાળે નેં લેહે, તાં તક મોત ને નેં ભાળહે 27 વેયો
આત્મા ના હિકાડવા થી મંદિર મ આયો; અનેં ઝર
માં-બાપ વેના બાળક ઈશુ નેં મએ લાય ,કે એંને
હારું નિયમ ની રીત પરમણેં કરે , 28 તે શમોનેં ઈશુને
પુંતાના ખુંળામ લેંદો અનેં પરમેશ્વર નું આભાર કરેંને
કેંદૂ : 29 "હે માલિક, હાવું તું તારા દાસ નેં પુંતાના
વસન નેં પરમણેં શાંતિ થી જાવા દે હે , 30 કેંમકે
મારી આંખવે તારા તારણ નેં ભાળ લેંદો હે , 31 ઝેંને
તેં બદ્ દેશ ન મનખ નેં અગેડ તિયાર કરયો હે , 32 કે
વેયો બીજી જાતી નેં ઈજવાળું આલવા હારું દિવો,
અનેં તાર પુંતાન મનખ ઈસ્રાએલ ની મહિમા થાએ
"* 33 એંનો બા અને એંની આઈ ઈની વાત થકી
ઝી ઈશુ ના બારામ કેંવાતી હિતી , વિસાર કરત હેંત
34 તર શમોનેં એંનન આશિષ આલેંને, ઈશુ ની માં
મરિયમ નેં કેંદૂ, "ભાળ, વેયો તે ઈસ્રાએલ મ ઘણનેં
પડવા, અનેં ઉઠવા હારું, અનેં એક ઈવી નિશાની
થાવા હારું ઠરાવેંલો હે, ઝેંના વિરુદ્ધ મ વાતેં કરાહે
– 35 અનેં તારો જીવ હોંદો તલુવાર થી આર પાર
કુંરાએ જાહે – એંને થી ઘણા હયાના વિસાર પરગટ
થાહે " 36 અશેર ની પીઢી મ થી હન્નાહ નામની
ફ્નુએલ ની સુરી એક ભવિષ્યવક્તણી હિતી વેયે
ઘણી ગઈઢી હિતી, પઈણા પસી હાત વરહ પુંતાના
આદમી હાતેં રેં સકી હિતી 37 વયે સોર્યાસી વરસ
થી રન્ડાએલી હિતી : અનેં મંદિર નેં નેં સોંડતી
હિતી ,પુંણ ઉપવાસ અને પ્રાર્થના કરેં કરેંને રાત
દાડો ભક્તિ કરેં કરતી હિતી 38 અનેં વેયે હિનીસ
ઘડી વેહાં આવેંને પ્રભુ નું આભાર કરવા મંડી,અને
વેહન બદ્ થી,ઝી યરુશલેમ ના સુટકારા ની વાટ
જુવત હેંત,વેના બાળક ના બારામ વાતેં કરવા મંડી
39 ઝર વેય પ્રભુ ના નિયમ પરમણેં સબ કઈ પુરું
કરેં સુક્ય તે ગલીલ મ પુંતાના સેર નાસરત મ ફેંર
જાતયેં 40 અને બાળક વદતું ,અને તાકતવર થાતું
,અનેં બુદ્ધિ મ ભરપુર થાતું જ્યું ;અને પરમેશ્વર
નું અનુગ્રહ એંને ઈપેર હેંતું 41 ઈશુ ન આઈ-બા હર
વરસ ફસહ ના તેવાર મ યરુશલેમ મ જાએ કરત
હેંત 42 ઝર ઈશુ બાર વરસ નો થાયો, તે ઈશુ અનેં
ઈશુન આઈ બા તેવાર ની રીત નેં પરમણેં યરુશલેમ

મ જ્ય 43 ઝર વેય હેન દાડ નેં પુરા કરેંને પાસ જાવા
મંડ્ય ,તે બાળક ઈશુ યરુશલેમ મ રેં જ્યો ;અનેં
આ એંન આઈ –બા નેં જાણત હેંત 44 વેય એમ
હમજેંનેં કે ઈશુ બીજ આવવા વાળનેં હાતે વેહે
,એક દાડાનો પડાવ નકળેં જ્ય : અનેં ઈશુને પુંતાના
પરિવાર અનેં વળખાણ વાળ મ જુંવા મંડ્ય 45 પુંણ
ઝર નેં મળયો ,તે જુંવત-જુંવત યરુશલેમ મ ફેર
જાતરય , 46 અનેં તાણ દાડ બાદ એંનવેં ઈશુને મંદિર
મ ભાષણ આલવા વાળ નેં વસમ બેંહેને ,એનનું
હામળત અનેં એંનથી સવાલ કરત મળ્યો 47 ઝેંતરા
ઈની હામળેં રેંયા હેતા ,વેયા બદ્દા ઈની હમજ અને
એંના જવાબ થી વિસાર મ હેંતા 48 તર વેયા ઈશુને
ભાળેંનેં વિસારમ પડેંજ્યા અનેં ઈશુ ની માંએ ઈશુને
કેંદૂ ,“હે બેંટા, તેં હમારી હાતેં હુંકા એવો વેવહાર કર્યો
? ભાળ , તારો બાપ નેં હૂં દુઃખી થાએને તનેં જુંવત
હેંત ? 49 ઈશુવે એંનન કેંદૂ , “તમોં મનેં હુંકા જુંવત
હેંત ? હું નેં જાણત હેંત કે મને મારા બા ના ઘેર
મ રેંવું જરૂરી હે ?” 50 પુંણ ઝી વાત ઈશુવે એંનન
કિદી ,એંનવે એંને નેં હમજી 51 તર ઈશુ એંનને હાતેં
જ્યો ,અનેં નાસરત મ આયો ,અનેં એંનના કેંવામ
રયો ; અનેં ઈની માંએ ઈયે બદ્દી વાતેં પુંતાના મન
મ રાખી 52 અનેં ઈશુ બુદ્ધિ અને શરીર મ અનેં
પરમેશ્વર અનેં મનખ ના અનુગ્રહ મ વદ તો જ્યો

3
1 તિબિરિયુસ કૈસર ના રાજ ના પંદરવા વરસ
મ ઝર પુન્તિયુસ પિલાતુસ યહૂદિયા નો રાજ
અધિકારી હેંતો ,અનેં ગલીલ મ હેરોદેસ ,ઈતૂરેયા
અનેં ત્રખો નીતિસ મ એંનો ભાઈ ફિલિપ્પુસ,અનેં
અબિલેને મ લિસાનિયાસ, ચોથાઈ ના રાજા હેતા
, 2 અનેં ઝર હન્ના અને કૈફા મુખી યાજક હેંતા
,હેંના સમયેં પરમેશ્વર નું વસન જંગલ મ જકરયાહ
ના સોંરા યૂહન્ના કનેં પોત્યું 3 વેયો યર્દન નેં આજું
બાજું ન બદ્ રાજ્ય મ જાએને,પાપ ની માફી હારું
મન ફેંર વવાના બપતિસ્મ નો પરસાર કરવા મંડ્યો
4 ઝેમ યશાયાહ ભવિષ્યવક્તા ન કેંદેંલ વસન ની
સોપડી મ લખ્યું હે : “જંગલ મ એક પુંકારવા વાળા
નો અવાજ થાએ રયો હે કે ,‘પ્રભુ નો રસ્તો તિયાર
કરો ,ઈની સડકેં હીદી બણાવો 5 હર એક ઘાટી ભર
દેંવામ આવહે ,હર એક ડુંગરા અને ટેંકરા નિસા
કરવામ આવહે ;અનેં ઝી વાકો હે હિદો ,અનેં ઝી
ઉસું નિસું હે વેને હામો રસ્તો બણહે 6 અનેં હરેક
જીવ પરમેશ્વર ના તારણ નેં ભાળહે ’ ” 7 ઝી ટુળા
ના ટુળા હેનેં થકી બપતિસ્મ લેંવા હારું નકળેંનેં
આવતા હેંતા ,એંનન વેયો કેંતો હેંતો , “હે હાપ ન
બસ્સોં ,તમને કેંનેં સેતવ્યા કે આવવા વાલા કોપ હી
નાહો 8 અને મન ફેંરવવાનેં લાએક ફળ લાવો ,અને
પુંત-પુંતાના મન મ એંમ નહેં વિસારો કે હમારો
બાપ ઈબ્રાહીમ હે ;કેંમકે કે હું તમનેં કું હે કે પરમેશ્વર
એંન પુણ થકી ઈબ્રાહીમ હારું બેંટા બેંટી પેંદા કરેં
સકે હે 9 હાવું કુંવાડું ઝાડ ન મુળ ઈપેર મેંલ્યું હે
,એંતરે ઝી ઝી ઝાડ તાજું ફળ નહેં લાવતું ,વેયું કાપેં
અનેં આગ મ નાખેં દેંવાએ હે ,” 10 તર મનખવેં
યૂહન્ના થી પુસ્યું “ તે હમું હું કરજ્યે ?” 11 એંને
હેંનન જવાબ આલ્યો,“ઝેંને કનેં બે ઝબ્બા વેહ,વેયો
એનને હાતે ઝેંને કનેં નહેં વાટેં લે અને ઝેંને કને
ખાવાનું વેહ વેયું હુંદું હેંમેસ કરે ” 12 વેરું લેંવા
વાળા હુંદા બપ્તિસ્મ લેંવા આયા ,અનેં યૂહન્નાનેં
પુસ્યું ,“હે ગરુ,હમું હું કરજ્યે ?” 13 એંને એંનનેં
કેંદૂ,“ઝી તમારી હારું ઠરાવલું હે ,હેંને કરત વદારે
નહેં લેંતા વેહ ” 14 સપાજ્યએ હુંદું એંને એંમ પુસ્યું
, “હમું હું કરજ્યે ?”એંને એંનનેં કેંદૂ ,“કેંને ઈપેર
જબર જસ્તી નહે કરતા વેહ અનેં નહેં કેંનેં યે ઈપેર
ખુંટો તુંફો મેંલતા વેહ ,અનેં પુંતાના પગાર મ રાજું
રેંજો ” 15 ઝર મનખ આહ લગાડેંનેં હેંત,અનેં બદ્
પુંત પુંતાના મન મ યૂહન્ના ના બારામ વિસાર કરે
રેંય હેંત કે હું ઈયોસ મસીહ તે નહેં , 16 તે યૂહન્નાવેં
હેન બદ્દનેં કેંદૂ ,“હૂં તે તમને પાણે થી બપ્તિસ્મ
આલું હે ,પુંણ વેયો આવવા વાળો ઝી મનેં કરત
તાકતવર હે ;હૂં તે એંને લાએક નહે કે એંન કાહડ
ન નાડ ખોલેં સકું;વેયો તમનેં પવિત્ર આત્મા અને
આગ થકી બપ્તિસ્મ આલહે” 17 એંનું હુપડું,એંના
હાત મ હે;અનેં વેયો પુંતાનું ખળું તાજી રીતી સાપ
કરહે, અને ગુવનેં પુંતાની વખાર મ ભેંગા કરહે; પુંણ
ભુસાનેં હિની આગ મ ઝી કેંર ઓંલા વા વાળી
નહે બાળ દેંહે ” 18 અનેં વેયો ઘાણું બદુ શિક્ષણ
આલેં આલેં નેં તાજો હમિસાર હમળાવતો હેંતો
19 પુંણ ઝર એંને સોથાઈ દેશ ના રાજા હેરોદેસ ને
એંના ભાઈ ફિલિપ્પુસ ની બજ્યેર હેરોદિયાસ ના
બારામ અને બદ્ ભુંડ કામ ના બારામ ઝી એંને કરય
હેંત,ઠપકો આલ્યો , 20 તે હેરોદેસેં હેંન બદ્ કરત
વદેંનેં ઈયુ ભુંડું કામ કરું કે યૂહન્નાનેં જેલ મ નાખેં
દેંદો 21 ઝર બદ્ મનખવેં બપતિસ્મ લેંદૂ અનેં ઈશુ
હુંદો બપતિસ્મ લેં નેં પ્રાર્થના કરતો હેંતો ,તે હરગ
ખુલાએ જ્યું , 22 અને પવિત્ર આત્મા શરીરિક રૂપ
મ કબૂતર નેં જેંમ ઈશુ ઈપેર ઉતરું ,અનેં ઈયે હરગ
વાણી થાઈ : “તું મારો વાલો બેંટો હે ,હૂં તારી
થી ખુશ હે ,” 23 ઝર ઈશુ પુંતે ભાષણ આલવા
મંડ્યો ,તે લગભગ તરી વરહ ની ઉંમર નો હેંતો
અનેં (ઝેંમ હમજવામ આવતો હેંતો) યૂસુફ નો સોંરો
હેંતો ;અનેં વેયો એલી નો , 24 અનેં વેયો મત્તાત
નો,અનેં વેયો લેવી નો,અનેં વેયો મલકી નો,અનેં
વેયો યન્ના નો ,અનેં વેયો યૂસુફ નો , 25 અનેં વેયો
મત્તિત્યાહ નો ,અનેં વેયો આમોસ નો,અનેં વેયો

નહૂમ નો,અનેં વેયોઅસલ્યાહ નો ,અનેં વેયો નોગહ
નો , 26 અનેં વેયો માત નો ,અનેં વેયો મતિત્યાહ
નો ,અનેં વેયો શિમી નો ,અનેં વયો યોસેખ નો
,અનેં વેયો યોદાહ નો , 27 અને વેયો યૂહન્ના નો
,અનેં વેયો રેસા નો ,અનેં વેયો જરુબ્બાબેલ નો
,અનેં વેયો શાલતિએલ નો ,અનેં વેયો નેરી નો ,
28 અનેં વેયો મલકી નો ,અનેં વેયો અદ્દી નો ,અનેં
વેયો કોસામ નો ,અનેં વેયો ઈલમોદામ નો ,અનેં
વેયો એર નો , 29 અનેં વેયો યેશુ નો ,અનેં વેયો
ઈલાજાર નો ,અનેં વેયો યોરિમ નો ,અનેં વેયો મત્તાત
નો ,અનેં વેયો લેવી નો , 30 અનેં વેયો શમોન
નો ,અનેં વેયો યહૂદાહ નો ,અનેં વેયો યૂસુફ નો
,અનેં વેયો યોનાન નો ,અનેં વેયો ઈલયાકીમ નો
, 31 અનેં વેયો મલેઆહ નો,અનેં વેયો મિન્નાહ
નો ,અનેં વેયો મત્તતા નો ,અનેં વેયો નાતાન નો
,અનેં વેયો દાઉદ નો , 32 અનેં વેયો યિશે નો ,અનેં
વેયો ઓબેદ નો ,અનેં વેયો બોઅજ નો ,અનેં વેયો
સલમોન નો ,અનેં વેયો નહશોન નો , 33 અનેં
વેયો અમ્મીનાદાબ નો ,અનેં વેયો અરની નો ,અનેં
વેયો હિસ્રોન નો ,અનેં વેયો ફિરીસ નો ,અનેં વેયો
યહૂદાહ નો , 34 અનેં વેયો યાકૂબ નો ,અનેં વેયો
ઈસાગ નો ,અનેં વેયો ઈબ્રાહીમ નો,અનેં વેયો તેરહ
નો ,અને વેયો નાહોર નો , 35 અનેં વેયો સરુગ
નો,અનેં વેયો રઊ નો,અનેં વેયો ફિલિગ નો,અનેં
વેયો એબિર નો ,અનેં વેયો શિલહ નો , 36 અનેં
વેયો કેનાન નો ,અનેં વેયો અરફક્ષદ નો ,અને વેયો
શેમ નો ,અનેં વેયો નૂહ નો ,અનેં વેયો લેમેક નો
, 37 અનેં વેયો મતૂશેલહ નો ,અનેં વેયો હનોક નો
,અનેં વેયો યેરેદ નો ,અનેં વેય મહલેલ નો ,અનેં વેયો
કેનાન નો , 38 અનેં વેયોએનોશ નો ,અનેં વેયો શેત
નો ,અનેં વેયો આદમ નો ,અનેં વેયો પરમેશ્વર નો
બેંટો હેંતો

4
1 ફેંર ઈશુ પવિત્ર આત્મા થી ભારાએલો ,યર્દન
થી આયો;અનેં સાળીસ દાડ તક આત્મા ના
હિકાડવા થી જંગલ મ ફરતો રયો ; 2 અનેં શૈતાન
એંનું પરિક્ષણ કરતો રયો હેંન દાડ મ ઈશુવે કઈસ નેં
ખાદૂ ,અનેં વેયા દાડા પુરા થાએ જ્યા ,તે ઈશુને
ભૂખ લાગી 3 તર શૈતાનેં ઈશુને કેંદૂ ,“અગર તૂં
પરમેશ્વર નો બેંટો હે ,તે એંના પાણા થી કે ,કે રુંટો
બણેં જાએ ” 4 ઈશુવે એંને જવાબ આલ્યો ,“લખ્યું
હે :‘મનખ ખાલી રુંટા હિસ જીવતું નેં રેંહે’ ” 5 તર
શૈતાન ઈશુને લેં જ્યો અને ઘડીક વાર મ જગત
ન બદ્ રાજ્ય વતાડ્ય , 6 અનેં ઈશુને કેંદૂ , “હૂં
બદ્દો અધિકાર ,અનેં ઈની મહિમા તનેં આલેં ,કેંમકે
વેયું મનેં હુંપેંલું હે :અને ઝેંને સાહું તેંને આલ દૂં
હે 7 એતરે અગર તું મારી અગેડ નમે ,તે ઈયુ બદ્દુ
તારું થાએ જાહે ” 8 ઈશુવે એંને જવાબ આલ્યો ,
“લખ્યું હે: ‘તું પ્રભુ તારા પરમેશ્વર નેં અગેડ નમ;
અનેં ખાલી ઈનીસ સેવા કર’ ” 9 તર એંને ઈશુને
યરુશલેમ મ લેં જાએંને મંદિર ના બુરજ ઈપેર ઈબો
કર્યો ,અનેં કેંદૂ , “અગર તું પરમેશ્વર નો બેંટો હે ,તે
પુંતે આંહો પડેં જા 10 કેંમકે લખ્યું હે :‘વેયો તારા
બારામ પુંતાન દૂત નેં હુકમ કરહે,કે તારી રખવાળી
કરે ’ 11 અનેં ‘વેયા તનેં હાતોં હાત ઉસકેં લેંહે ,એંવું
નેં થાએ કે તાર પોગ મ પાણા થી ઠેહ વાગે’ ”
12 ઈશુવે એંને જવાબ આલ્યો,“ઈયુ હુંદું કેંવામ આયુ
હે :‘તું પ્રભુ તારા પરમેશ્વરનું પરિક્ષણ નહેં કરતો
વેહ’ ” 13 ઝર શૈતાન બદ્દુ પરિક્ષણ કરેં સુક્યો,તર
થુડા સમય હારું ઈશુ કનેં હો જાતોરયો 14 ફેંર ઈશુ
આત્મા ની સામર્થ નો ભરેંલો ગલીલ મ આયો,અનેં
ઈની સરસા આજુ બાજુ ન બદ્ દેશ મ ફેંલાએ ગઈ
15 ઈશુ એંનન આરાધના ભવન મ ભાષણ કરતો
હેંતો,અનેં બદ્ ઈની બડાઈ કરત હેંત 16 ફેંર ઈશુ
નાસરત મ આયો ,ઝાં પાળ પોંસ થાઈ હિતી;અનેં
પુંતાની રીત પરમ ણેં વિશ્રામ વારે આરાધના ભવન
મ જાએંને વાસવા હારું ઈબો થાયો 17 યશાયાહ
ભવિષ્યવક્તા ની સોપડી એંને આલવામ આવી
:અનેં ઈશુવે સોપડી ખોલેંને વેયે જગ્યા કાડી ઝાં ઈયુ
લખ્યૂં હેતું : 18 “પ્રભુ ની આત્મા મારી ઈપેર હે :
એતરે કે એંને ગરીબનેં તાજો હમિસાર હમળાવવા
હારું મારું અભિષેક કરું હે ,અને મને એનેં હારું
મોંકલ્યો હે કે બંદાએલ ને સુંડવાનો અનેં આંદળ
નેં નજર મળવાના તાજા હમિસાર નો પરસાર કરું
અનેં કસરાએલ નેં સોંડાવું , 19 અનેં પ્રભુ નેં ખુશ
રેંવા ના વરસ નો પરસાર કરું ” 20 તર ઈશુવે સોપડી
બંદ કરેંનેં સેંવક ના હાત મ આલ દેંદી અનેં બેંહેંજ્યો
:અનેં આરાધના ભવન ન બદ્ મનખ ની આંખેં એંને
ઈપેર લાગેંલી હીતી 21 તર ઈશુ એંનનેં કેંવા મંડ્યો
, “આજેસ ઈયો લેખ તમારી હામેં પુરો થાયો હે
22 બદ્વેં ઈશુની વળખાણ આલી ,અનેં ઝી અનુગ્રહ
ની વાતેં ઈશુ ના મોડા મહી ન કળતી હિતી ,હેંને
થી વિસારમ પડેંજ્ય ;અનેં કેંવા મંડ્ય ,“હું આ
યૂસુફ નો સોંરો નહેં ?” 23 ઈશુવે એંનન કેંદૂ, “તમોં
મારી ઈપેર આ કેંવેત જરૂર કેંહો કે ‘હે વૈદ્ય ,પુતે
હાજો થા ! ઝી કઈ હમેં હામળું હે કે કફરનહૂમ
મ કરવામ આયુ હે ,હેંને આં પુંતાના દેશ મ હુંદો
કર’ ” 24 અનેં ઈશુવે કેંદૂ , “હૂં તમને હાસું કું હે
કુઈ ભવિષ્યવક્તા પુંતાના દેશ મ માન સમ્માન નહેં
મેંળવતો 25 હૂં તમનેં હાસું કું હે કે એલિય્યાહ ન દાડ
મ ઝર હડા તાણ વરસ તક આકાશ બંદ રિયું ,આં
તક કે આખા દેશ મ ડુકાળ પડ્યો ,તે ઈસ્રાએલ મ
ઘણી બદી રાંડી બાજ્યી હીતી 26 પુંણ એલિય્યાહ

હેનેં મહેં કેંને યે કનેં નહેં મુંકલવામ આયો ,ખાલી
સૈદા ના સા રફત મ એક રાંડી બાઈ કનેં 27 અનેં
એલીશા ભવિષ્યવક્તા ના જમાના મ ઘણા બદા
કોઢી હેંતા ,પુંણ સિરિયા વાસી નામાન નેં સોંડેંનેં
હેંને મનો કુઈ યે નહે હાજો કરવામ આયો " 28 ઈયે
વાતેં હામળતમસ ઝેંતર આરાધના ભવન મ હેંત
,બદ્ રીહ મ ભરાએજ્ય, 29 અનેં ઉઠેંનેં ઈશુને સેર
મહો બાર કાડ્યો,અનેં ઝેંના ડુંગોર ઈપેર એંનું સેર
વસેંલું હેંતું ,હીની ટેકરી ઈપેર લેં જ્ય કે ઈશુને
વેંહાં થી નિસ પાડ દે 30 પુંણ ઈશુ એંનન વસમ
થાએને નકળેંનેં જાતોરયો 31 ફેંર ઈશુ ગલીલ ના
કફરનહૂમ સેર મ જ્યો ;અને વિશ્રામ વારેં મનખનેં
ભાષણ આલતો હેંતો 32 વેય ઈશુ ના ભાષણ થી
વિસાર કરત થાએજ્ય કેંમકે ઈશુનું બોંલવું અધિકાર
હાતેં હેંતું 33 આરાધના ભવન મ એક આદમી હેંતો
,ઝેંનેમ મેલી આત્મા હીતી વેયો જોંર થી સિસાએનેં
કેંદૂ , 34 "હે ઈશુ નાસરી, હમારે તારી થી હું કામ
? હું તું હમનેં નાશ કરવા આયો હે ?હૂં તનેં જાણું
હે તું કુંણ હે ? તું પરમેશ્વર નો પવિત્ર જણ હે !"
35 ઈશુવે હેંને વળગેંને કેંદૂ , "સપ રે, અનેં એંનેંમહી
નકળેં જા !" તર ભૂંડી આત્મા હેંનેં વસમ દકડેંનેં વગર
નુકસન કર્યે એંને મહી નકળેં ગઈ 36 એંનેમ બદ્નેં
નવાઈ લાગી ,અનેં વેય એક બીજા હાતેં વાતેં કરેંને
કેંવા મંડ્ય "આ કેંવું વસન હે ? કેંમકે ઈશુ અધિકાર
અનેં સામ્રત નેં હાતેં મેલી આત્મા ને હુંકમ આલતો
હેંતો ,અનેં વેયે નકળેં જાએ હે " 37 ઈવી રીતી સારેં
મેર હર જગ્યા ઈશુની સરસા થાવા મંડી 38 ઈશુ
આરાધના ભવન મહો ઉઠેંનેં શમોન ના ઘેર મ જ્યો
શમોન ની હાહુ નેં તાવ સડેંલો હેંતો ,અનેં એંનવેં
હેંને હારું ઈશુને અરજ કરી 39 ઈશુવે હેંને નજીક
ઈબો રેં નેં તાવ નેં વળગ્યો અનેં તાવ ઉતરેં જ્યો
,અનેં વેયે તરત ઉઠેંનેં હેંનની સેવા કરવા મંડે ગઈ
40 દાડો બુડતી વખતેં,ઝેંને-ઝેંને તાં અલગ-અલગ
પરકાર ની બેંમારી મ પડેંલ હેંત ,વેય બદ્ હેંનનેં
ઈશુ કનેં લેં આય ,અનેં ઈશુવે એક એક નેં હાત મેંલેંનેં
હેંનનેં હાજ કરય 41 અનેં ભૂત હુંદા સિસાતા જાએનેં
અનેં એમ કેંતા જાએનેં કે,"તું પરમેશ્વર નો બેંટો
હે,"ઘણ મહા નકળેં જ્યાપુંણ ઈશુ હેંનનેં વળગતો
અનેં બોંલવા નેં દેતો હેતો ,કેંમકેં વેયા જાણતા હેતા
કે વેયો મસીહ હે 42 ઝર દાડો ઉગ્યો તે ઈશુ નકળેંનેં
એક હુંની હટ જગ્યા મ જ્યો ,અનેં ટુંળા ના ટુંળા
ઈશુ નેં જુંવેત જાએનેં ઈશુ કનેં આય ,અનેં ઈશુને
રુંકવા મંડ્ય કે ઈશુ એંન કનેં હો નેં જાએ 43 પુંણ
ઈશુવે હેંનન કેંદૂ , "મારે બીજ સેર મ હુંદું પરમેશ્વર
ના રાજ્ય નો તાજો હ મિસાર હમળાવવો જરૂરી હે
,કેંમકે હૂં એંને હારુસ મોંકલવામ આયો હે " 44 અનેં
ઈશુ ગલીલ ન આરાધના ભવન મ પરસાર કરતો
રયો

5 1 ઝર ભીડ પરમેશ્વર નું વસન હામળવા હારું
ઈશુ ઈપેર પડા પડી કરતી હીતી ,અનેં ઈશુ
ગનૈસરત ના દરજ્યા ની ધેડે ઈબો હેંતો ,તે એવું
થાયું 2 કે ઈશુવે દરજ્યા ધેડે બે નાવેં લાગીલી
ભાળજ્યી ,અનેં માસલજ્યી હાવા વાળા નાવ
મહા ઉતરેંનેં જાળ ધુવતા હેંતા 3 હીની નાવ મની
એક ઈપેર ,ઝી શમોન ની હીતી ,સડેંનેં ઈશુવે એંને
થી અરજ કરી કે ધેડે હી થુડીક હરકાવ લેં જાએ
તર ઈશુ બેંહેનેં નાવ મહો ભાષણ આલવા મંડ્યો
4 ઝર ઈશુ વાતેં કરેં રયો તે શમોન થી કેંદૂ, "ઉંડાઈ
મ લેં સાલ ,અનેં માસલજ્ય હાવા હારું પુંતાની
જાળ નાખો " 5 શમોને ઈશુન જવાબ આલ્યો,"હે
માલિક,હમેં આખી રાત મજુરી કરી અનેં કઈસ નેં
હાદૂ ;તે હુંદો તારા કેંવા ઈપેર જાળ નાખેં " 6 ઝર
એંનવેં હેંમ કરું તે ઘણીસ માસલજ્યી ઘેંર લાયા
,અનેં એંનની જાળેં ફાટવા મંડી 7 એંને લેંદે એંનવેં
પુંતાન હાત વાળનેં ઝી બીજી નાવ મ હેંતા,ઈશારો
કર્યો કે આ વેંનેં હમારી મદત કરો ,અનેં એંનવેં
આવેનેં બે નાવેં આં તક ભર લીદી કે નાવેં બુડવા
લાગી 8 આ ભાળેનેં શમોન પતરસ ઈશુ ન પોગ મ
પડ્યો અનેં કેંદૂ , "હે પ્રભુ મારી કનેં હો જા ,કેંમકે હું
પાપી માણસ હે !" 9 કેંમકે ઈતરી બદી માસલ્જ્યી
હવાત મ પતરસ નેં અનેં એંન હાત વાળ નેં ઘણી
નવાઈ લાગી , 10 અનેં હેંમેસ જબ્દી ના સોંરા
અનેં યૂહન્નાનેં હુંદું ઝી શમોન ના ભાગીદાર હેંતા ,
નવાઈ લાગી તર ઈશુવે શમોન નેં કેંદૂ , "નહેં સમકે
;હાવું થી તું મનખ નેં જીવત હાએં કરહેં " 11 અનેં
વેયા નાવનેં ધેડેં લેં આયા અનેં સબ કઈ સોંડેંનેં
ઈશુનેં પાછડ થાએંજ્યા 12 ઝર ઈશુ એક સેર મ
હેંતો,તે વેહાં કોઢ થી ભરેંલો એક માણસ આયો;અનેં
વેયો ઈશુને ભાળેનેં મોંડા ભેર પડ્યો અનેં અરજ
કરી,"હે પ્રભુ ,અગર તું સાહે તે મનેં હાજો કરેં સકે
હે " 13 ઈશુવે હાત લાંબો કરેંનેં હેંનેં અડ્યો અનેં
કેંદૂ , "હૂં સાહું હે ,તું હાજો થાએં જા " અનેં વેનો
કોઢ તરત જાતોરયો 14 તર ઈશુવે હેંનેં સેતવ્યો, "કેંનેં
યે નહેં કે,પુંણ જાએંનેં પુંતે યાજક નેં વતાડ,અને
તારા હાજો થાવાના બારામ ઝી કઈ મુસાવેં સઢાવો
ઠરાવલો હે ,હેંને સઢાવ કે હેંન ઈપેર ગવાહી થાએ "
15 પુંણ ઈશુની સરસા વદારે ફેલાએ ગઈ ,અનેં ટુંળે
નેં ટુંળે ઈશુની હામળવા હારું અનેં પુંતાની બીમારી
થી હાજ થાવા હારું ભેંગ થાય 16 પુંણ ઈશુ જંગલ
મ અલગ જાએંનેં પ્રાર્થના કરેં કરતો હેંતો 17 એક
દાડો એંવું થાયું કે ઈશુ ભાષણ આલતો હેંતો ,અનેં
ફરીસી અનેં નિયમ વ તાડનારા વેંહાં બેંઠેંલા હેંતા

ઝી ગલીલ અનેં યહૂદિયા ના હરેક ગામના અનેં ય
રુશલેમ મહા આયા હેંતા,અનેં હાજ કરવા હારું
પ્રભુ ની સામ્રત એંને હાતેં હીતી 18 હીની વખત
કેંતરક મનખ એક માણસ નેં ઝી લખુંવા નો રોંગી
હેંતો,ખાટલા મ લાય,અનેં વેય એંને મએં લેં જાવા
અનેં ઈશુને હામો મેંલવા નો ઉપાય જુવતા હેંતા ,
19 પુંણ ઝર ભીડ ને લેંદે એંને મએં નેં લેં જાએં સક્યા
તે એંનવેં ઘેર ઈપેર સડેંનેં અનેં કામડ હરકાવેંનેં ,એંને
ખાટલા હાતેં વસમ ઈશુને હામેં ઉતાર દેંદો 20 ઈશુવે
એંનનો વિસવા ભાળેંનેં એંને કેંદૂ , "હે માણસ
તારા પાપ માફ઼ થાયા " 21 તર શાસ્ત્રી અનેં ફ઼રીસી
બબાલ કરવા મંડ્યા, "ઈયો કુંણ હે ઝી પરમેશ્વર
ની નિ ન્દા કરે હે ? પરમેશ્વર નેં સોંડેંનેં બીજું કુંણ
પાપ નેં માફ઼ કરેં સકે હે ?" 22 ઈશુવે એંનના મન
ની વાતેં જાણેંનેં, એંનન કેંદૂ, "તમોં તમારા મન મ
હું બબા લ કરો હે ? 23 હેંલું હું હે ? હું એંમ કેંવું કે
'તારા પાપ માફ઼ થાયા હે ,'કે એંમ કેંવું કે 'ઉઠ અનેં
સાલવા મંડ' ? 24 પુંણ એંતરે કે તમોં જાણો કે મનખ
ના સોંરા નેં ધરતી ઈપેર પાપ માફ઼ કરવા નો હુંદો
અધિકાર હે " _ ઈશુવે હેંના લખુંવા વાળા નેં કેંદૂ ,
"હૂં તનેં કું હે ,ઉઠ અનેં તારો ખાટલો તુંકેંનેં પુતાને
ઘેર જાતોરે " 25 વેયો તરત એંનન હામેં ઉઠ્યો ,અનેં
ઝેનેં ઈપેર વેયો પડ્યો હેંતો હેંને તુંકેંલેંનેં , પરમેશ્વર
ની બડાઈ કરતો જાએંનેં પુંતાને ઘેર જાતોરયો 26 તર
બદ્ વિસાર કરત થાએંજ્ય અનેં પરમેશ્વર ની બડાઈ
કરવા મંડ્ય અનેં ઘણ સમકેંનેં કેંવા મંડ્ય , "આજે
હમેં ગજબ ની વાતેં ભાળજ્યી હે !" 27 હેંને બાદ
ઈશુ બારત જ્યો લેવી નામ એક વેરું ઉગરાવવા
વાળાનેં વેરું ઉગરા વવા વાળે નાંકે બેંઠેંલો ભાળ્યો
, "અનેં હેંને કેંદૂ મારી પાછડ સાલ " 28 તર વેયો
સબ કઈ સોંડેંનેં ઉઠ્યો ,અનેં ઈશુને પાછડ થાએં
જ્યો 29 તર લેવીયે પુંતાના ઘેર મ ઈશુ હારું એક
મોંટુ જમાત કરાયું ;અનેં વેરું ઉગરાવવા વાળમન
બીજ મનખ ની ઝી ઈશુને હાતેં ખાવાનું ખાવા બેંઠ
હેંત ,એક મુંટી ભીડ હીતી 30 હેંને લેંદે ફ઼રીસી અનેં
એંનના શાસ્ત્રી(શાસ્ત્ર ભણવા વાળા)ઈશુન સેંલનેં
એંમ કેંનેં ગંગણવા મંડયા , "તમોં વેરું ઉગરાવવા
વાળ અનેં પાપિયનેં હાતેં હુંકા ખો – પીયો હેં ?"
31 ઈશુવે એંનન જવાબ આલ્યો,"વૈદ્ય હાજ તાજ
હારું નહેં,પુંણ બેંમાર હારું જરૂર હે 32 હૂં ધર્મિયનેં
નહેં ,પુંણ પાપિયનેં મન ફેંરવવા હારું બુંલાવવા
આયો હે " 33 એંનવેં ઈશુને કેંદૂ,"યૂહન્ના ના સેંલા તે
બરુંબર ઉપવાસ કરે અનેં પ્રાર્થના કરતા રે હે ,અનેં
વેમેંસ ફ઼રીસિય ના સેંલા હુંદા ,પુંણ તારા સેંલા તે
(ખાવાનું) ખાએ - પિયે હે " 34 ઈશુવે હેંનન કેંદૂ,
"હું તમોં જાન વાળ નેં ,ઝાં હુંદો ઓર એંનન હાતેં રે
ઉપવાસ કરાવેં સકો હે ? 35 પુંણ વેયા દાડા આવહે
,ઝેંનમ ઓર એંન મહો જુદો કરેં દેંવાહે ,તર વેયા
હેંન દાડ મ ઉપવાસ કરહે " 36 ઈશુવે એક બીજો
દાખલો હુંદો હેંનન કેંદો :"કુઈ મનખ નવા સિસરા
મહું ફ઼ાડેંનેં જુંના સિસરા મ થીગળું નહેં લગાડતું
,નેં તે નવું ફ઼ાટેં જાહે અનેં વેયું જુંનામ મેંળ હુંદો નેં
ખાએ 37 અનેં કુઈ નવો દરાક નો રસ જુંની મશક
(સામડા ની થેલી) મ નહેં ભરતું ,નેં તે નવો દરાક નો
રસ મશકનેં ફ઼ાડેંનેં વએં જાહે ,અનેં મશકેં હુંદી નાશ
થાએજાહે 38 પુંણ નવો દરાક નો રસ નવી મશક મ
ભરવો જુગે 39 કુઈ મનખ જુંનો દરાક નો રસ પી નેં
નવો નહેં સાહતું કેંમકે વેયું કે હે કે ,જુંનો સ અસલ
હે "

6 1 ફેંર વિશ્રામ વારેં ઈશુ ખેંતર મ થાએંનેં જાએં
રયો હેંતો,અનેં ઈશુના સેંલા કણહ તોંડે-તોંડે
નેં અનેં હાત હી મહેંડેં-મહેંડેં નેં ખાતા જાતા હેંતા
2 તર ફ઼રીસી મના થુંડાક કેંવા મંડ્યા,"તમોં વેયું કામ
હુંકા કરો હે ઝી વિશ્રામ વારેં કરવું ઠીક નહેં ?"
3 ઈશુવે હેંનન જવાબ આલ્યો , "હું તમેં ઈયુ નહેં
વાસ્યું કે દાઉદેં ઝર વેયો અનેં એંના સેંલા ભૂખા
હેંતા તે હું કર્યું ? 4 વેયો કેંકેંમ પરમેશ્વર ના ઘેર
મ જ્યો, અનેં દાન ની રુંટજ્યી લેંનેં ખાદી ઝેંને
ખાવું યાજકનેં સોંડેંનેં બીજું કુઈ નેં ઠીક નહેં ,અનેં
પુંતાન હાત વાળનેં હુંદી આલજ્યી ?" 5 અનેં ઈશુવે
હેંનન કેંદૂ, "માણસ નો બેંટો વિશ્રામ વાર નો હુંદો
પ્રભુ હે " 6 એંવું થાયું કે કયેક બીજે વિશ્રામ વારેં
ઈશુ આરાધના ભવન મ જાએંનેં ભાષણ આલવા
મંડ્યો ;અનેં વેંહાં એક માણસ હેંતો ઝેંનો જમણો
હાત હુંકાએલો હેંતો 7 શાસ્ત્રી અનેં ફ઼રીસી ઈશુ
ઈપેર દોષ લગાડવા નો મુંખો મળવાની નોંદ મ
હેંતા કે ભાળે ઈશુ વિશ્રામ વારેં હાજો કરે હે કે
નેં 8 પુંણ ઈશુ હેંનના વિસાર જાણતો હેંતો;એંતરે
ઈશુવે હુકા હાત વાળા માણસ નેંકેંદૂ, "ઉઠ, વસમ
ઈબો થા " વેયો ઉઠેંનેં ઈબો થાએંજ્યો 9 ઈશુવે હેંનન
કેંદૂ, "હૂં તમનેં એંમ પુંસુ હે કે વિશ્રામ વારે હું ઠીક
હે ,ભલું કરવું કે ભુંડું કરવું ;જીવ વસાડવો કે નાશ
કરવો ?" 10 તર ઈશુવે સ્યારેં મેર હેંન બદ્નેં ભાળેંનેં
હેંના માણસ નેં કેંદૂ, "પુંતાનો હાત લાં બો કર "હેંને
હેંમેંસ કરું ,અનેં હેંઅનો હાત ફેંર હાજો થાએંજ્યો
11 પુંણ વેયા પુંતે બારત જાતારયા અનેં એક બીજા મ
બબાલ કરવા મંડ્યા કે આપું ઈશુને હાતેં હું કરજ્યે
? 12 હેંન દાડ મ ઈશુ ડુંગોર ઈપેર પ્રાર્થના કરવા
જ્યો ,અનેં પરમેશ્વર થી પ્રાર્થના કરવામ આખી
રાત કાડી 13 ઝર દાડો ઉગ્યો તે ઈશુવે પુંતાન સેંલનેં
બુંલાવેંને હેંનેંમહા બાર અલગ કર્યા , અનેં એંનનેં
પ્રેરિત (મોંકલેંલા)કેંદૂ ; 14 અનેં વેયા ઈયા હે :શમોન

ઝેંનું નામ ઈશુવે પતરસ હુદુંરાખ્યું ,અનેં એંનો
ભાઈ અન્દ્રિયાસ ,અનેં યાકૂબ ,અનેં યૂહન્ના ,અનેં
ફિલિપ્પુસ ,અનેં બરતુલ્મૈ , 15 અનેં મત્તી,અનેં
થોમા ,અનેં હલફૈઈ નો સોંરો યાકૂબ ,અનેં શમોન
ઝી જેલોતે કેંવાએ હે , 16 અનેં યાકૂબ નો સોંરો
યહૂદા,અનેં યહુદા ઈસ્કરિયોતી ઝી ઈશુને હવાડવા
વાળો બણ્યો 17 તર ઈશુ સેંલનેં હાતેં ઉતરેંનેં હામી
જગ્યા મ ઈબો થાયો ,અનેં ઈશુન સેંલની મુંટી
ભીડ,અનેં આખા યહૂદિયા ,યરુશલેમ ,અનેં સૂર
અનેં સૈદા ના દરજ્યા ની ધેંડેં હ ઘણ મનખ ,
18 ઝી ઈશુનું હામળવા અનેં પુંતાની બેંમારી થી
હાજ થાવા હારું ઈશુ કનેં આય હેંત ,વેંહાં હેંત
અનેં મેલી આત્મા ન દુ:ખી કરેંલ મનખ હુંદ અસલ
કરાત હેંત 19 બદ્ ઈશુને અડવા સાહત હેંત,કેંમકે
ઈશુ મહી સામ્રત નકળેંનેં બદ્નેં હાજ કરતી હીતી
20 તર ઈશુવે પુંતાન સેંલમએં ભાળેંનેં કેંદૂ ,“ધન્ય
હે તમોં ઝી (મન ના) ગરીબ હે ,કેંમકે પરમેશ્વર
નું રાજ્ય તમારું હે 21 “ધન્ય હે તમોં ઝી હમણ
ભુખ હે ,કેંમકે ધપાડવામ આવહે “ધન્ય હે તમોં ઝી
હમણ ગાંગરો હે ,કેંમકે આહહો 22 “ધન્ય હે તમોં
ઝર મનખ ના બેંટા નેં લેંદે મનખ તમ થકી વેંર
કરહે ,અનેં તમનેં કાડ દેંહે ,અનેં તમારી નિન્દા કરહે
,અનેં તમારું નામ ભુંડું જાણેંનેં કાપ દડહે 23 “હેંને
દાડે ખુશ થાએંનેં કુદજો , કેંમકે ભાળો ,તમારી
હારું હરગ મ મુંટુ ફળ હે ; એંનના બાપ-દાદા
ભવિષ્યવક્તા વર્નેં હાતેં હુંદા વેમેંસ કરેં કરતા હેંતા
24 “પુંણ હાય તમ ઈપેર ઝી ધનવાન હે ,કેંમકે તમોં
તમારી શાંતિ મેંળવેં સુક્યા 25 “હાય તમ ઈપેર ઝી
ધરાએલા હે ,કેંમકે ભુખા થાહો “હાય તમ ઈપેર ઝી
આહો હે ,કેંમકે દુ:ખી થાહો અનેં ગાંગરહો 26 “હાય
તમ ઈપેર ઝર બદ્ મનખ તમને ભલું કે ,કેંમકે એંનના
બાપ-દાદા ઝૂઠ ભવિષ્યવક્ત નેં હાતેં હુંદા હેંમેંસ કરેં
કરતા હેંતા 27 “પુંણ હૂં તમ હામળવાવાળ નેં કું હે કે
તમાર વેરજ્ય હાતેં પ્રેમ રાખો ;ઝી તમ હાતેં વેંર કરે
,હેંનનું ભલું કરો 28 ઝી તમને હરાપ આલે,હેંનન
આશિષ આલો ;ઝી તમારું અપમાન કરે ,હેંન હારું
પ્રાર્થના કરો 29 ઝી તારા એક ગાલ ઈપેર થાપલ
વાએ હેંનેં મએં બીજો હુંદો ફેંરવેં દો;ઝી તારી કાપડી
ઉદાળ લે ,હેંનેં ઝબ્બો લેંવા થી નહેં રુકે 30 ઝી કુઈ
તારી થી માંગેં ,હેંનેં આલ ;અનેં ઝી તારી વસ્તુ
ઉદાળ લે ,હેંનેં નહેં માંગે 31 ઝેંવું તમોં સાહો હે
કે મનખ તમારી હાતેં કરે ,તમું હુંદ હેંન હાતેં વેવુંસ
કરો 32 “અગર તમોં પુંતાનેં પ્રેમ રાખવા વાળ હાતેં
પ્રેમ રાખો ,તે તમારી હું બડાઈ ? કેંમકે પાપી હુંદ
પુંતાનેં પ્રેમ રાખવા વાળ હાતેં પ્રેમ રાખે હે 33 અગર
તમોં પુતાનેં ભલાઈ કરવા વાળ નેંસ હાતે ભલાઈ
કરો હે તે તમારી હું બડાઈ ? કેંમકે પાપી હુંદા એંવુંસ
કરે હે 34 અગર તમોં હેંનન ઉદાર આલો ઝેંનેમ ફેંર
મળવાની આશા રાખો હે ,તે તમારી હું બડાઈ ?
કેંમકે પાપી પાપજ્યનેં ઉદાર આલે હે કે હેતરુસ
ફેંર મેંળવે 35 પુંણ તમાર વેરજ્ય નેં હાતેં પ્રેમ રાખો
,અનેં ભલાઈ કરો ,અનેં ફેંર મેંળવવાની આશા નેં
રાખેંનેં ઉદાર આલો,અનેં તમારી હારું મુંટુ ફળ વેંહે
,અનેં તમોં મુંટામ મુંટા ન બેંટા-બેંટી કેંવાહો કેંમકે
વેયો ઝી ધનેવાદ નહેં કરત અનેં ભુંડ ઈપેર માયાળુ
હે 36 ઝેંવો તમારો બાપ દયાળુ હે ,વેમેંસ તમું હુંદ
દયાળુ બણો 37 “દોષ નહેં લગાડો, તે તમન ઈપેર
હુંદો દોષ નેં લગાડવામ આવે દોષી નહેં સાબુત કરો,
તે તમોં હુંદ દોશી નેં સાબુત થાહો માફ કરો, તે તમને
હુંદૂ માફ કરવામ આવહે 38 આલેં કરો, તે તમનેં
હુંદૂ આલવામ આવહે મનખ પુરો માપ દાબેં દાબેંનેં
અનેં હલાવેં હલાવેં નેં અનેં ઉભરતું જાએંનેં તમારા
ખુળામ નાખહે, કેંમકે ઝેંના માપ થી તમોં માપો
હે, વેના થિસ તમારી હારું હુંદૂ માપવામ આવહે
” 39 ફેંર ઈશુવે એંનનેં દાખલો કેંદો : “હું આંદળો,
આંદળાનેં વાટ વતાડેં સકે હે ? હું બે યે ખાડામ નેં
પડે ? 40 સેંલો પુંતાના ગરુ હો મુંટો નહેં, પુંણ ઝી
કુઈ [સિદ્ધ] પૂરી રિતી પકવન વેંહે , વેયું ગરુ નેં
જેવો વેંહે 41 તું તારા ભાઈ ની આંખ ના કસરાનેં
હુંકા ભાળે હે,અનેં પુંતાની આંખ નો લઠો તનેં નહેં
ભળાતો ? 42 ઝર તું તારીસ આંખ નો લઠો નહેં
ભાળતો, તારા ભાઈ થી કેંકેંમ કેં સકે હે, ‘એ ભાઈ;
ઈબો રે તારી આંખ મહો કસરો કાડ દદું’ ? એ કપટ
વાળા પેલ પુંતાની આંખ નો લઠો કાડ, તર ઝી કસરો
તારા ભાઈ ની આંખ મ હે, હેંનેં તાજી રિતી ભાળેંનેં
કાડેં સકહેં 43 “કુઈ તાજું ઝાડ નહેં ઝી નકમ્મું ફળ
લાવે, અનેં નેં તે કુઈ નકમ્મું ઝાડ હે ઝી તાજું ફળ
લાવેં 44 હરેક ઝાડ પુંતાના ફળ થકી વળખાએ હે,
કેંમકે મનખ ઝાડજ્ય મહ અંજીર નહેં તુંડત અનેં
નેં કટાળી ઝાડી મહી દરાક 45 ભલું મનખ પુંતાના
મન ની ભલી ઓંખાર મહી ભલી વાતેં કાડે હે, ભુંડું
મનખ પુંતાના મન ની ભુંડી ઓંખાર મહી ભુંડી
વાતેં કાડે હે; કેંમકે ઝી મન મ ભરેંલું વેયુસ એંના
મોંડા મ આવે હે 46 “ઝર તમું મારું કેંવું નહેં માનત
તે હુંકા મનેં ‘હે પ્રભુ, હે પ્રભુ,’કો હે ? 47 ઝી કુઈ
મારી કનેં આવે હે અનેં મારી વાતેં હામળેંનેં હેંને
માનેં હે, હું તમનેં વતાડું હે કે વેયું કેંનેં જેંમ હે 48 વેયું
એંના માણસ નેં જેંમ હે,ઝેંને ઘેર બણાવતી વખત
જમી ઉન્ડી ખણેંનેં ભાટ ઈપેર પાજ્યો સણ્યો,અનેં
ઝર પુર આયો તે ઝાબોળેં હેંના ઘેર નેં વાગજ્યી
પુંણહેંનેં હલાવેં નેં સકી; કેંમકે વેયું પાકું હેંતું 49 પુંણ
ઝી હામળેંનેં નહેં માનતું વેયું એંના માણસ નેં જેંમ

હે,ઝેંને ગાર મ પાજ્યો ખણ્યા વગર ઘેર બણાયુ, ઝર
હેંનેં ઈપેર ઝાબોળેં વાગજ્યી તે વેયું તરત પડેંજ્યું
અનેં પડેં જાએંનેં એંનું સત્યનાશ થાએં જ્યું ”

7 1 ઝર ઈશુ મનખ નેં ઈયે બદ્દી વાતેં કેં રેંયો, તે
કફરનહૂમ મ આયો 2 વેહાં કયાક સૂબેદાર (હો
સપાજ્ય નો એક અગુવો) નો એક નોકર ઝી હેંનો
વાલો હેંતો બેંમારી થી મરવા પડ્યો હેંતો 3 સૂબેદારેં
ઈશુ ના બારામ હામળેંનેં યહૂદિય ના કઈક વડીલનેં
ઈશુ થકી આ અરજ કરવા હારું ઈશુ કનેં મોંકલ્યા
કે આવેંનેં મારા નોકર નેં હાજો કર 4 વેયા ઈશુ
કનેં આયા, અનેં ઈશુ થકી મુંટી અરજ કરેંનેં કેંવા
મંડ્યા, “વેયો એંના લાએંક હે કે તું એંનેં હારું આ
કરે , 5 કેંમકે વેયો હમારી જાતી થકી પરેંમ રાખે હે,
અનેં વેનેસ હમારા આરાધના ભવ ન નેં બણાયુ
હે ” 6 ઈશુ હેંનનેં હાતેં જ્યો, પુંણ ઝર ઈશુ ઘેર
થી સિટી નેં હેંતો,સૂબેદારેં એંન દોસ્દાર નેં દવારા
કેં મુંકલ્યુ, “હે પ્રભુ દુઃખ નહેં વેંઠે, કેંમકે હૂં એંના
લાએંક નહેં કેં તું મારા ઘેર મ આવેં 7 એંનેં લેંદે મૈ
પુંતાનેં એંના લાએંક હુંદો નેં હમજ્યો કે તારી કનેં
આવું, પુંણ વસનેંસ કેં દે તે મારો સેંવક હાજો થાએં
જાહે 8 હૂં હુંદો પરાધીન માણસ હે, સપાઈ મારા
હાત મ હે; અનેં ઝર એક નેં કું, ‘ જા ,’ તે વેયો
જાએ હે,અનેં બિજાનેં કું, ‘ આવ ,’ તે આવે હે;
અનેં મારા કઈનાક દાસ નેં કે ‘આ કર, ’ તે વેયો
હેંનેં કરે ” 9 ઈયુ હામળેંનેં ઈશુનેં નવાઈ લાગી અનેં
ઈશુવે મોંડૂં ફેંરવેંનેં હિની ભીડ થી ઝી ઈશુનેં વાહે
આવતી હિતી, કેંદૂ, “હૂં તમનેં કું હે કે મૈ ઈસ્રાએંલ મ
હુંદો એંવો વિશ્વાસ નહેં મેંળવ્યો ” 10 અનેં મોંકલેંલ
મનખવેં ઘેર જાએંનેં હેંના સેંવક નેં હાજો ભાળ્યો
11 થુંડક દાડ પસી ઈશુ નાઈન નામ એક સેર મ
જ્યો ઈશુ ના સેંલા અનેં મુંટી ભીડ ઈશુનેં પાછડ
જાએંરી હિતી 12 ઝર ઈશુ સેર ની ફાટેક કનેં પોત્યો,
તે ભાળો, મનખ એક મડદાનેં લેંનેં જાએં રીય હેંત;
ઝી ઈની આઈ નો એંકેંસ સોંરો હેંતો, અનેં વેયે
રાન્ડીલી હિતી; અનેં સેર ન ઘણ બદ મનખ હેંને
હાતેં હેંત 13 હેંનેં ભાળેંનેં ઈશુનેં માયા આવી, અનેં
હેંનેં કેંદૂ “નહેં ગાંગરે ” 14 તર ઈશુવે આવેંનેં ઠાઠડીનેં
અડ્યો, અનેં તુંકવા વાળા ઈબા રેં જ્યા તર ઈશુવે
કેંદૂ, “હે જવાન, હૂં તનેં કું હે, ઉઠ !” 15 તર વેયું
માડદૂ ઉઠેંનેં બેંઠું, અનેં બુંલવા લાગ્યું ઈશુવે હેંનેં ઈની
આઈનેં હુંપેં દેંદો 16 હેંનેં થકી બદ્ મ બીક આવેં ગઈ,
અનેં વેય પરમેશ્વર ની મોંટાઈ કરેંનેં કેંવા લાગ્ય,
“હમારા વસમ એક મુંટો ભવિષ્યવક્તા ઈબો થાયો
હે, અનેં પરમેશ્વરેં પુંતાન મનખ ઈપેર રહમ (કૃપા)
નજર કરી હે ” 17 અનેં ઈશુ ના બારામ ઈએ વાત
આખા યહૂદીયામ અનેં આજુ બાજુ ન બદ્ દેશ
મ ફેલાએં ગઈ 18 યૂહન્ના નેં એંન સેંલવેં ઈયે બદ્દી
વાત નો હમિસાર આલ્યો 19 તર યૂહન્નાવેં પુંતાન
સેંલ મના બે જણ નેં બુંલાવેંનેં ઈશુ કનેં આ પુંસવા
હારું મોંકલ્યા, “હું આવવા વાળો તુંસ હે, કે હમું
કયાક બિજાની વાટ ભાળજ્યે ?” 20 હેંનવેં ઈશુ કનેં
આવેંનેં કેંદૂ, “યૂહન્ના બક્તિસ્મ આલવા વાળે હમનેં
તારી કન એંમ પુસવા હારું મોંકલ્યા હે કે હું આવવા
તુંસ હે, કે હમું કયાક બિજાની વાટ ભાળજ્યે ?”
21 હીની ઘડી ઈશુવે ઘણની બિમારી, અનેં પીઢા,
અનેં દુષ્ટ આત્મા થકી સુંડાય : અનેં ઘણ બદ
આંદળનેં આંખે આલજ્યી ; 22 અનેં ઈશુવેં હેંનન
કેંદૂ,“ઝી કઈ તમેં ભાળું અનેં હામળું, જાએંનેં યૂહન્ના
થી કેંદો; કે આંદળ ભાળે હે, લંગડ સાલે હે, કોઢી
તાજા કરાએ હે, બેંર હામળેં હે, મરેંલ જીવાડાએ હે,
અનેં ગરીબનેં તાજો હમિસાર હમળાવામ આવે હે
23 ધન્ય હે વેયું ઝી મારા બારામ ઠુંકર નેં ખાએં ”
24 ઝર યૂહન્ના ના મોંકલેંલા માણસ જાતારયા તે
ઈશુ યૂહન્ના ના બારામ કેંવા મંડ્યો, તમું જંગલ મ
હું ભાળવા જ્ય હેંત ?હું હવા મ હલતા આકુડજ્યનેં
? 25 તે ફેંર તમું હું ભાળવા જ્ય હેંત ?હું નરમ
સિસર પેરેંલા માણસનેં ? ભાળો, ઝી કકલત સિસર
પેરે અનેં સુખ શાંતિ થી રે હે, વેય રાજમેલ મ
રે હે 26 તે ફેંર હું ભાળવા જ્ય હેંત ?હું કઈનાક
ભવિષ્યવક્તાનેં ?હાં, હું તમનેં કું હે, કે ભવિષ્યવક્તા
કરત હુંદો મોંટાનેં 27 ઈયો વેયોસ હે, ઝેંના બારામ
લખ્યું હે : ‘ભાળ હું મારા દૂત નેં તારી અગ્યેડ-
અગ્યેડ મોંકલું હે, ઝી તારી અગ્યેડ તારો રસ્તો
હિદો કરહે ’ 28 હું તમનેં કું હે કે ઝી બજ્યેર થી
જલમ્યા હે ,હેન મનો યૂહન્ના કરત મોંટો કુઈ નહેં
: પુંણ ઝી પરમેશ્વર ના રાજ્ય મ નાના થી નાનું
હે, યૂહન્ના કરત મોંટુ હે ” 29 અનેં બદ્ સાદારણ
મનખવેં હામળેંનેં અનેં વેરું લેંવા વાળેં હુદું યૂહન્નાનું
બક્તિસ્મ લેંનેં પરમેશ્વરનેં હાસો માન લેંદો 30 પુંણ
ફરીસિયવેં અનેં વ્યવસ્થા ના આગેવાનએં હેંને થી
બક્તિસ્મ નેં લેંનેં પરમેશ્વર ના ઈરાદા નેં પુંતાના
બારામ ટાળ દેંદો હે 31 “અનેં હું એંના જમાના ન
મનખની બરુબરી હેંનેં થકી કરું કે વેય કેંનેં જેંવ
હે ? 32 વેય હેંન બાળક નેં જેંવ હે ઝી બજાર મ
બેંઠેંલ એક બિજાનેં પોંકારેંનેં કે હે , ‘હમવેં તમારી
હારું વાહળી વગાડી, અનેં તમું નેં નાસ્ય; હમું
દુઃખી થાય,અનેં તમું નેં ગાંગરય !’ 33 કેંમકે યૂહન્નો
બક્તિસ્મ આલવા વાળો નેં રુટી ખાતો આયો, નેં
દરાખ નો રસ પીતો આયો, અનેં તમું કો હે, હેનામ
દુષ્ટ આત્મા હે ’ 34 માણસ નો બેંટો ખાતો-પીતો
આયો હે,અનેં તમું કો હે,‘ભાળો પીટલું અનેં પીદડ
માણસ, વેરું લેંવા વાળ નો અનેં પાપિય નો મિત્ર હે

' 35 પુંણ જ્ઞાન પુંતાના પરિવાર દુવારા હાસુ ઠરાવેંલું
હે 36 ફેંર કયાક ફરીસીવેં ઈશુથી અરજ કરી કે હેંનં
હાતેં ખાવાનું ખાએ, નેં ઈશુ વેંના ફરીસી ના ઘેર મ
જાએંનેં ખાવાનું ખાવા બેંઠો 37 હેંના સેર ની એક
પાપી બજ્યેર ઈયુ જાણેંનેં કે ઈશુ ફરીસી ના ઘેર
મ ખાવાનું ખાવા બેંઠો હે સંગમરમર ના રાસડા
મ અંતર લાવી , 38 અનેં ઈશુ ન પોગ નેં ટિકે,
વાહેડેં ઈબી રેંનેં, ગાંગરતી જાએંનેં ઈશુન પોગનેં
આહૂવ થી પલાળવા મંડી અનેં પુંતાના મોંણકાન
વાળ થી નોંસવા મંડી, અનેં ઈશુના પોગ વારે ઘડી
બુંખેં દેંનેં પોગ ઈપેર અંતર માહળ્યું 39 ઈયુ ભાળેંનેં
વેંયો ફરીસી ઝેંને ઈશુને બુલાયો હેંતો, પુંતાના મન
મ વિસારવા લાગ્યો, “અગર આ ભવિષ્યવક્તા હેંતો
તે જાણેં જાતો કે આ ઝી એંને અડેં રી હે વેંયે કુંણ અનેં
કેંવી બજ્યેર હે, કેંમકે વેંયે તે પાપી હિતી ” 40 ઈશુવે
હેંના જવાબ મ કેંદૂ, “હે શમોન, મારે તનેં કઈક કેંવું
હે ” શમોન બોંલ્યો, “હે ગરુ, કેં ” 41 કઈનાક મુંટા
આદમી ના બે લેંણેંદાર હેંતા, એક પાન સૌ અનેં
બીજો પચાસ દીનાર નો લેંણેંદાર હેંતા ” 42 ઝર
એંન કનેં લેણું ભરવા હારું કઈસ નેં હેંતું તે વેંને
બેયનેં માફ કર દેંદૂએંતરે હારું હેંને મહુ કોંણ એક કરત
વદેંનેં પ્રેમ રાખહે ?” 43 શમોનેં જવાબ આલ્યો,
“મારી હમજ મ વેયો, ઝેંનું હેંને કરત વદાર સુંડ દેંદૂ
” ઈશુવે શમોનનેં કેંદૂ, “તેં ઠીક વિસાર કરયો હે ”
44 અનેં વેની બજ્યેર મએં ફરેંનેં ઈશુવે શમોનનેં કેંદૂ,
“હું તું ઈની બજ્યેર નેં ભાળે હે ? હૂં તારા ઘેર મ
આયો પુંણ તેં મારા પોગ ધુંવા હારું પાણેં નેં આલ્યું,
પુંણ અણી બજ્યેરેં મારા પોગ આહુવ થકી પલાળ્યા
અનેં પુંતાન વાળ થી નુંસ્યા 45 તેં મનેં બુંખેં નહેં
દેંદો, પુંણ ઝરનો હૂં આયો હે તરનું અણી બજ્યેરેં
માર પોગનેં બુંખેં દેંવું નહેં સુંડ્યુ 46 તેં મારા માથા મ
તેંલ નહેં માહળ્યું, પુંણ અણન્યી માર પોગમ અંતર
માહળ્યું હે 47 એંતરે હૂં તનેં કું હે કે એંના પાપ ઝી
ઘણાસ હેંતા, માફ થાયા, કેંમકે અણન્યી ઘણોસ પ્રેમ
કર્યો ;પુંણ ઝેંના થુંડાક માફ થાયા હે, વેયું થુંડોક પ્રેમ
કરે હે ” 48 તર ઈશુવે બજ્યેર નેં કેંદૂ, “તારા પાપ માફ
થાયા ” 49 તર ઝી મનખ ઈશુને હાંતે ખાવાનું ખાવા
બેંઠ હેંત, પુંત પુંતાના મન મ વિસા રવા લાગ્ય, “આ
કુંણ હે ઝી પાપ નેં હુંદો માફ કરે હે ?” 50 પુંણ ઈશુવે
બજ્યેર નેં કેંદૂ, “તારે વિશ્વાસેં તનેં બસાવ લીદી હે,
ખુશી થી જા રે ”

8 1 એંનેં પસી ઈશુ સેર-સેર અનેં ગામેં-ગામ
પરસાર કરતો જાએંનેં, અનેં પરમેશ્વર ના
રાજ નો તાજો હમિસાર હમળાવતો જાએંનેં ફરવા
લાગ્યો, અનેં વેયા બાર સેંલા ઈશુને હાતેં હેતાં ,
2 અનેં થુંડીક બજ્યેરેં હુંદી હીતી ઝી દુષ્ટ આત્મા થી
અનેં બિમારજ્યી થી સોંડાવેં લી હીતી, અનેં વેયે
ઈયે હે : મરિયમ ઝે મગદલીની કેંવાતી હીતી, ઝેંનેં
મહી હાત દુષ્ટ આત્મા નકળી હીતી , 3 અનેં હેરોદેસ
ના ખજાંસી ખુજા ની બજ્યેર યોઅન્ના,અનેં
સુસન્ના,અનેં ઘણી બદી બીજી બજ્યેરેં ઈયે પુંતાની
મિલ્કત થકી ઈશુની સેવા કરત્યી હીતી 4 ઝર મુંટી
ભીડ ભીગી થાઈ અનેં સેર-સેર ન મનખ ઈશુ કનેં
સાલેં આવત હેંત,તે ઈશુવે દાખલા મ કેંદૂ 5 “એક
વાવવા વાળો બી વાવવા નકળો વાવતી વખતેં થુંડુંક
વાટ નેં મેંર પડ્યું,અનેં કસરાએં જ્યું, અનેં આકાશ
ન પંખીડ હેંનેં વેંણેં ખાએં જ્ય 6 થુંડુંક ભાટ ઈપેર
પડ્યું, અનેં ઉગ્યું, પુંણ તર નેં મળવા થી હુંકાએ
જ્યું 7 થુંડુંક ઝાડ-ઝાંખર મ પડ્યું, અનેં ઝાડવેં હાતેં
હાતેં વદેંનેં બી નેં દાબેં દેંદૂ 8 થુંડુંક તાજી જમી મ
પડ્યું, અનેં ઉગેંનેં હો ગણું ફળ લાયું ” ઈયુ કેં નેં
ઈશુવે સિસાએંનેં કેંદૂ, “ઝેંનેં હામળવાના કાન્દડા
વેહ વેયું હામળેં લે ” 9 ઈશુન સેંલવેં ઈશુને પુસ્યું કે
એંના દાખલા નો અરથ હું હે ? 10 ઈશુવે કેંદૂ,“તમનેં
પરમેશ્વર ના રાજ ન ભેદ ની હમજ આલીલી
હે, પુંણ બિજનેં દાખલ મ હમળાવામ આવે હે,
એંતરે કે ‘વેય ભાળત જાએંનેં નેં ભાળે, અનેં હળત
જાએંનેં નેં હમજે ' 11 “દાખલા નો આ અરથ હે
: બી પરમેશ્વર નું વસન હે 12 વાટ નેં મેંર વાળ
વેય હે, ઝેંનવેં હામાળું ;તર શેતાન આવેંનેં એંનના
મન મહુ કાડ લેં જાએ હે કે ખેંતુંક એંવું નેં થાએ
કે વેય વિશ્વાસ કરેં નેં તારણ મળે 13 ભાટ ઈપેર
વાળ વેય હે કે ઝર હામળે હે, તે ખુશી થી વસન
નેં ગરહણ તે કરે હે, પુંણ મુંળ નેં જાવા થકી થુડી
વાર હુંદ વિશ્વાસ રાખે હે અનેં પરિક્ષણ ની વ ખતેં
બહકેં જાએ હે 14 ઝી ઝાડ ઝાંખર મ પડ્યું, ઈયુ વેય
હે ઝી હામળે હે, પુંણ અગેંડે જાત સિન્તા, અનેં
ધન, અનેં જીવન ના સુખ વિલાસ મ ફસાએ જાએ
હે અનેં એંનનું ફળ નહેં પાકતું 15 પુંણ તાજી જમી
ન વેય હે, ઝી વસન હામળેંનેં ભલા અનેં તાજા મન
મ હમાળેં રાખે હે ,અનેં ધીરજ થી ફળ લાવેં હે
16 “કુઈ દીવો બાળેંનેં રાસડા થી નહેં ટુંપતું, અનેં
નહેં ખાટલા નેં નિસ મેંલત, પુંણ ઓંસાઈ મ મેંલેં હે
કે મએં આવવા વાળનેં ઈજવાળું મળે 17 કઈ ઓહું
નહેં ઝી ભળાએ નેં, અનેં નહેં કઈ સાનું ઝી જાણ
નેં પડહે અનેં ભળા હે નેં 18 એંતરે હારું સતુર રો કે
તમોં કઈની રીતિ હામળો હે ?કેંમકે ઝેંનેં કન હે હેંનેં
આલવામ આવહે, અનેં ઝેંનેં કન નહેં હેંનેં કનેં હું વેયું
હુંદુ લેં લેંવાહે, ઝેંનેં વેયું પુંતાનું હમજે હે ” 19 ઈશુની
આઈ અનેં ઈશુના ભાઈ ઈશુ કનેં આય, પુંણ ભીડ ને
લેંદે ઈશુ થી મળેં નેં સક્ય 20 ઈશુને કેંદૂ,“તારી આઈ
અનેં તારા ભાઈ બારત ઈબ રેંલ, તનેં મળવા સાહે

હે ” 21 ઈશુવે હેંના જવાબ મ હેંનન કેંદૂ, “મારી
આઈ અનેં મારા ભાઈ ઈય સ હે, ઝી પરમેશ્વર
નું વસન હામળે અનેં માને હે ” 22 ફેંર એક દાડો
ઈશુ અનેં એંના સેંલા નાવ મ સડ્યા,અનેં ઈશુવે
એંનનેં કેંદૂ,“આવો, “દરિયા નેં પેંલે પાર જાજ્યે ”અનેં
નાવ ખોલ દેંદી 23 ઝર નાવ સાલેં રી હિતી, તે ઈશુ
હુઈ જ્યો : અનેં દરિયા મ કુંએંણું આયુ, અનેં નાવ
પાણેં થકી ભરાવા લાગી અનેં વેયા જોંખમ મ હેંતા
24 તર સેંલવેં ટિકે આવેંનેં ઈશુને જગાડ્યો, અનેં કેંદૂ,
“માલિક માલિક ! હમું નાશ થાવા કરજ્યે હે”તર
ઈશુવે ઉઠેંનં કુંએંણા નેં અનેં પાણેં ની ઝાબોળેં નેં
વળગ્યો અનેં વેય થમેં જ્ય અનેં શાંતિ થાએં ગઈ
25 તર ઈશુવે સેંલનેં કેંદૂ, “તમારો વિશ્વાસ કાં હે ?
પુંણ વેયા સમકેં જ્યા અનેં ઘબરાએંનેં એક બિજાનેં
કેંવા મંડ્યા, ઈયો કુંણ હે ઝી કુંએંણું અનેં પાણેં નેં
હુંદોહુંકમ કરે હે, અનેં વેયઈની માનેં હે ?” 26 ફેંર
વેયા ગિરાસેનિય ના દેસ મ પોત્યા , ઝી પેંલે પાર
ગલીલ નેં હામેં હે 27 ઝર ઈશુ ધેંડેં ઉતર્યો તે હેંના સેર
નો એક માણસ મળ્યો ઝેંનેંમ દુષ્ટ આત્માએં હિતી
વેયો ઘણ દાડ થી નેં સિસર પેરતો હેંતો અનેં નેં ઘેર
મ રેંતો હેંતો હાં માહણ મ રેંતો હેંતો 28 વેયો ઈશુને
ભાળેંનં સિસાયો અનેં ઈશુને હામેં પડેં જાએંનં જોંર
થી સિસાએંનેં કેંદૂ,“હે મોંટા મ મોંટા પરમેશ્વર ના
બેંટા ઈશુ ! મારે તારી થકી હું કામ ?હું તારી થકી
અરજ કરું હે, મનેં પીડા નહેં આલે ” 29 કેંમકે ઈશુ
હીની મેલી આત્મા નેં હેંના માણસ મહી નકળવાનું
હુંકમ આલતો હેંતો, એંતરે હારું કે વેયે હેંના માણસ
મ વારેં ઘડી આવતી હિતી અનેં મનખ હેં નેં હાકોળેં
અનેં નાડજ્યી થી બાંદત હેંત તે હુંદો વેયો બાંદેંલુ તુંડ
દડતો હેંતો, અનેં દુષ્ટ આત્મા હેંનેં જંગલ મ નહાડેં
કરતી હિતી 30 ઈશુવે હેંનેં થકી પુસ્યું, “તારું હું નામ
હે ?” હેંને કેંદૂ, “ફોંજ,” કેંમકે ઘણી દુષ્ટ આત્માએં
હેંનેંમ પેંહેં ગઈ હિતી 31 આત્માવેં ઈશુ થી અરજ
કરી કે હમનેં મુંટા ખાડા મ જાવા હારું હુકમ નહેં
આલે 32 વેંહાં ડુંગોર મ ભુંડણ નો એક મોંટો ટુંળો
સરતો હેંતો, એંતરે હેંનવેં ઈશુ થી અર જ કરી કે
હમનેં હેંનેમ પેંહવા દે ઈશુવે હેંનેમ જાવા દેંદ 33 તર
દુષ્ટ આત્માએં હેંના માણસ મહી નકળેંનેં ભુંડણ મ
ગઈ અનેં વેયો ટુંળો ટેંકરા ઈપેર થી ધહકેંનેં દરજ્યા
મ જાએં પડ્યો અનેં બુડેં મરયો 34 ગુંવાળજ્યા ઈયુ
ઝી થાયું હેંતું ભાળેંનેં નાઠાં, અનેં સેર મ અનેં ગામ
મ જાએંનેં હેંનો હમિસાર આલ્યો 35 મનખ ઈયુ
ઝી કઈ થાયું હેંતું હેંનેં ભાળવા હારું નકળ્ય, ઈશુ
કનેં આવેંનેં ઝેંના માણસ મહી દુષ્ટ આત્મા નકળી
હિતી,હેંને ઈશુ ન પોગ નેં ટિકે સિસર પેંરેં ભાંડ મ
બેંઠેંલો ભાળેંનેં સમકેં જ્ય ; 36 અનેં ભાળવા વાળેં
હેંનનેં વાતાડ્યું કે વેયો દુષ્ટ આત્મા નો હરણ કરેંલો
માણસ કીવી રીતી અસલ થાયો 37 તર ગિરાસેનિયો
ન આજુ બાજુ ન બદ્ મનખવે ઈશુ થકી અરજ કરી
કે હમાર તઈ હો જાતોરે ; કેંમકે એંન ઈપેર મુંટી બીક
આવેં ગઈ હિતી અનેં ઈશુ નાવ મ સડેંનેં જાતોર્યો
38 ઝેંના માણસ મહી દુષ્ટ આત્મા નકળી હિતી વેયો
ઈશુ થી અરજ કરવા મંડ્યો કે મનેં તારી હાતેં રેંવા
દે, પુંણ ઈશુવેં હેંનેં વળાવેંનેં કેંદૂ , 39 “પુંતાને ઘેર
જાતોરે અનેં મનખનેં વતાડ કે પરમેશ્વરેં તારી હારું
કેંવ મુંટ મુંટ કામ કરય હે ”વેયો જાએંનેં આખા સેર
મ પરસાર કરવા મંડ્યો કે ઈશુવેં મારી હારું કેંવ
મુંટ મુંટ કામ કરય હે 40 ઝર ઈશુ પાસો આયો તે
મનખ ઈશુને ખુશી થકી મળ્ય,કેંમકે વેય બદ્ ઈશુ
ની વાટ જુંવત હેંત 41 એંતરામ યાઈર નામ નો એક
માણસ ઝી આરાધના ભવન નો અધિકારી હેંતો,
આયો અનેં ઈશુન પોગમ પડેં જાએંનેં ઈશુ થી અરજ
કરવા મંડ્યો કે મારે ઘેર સાલ , 42 કેંમકે ઈની બાર
વરસ ની એક ની એક સુરી હિતી ,અનેં વેયે મરવા
પડી હિતી ઝર ઈશુ જાએં રયો હેંતો, તર મનખ ઈશુ
ઈપેર પડા પડી કરત હેંત 43 એક બજ્યેરેં ઝેંનેંમ બાર
વરસ થી લુઈ સાલવા નો રોંગ હેંતો,અનેં ઝી પુંતાની
બદ્દી મુડી વૈદ્ય નેં પાછડ ખરસ કરેં સુંકી હિતી, તે
હુંદી કઈના નેં હાતેં હાજી નેં થાએં સકી હિતી ,
44 વાહેંડ થી આવેંનેં ઈશુન સિસર ના સેંડા નેં અડી,
અનેં તરત એંનું લુઈ સાલવું બંદ થાએં જ્યું 45 હેંને
ઈપેર ઈશુવે કેંદૂ,“મનેં કુંણ અડ્યું ?”ઝર બદ્વેં ના
પાડવા મંડ્ય,તે પતરસ અનેં એંન હાત વાળેં કેંદૂ,
“હે માલિક, તનેં તે ભીડ દાબેં રી હે અનેં તારી ઈપેર
પડા પડી કરે હે ” 46 પુંણ ઈશુવે કેંદૂ, “કુંણેંક મનેં
અડ્યું હે કેંમકે મેંહ જાણ લેંદૂ હે કે મારી મહી સામ્ર
ત નકળી હે ” 47 ઝર બજ્યેરેં ભાળું કે હું હતાએ નહેં
સકતી, તર ફફડતી જાએંન આવી અનેં ઈશુન પોગ
મ પડેં નેં બદ્ મનખ નેં હામેં વતાડ્યું કે અણણ્યી
કઈના કારણ અડી, અનેં કેંકેંમ તરત હાજી થાઈ ગઈ
48 ઈશુવે હેંનેં કેંદૂ, “બીટી, તારે વિશ્વાસેં તનેં હાજી
કરી હે , ખુશી થી જાતી રે ” 49 ઈશુ એંમ કેંતોસ
હેંતો કે કઈનેંક આરાધના ભવન ના અધિકારી નેં
તાંહુ આવેં નેં કેંદૂ, તારી સુરી મરેં ગઈ : ગરુ નેં દુઃખ
નહેં આલે ” 50 ઈશુવે ઈયુ હામળેંનેં જવાબ આલ્યો,
“નહેં સમકે, ખાલી વિશ્વાસ રાખ, તે વેયે બસેં જાહે
” 51 ઘેર મ આવેંનેં ઈશુવે પતરસ, યૂહન્ના, યાકૂબ,
અનેં સુરી ન આઈ બા નેં સોંડેંનેં બીજું કેંનેંસ પુંતાનેં
હાતેં મએં આવવા નેં દેંદુ 52 બદ્ હેંનેં હારું રુંવત
કુટત હેંત,પુંણ ઈશુવે કેંદૂ, “ગાંગરો નહેં; ઈયે મરી
નહેં પુંણ હુતી હે ” 53 વેય એંમ જાણેંનેં કે ઈયે મરેં
ગઈ હે ઈશુની મશ્કરી કરવા મંડ્ય 54 પુંણ ઈશુવે

હેંનો હાત હાદો, અનેં જોંર થી કેંદૂ, “એ સુરી ઉઠ
!” 55 તર હેંનો જીવ પાસો આયો અનેં સુરી તરત
બીઠી થાઈ ફેંર ઈશુવે કેંદૂ કે એંને કઈક ખાવા હારું
આલો 56 સુરી ન આઈ બા વિસાર કરત થાએં જ્ય,
પુંણ ઈશુવે હેંનન સેતવ્ય કે ઈયુ ઝી થાયું કેંનેં યે નેં
કેંત વેહ

9 1 ફેંર ઈશુવે બાર સેંલનેં બુંલાવેંનેં એંનન બદ્દી
દુષ્ટ આત્મા અનેં બીમારી નેં સિટી કરવા
ની સામ્રત અનેં અધિકાર આલ્યો , 2 અનેં હેંનન
પરમેશ્વર ના રાજ્ય નો પરસાર કરવા અનેં બિમાર
નેં અસલ કરવા હારું મોંકલ્યા 3 ઈશુવે હેંનન
કેંદુ,“રસ્તા હારું કઈસ નેં લેંતા વેહ,નેં તે લાખડી,
નેં ઝુળી, નેં રુંટો, નેં પઈસા, અનેં નેં બે-બે ઝબ્બા
4 ઝેંના કઈનાક ઘેર તમું જો, તાસ રો, અનેં તાહાસ
નકળો 5 ઝી કુઈ તમન ગરહણ નેં કરે, હેંના સેર
મહા નકળતા જાએંનેં તમાર પોગ ની ધૂળ ખખેંર
દડો કે હેંન ઈપેર ગવાહ થાએ ” 6 અનેં સેંલા નકળેંનેં
ગામોં ગામ તાજો હમિસાર હમળાતા, અનેં હરેક
જગ્યા મન ખનેં હાજ કરતા જાએંનેં ફરેં કર્યા 7 દેસ
ના સોથાઈ નો રાજા હેરોદેસ ઈયુ બદ્દુ હામળેંનેં
ઘબરાએ જ્યો, કેંમકે થુંડેંક કેંદૂ કે યૂહન્નો મરેંલ
મહો જીવતો થાએં જ્યો હે , 8 અનેં થુંડેંક ઈયુ
કે એલિય્યાહ ભળાયો, અનેં બીજએ ઈયુ કે જુંન
ભવિષ્યવક્તા મનો કુણેક જીવતો થાયો હે 9 પુંણ
હેરોદેસેં કેંદૂ, “યૂહન્નાનું તે મેંહ મોંણકું કપાડ્યું, હાવું
ઈયો કુંણ હે ઝેંના બારા મ ઈવી વાતેં હામળૂ હે
?”અનેં હેરોદેસેં તેંનેં ભાળવા ની અઈસા કરી 10 ફેંર
સેંલવેં આવેંનેં ઝી કઈ એંનવેં કર્યું હેંતું, ઈશુને વતાડ
દેંદુ; અનેં ઈશુ હેંનનેં અલગ કરેંનેં બેતસૈદા નામ ના
સેર મ લેં જ્યો 11 એમ જાણેંનેં ભીડ ઈશુનેં વાહેડ
આવી, અનેં ઈશુ હેંનન ખુશી થકી મળ્યો, અનેં હેંન
હાતેં પરમેશ્વર ના રાજ્ય ની વાતેં કરવા લાગ્યો,
અનેં ઝી હાજ થાવા સાહત હેંત હેંનનેં હાજ કર્ય
12 ઝર દાડો નમ્મા લાગ્યો તે બાર સેંલવેં આવેંનેં
ઈશુને કેંદૂ, “ભીડ નેં જાવા દે કે સારેં મેર ન ગામ
અનેં વસ્તી મ જાએંનેં રુંકાએ અનેં ખાવેના ની
વેવસ્તા કરે, કેંમકે હમું આં હુંનવેંણ જગા મ હેં
” 13 ઈશુવે એંનન કેંદૂ,“તમુંસ એંનન ખાવા હારું
આલો ’હેંનવે કેંદૂ,“હમારી કનેં પાંસ રુટજ્યી અને
બે માસલજ્યી નેં સોડેંનેં બીજુ કઈસ નહેં ;પુંણ હાં,
અગર હમું જાએંનેં એંન બદ્ મનખ હારું ખાવાનું
વેંસાતું લેંજ્યે,તે થાએં સકહે ”વેય મનખ તે પાંસ
હજાર માણસેંસ લગ-ભગ હે 14 તર ઈશુવે પુંતાન
સેંલનેં કેંદૂ,“હેંનન પસા-પસા કરેંનેં ટુકડી-ટુકડી મ
બેંહાડ દો 15 હેંનવેં વેમેસ કરું , અનેં બદ્નેં બેંહાડ
દેંદ 16 તર ઈશુવે પાંસ રુંટજ્યી અનેં બે માસલજ્યી
લીદી, અનેં હરગ મએ ભાળેંનેં ધ નેવાદ કરેંનેં તુંડે-
તુંડેંનેં સેંલનેં આલતો જ્યો કે મનખનેં આલે 17 તર
બદ્ ખાએંનેં ધાફેંજ્ય, અનેં સેંલવેં બસેંલ બટક ન
બાર ટુંપલ ભરેંનેં ઉપા ડ્ય 18 ઝર ઈશુ એકાંત મ
પ્રાર્થના કરેં રેયો હેંતો, અનેં સેંલા ઈશુને હાતેં હેંતા,
તે ઈશુવે હેંનન પુસ્યું, “મનખ મનેં હું કે હે ?”
19 હેંનવેં ઈશુન જવાબ આલ્યો, “યૂહન્ના બક્તિસ્મ
આલવા વાળો, અનેં કુઈ કુઈ એલિય્યાહ, અનેં કુઈ
ઈયુ કે જુંન ભવિષ્યવક્તા મનો કુઈક જીવતો થાયો
હે ” 20 ઈશુવે હેંનન પુસ્યું, “પુંણ તમું મનેં હું કો હે
?”પતરસેં જવાબ આલ્યો,“પરમેશ્વર નો મસીહ ”
21 તર ઈશુ વે હેંનનેં સેતવેંનેં કેંદૂ કે ઈયુ કેંનેં એ નેં કેંતા
વેહ 22 ફેંર ઈશુવે કેંદૂ,“માણસ ના સોંરાનેં જરૂરી
હે કે વેયો ઘણું દુઃખ ઝેંલે, અનેં વડીલ અનેં મુંખી
યાજક અનેં શાસ્ત્રી હેંનેં નકમ્મો હમજેંનેં માર દડે,
અનેં વેયો તીજે દાડે જીવતો થાએં જાએ ” 23 ઈશુવે
બદ્નેં કેંદૂ “અગર કુઈ મારી પાછડ આવવા સાહે,
તે પુંતાનો નકાર કરે હર રુંજ પુંતાનો ક્રુસ તુંકેંનેં
મારી પાછડ થાએં જાએ 24 કેંમકે ઝી કુઈ પુંતાનો
જીવ બસાવવા સાહે વેયું હેંનેં ખુંવહે, પુંણ ઝી કુઈ
મારી હારું પુંતાનો જીવ ખુંવહે વેયુંસ હેંનેં બસાવહે
25 અગર મનખ આખા જગત નેં મેંળવેં લે અનેં
પુંતાનો જીવ ખુએ દડે કે હેંનું નુ કસાન ઝેંલે, તે
હેંનેં હું ફાયદો થાહે ? 26 ઝી કુઈ મનેં થી અનેં
મારી વાતેં થી લજાહે, મનખ નો સોંરો હુંદો,ઝર
પુંતાની અનેં પુંતાના બાપ ની અનેં પવિત્ર દૂત ની
મહિમા હાતેં આવહે, તે હેંનેં થી લજાહે 27 હું તમનેં
હાસું કું હે, કે ઝી આં ઈબા હે હેંનેં મહા થુંડાક
એંવા હે કે ઝર તક પરમેશ્વર ના રાજ્ય નેં ભાળ
લે, તાં તક મોત નો હવાદ નેં સાકહે ” 28 ઈની
વાતનેં કઈક આઠ દાડ બાદ ઈશુ પતરસ, યૂહન્ના
અનેં યાકૂબ નેં હાતેં લેંનેં પ્રાર્થના કરવા હારું ડુંગોર
ઈપેર જ્યો 29 ઝર ઈશુ પ્રાર્થના કરેંસ રેંયો હેંતો, તે
ઈશુ ના મોડા નું રૂપ બદલાએં જ્યું અનેં એંન સિસર
ધોળ થાએંનેં ભભળવા મંડ્ય 30 અનેં ભાળો,મૂસા
અનેં એલિય્યાહ,ઈયા બે માણસ ઈશુ હાતેં વાતેં
કરેં રેંયા હેંતા 31 ઈયા મહિમા હાતેં ભળાયા અનેં
ઈશુને મરવાની સરસા કરેં રેંયા હેંતા, ઝી યરુશલેમ
મ થાવાનું હેતું 32 પતરસ અનેં એંના હાત વાળા
નીંદર થી ભરેંલા હેંતા, અનેં ઝર અસલ ભાન મ
થાયા, તે ઈશુની મહિમા અનેં હેંન બે માણસનેં, ઝી
ઈશુની હાતેં ઈબા હેંતા ભાળ્યા 33 ઝર વેયા ઈશુ કન
હા જાવા લાગ્યા, પતરસેં ઈશુને કેંદૂ, “હે માલિક,
હમારે આં રેંવું ભલું હે : અનેં હમું તાણ મંડપ
બણાવજ્યે, એક તારી હારું, એક મૂસા હારું,અનેં
એક એલીય્યાહ હારું ”ઈયો જાણતો નેં હેતો કે હું

કે રેંયો હે 34 પતરસ એંમ કેંસ રેંયો હેંતો કે એક
વાદળે આવેંનેં હેંનન ઢાંકે દેંદા, અનેં ઝર વેયા હેંના
વાદળા થકી ઘેંરાવા લાગ્યા તે સમકેં જ્યા 35 તર
હેંના વાદળા મહી ઈયે વાણી નકળી,“ઈયો મારો
બેંટો અનેં પસંદ કરેંલો હે, ઈની હામળો ” 36 ઈયે
વાણી થાત મસ ઈશુ એંખલો ભાળવા મળ્યો; અનેં
વેયા સપ રયા, અનેં ઝી કઈ ભાળુ હેંતું હીની કઈ
વાત હેંન દાડ મ કેંનેં એ નેં કીદી 37 બીજે દાડે ઝર
વેયા ડુંગોરેં હાં ઉતર્યા તે એક મુંટી ભીડ ઈશુ કનેં
આવેં મળી 38 અનેં ભાળો, ભીડ મહો એક માણસેં
સિસાએંનેં કેંદૂ, “હે ગરુ, હૂં તારી થકી અરજ કરું હે
કે મારા સોંરા ઈપેર માયા ની નજર કર; કેંમકે વેયો
મારો એક નો એ કેંસ હે 39 અનેં ભાળ, એક દુષ્ટ
આત્મા હેંનેં હાએ હે, અનેં વેયો એક દમ સિસાએ
ઉઠે હે ; અનેં વેયે એંનેં એંવો અમેંળે હે કે સોંરો
મોંડામ ફેંહકુંડ ભર દે હે ;અનેં સોંરાનેં કસરેંનેં માંડ-
માંડ થી સોડે હે 40 મેંહ તાર સેંલ થકી અરજ કરી
કે હેંને કાડે પુંણ નેં કાડેં સક્યા ” 41 ઈશુવે જવાબ
આલ્યો,“હે અવિશ્વાસી અનેં હઠીલ મનખોં, હૂં
કાં તક તમારી હાતેં રેં અનેં તમારું વેંઠેં ?તારા
સોંરાનેં આં લેં આવ ” 42 વેયો આવેંસ રયો હેંતો
કે દુષ્ટ આત્માવેં હેંને દકડેંનેં અમેંળ્યો, પુંણ ઈશુવેં
દુષ્ટ આત્માનેં વળગ્યો અનેં સોંરા નેં અસલ કરેંનેં
એંના બાનેં હુંપેં દેંદો 43 તર બદ્ મનખ પરમેશ્વર
ની મુંટી સામ્રત થી વિસાર કરત થાએં જ્ય 44 “તમું
ઈની વાત ઈપેર કાન્દડા ધરો, કેંમકે માણસ નો બેંટો
માણસ ના હાત મ હવાડ્યા જાવામ હે ” 45 પુંણ
સેંલા ઈની વાત નેં નતા હમજતા હેંતા,અનેં આ
હેંન થી ઓઠી રી કે વેયા એંને જાણેં નેં સકે; અનેં
સેંલા ઈની વાત ના બારામ ઈશુ થકી પુસવા થી
સમતા હેંતા 46 ફેંર એંનમ એંમ બબાલ થાવા લાગી
કે હમ મ મોંટું કુંણ હે 47 પુંણ ઈશુવેં એંનના મન ના
વિસાર નેં જાણ લેંદો, અનેં એક બાળક નેં લેંનેં પુંતા
કનેં ઈબું કરું , 48 અનેં હેંનનેં કેંદૂ, “ઝી કુઈ મારા
નામ થી એંના બાળક નેં ગરહણ કરે હે, વેયું મ નેં
ગરહણ કરે હે; અનેં ઝી કુઈ મનેં ગરહણ કરે હે,
વેયું મનેં મોંકલવા વાળા નેં ગરહણ કરે હે, કેંમકે ઝી
તમમ બદ્ હો નાના મ નાનો હે ,વેયોસ મોંટો હે ”
49 તર યૂહન્નાવેં કેંદૂ, ‘હે માલિક, હમવેં એક માણસ
નેં તારા નામ થી દુષ્ટ આત્મા નેં કાડત ભાળો, અનેં
હમવેં હેંને ના કેંદૂ, કેંમકે વેયો હમારી હાતેં રેંનેં તારી
પા છડ નહેં આવતો ” 50 ઈશુવેં હેંનન કેંદૂ, “હેંને ના
નહેં કો; કેંમકે ઝી તમારા વિરુદ્ધ મ નહેં, વેયું તમારી
બાજુ હે ” 51 ઝર ઈશુનેં ઉપર [હરગ મ] ઉઠાવવાના
દાડા પુરા થાવામ હેંતા, તે ઈશુવે યરુશલેમ જાવાનો
વિસાર મજબૂત કરયો 52 ઈશુવે પુતાનેં અગેંડેં દૂત
મોંકલ્યા વેયા સામરીયા ના એક ગામ મ જ્યા કે ઈશુ
હારું જગા તિયાર કરે 53 પુંણ હેંના ગામનેં મનખવેં
ઈશુ નેં રુંકાવા નેં દેંદો, કેંમકે ઈશુ યરુશલેમ જાએ
રિયો હેંતો 54 ઈયુ ભાળેંનેં ઈશુ ના સેંલા યાકૂબ અનેં
યૂહન્નાવેં કેંદૂ, “હે પ્રભુ, હું તું સાહે હે કે હમું હુકમ
આલજ્યે, કે આકાશ થકી આગ પડેંનેં એંનન ભસમ
કર દે ?” 55 પુંણ ઈશુવે ફરેંનેં સેંલનેં વળગ્યો [અનેં
કેંદૂ, “તમું નહેં જાણતા કે તમું કીવિ આત્મા ના હે
કેંમકે માણસ નો બેંટો મનખ ના જીવ નો નાશ કરવા
નહેં પુંણ બસાવવા આયો હે ”] 56 અનેં વેયા કયાક
બીજા ગામ મ જાતાર્યા 57 ઝર વેયા રસ્તા મ જાએં
રયા હેંતા, તે કેંનેંકેં ઈશુને કેંદૂ, “ઝાં-ઝાં તું જાહે, તારી
પાછડ આવેં ” 58 ઈશુવે હેંને કેંદૂ, “હિયાળ હારું
દએંડ અનેં આકાશ ન પંખીડ હારું વસવાટ રે હે ,
પુંણ માણસ ના બેંટાનેં માથું ટેંકવાની હુંદી જગ્યા
નહેં ” 59 ઈશુવે બીજાનેં કેંદૂ મારી પાછડ આવ ”
હેંને કેંદૂ, “હે પ્રભુ, મનેં પેલ જાવા દે કે મારા બા નેં
દાટેં દૂ ” 60 ઈશુવેં હેંને કેંદૂ, “મરેંલ નેં એંનન મડદ
દાટવા દો, પુંણ તું જાએંનેં પરમેશ્વર ના રાજ્ય ની
કથા હમળાવ ” 61 એક બીજે હુંદુ કેંદૂ, “હે પ્રભુ હું
તારી પાછડ થાએં જએં; પુંણ પેલ મનેં જાવા દે કે
મારા ઘેર ન મનખ થી સુટ્ટી લેં આવું ” 62 ઈશુવે
હેંનેં કેંદૂ, “ઝી કુઈ પુંતાનો હાત હોળ ઈપેર મેંલેંનેં
વાહેંડેં ભાળે હે, વેયું પરમેશ્વર ના રાજ્ય ના લાએંક
નહેં ”

## 10

1 ઈની વાત પસી ઈશુવે હિત્તર બીજા
માણસ ઈબા કર્યા, અનેં ઝી –ઝી સેર અનેં
જગ્યા મ ઈશુ પુંતે જાવાનો હેંતો,વેંહાં એંનન બે-
બે કરેંનેં એંન અગેડ મોંકલ્યા 2 ઈશુવે હેંનન કેંદૂ,
“પાકેંલ ખેંતર ઘણ હે, પુંણ મજુર થુંડક હે; એંતરે
ખેંતર ના માલિક થી અરજ કરો કે વેયો પુંતાન
ખેંતર વાડવા હારું મજુર મોંકલ દે 3 જો; ભાળો,
હું તમનેં ઘેંઠ નેં જેંમ હિયાળજ્ય નેં વસમ મોંકલું
હે 4 એતરે હારું નેં ઠેલી, નેં ઝુળી,નેં કાહડ લો;અનેં
નેં રસ્તા મ કેંનેં યે નમસ્તે કરો 5 ઝેંના કેંના ઘેર મ
જો, પેલ કો, એંના ઘેર મ કલ્યાણ થાએ ’ 6 અગર
વેંહાં કલ્યાણ ના લાએંક વેંહે, તે તમારું કલ્યાણ હેંનેં
ઈપેર રેંહે, નેં તે તમ કનેં વળેં આવહે 7 હેંનાસ ઘેર
મ રો, અનેં ઝી કઈ હેંન થી મળે, વેયુસ ખો-પિયો,
કેંમકે મજૂર નેં પુંતાની મજુરી મળવી જુગે, ઘેર-
ઘેર નેં ફરતા વેહ 8 ઝેંના સેર મ જો અનેં વેંહાં ન
મનખ તમને રુંકે, તે ઝી કઈ તમારી અગેડ મેંલ વામ
આવે વેયુસ ખો 9 વેંહાં ન બિમાર નેં હાજ કરો
અનેં હેંનનેં કો, પરમેશ્વર નું રાજ્ય તમારી નજીક
આવેં પોત્યું હે ’ 10 પુંણ ઝેંના સેર મ જો, અનેં
વેંહાં ન મનખ તમારો અવકાર નેં કરે, તે એંનના

બજાર મ જાએંનેં કો , 11 તમારા સેર ની ધૂળ હુંદી,
ઝી હમાર પોગ મ સોટી હે, હમું તમારી હામેં ખકેર
દડજ્યે હે;તે હુંદ જાણ લો કે પરમેશ્વર નું રાજ્ય
તમારી નજીક આવેં પોત્યું હે ' 12 હું તમનેં કું હે કે
હેંને દાડે હેંના સેર ની દસ્યા કરત સદોમ ની દસ્યા
વદાર વેંઠ વાનેં લાએંક વેંહે 13 "હાય ખુંરાજીન !
હાય બેતસૈદા ! ઝી સામ્રત ન કામ તમ મ કરવામ
આય , અગર વેય સૂર અનેં સૈદા મ કરાત તે કેંર ન
ટાટડું ઉંડેંનેં અનેં રખુંડામ બેંહેંનેં વેય પસ્તાવો કરત
14 પુંણ નિયાય ને દાડે તમારી દસ્યા થી સૂર અનેં
સૈદા ની દસ્યા વદાર વેંઠવાનેં લાએંક વેંહે 15 અનેં હે
કફરનહૂમ,હું તું હરગ હુંદી ઉસું કરવામ આવહેં ?તું
તે હાદેસ હુંદી નિસ જાહેં 16 "ઝી તમારી હામળે હે
વેયું મારી હામળે હે ;અનેં ઝી તમનેં નકમ્મું હમજે
હે વેયું મનેં નકમ્મો હમજે હે 'અનેં ઝી મનેં નકમ્મો
હમજે હે વેયું મનેં મુંકલવા વાળા નેં નકમ્મો હમજે
હે " 17 વેયા હિત્તર આનંદ કરતા જાએંનેં પાસા
આયા અનેં કેંવા લાગ્યા,'હે પ્રભુ, તારા નામ થી દુષ્ટ
આત્મા હુંદી હમારા કાબું મ હે " 18 ઈશુવે હેંનન
કેંદૂ,"હૂં શેતાન નેં વિજળી નેં જેંમ હરગ મહો પડેંલો
ભાળેં રેંયો હેંતો 19 ભાળો, મેંહ તમનેં હાપનેં અનેં
વેસુંવ નેં કસરવાનો, અનેં વેરી ની બદ્દી સામ્રત ઈપેર
અધિકાર આલ્યો હે; અનેં કઈની યે વસ્તુ થકી તમનેં
નુકસાન નેં થાહે 20 તે હુંદા એંને થી ખુશ નહેં થો
કે આત્મા તમારા કાબું મ હે, પુંણ એંને થકી ખુથો
કે તમાર નામ હરગ મ લખ્ય હે " 21 હીની ઘડી
ઈશુ પવિત્ર આત્મા મ થાએંનેં આનંદ થી ભરાએં
જ્યો,અનેં કેંદૂ, 'હે બા, હરગ અનેં ધરતી ના પ્રભુ,
હું તારું આભાર કરું હે કે તે ઈની વાત નેં જ્ઞાન વાળ
અનેં હમજદાર થી હતાડેં રાખી,અનેં બાળક ઈપેર
પરગટ કરું હાં હે બા, કેંમકે તનેં ઈયુસ અસલ લાગ્યું
22 મારે બાપેં મનેં સબ કઈ હુંપેં દેંદૂ હે; અનેં કુઈ
નહેં જાણતું કે બેંટો કુંણ હે ખાલી બા, અનેં બા કુંણ
ઈયુ હુંદું કુઈ નહેં જાણતું ખાલી બેંટો અનેં વેયો ઝેનેં
બેંટો પરગટ કરવા સાહે " 23 તર સેંલ મએં ફરેંનેં
એંખલ નેં કેંદૂ,"ધન્ય હે વેયે આંખેં, ઝી ઈયે વાતેં
તમું ભાળો હે ભાળે હે 24 કેંમકે હું તમનેં કું હે કે
ઘણસ ભવિષ્યવક્તા અનેં રાજાવેં સાઈહું કે ઝી વાતેં
તમું ભાળો હે ભાળે પુંણ નેં ભાળી, અનેં ઝી વાતેં
તમું હામળો હે હામળે પુંણ નેં હામળી " 25 અનેં
ભાળો,એક વેવસ્તાપક(નિયમ જાણવા વાળો)ઉઠ્યો
અનેં એંમ કેં નેં ઈશુનેં પારખવા લાગ્યો,"હે ગરુ
અમર જીવન નો ભાગીદાર થાવા હારું હૂં હું કરું,
26 ઈશુવે હેંને કેંદૂ "નિયમ મ હું લખ્યુ હે ? તું કેંકેંમ
વાસે હે ?" 27 હેંને જવાબ આલ્યો, "તું પ્રભુ તારા
પરમેશ્વર થી તારા પુરા મન અનેં તારા પુરા જીવ
અનેં તારી પુરી શક્તિ અનેં તારી પુરી બુદ્ધિ નેં
હાતેં પ્રેમ રાખ "અનેં તારા પાડુંસી થી પુતાનેં જેંમ
પરેંમ રાખ " 28 ઈશુવે હેંને કેંદૂ, "તેં બરુંબર જવાબ
આલ્યો, ઈયુસ કર તે તું જીવતો રેંહેં " 29 પુંણ હેંને
પુતાનેં ધર્મી જણાવાની ઈચ્છા થી ઈશુ નેં પુસ્યું, તે
મારો પાડોસી કુંણ હે ?" 30 ઈશુવે જવાબ આલ્યો,
"એક માણસ યરુશલેમ થકી યરીહો જાએંર્યો હેંતો
કે ડાકુવએ ઘેરેંનેં હેંન સિસર કાડ લેંદ, અનેં મારેં
કુટેંનેં હેંનેં અદઘવલો સુંડેંનેં જાતાર્યા 31 અનેં એંવું
થાયું કે હેંનેસ રસ્તે એક યાજક જાએ રિયો હેંતો,
પુંણ હેંનેં ભાળેંનેં કતરાએનેં જાતો રિયો 32 ઈવીસ
રીતી થી એક લેવી હીની જગ્યા ઈપેર આયો, વેયો
હુંદો હેંનેં ભાળેંનેં ક તરાએંનેં જાતો રિયો 33 પુંણ
એક સામરી વટારું વેંહાં આવેં નકળ્યો, અનેં હેંને
ભાળેંનેં માયા કરી 34 સામરજ્યી હેંને કન જાએંનેં
હેંના ઘાવ ઈપેર તેંલ અનેં દરાખ નો રસ ઢાળેંનેં
પટ્ટજ્યી બાંદજ્યી, અનેં પુંતાના જાનવર ઈપેર
સડાવેંનેં ઉતારા મ લેંજ્યો અનેં હીની સેવા સાકરી
કરી 35 બીજે દાડે સામરજ્યીવેં બે દીનાર ઉતારા
ના માલિક નેં આલ્યા, અનેં કેંદૂ,'ઈની સેવા સાકરી
કરજ્યે, અનેં ઝી કઈ તારું લાગહે, વેયું હું વળતો
તનેં ભર દેં " 36 હાવું તારી હમજ મ ઝી ડાકુવમ
ઘેંરાએં જ્યો હેંતો,એંન તાણ મનો હેંનો પાડુસ કુંણ
બાણ ?" 37 હેંનેં કેંદૂ, "વેયો ઝેને હેંનેં ઈપેર દયા કરી
" ઈશુવે હેંનેં કેંદૂ, "જા, તું હુંદો એવુંસ કર " 38 ઝર
વેયા જાએં રિયા હેંતા તે ઈશુ એક ગામ મ જ્યો,
અનેં માર્થા નામ ની એક બજ્યેરેં ઈશુને એંને ઘેર
બુંલાયો 39 મરિયમ નામ ની ઈની એક બુંન હિતી
વેયે ઈશુ ન પોગ મ બેંહેંનેં ઈશુનું વસન હામળતી
હિતી 40 પુંણ માર્થા કામ કરતી કરતી ઘબરાએં ગઈ,
અનેં ઈશુ કનેં આવેંનેં કેંવા મંડી, "હે પ્રભુ હું તનેં
કઈસ હુંદી સિન્તા નહેં કે મારી બુંનેં મનેં કામ કરવા
હારું એંખ લી સુંડ દેંદી હે ?એંતરે હારું એંનેં કે
કે મારિ મદદ કરે " 41 ઈશુવે હેંને જવાબ આલ્યો,
"માર્થા, હે માર્થા; તું ઘણી વાત હારું સિન્તા કરે અનેં
ઘબરાએ હે 42 પુંણ એક વાત જરૂરી હે, અનેં હેંની
ખાસ ભાગ નેં મારિયમેં પસંદ કર લીદી હે ઝી એંનેં
કન થી ઉદાળેં નેં લેંવાએ "

11 1 ઈશુ કયેક જગ્યા પ્રાર્થના કરેં રિયો હેંતો
ઝર ઈયો પ્રાર્થના કરેં સુક્યો ,એંન સેંલ મનો
એંકેં ઈશુને કેંદૂ, "હે પ્રભુ ઝેંમ યૂહન્નાવેં પુંતાન સેંલ
નેં પ્રાર્થના કારવા હિકાડ્યા વેંહેંમ હમન હુંદા તું
હિકાડ દે 2 ઈશુવે હેંનનેં કેંદૂ, "ઝર તમું પ્રાર્થના કરો તે
કો :'હે બા,તારું નામ પવિતર માનવામ આવે,તારું
રાજ્ય આવેં 3 'હમારો આખા દાડા નો રુંટો રોજ
દાડું હમનઆલેં કર , 4 'અનેં હામાંર પાપ નેં માફ

કર ,કેંમકે હામું હુંદા હમાર ગુંને ગાર નેં માફ કરજ્યે
હે,અનેં હમનેં પરિક્ષણ મ નહેં લાવે' " 5 તર ઈશુવે
હેંનનેં કેંદૂ,"તમ મનો કુંણ એંવો હે કે હેંનો એક
દોસદાર વેહ, અનેં વેયો અરદી રાતેં હેંનેં કન જાએંનેં
હેંનેં કે,'હે દોસદાર;મનેં તાણ રુટજ્યી આલ 6 6
કેંમકે એક વટારું દોસદાર મારેં કનેં આયો હે, અનેં
હેંનેં અગેડ ખાવાનું મેંલવા હારું મારી કનેં કઈસ
નહેં ' 7 અનેં વેયો મએં હો જવાબ આલે, 'મનેં
તખલીબ નહેં આલે; હાવું તે કમાડ બંદ હે અનેં
માર સુંર મારી કનેં ગુંદડ મ હે, એંતરે હૂં ઉઠેંનેં
તનેં આલેં નહેં સકતો ? 8 હું તમને કું હે, અગર
એંનો દોસદાર હોવા સત હુંદો ઉઠેંનેં નેં આલેં,તે
હુંદો હેંની હરમ સુંડેંનેં માંગવા નેં લેંદે હેંનેં ઝીતરી
જરૂરત હિતી હિતરી ઉઠેંનેં આલહે 9 અનેં હું તમનેં
કું હે કે માંગો, તે તમને આલવામ આવહે; જુંવો, તે
તમને જડહે, ખખડાવો , તે તમારી હારું ખોલવામ
આવહે 10 કેંમકે ઝી કુઈ માંગે હે, હેંને મળે હે; અનેં
ઝી જુંવે હે, તેંને જડે હે; અનેં ઝી ઠુંકે હે, હેંનેં
હારું ખોલવામ આવે હે 11 તમ મનો એંવો કુંણ બા
વેંહે, કે ઝર એંનો બેંટો રૂંટો માંગે, તે હેંનેં પાણો
આલે; કે માસલી માંગે, તે માસલી ના બદલામ
હેંનેં હાપ આલે ? 12 કે ઈંડું માંગે, તે હેંનેં વેસું
આલે ? 13 હાં ઝર તમું ભૂંડા રેંનેં પુંતાન સુંર નેં
તાજી વસ્તું આલવાનું જાણો હે, તે હરગ વાળો
બા એંનેં કન માંગવા વાળનેં પવિત્ર આત્મા કેંમ
નેં આલે " 14 ફેંર ઈશુવે એક ગુંગી દુષ્ટ આત્મા નેં
કાડી ઝર દુષ્ટ આત્મા નકળેં ગઈ તે ગુંગો બુંલવા
મંડ્યો; અનેં મનખનેં નવાઈ લાગી 15 પૂણ હેંન
મન કઈનકેં કેંદૂ,"ઈયો તે બાલજબૂલ નામના દુષ્ટ
આત્મા ના અગુવા ની મદદ થી દુષ્ટ આત્માનેં કાડે
હે " 16 બીજવેં ઈશુનું પરિક્ષણ કરવા હારું ઈશુ કનેં
આકાશ ની નિશાની માંગી 17 પુંણ ઈશુવે હેંનના
મન ની વાતેં જાણેંનેં, હેંનન કેંદૂ, "ઝેંના-ઝેંના રાજ્ય
મ ફૂટ પડે હે, વેયું રાજ્ય ઉજડે જાએ હે; અનેં ઝેંના
ઘેર મ ફૂટ પડે હે, વેયું ઘેર નાશ જાએ હે 18 અગર
શેતાન પુંતાનોસ વેરી થાએં જાએ, તે હેંનું રાજ્ય
કેંકેંમ બણેંલું રેંહે ?કેંમ કે તમું મારા બારામ કો હે
ઈયો શેતાન ની મદદ થી દુષ્ટ આત્મા નેં કાડે હે
19 ભલું અગર હું શેતાન ની મદદ થી દુષ્ટ આત્મા
નેં કાડું હે, તે તમાર સુંર કીની મદદ થી કાડે હે ?
એંતરે હારું વેયાસ તમારો નિયાય સુકવહે 20 પુંણ
હું પરમેશ્વર ની સામ્રત થી દુષ્ટ આત્મા નેં કાડું હે,
તે પરમેશ્વર નું રાજ્ય તમારી કનેં આવેં પોક્યું હે
21 ઝર બળવાન માણસ હતિયાર બાંદેં નેં પુંતાના
ઘેર ની રખવાળી કરે હે, તે હી ની સંપતિ વસેં રે
હે 22 પુંણ ઝર હેંનેં થી વદેંનેં કુઈ બીજો બળવાન
આવેં પડેંનેં હેંનેં જીતેં લે હે,તે હેંન હતિયાર ઝેંનેં
ઈપેર હેંનો ભરુંહો હેંતો,ઉદાળ લે હે અનેં હીની
સંપતિ લુંટેંનેં વાટેં દે હે 23 ઝી મારી હાતેં નહેં વેયું
મારા વિરુદ મ હે, અનેં ઝી મારી હાતેં નહેં ભેંગું
કરતું વેયું વખેંરે હે 24 "ઝર મેલી આત્મા મનખ મહી
નકળેં જાએ હે તે હુકી જગ્યા મ આરમ જુંવે તફરે
હે, અનેં ઝર નહેં મળતી તે કે હે,'હું મારા વેંનાસ ઘેર
મ ઝાંહી નકળી હીતીવળેં નેં જએં ' 25 અનેં આવેંનેં
હેંનેં બારેં-હુરેંલુ અનેં હણગારેંલું ભાળે હે 26 તર વેયે
જાએંનેં એંનેં કરત ભુંડી હાત આત્મા નેં પુંતાનેં હાતેં
લેં આવે હે, અનેં વેયે હેંનેં મ ભારાએંનેં વાસો કરે
હે ,અનેં હેંના મનખ ની પાસલી દસ્યા પેલી થી
હુંદી વદાર ખરાબ થાએં જાએ હે " 27 ઝર ઈશુ ઈયે
વાતેં કેંસ રિયો હેંતો તે ભીડ મહી કયેક બજ્યેંરેં જોંર
થી સિસાએં નેં કેંદૂ, "ધન્ય હે વેયે જેંના પેંટ મ તું
રિયો, અનેં વેયે સાતી ઝી તું ધાઈવો " 28 ઈશુવે
કેંદૂ,"હાં;પુંણ ધન્ય વેય હે ઝી પરમેશ્વર નું વસન
હામળે અનેં માનેં હે " 29 ઝર મુંટી ભીડ ભીગી
થાતી જાતી હિતી તે ઈશુ કેંવા લાગ્યો, "ઈની પીઢી
ન મનખ ખરાબ હે; વેય નિશાની જુંવે હે; પુંણ
યોના ની નિશાની નેં સોંડેંનેં કઈ બીજી નિશાની
એંનન નેં આલવામ આવહે 30 ઝેંવો યોના નીનવે ન
મનખ હારું નિશાની બણ્યો, વેમેસ માણસ નો બેંટો
હુંદો ઈની પીઢી ન મનખ હારું બણહે 31 રાખો ની
રાણી નિયાય નેં દાડે એંના સમય ન મનખ નેં હાતેં
ઉઠેંનેં હેંનનેં દોષી ઠરાવહે, કેંમકે વેયે સુલેમાન નું
જ્ઞાન હામળવા હારું ધરતી ને સેંડે હી આવી, અનેં
ભાળો, આં વેયો હે ઝી સુલેમાન થી હુંદો મોંટો
હે 32 નીનવે ન મનખ નિયાય નેં દાડે આ સમય
ન મનખ નેં હાતેં ઈબ રેં નેં, હેંનનેં દોષી ઠરાવહે;
કેંમકે હેંનવેં યોના નો પરસાર હામળેંનેં પસ્તાવો
કર્યો, અનેં ભાળો આં વેયો હે ઝી યોના થી હુંદો
મોંટો હે 33 "કુઈ મનખ દીવો બાળેંનેં ભોંએંરામ કે
માપ નેં નિસ નહેં મેંલત, પુંણ ડીળી ઈપેર મેંલેં હે કે
મએં આવવા વાળનેં ઈજાવાળું મળે 34 તારા શરીર
નો દીવો તારી આંખ હે, એંતરે ઝર તારી આંખ
તાજી હે તે તારું આખું શરીર હુંદુ ઈજાવાળું હે; પુંણ
ઝર આંખ ભુંડી હે તે તારું શરીર હુંદુ ઈન્દારું હે
35 એંતરે હારું સતુર રેંવું કે ઝી ઈજવાળું તારામ હે
વેયું ઈન્દારું નેં થાએં જાએ 36 એંતરે હારું અગર
તારું શરીર ઈજવાળું વેહ અનેં હેંનો કુઈ બી ભાગ
ઈન્દારું નેં રે તે સબ નું સબ એંવું ઈજવાળું થાહે,
ઝેંવું હેંના સમય મ થાએ હે ઝર દીવો પુંતાની સમક
થી તનેં ઈજવાળું આલે હે " 37 ઝર ઈશુ વાતેં કરતો
હેંતો તે કયેક ફરીસિવેં ઈશુને અરજ કરી કે માર
તાં ખ વાનું ખા ઈશુ મએં જાએંનેં ખાવાનું ખાવા

બેંઠો 38 ફરીસી નેં ઈયુ ભાળેંનેં નવાઈ લાગી કે ઈશુ
ખાવાનું ખાવા પેલ ઉન્ગળો નહેં 39 ઈશુવે હેંનનેં
કેંદુ, "હે ફરીસીયોં, તમું વાટકા અનેં થાળી નેં ઈપેર-
ઈપેર થી તે માજો હે, પુંણ તમાર મએં જુલમ અનેં
ભુન્ડાઈ ભરીલી હે 40 હે બુદ્ધિ વગરનઓં, ઝેંને
બારત નો ભાગ બણાયો, હું હેંને મએં નો ભાગ
નહેં બ ણાયો ? 41 પુંણ હાં, મએં વાળી વસ્તુવનેં
દાન કર દો, તે ભાળો, બદ્દુસ તમારી હારું તાજું
થાએં જાહે 42 "પુંણ હે ફરીસિયોં, તમ ઈપેર હાય
! પોદીના નો અનેં સુદામ નો અનેં બદ્ી પરકાર
ની સાગ-ભાજી નો દસવો ભાગ આલો હે, પુંણ
નિયાય નેં અનેં પરમેશ્વર ના પ્રેમ ને ટાળ દો હે
;જુગતું તે હેંતું કે એંનેં હુંદું કરતા રેંતા અનેં હેંનેં
હુંદા નેં સુંડતા 43 હે ફરીસિયોં, તમ ઈપેર હાય !
તમું આરાધના ભવન મ ખાસ-ખાસ બેંહવાનું અનેં
બજાર મ સલામ સાહો હે 44 હાય તમ ઈપેર ! કેંમકે
તમું ઈની ડટાએંલી કબર નેં વાણણ્યી હે, ઝેંનેં ઈપેર
મનખ સાલે હે પુંણ નહેં જાણત " 45 તર વેવસ્થાપકેં
[નિયમ જાણકારી રાખવા વાળો] જવાબ આલ્યો,
"હે ગરુ,ઈની વાત નેં કેંવા થી તું હમારી નિન્દા
કરે હે " 46 ઈશુવે કેંદુ;"હે વેવસ્થાપકોં, તમ ઈપેર
હુંદું હાય !તમું એંવો વજન ઝેંનેં ઉપાડવું કાઠું હે,
મનખ ઈપેર લાદેં દો હે પુંણ તમું પુંતે હેંના વજન નેં
પુંતાની અન્ગળી થકી હુંદા નહેં અડતા 47 હાય તમ
ઈપેર ! તમું હેંન ભવિષ્યવક્તાઓં ની કબરેં બણાવો
હે, ઝેંનેં તમારેંસ બાપ-દાદેં માર દડ્યા હેતા 48 હાં
તમું ગવાહ હે,અનેં પુંતાન બાપ-દાદ ના કામ મ
ભેંગા હે;કેંમકે હેંનવેં હેંનન માર દડ્યા અનેં તમું
હેંનની કબરેં બણાવો હે 49 એંતરેં હારું પરમેશ્વર ની
બુદ્ધિવેં હુંદું કેંદૂ હે, 'હૂં એંન કનેં ભવિષ્યવક્તાઓં
અનેં પ્રેરિત નેં મુંકલેં,અનેં વેય હેંન મહા કેંનેંક નેં
માર દડહે,અનેં કેંનેંક નેં સતાવહે" 50 એંતરે ઝેંતર
ભવિષ્યવક્તાઓં નું લુઈ ધરતી નેં બણવા થી લેંનેં
વેંવડાયું હે , બદ્ ન લેંખ ઈની પીઢી ન મનખ થકી
લેંવાએ : 51 હાબીલ ની હત્યા થી લેંનેં જકર્યાહ
ની હત્યા તક, ઝી વેદી અનેં મંદિર ના વસ મ
ઘાત કરવામ આયુ હૂં તમનેં હાસું કુ હે, એંન બદ્
મનખ ન લેંખ એંના સમય ન મનખ થકી લેંવામ
આવહે 52 હાય તમું વેવાસ્થાપકોં ઈપેર !તમેં જ્ઞાન
ની સાવી લેં તે લીદી,પુંણ તમું પુંતેસ નહેં ભરાયા,
અનેં મએં ભરાવા વાળનેં રુંકેં દેંદ " 53 ઝર ઈશુ વેંહા
થી નકળો, તે શાસ્ત્રી અનેં ફરીસી ખરાબ રીતી થી
ઈશુને વાહેડ પડેંજ્યા અનેં ખીજવવા મંડ્યા કે ઈશુ
ઘણી બદી વાત ની સરસા કરેં , 54 અનેં નોદ મ
લાગેંલા રયા કે ઈશુ ના મોંડા ની કઈક વાત હાએ

12 1 એંતરામ ઝર હજારોં ની ભીડ લાગી
ગઈ,આં તક કેં વેય એક બીજા ઈપેર પડે
જાત હેંત, "ફરીસીય ના કપટ વાળા ખમીર થી સતુર
રો 2 કઈ ઢકાએલુ નહી,ઝી ખુલાહે નેં;અને નહેં
કઈ ઓઠું, ઝી ખબર નેં પડે 3 એંતરે હારું ઝી કઈ
તમે ઈન્દારામ કેંદૂ હે,વેયું ઈજવાળામ હામળવામ
આવહે; અને ઝી તમે ઉઈડીજ્યી મ કાનેં કાન મ
કેંદૂ,વેયું ઢાભા ઈપેર [ઉગડતો] પરસાર કરવામ આવ
હે 4 "હૂં તમનેં ઝી માર દોસ દાર હે કું હે કેં ઝી શરીર
નેં નાશ કરે હેં પુંણ હેંને વાહે બીજું કઈસ નહેં કરે
સકત, હેંન થી નહેં સમકો 5 હૂં તમન સેતવું હે કે
તમારે કેંને થકી સમકવું જુગે,ઘાત કરવા ને બાદ ઝેને
નરક મ દડવાનો અધિકાર હે, હેંનેં થી સકકો; હાં, હૂં
તમન કું હે,હેંને હ સમકો 6 હું બે પઈસા ની પાંસ
સકલજ્યી નહી વેંસાતી? તે હોદો પરમેશ્વર હેંન
મહો એક ને હોંદો નહી વેંહરતો 7 તમારા મુંણકા
ના બદા વાળ હોંદા ગણેલા હે,એંતરે હારું સમકો
નહી,તમુ ઘણી સકલજ્યી કરત વદેંન હે 8 "હૂં તમન
કુંહે ઝી કુઈ મનખ ને એંગેડ મને કબુલ કરે લેહે
હેંને માણસ નો બેંટો હોંદો પરમેશ્વર ને હરગદૂત ને
અગેડ કબુલ કર લેહે 9 પુંણ ઝી મનખ ને એંગેડ મારો
નકાર કરે હેંનું પરમેશ્વર ન હરગદૂત ને એંગેડ નકાર
કરવામ આવહે 10 "ઝી કુઈ માણસ ના બેટા ના
વિરુધ મ કઈક વાત કેં ,હેંનો વેયો ગુંનો માંફ કરવામ
આવહે,પુંણ ઝી પવિત્ર આત્મા ની નિન્દા કરે હેંનો
ગુંનો માંફ ને કરવામ આવહે 11 "ઝર મનખ તમન
સભામ અને હાકિમોં અને અધિકારજ્ય ને અગેડ લે
જાએ, તે સિન્તા નહેં કરત વેહ કે હમું કીવિ રીતિ થી
કે હું જવાબ આલજ્યે, કે હું કેં જ્યે 12 કેંમકે પવિત્ર
આત્મા હિનીસ ઘડી તમન હિકાડ દેહે કે હું કેવું જુંગે
" 13 ફેંર ભીડ મહો એંકે ઈસુનેં કેંદુ, "હે ગરુ,મારા
ભાઈ નેં કે કે બા ની મિલકત માર હાતે વાટે લે
" 14 ઈસુવે હેંને કેંદુ, "હે માણસ,કેંને મને તમારા
નિયા કરવા વાળો કે વાટવા વાળો નીયમો 15 અને
ઈસુવે હેંનન કેંદુ, "સતુર રો,અને હરેક પ્રકાર ના લોભ
થકી પુંતાને વસાડે રાખો; કેંમકે કેંનું યે જીવન હીની
મિલકત ને વદવા થકી નહેં હોતું " 16 ઈસુવે હેંનન
એક દાખલો કેંદો: "કઈનાક ધનવાન ની જમીન
મ મુંટી ઉપજ થાઈ 17 તર વેયો પુંતાના મન મ
વીસાર કરવા મંડ્યો, 'હૂં હું કરું?કેંમકે માર તા જગા
નહેં ઝાં પુંતાની ઉપજ હુપજ મેંલું 18 અનેં હેંને
કેંદુ, 'હૂં એંમ કરે :હૂં પુંતાની વખારે તોડેન હેંને હી
મોંટી બણાવે ;અનેં વેહાં પુંતાનુ બદાસ દાણા અનેં
મિલકત મેંલેં 19 અનેં પુંતાના જીવ ને કેં કે જીવ,તાર
કન ઘણ વરહ હારું ઘણી મિલકત મિલી હે ;આરમ
કર, ખા, પી, સુખ થકી રે 20 પુંણ પરમેશ્વરે હેંને

કેંદુ, 'હે મૂરખ ઈનીસ રાતે તારો જીવ તાર કનહો
લે લેવામ આવહે; તર ઝી કઈ તેં ભેગું કરયું હે વેયું
કેંનુ થાહે ?'' 21 એંવોસ વેયો માણસ હોંદો હે ઝી
પુંતાના હારું ધન ભેગું કરે હે,પુંણ પરમેશ્વર ને નજર
મ ધનવાન નહી '' 22 ફેંર ઈશુવે પુંતાન સેંલન કેંદુ,
"એંતરે હારું હૂં તમન કું હે, પુંતાના જીવ ની સિન્તા
નહી કરો હમું હું ખહું ; નેં પુંતાના શરીર ની કે હું
પેરહું 23 કેંમકે ખાવા કરત જીવ, અનેં સિસર કરત
શરીર વદેન હે 24 કાગડા ઈપેર ધીયન કરો; વેયા નહેં
તે ઉરતા, નહેં તે કાપતા; નહેં તે વખાર અનેં નહી તે
કબલા;તે હોંદો પરમેશ્વર હેંનન પાળે હે તમારું મુલ
પંખીડ કરત વદાર હેં ! 25 તમ મહો એંવો કોંણ હે ઝી
સિન્તા કરવા થકી પુંતાની ઉમર મ એંક ઘડી હોંદો
વદારે સકે હે 26 એંતરે હારું અગર તમોં બદ કરત
નાનું કામ હુંદુ નહેં કરેં સકત, તે બીજી વાત હારું
હુંકા સિન્તા કરો હે 27 ફૂલ વાળ ઝાડ ઈપેર ધયાન
કરો કે વેય કીવિ રીતિ વદે હે : વેય નહેં મેહનત કરત,
નહેં વણત ;તે હોંદો હૂં તમને કું હે કે સુલેમાન હોંદો
પુંતાની આખી હમ જદારી મ, હેંન મહો કઈનાક
એંક ને જેમ સિસર પેરીન નેં હેંતો 28 એંતરે હારું
અગર પરમેશ્વર મેદાન ના ખોડ ને, ઝી આજે હે
અનેં કાલે ભટી મ ધકુલ દેંવાહે, એવું પેરાવે હે; તે હે
અરદો વિસવા કરવા વાળું,વેયો તમન કેંમ નેં પેરાવહે
? 29 અનેં તમુ ઈની વાત ની ખોજ મ નહેં રો કે
હું ખહું અનેં હું પીયહું, અનેં નહેં સક કરો 30 કેંમકે
સંસાર ની જાતિ ઈની બદી વસ્તુ ની ખોજ મ રેહેં:
અનેં તમારો બા જાણે હે કે તમન ઈની વસ્તુવ ની
જરુરત હેં 31 પુંણ પરમેશ્વર ના રાજ ની ખોજ મ
રો, તે વેયે વસ્તુ હોંદી તમને મળે જાહે 32 "હે નાના
ટુંળા નહે સમકે ; કેંમકે તમારા બા ને ઈયુ ભાઈવું
હે, કે તમન રાજ આલહે 33 પુંતાની મીલકત વેંસેંન
દાન કર દો; અનેં પુંતા હારું ઈવી ઠેલ્જી બણાવો
ઝી જૂની નેં થાએં, પુંણ હરગ મ એંવું ધન ભેગું કરો
ઝી ઘટતું નહેં અનેં હેંને ટેંકેં ડાકુ નહેં જાતા, અનેં
ધનેર નહેં વગાડત 34 કેંમકે ઝાં તમારું ધન હે તાં
તમારું મન હુંદુ લાગેંલુ રેંહે 35 "તમારી કમરે [કેંડ]
બાંદે લી રે અનેં તમારા દીવા બળતા રે , 36 અનેં
તમું હેંન મનખ જેંમ બણો, ઝી પુંતાના માલીક ની
વાટ ભાળત રે કે વેયો લગનં મહો કેર આવહે, કે
ઝર વયો આવેન બાંએંણું ઠોકહે તે તરત હેંને હારુ
ખોંલ દેહું 37 ધન્ય હે વયો નોકર ઝેંને માલિક આવેંનેં
જાગત ભાળે; હૂં તમન હાંસું કું હે કે વેયો કમર
બાંદે નેં હેંનન ખાવાનું ખાવા હારું બેંહાડ હેં, અનેં
ટીકેં આવેંનેં હેંનની સેવા કરહે 38 અગર વેયો રાત
ના બીજા પોરે ને તે તીજાં પોરે આવેંન હેંનેં જાગત
ભાળે તે, વેયો નોંકર ધન્ય હેં 39 પુંણ તમું આ જાણ
રાખો કે અગર ઘેર નો માલીક જાણે હે કે સોંર કઈનેં
ટાએં મેં આવહે, તે જાગતો રેંતો અનેં પુંતાના ઘેર મ
બાખું પડવા નેં દેંતો 40 તમું હોંદા તિયાર રો; કેંમકે
ઝેંને ટાએંમેં તમું હુંદ વીસાર નહેં કરત, એંનેંસ ટા
એંમેં માણસ નો બેંટો આવેં જાહે " 41 તર પતરસેં
કેંદુ, "હે પ્રભુ, હું આ દાખલો તું હમનેસ કે હે કે
બદ્દને કે હે '' 42 પ્રભુવે કેંદુ, "વેયો વિશ્વાસ લાએંક
અનેં બુદ્ધીમાન કારબારી કુંણ હેં, ઝેનો માલીક હેંનેં
નોકર સાકર ઈપેર અધિકારી બણાવહે હેંનન ટાએંમ
ઈપેર ખાવેંનું સામન આલહે 43 ધન્ય હે વેયો નોકર
,ઝેંનેં હેંનો માલીક આવેંનેં એંવુંસ કરત ભાળે 44 હૂં
તમન હાસું કું હે, વેયો હેંને પુંતાની બદીસ મિલકત
ઈપેર અધિકારી બણાવ હે 45 પૂણ અગર વેયો નોકર
વીસારવાં લાગે કે માંરો માલિક આવવાંમ વાર કરે
રિ યો હે અનેં નોકરન અનેં નોકરાણજ્ય ન મારવાં
કૂટવાં લાગે, અનેં ખાવા–પીવા અનેં પીદડ થાવા
લાગે 46 તે હેંના નોકર નો માલીક એંવે દાડે, ઝર
વેયો હેંની વાટ જૂવેતો નેં રે, અનેં હેંનાસ ટાએંમ
ઝેંને વેયો જાણતો નેં વેહ, આવહે અનેં હેંને ઘણો દંડ
આલેંનેં હેંનો ભાગ અવિશ્વાસીયોં ને હાંતે રાખહે
47 વેયો નોકર ઝી પુંતાના માંલીક ની ઈચ્છા જાણતો
હેંતો, અનેં તિયાર નેં રયો અનેં નેં હિની ઈચ્છા નેં
પરમણેં સાલ્યો, ઘણી માર ખાહે 48 પુંણ ઝી નેં
જાણેંનેં માર ખાવાંના લાયેક કામ કરે વેયો થુંડીક માર
ખાહેએંતરે ઝેને ઘણું આલવામ આયું હેં, હેંનેં કનહું
ઘણું માંગવામ આવહે; અનેં ઝેંનેં ઘણું હુંપેલું હેં,
હેંને કનહું ઘણું લેવાંમ આવહે 49 હૂં ધરતી ઈપેર
આગ લગાડવા આયોં હેં; અનેં હું સાહું હે કે ખાલી
ઈયુ કે હમણ હળગેં જાતી ! 50 મારે તે એંક બક્તિસ્મ
લેવું હેં, અનેં ઝર તક વેયું ને થાએં જાએ તર તક હૂં
કીવી હાંલત મ રેં ! 51 હું તમું હમજો હેં કે હૂં ધરતી
ઈપેર મેંળ કરાવવા આયોં હે?હૂં તમને કુંહે; નહેં,
પુંણ અલગ કરાવા આયોં હેં 52 કેંમકે હાંવું એક ઘેર
મ પાંસ જણ એક બીજાં હાતે વીરુદાઈ રાખહેં,
તાણ બે થકી અનેં બે તાણ થકી 53 બા બેટા થકી,
અનેં બેટો બા થકી વેર રાખહે; આઈ બીટી થકી,
અનેં બીટી આઈ થકી, હાહું વઉ થકી, અનેં વઉ
હાહું થકી વિરુદાઈ રાખહેં '' 54 ઈસુવે મનખનેં કેંદુ,
"ઝર તમું વાદળ ને બુડ્મણ થકી નકળત ભાળો હેં
તરત કોં હેં કે પાણેં પડહેં, અનેં એંવુંસ થાએં હે ;
55 અનેં ઝર રાખો મહીં વાંએંરુ સાલત ભાળો હે
તે કો હે કે લું સાલહે, અનેં હેંવુંસ થાએં હે 56 હે
કપટ વાળ, તમું ધરતી અનેં આકાશ નેં રુંપ-રંગ મ
પારખે સકો હેં, પુંણ એં ના જમાના ના બારામ હુંકા
પારખ વાનું નહેં જાણત ? 57 "તમું પુંતે ફેંસલો કેંમ
નહેં કર લેંત કે ઠીક હું હેં? 58 ઝર તૂ પુંતાના વિરુદી

ને હાતે મજીસ્ટર કન જાયે રિયોં હેં તે રસ્તામ હેંને
થકી સુટવાં હારું કોંસીસ કરે લે, એંવું ને થાએં કે વેયો
તને નિયા કરવાં વાળા કન કેંસેં લેં જાહેં, અનેં નિયા
કરવાં વાળો તનેં સપાજ્ય નેં હુંપહે અનેં સપાઈ
તનેં જેલમ નાંખી દેહેં 59 હૂં તમને કુંહેં કેં ઝર તક તુ
પાંઈ-પાંઈ આલેં નેં દે તા તક જેલ મહો સુંટે ન સકેં

13 1 હેંના ટાએંમેં કઈક મનખ આંવે પોક્ય,
અનેં ઈશુ થી હેંન ગલીલીય ની સરસા
કરવા લાગ્ય, ઝેનું લુંઈ પીલાતુંસેં હેંન બલીદાન નેં
હાતેં મેળાયુ હેંતું 2 આં હામળેં હેંને હેંનન જવાબ
મ એંમ કેંદુ,"હું તમુ હમજો હેં કે આ ગલીલી બીજ
બદ્સ ગલીલીં થકી વદાર પાપી હેંત કે હેંન ઈપેર
ઈવી સમસિયાં પડી 3 હૂં તમને કુંહે કેં નહેં;પુંણ
અગર તમું મન ને ફેરવો તે તમું બદ્ હુદ ઈવીસ
રિતી નાશ થહો 4 કે, હું તમું હમજો હેં કે વેય અઠાર
જણ ઝેંનેં ઈપેર શિલોહ નો બુરજ પડ્યોં, અ નેં
વેય દબાએંનેં મરે જ્ય: યરુશલેમ ન બદસ રેવાં
વાળ થકી વદાર ગુનેગાર હેંત ? 5 હૂં તમને કું હેં
કે નહેં; પુંણ મન ને ફેરવો તે તમું બદસ હીવીસ
રીતિ થકી નાશ થહો " 6 ફેર ઈશુવેં આ દાખલો
હોંદો કેંદો: "કીનીક દરાખ ની વાડી મ એંક અંજીર
નું ઝા ડ સુપેલું હેંતુ વેયો હેંનમ ફળ જુવા આયો,
પુંણ ને મળુ 7 તર હેંને વાડી ના રખવાળ નેં કેંદુ,
'ભાળ, તાણ વરહ થકી હું એંના અંજીર ના ઝાડેં
ફળ જુવા આવું હેં, પુંણ નહીં મળતું એંને કાપે દડ
કે આ જમીન ને હુંદુ હું કા ઘેરેં રાખે ?' 8 હેંને
માલિક નેં જવાબ આલ્યો, 'હે માલીક, એંનેં ઈયું
વરસ હજુ રેવાં દે કે હું એંનેં ફરતું ખણેંનેં ખાતર
નાખું 9 અગર અગેડ ફળે તે તાજું, નેં તે એંનેં કાંપે
નાખજે 10 વિશ્રામ વારે ઈશુ એંક આરાદના ભવન
મ ભાષણ આલતો હેંતો 11 વેહાં એંક બજ્યેર હિતી
ઝેંનેં અઠાર વરસ થકી એંક કમજોર કરવાં વાળી
દુષ્ટ આત્મા ભરાએંલી હીતી, અનેં વેયે ઢુભડી થાએં
ગઈ હીતી અનેં કઈ બી રીતિ હિદી ને થાએં સકતી
હીતી 12 ઈશુ વે હેંનેં ભાળેનેં બુંલાવી અનેં કેંદુ, 'હે
નારી, તું પુંતાની કમજોર થકી નકળ ગઈ " 13 તર
ઈશુવે હીની ઈપેર હાંત મિલ્યો, અનેં વેયે તરત હિદી
થાએં ગઈ અનેં પરમેશ્વર ની મોંટાઈ કરવાં લાગી
14 એંતરે હારું કે ઈશુવે વિશ્રામ વારે હેંને હાજી કરી
હિતી, આરાદના ભવન નો અધિકારી ગુસ્સેથાએંનેં
મનખન કેંવા લાગ્યો, "સો દાડા હે હેંનમ કામ
કરવું જુંગે, અનેં હેંન દાડમ આવેન હાંજ થો, પુંણ
વિશ્રામ વારે નેં 15 ઈયુ હામળેંનેં ઈશુવેં જવાબ
આલ્યો, "હે કપટવાળો, હું વિશ્રામ વારે તમું મહો
હરેક પુંતાના ઢાહા કે ગધેડ નેં વેંડ મહ સૌડેન પાણી
પીવાડવાં નહીં લે જાત ? 16 તે હું ઠીક ને હેંતુ કે આ
બજ્યેર ઝી ઈબ્રાહીમ ની બીટી હેં ઝેંને ભૂતે અઠાર
વરસ થકી બાંદી રાખી હીતી, વિશ્રામ વારે બંધણ
થકી સુડવામ આવતી ?" 17 ઝર ઈશુવે ઈયે વાતેં
કિદી, તે હેંન બદ્ વીરુદી લાજેં મર્ય, અનેં બદ્દી ભીડ
હીની મહિમા ન કામ થકી ઝી વેયો કરતો હેંતો, ખુશ
થાય 18 ફેર હેંને કેંદુ, "પરમેશ્વર નુ રાજ્ય કેંને જીવું
હેં? અનેં હૂં હેંનો પડસો હીની થી વ તાડું ? 19 વેયું
રાઈ ના એંક દાણા જીવું હેં, ઝેને કએંનેક માણસેં
લેંનેં પુંતાની વાડીમ સુઈ પૂ : અનેં વેયું વદેંનેં ઝાડ
બણેં જ્યું, અનેં આકાશ ન પખીડવેં હીની ડાળજ્યી
ઈપેર વસવાટ કર્યો 20 ઈશુવે ફેંર કેંદુ, "હૂં પરમેશ્વર
ના રાજ્ય નો પડસો[ઉપમા] હીની થી આલું ?
21 વેયું ખમીર નેં જીવું હે, ઝેંનેં કઈનીક બજ્યેરેં લેંનેં
તાણ પસીરી લુંઠ મ મેંળવું, અનેં થાત થાત બદો લુંઠ
ખમીર બણી જ્યો " 22 ઈશુ સેર-સેર, અનેં ગામ-
ગામ થાએંનેં ભાષણ કરતો જાએંનેં યરુશલેમ મએં
જાએં રીયો હેંતો , 23 તે કએંનેક ઈશુનેં પુસ્યું, "હેં
પ્રભુ, હું તારણ પામવા વાળ થુંડક હેં?" ઈસુવે હેં
નનેં કેંદૂ , 24 હાકડે બાએંણેં જાવા હારું કોસીસ કરો,
કેંમકે હૂં તમનેં કું હે કે ઘણ જાવા હારું કરહેં, અનેં નેં
જાએં સકે 25 ઝર ઘેર નો માલીક ઉઠેન દરવાજો
બન્દ કરે સક્યો વેહ, અનેં તમું બારત ઈબ રેં નેં
દરવાજો ઠુંકેને કેવા મંડો, હે પ્રભુ, હમારી હારું
ખોલદે, અનેં વેયો જવાબ આલે, 'હૂં તમન નહીં
જાણતો, તમું કુંણ હે ?' 26 તર તમું કેંવાં લાગહો,
'હમેં તમારી હાતેં ખાદૂ-પિદૂ અનેં તેં હમાર બજારમ
ભાષણ કર્યું ' 27 પુંણ વેયો કેંહે, 'હૂં તમન કું હે, હૂં
નહીં જાણતો તમું કાંન હેં હે ગલત કામ કર વા વાળ
,તમું બદસ માંર થકી સીટી રો ' 28 તાં ગાગરવું અનેં
દાત કકડાવવું થાહે; ઝર તમું ઈબ્રાહેંમ અનેં ઈસાગ
અનેં યાકૂબ અનેં બદ્દાસ ભવિષ્યવક્તાવ નેં પરમેશ્વર
ના રાજ્ય મ બેઠેલા, અનેં પુંતાને બારત કાડેલા
ભાળહો , 29 અનેં ઉગમણ અનેં બુડમણ; હુંરીન
અનેં રાખોન મનખ આંવેંનેં પરમેશ્વર ના રાજ્ય
ના ભોજ મ ભાગ લેહેં 30 અનેં ભાળો, થુંડક વાહેડ
હે વેય અગ્યેડ થાહે, અનેં ઝી અગ્યેડ હે,વેય વાહેડ
થાહે 31 હેંનેસ ટાએંમેં થુંડક ફરીસીયવેં આવેંનેં ઈશુ
નેં કેંદૂ, "આંહો નકળેંનેં જાતો રે, હેરોદેસ તનેં માર
દડવા સાહે હેં " 32 ઈશુવેં હેંનન કેંદુ, "જાએંન
હીની હિયાળ નેં કેંદો કે ભાળ, હૂં આજે અનેં કાલે
દુષ્ટઆત્મા નેં કાડું અનેં બીમાર નેં હાજ કરું હે, અનેં
તીજે દાડે મારું કામ પૂરું કરેં 33 તે હુંદો મનેં આજે
અનેં કાલે અનેં પરસુ સાલવું જરુરીહે, કેંમકે થાએં
નહીં સકતું કે કુઈ ભવિષ્યવકતા યરુશલેમ ને બારત
મારવામ આવહે 34 "હે યરુશલેમ ! હે યરુશલેમ
! તું ઝી ભવિષ્યવકતાઓં નેં માર દડે હે , અનેં ઝ

તારી કન મુકલવામ આયા હેંન ઈપેર પથરાવ કરે
હે કીતરી વાર મેંહ ઈયુ સાઈહું કે ઝીવી રીતી કૂકડી
પુંતાન સેલન ને પુંતાન પાંખનેં નીસ ભેગ કરે હે,
વેમેંસ હું હુંદો બાળકનેં ભેગ કરું, પુંણ તમેં હેંવું ને
સાઈહું 35 ભાળો, તમારું ઘેર તમારી હારું ઉજોડ
સોડ દેવાએ હેં, અનેં હૂં તમને કું હે: ઝાં તક તમું નેં
કો, 'ધન્ય હે વેયો, ઝી પ્રભુ ના નામ થકી આવે હે,'
તાં તક તમું મનેં ફેર કેંરસ ને ભાળહો "

14 1 ફેંર ઈશુ વિશ્રામ વારેં ફરીસીયોં ન
અધિકારજ્ય મહો કઈનાક ને ઘેર રું ટો
ખાવા જ્યો; અનેં વેયા ઈસુ ની નોદ મ હેંતા 2 વેહાં
એંક માણસ ઈશુનેં હામેં હેંતો, હેંનેં જલંદર નો રોંગ
હેંતો 3 હેંને ઈપેર ઈશુવેં વેવસ્તાપક અનેં ફરીસીયોં
ને કેંદુ, "હું વિશ્રામ ને દાડે હાજો કરવો ઠીક હે કે
નહીં?" 4 પુંણ વેયા સપ રિયા તર ઈસુવે અડેનેં
હાજો કર્યો અનેં જાવા દેંદો , 5 અનેં હેંનનેં કેંદુ,
"તમો મહો એંવો કુણ હે, ઝેનું ગદેડું કે ઢાંહો કુવામ
પડેજાએં અનેં વેયો વિશ્રામ વારે હેંને તરત બારત ને
કાડે ? 6 વેયા ઈની વાત નો કઈસ જવાબ નેં આલેં
સક્યા 7 ઝર ઈસુવે ભાળું કે તેંડેલ મનખ કેંવ ખાસ-
ખાસ જગ્યા જુએં લે હે તર એં દાખલો આલેંનેં
હેંનન કેંદુ 8 "ઝર કુંઈ તને લગનમ બુંલાવે,તર ખાસ
જગામ ને બેહવું,ખેંતુક એંવું ને થાએં કે હેંને તને
કરત કેંનેક મોટાનેં હુદુ તેડું આલ્યું હે , 9 અનેં ઝેંને
તનેં અનેં હેંનેં બેયન તેડું આલું હે, આવેંન તને
કે, 'એંને જગ્યા આલ,' અનેં તર તનેં લાજેં મરેન
બદ્ હી નિસી જગ્યા મ બેંહવું પડે 10 પુંણ ઝર
તને બુંલાવામ આવે તર સબ થકી નીસી જગ્યામ
જાએંન બેંહ કે ઝર વેયો, ઝેંને તને તેડું આલ્યું હે
આવે, તર તને કે, 'હે દોસ, અગ્યેડ જાએંનેં બેંહ
તર તારી હાતેં બેહવા વાળને હામેં તારી મોંટાઈ
થાહે 11 કેંમકે ઝી કુઈ પુંતાનેં મુંટો બણાવહે, વેહનેં
નાનો કરવામ આવહે;અનેં ઝી કુંઈપુંતાનેં નાનો
બણાવહે,વેયો મુંટો કરવામ આવહે " 12 તર ઈશુવે
પુંતાનેં તેડું આલવા વાળા નેં હુંદૂ કેંદુ, "ઝર તું દાડા
નું કે રાત નું જમણ વાર રાખે,તે પુંતાન દોસ દાર નેં
કે ભાજ્યનેં કે કુંટમ વાળ નેં કે ધનવાન પાડુંસી નેં
નહેં બુંલાવે, કદાસ એંવું નેં થાએં કે વેયા હુંદા તનેં
તેડું આલે, અ નેં તારો બદલો થાએં જાએ 13 પુંણ
ઝર તુ જમણ વાર કરે તે ગરીબ નેં, લુંલ નેં, લંગડ નેં
અનેં આદળન નેં બુંલાવ 14 તર તૂ આશિષિત થાહે,
કેંમકે હેંન કન તને બદલો આલવા હારું કઈ નહેં,
પુંણ ધર્મીય નેં જીવત થાવામ એંનું બદલાનું ફળ
મળહે " 15 ઈશુ નેં હાતેં ખાવાનું ખાવા વાળ મહો
એંકેં આ વાત હામળેંનેં ઈશુને કેંદુ,"ધનય હે વેયો
ઝી પરમેશ્વર ના રાજ્ય મ રોટો ખાંહેં " 16 ઈશુવે
હેંનેં કેંદુ, "કએંનેક માણસેં મોંટું જમણ વાર રાખ્યુ
અનેં ઘણનેં બુલાય 17 ઝર ખાવાનું તિયાર થાએં
જ્યું તે હેંને પુંતાના નોકર ને હાતેં બુલાવેંલ મનખનેં
કેં મુંકલ્યું, 'આવો, હાવું ખાવાનું તિયાર હે ' 18 પુંણ
વેય બદ્ન બદ્સ માંફી માંગવા લાગ્ય પેલ વાળે હેંને
કેંદુ, મેંહ ખેતર વેંસાતુ લેંદુ હે,અનેં જરુરી હેં કે હેંનેં
ભાળું; હું તાર થકી અરજ કરું હે, મનેં માફ કર દેંજે
' 19 બીજે કેંદુ, 'મેંહ પાંસ જુડ બળદ વેસાતાં લેંદા
હે, અનેં હેંનન પારખવા જું હે; હું તાર થકી અરજ
કરું હે ,મનેં માફ કર દે ' 20 એંક બીજે કેંદુ, 'મેંહ
લગન કરયું હે, એંતરે હારું હું નહીં આંવે સકતો '
21 હેંને નોકરે આવેન પુંતાના માલીક નેં વેયે વાતેં કેં
હમળાવી તર ઘેરનો માલીક રીહમ આવેંન પુંતાના
નોકર ને કેંદુ, 'સેર બજાર અનેં ગળજ્યીમ તરત
જાએં નેં ગરીબનેં, લુલ નેં, લંગડનેં અનેં આંદળનેં
આં લેં આવો ' 22 નોકરેં ફેર કેંદુ, 'હે માલીક, ઝેવું
તેં કેંદુ હેંતુ, એંવુંસ કરવામ આયુ હે; અનેં હજું ફેંર
હુદી જગ્યાં હે ' 23 માલીકેં નોકર નેં કેંદુ, ' સડક
મએં હે અનેં ખેતરમએં જા અનેં મનખનેં જબર
જસ્તી કરેંનેં લેં આવ એંતરે કેં મારું ઘેર ભરાએં જાએં
24 કેંમકે હું તમને કું હે કે હેંન બુંલાવેંલ મનખ મહું
કૂઈ માંરા ખાવાનાનેં નેં સાકે" 25 ઝર મુંટી ભીડ
ઈશુ નેં હાતેં જાએં રી હીતી ,તે ઈશુવે વાહેડ ફરેંનેં
હેંનન કેંદુ , 26 "અગર કુંણેંક માંર કન આવે, અનેં
પુંતાના બા અનેં આઈ અનેં બજ્યેર અને સુંર અનેં
ભાજ્યનેં અનેં બુંનનેં પુંણ પુંતાના જીવ ને હુંદો
નકમ્મું નેં જાણે, તે વેયો મારો સેલો નહીં થાએં
સકતો ; 27 અનેં ઝી કુઈ પુંતાનો ક્રૂસ નેં તોકે, અનેં
માંરી વાહે નેં આવે, વેયો હુંદો માંરો સેંલો નહીં
થાએં સકતો 28 તમ મનો કુંણ હે ઝી ગઢ બણાવા
સાહે હે, અનેં પેલ બેંહેંનેં ખરસો નેં જુડે કે પું રુ
કરવાની તાકત મારી કનેં હે કે નહેં ? 29 ખેંતુંક એંવું
નેં થાએં કે ઝર પાજ્યો પુરી લે પુંણ તિયાર નેં કરે
સકે, તર બદસ ભાળવા વાળ એંમ કેંનેં હેંને ઠઠ્ઠ મ
ઉડાડવા લાગે , 30 'આ માણસ બણાવા તે મંડ્યો
પુંણ તિયાર નેં કરેં સક્યો ?' 31 કે કુંણ એંવો રાજા
હે ઝી બીજા રાજા થકી લડાઈ કરવા જાએં હે, અનેં
પેલ બેંહેં નેં વીસાર નેં કરેં લે કે ઝી વીસ હજાર લેંન
મારી ઈપેર સઢે આવે હે, હું હૂં દસ હજાર લેંનેં હેંનેં
હાંમો લડેં સકું , કે નેં ? 32 નેં તે હેંને સીટી હોંસ
વેયો દુત નેં મુંકલે નેં મેળ કરવા સાઅહે 33 એંવીસ
રીતી તમું મહો ઝી કુઈ પુંતાનું બદ્દુસ સુંડ નેં દે,
વેયો માંરો સેંલો નહેં થાએં સકતો 34 લુંણ તે અસલ
હે, પુંણ અગર લુંણ નો હવાદ વગડેં જાએં, તે વેયું
કઈની વસ્તુ થકી ખારું કરવામાં આવહે 35 વેયુ ને
તે જમીન નેં અનેં નેં ખાતર હારું કામ મ આવે હે

: હેંને તે મનખ બાર ત ફેંકે દે હે ઝેને હામળવાના
કાંદડા હેં વેય હામળેં લે ''

15 1 બદસ વેરું લેવાં વાળ અનેં પાપી ઈસુ કન
આંવે કરત હેંત એંતરે કે ઈશુ ની હામળે
2 પુંણ ફરીસી અનેં શાસ્રી ગંગણેંનેં કેંવા લાગ્યા,
“ઈયો તે પાપિયનેં મળે હે અનેં હેંનન હાતેં ખાએં
હુંદો હે '' 3 તર ઈશુવે હેંનન ઈયો દાખલો કેંદો :
4 “તમું મનો કુણ હે ઝેંનેં હો ઘેંઠ વેહ,અનેં હેંન
મહીં એંક ખુવાએં જાએં,તે નિનાણવે નેં જંગલ મ
સુંડેંનેં,હેંના ખુંવાએંલા નેં ઝર તક મળેં નેં જાએં તાં
તક જુંવેતો રે? 5 અનેં ઝર મળેં જાએં હે, તર વેયો
મુંટી ખુશી થકી હેંનેં ખબા ઈપેર તુંકે લે હે ; 6 અનેં
ઘેર મ આવેંનેં દોસ દાર અનેં પાડુંસીય નેં ભેઘ કરેંનેં
કે હે, મારી હાતેં ખુશી મનાવો, કેંમકે માંરું ખુંવાએંલું
ઘેંઠું મળેં જ્યું હે ' 7 હૂં તમનેં કું હે કે ઈવીસ રીતિ
એંક પસ્તાવો કરવાં વાળા પાપિ ના બારા મ હર
ગ મ ઈતરીસ ખુશી થાહે, ઝેંતરું કે નિનાણવે એંવ
ધરમીય ના બારામ નહેં થાતું, ઝેંનેં મન ફેરવવાની
જરુરત નહેં 8 “કે કઈની ઈવી બજ્યેર વેંહે ઝેંનેં કન
દસ સિક્કા વેહ, અનેં હેંનેં મહો એંક ખુંવા એં જાએ,
તે વેયે દીવો બાળેંનેં અનેં ઘેર બારેં-હુંરેંનેં, ઝાં તક
મળેં નેં જાએ જીવ લગાડેં નેં જુંવેતી રે ? 9 અનેં
ઝર મળેં જાએં હે, તે વેયે પુંતાની સહેલજ્ય નેં અનેં
પાડુંસીય નેં ભેંગ કરેં નેં કે હે, ‘મારી હાતેં ખુશી
મનાવો, કેંમકે મારો ખુવાએંલો સિક્કો મળેં જ્યો હે
' 10 હૂં તમન કું હે કે ઈવી રીતિ એંક મન ફેરવવા
વાળો પાપી નેં બારા મ પરમેશ્વર ના હરગ દુત નેં
હામેં ખુશી થાએં હે '' 11 ફેર ઈસુવે કેંદુ, “કઈનાક
માણસ નેં બે સોંરા હેંતા 12 હેંનેં મહો નાને બાપ
નેં કેંદૂ, ‘હે બા, મિલકત મનો ઝી ભાગ મારો વેહ
વેયો મ નેં આલ દો 'હેંને હેંનનેં પુતાની મિલકત
વાટ દીદી 13 વદાર દાડા નેં જ્યા હેંતા નાનો સોંરો
બદ્દુસ ભેંગું કરેંનેં બીજે દેસ જાતોર્યો, અનેં વેંહાં
ખરાબ કામ મ પુંતાની મિલકત મટાડ દીદી 14 ઝર
વેયો બદ્દુસ ખરસ કરેં સુક્યો, તે હેંના દેશ મ મોંટો
કાળ પડ્યો, અનેં વેયો ગરીબ થાએ જ્યો 15 એંતરે
હારું વેયો હેંના દેશ ન રેંવા વાળ મ ન એક નેં તાં
જાએં પડ્યો હેંને પુંતાન ખેતર મ હુવોર સારવા હારું
મુક્લ્યો 16 અનેં સોંરો સાહતો હેંતો કે હીની હીંગ
થી ઝેંનેં હુવોર ખાત હેંત,પુંતાનું પેટ ભરું; અનેં હેંનેં
કુઇ કઈસ નેં આલતું હેંતું 17 ઝર વેયો પુંતે વિસારવા
લાગ્યો તર કેંવા લાગ્યો, ‘મારા બા ના કેંતરા મજુરનેં
ખાવા કરત વદાર રૂંટો મળે હે, અનેં હૂં આં ભૂખો મરેં
રિયો હે 18 હૂં હાવું ઉઠેંનેં પુંતાના બા કનેં જએં અનેં
હેંને કેં કે બા,મેંહ હરગ ના વિરૂદ અનેં તારી નજર
મ પાપ કરયો હે 19 હાવું એંના લાએંક નહેં રયો કે
તારો બેંટો કેંવાવું, મનેં પુંતાના એક મજુર નેં જેંમ
રાખેં લે ' 20 “તર વેયો ઉઠેંનેં, પુંતાના બા કનેં સાલ્યો
: વેયો હજુ સીટીસ હેંતો કે હેંને બાપેં હેંનેં ભાળેંનેં
માયા આવી, અનેં દોડેંનેં હેંનેં ગળે લગાડ્યો, અનેં
ઘણુ બુખેં દેંદુ 21 “બેંટે બાનેં કેંદૂ, ‘બા, મેંહ હરગ
ના વિરૂદ મ અનેં તારી નજર મ પાપ કર્યો હે; અનેં
હાવું એંના લાએંક નહેં રિયો કે તારો બેંટો કેંવાવું
' 22 પુંણ બાપેં પુંતાન નોકરનેં કેંદૂ, ‘ઝટ તાજા થી
તાજ સિસર કાડેંનેં એંનેં પેરાવો, અનેં એંના હાત
મ વીટી, અનેં પોગમ મોજડી પેરાવો , 23 અનેં
પાળેંલો વાસેંડો લાવેંનેં મારો એંતરે આપું ખાજ્યે
અનેં ખુશી મનાવજ્યે 24 કેંમકે મારો ઈયો બેંટો મરેં
જ્યો હેંતો, ફેર જીવતો થાએં જ્યો હે : ખુવાએં
જ્યો હેંતો, હાવું મળેં જ્યો હે ' અનેં વેયા ખુશી
મનાવવા લાગ્યા 25 પુંણ એંનો વડો બેંટો ખેતર મ
હેંતો ઝર વેયો આવતો જાએંનેં ઘેર નેં ટીકે પોત્યો, તે
હેંનેં ગાવું-વગાડવું અનેં નાસવાનો અવાજ હામળી
26 અનેં હેંને એક નોકર નેં બુંલાવેંને પુસ્યું, ‘આ
હું થાએં રિયું હે ? 27 નોકરેં હેંનેં કેંદૂ, ‘તારો ભાઈ
આયો હે, અનેં તારે બાપેં પાળેંલો વાસેંડો કપાડ્યો
હે, એંતરે હારું કે હેંનેં હાજો તાજો મેંળવ્યો હે '
28 ઈયુ હામળેંનેં વેયો રીહ મ ભારએં જ્યો અનેં
મએં જાવા નેં સાઈહો, પુંણ હેંનો બા બારત આવેંનેં
હેંનેં ભુંળવવા લાગ્યો 29 હેંને બા નેં જવાબ આલ્યો,
‘ભાળ, હૂં એંતર વરસ થી તારી સેવા કરેં રિયો હે
અનેં કેંર હુદી તારું કેંવું નહેં ટાળું, તે હુંદુ તેં મનેં
કેંર એક બુકડી નું સેંલું હુંદુ ન હેં આલ્યું કે હૂં મારા
દોસદાર નેં હાતેં ખુશી મનાવતો 30 પુંણ ઝર તારો
આ બેંટો,ઝેંને તારી મિલકત વેશ્યાઓં મ ઉડાડ દીદી
હે, આયો, તે હેંનેં હારું તેં પાળેંલો વાસેંડો મરાયો '
31 બાપેં બેંટાનેં કેંદૂ, ‘બેંટા, તું હમેંસા મારી હાતેં હે;
અનેં ઝી કઈ મારું હે વેયું બદ્દુ તારુંસ હે 32 પુંણ
હાવું આનંદ કરવું અનેં ખુશ થાવું જુગે કેંમકે ઈયો
તારો ભાઈ મરેં જ્યો હેંતો, ફેર જીવતો થાયો હે;
ખુવાએં જ્યો હેંતો, હાવું મળેં જ્યો હે' ''

16 1 ફેર ઈશુવે સેંલનેં હુંદુ કેંદૂ, “કયાક ધનવાન
નો એક ખજાંસી હેંતો, અનેં મનખવેં
માલિક નેં હામેં એંમ દોષ લગાડ્યો કે વેયો તારી બદ્દી
મિલકત ઉડાડ દે હે 2 અનેં ધનવાનેં હેંને બુંલાવેંનેં
કેંદૂ, ‘આ હું હે ઝી હું તારા બારામ હામળું હે ?
તારા કારબાર નો હિસાબ આલ, કેંમકે તું અગ્યેડ
કારબારી નહેં રેં સકતો ' 3 તર કારબારી વિસારવા
લાગ્યો,‘હાવું હૂં હું કરું? “કેંમકે મારો માલિક હાવું
કારબારી નું કામ મનેં કન હું ઉદાળે હે ગાર તે મારી
થકી ખણેં નહેં સકાતી; અનેં ભીખ માંગવામ મનેં
લાજ આવેં હે 4 હૂં હમજેં જ્યો કે હું કરેં, એંતરે

ઝર હું કારબારી ના કામ થી સુંટી જ્યું તે મનખ
મનેં એનન ઘેંર મ લેં લે ’ 5 તર હેંને પુંતાના માલિક
ના આલનાર નેં એક-એક કરેંનેં બુંલાયા અનેં પેલ
વાળાનેં પુસ્યું, ‘તારી ઈપેર મારા માલિક નો કેંતરો
કર્જો હે ?’ 6 હેંને કેંદૂ, ‘હો મુંણ તેંલ,’ તર હેંને પેંલા
નેં કેંદૂ,‘તારું ખાતું બણાવ લે અનેં બેંહેંનેં તરત પસા
લખ દે ’ 7 ફેંર હેંને બીજાનેં પુસ્યું, ‘તારી ઈપેર કેંતરો
કર્જો હે ? હેંને કેંદૂ ‘હો મુંણ ગું,’ તર હેંને આલનાર નેં
કેંદૂ, ‘તારું ખાતું બણાવ લે એંસી લખ દે ’ 8 “માલીકેં
હેંના અધર્મિ કારબારી નેં વખણ્યો કે એંનેં સાલાકી
થી કામ કર્યું હે કેંમકે ઈની સંસાર ન મનખ પુંતાના
સમય ન મનખ નેં હાતેં રીતિ-વેવહાર મ ઈજવાળા
ન મનખ થી વદાર સાલાક હે 9 અનેં હૂં તમ થકી
કું હે કે અધર્મ ના ધન થી પુતાનું દોસદાર બણાવ
લો,એંતરે કે ઝર વેયું જાતું રે તે વેયું તમનેં હમેંશા
રેંવાસ મ લેં લે 10 ઝી થુંડાક હી થુંડાક મ હાસું હે,
વેયું ઘણાંમ હુંદો હાસો હે :અનેં ઝી થુંડાક હી થુંડાક
મ અધર્મી હે, વેયું ઘણામ હુંદુ અધર્મી હે 11 એંતરે
હારું ઝર તમું અધર્મ ના ધન મ હાસા નેં રિયા,
તે હાસું ધન તમનેં કુંણ હુંપહે ? 12 અનેં અગર
તમું પારકા ધન મ હાસા નેં રિયા તે ઝી તમારું હે,
હેંને તમન કુંણ આલહે ? 13 “કુઈ નોકર બે માલિક
ની સેવા નહેં કરેં સકતો : કેંમકે વેયો તે એક થકી
વેરઅનેં બીજા થકી પ્રેમ રાખહે;કે એક થી મળેંલો
રેંહે અનેં બીજાનેં નકમ્મો જાણહે તમું પરમેશ્વર અનેં
ધન ની બેયની સેવા નહેં કરેં સકત ” 14 ફરીસી
ઝી લુંબી હેંતા,ઈયે બદ્દી વાતેં હામળેંનેં હેંને ઠઠ્ઠ મ
ઉડાડવા લાગ્યા 15 ઈશુવે હેંનનેં કેંદૂ,“તમું તે મનખ
નેં હામેં પુંતાનેં ધર્મી જણાવો હે, પુંણ પરમેશ્વર
તમાર મન નેં જાણેં હે, કેંમકે ઝી વસ્તુ મનખ ની
નજર મ મહાન હે, વેયે પરમેશ્વર નેં નેંડ ખરાબ
હે 16 “વેવસ્થાપક અનેં ભવિષ્યવક્તા યૂહન્ના તક
રેંયા; હેંના સમય થી પરમેશ્વર ના રાજ્ય નો તાજો
હમિસાર હમળાવવામ આવતો હેંતો,અનેં હર કુઈ
હેંનમ જબર જસ આવે હેં 17 આકાશ અનેં ધરતી
નું ટળેં જાવું નિયમ ના એક પોઍંડ મટેં જાવા થી
હેલું હે 18 “ઝી કુઈ પુંતાની બજ્યેર નેં સુટી કરેંનેં
બીજી હાતેં લગન કરે હે, વેયો પાપ કરેં હે અનેં
ઝી કુઈ ઈવી સુટી કરેંલી બજ્યેર હાતેં લગન કરે હે
વેયો હુંદો સિનાળવું કરે હે 19 “એક ધનવાન માણસ
ઝી જાંબુડી સિસર અનેં નરમ પેરતો અનેં રુંજ દન
સુખ-મજા અનેં ધુંમ-ધામ થી રેંતો હેંતો 20 લાજર
નામ નો એક ગરીબ ઘાવ થી ભરેંલો હીની ડીળી
ઈપેર સોંડ દેંવાતો હેંતો , 21 અનેં વેયો સાહતો
હેંતો કે ધનવાન ના ટેબલ ઈપેર ના એંઠાડા થી પેંટ
ભરેં;આં તક કે કુતર હુંદ આવેંનેં હેંન ઘાવ નેં સાટત
હેંત 22 એંવું થાયું કે વેયો ગરીબ મરેં જ્યો, અનેં હરગ
દૂતેં હેંનેં લેંનેં ઈબ્રાહેંમ ના ખુંળા મ પોતાડ્યો વેયો
ધનવાન હુંદો મરયો અનેં ડાટવામ આયો 23 અનેં
અધોલોક મ હેંને પીડા મ પડેંલે આંખેં અદર કરી,
સીટી હો ઈબ્રાહેંમ ના ખુંળામ લાજર નેં ભાળો
24 તર એંને સિસાએંનેં કેંદૂ,‘હે બા ઈબ્રાહેંમ, મનેં
ઈપેર દયા કરેંનેં લાજર નેં મોંકલેં દે, એંતરે વેયો
પુંતાની અંગળી નું ટીપુંરવું પલાળેંનેં મારી જીબ નેં
ટાડી કરે,કેંમકે હું ઈની ઝાળ મ તડપેં રેંયો હે ’ 25 પુંણ
ઈબ્રાહેંમેં કેંદૂ,‘હે બેંટા, યાદ કર કે તું પુંતાના જીવન મ
તાજી વસ્તુવેં લેં સુ ક્યો હે, અનેં વેમેંસ લાજર ભુંડી
વસ્તુવેં :પુંણ હાવું વેયો આં શાંતિ મેંળવેં રિયો હે,
અનેં તું તડપેં રિયો હે 26 ઈની બદ્દી વાત નેં સોંડેંનેં
હમારી અનેં તમારી વસમ એક મુંટી ખાઈ રાખેંલી
હે કે ઝી કુઈ આંહું પેંલે પાર તમારી કનેં જાવા સાહે,
વેય નેં જાએં સકે; અનેં નેં કુઈ વેંહા થી એંને પાર
હમારી કનેં આવેં સકે ’ 27 હેંને કેંદૂ,‘તે હે બા,હૂં તનેં
થકી અરજ કરું હે કે તું હેંનેં મારા બાપ ને ઘેર મુંકલ,
28 કેંમકે મારા પાંસ ભાઈ હે; વેયો એંનન હામેં ઈની
વાત ની ગવાઈ આલે, એંવું નેં થાએ કે વેયા હુંદા
ઈની પીડા ની જગ્યા મ આવે ’ 29 ઈબ્રાહેંમેં હેંનેં
કેંદૂ, ‘હેંન કનેં તે મુસા અનેં ભવિષ્યવક્તાઓં ની
સોંપડજ્યી હે , વેયા હેંનની હામળેં ’ 30 હેંને કેંદૂ,
‘ના, હે બા ઈબ્રાહેંમ;પુંણ અગર કુઈ મરેંલ મહું હેંન
કનેં જાએ,તે વેયા મન ફેંરવહે ’ 31 ઈબ્રાહેંમેં હેંનેં
કેંદૂ, ‘ઝર વેયા મૂસા અનેં ભવિષ્યવક્તાઓં ની નહેં
હામળતા, તે અગર મરેંલ મહું કુઈ જીવતું હુંદૂ થાએ
જાએ તે હુંદા હેંનની નેં માનેં’ ”

**17** 1 ફેંર ઈશુવે પુંતાન સેંલનેં કેંદૂ, “થાએં નહેં
સકતું કે ઠોકરેં નેં વાગે, પુંણ હાય, હેંના
માણસ ઈપેર ઝેંને લેંદે વેહ આવે હે ! 2 ઝી એંન
નાન મનું કેંનેક ઠોકર ખવાડે હે, હેંનેં હારું ઈયુ
ભલું થાતું કે ઘટી નો પોડ હેંના ગળા મ ટાંગવામ
આવતો, અનેં વેયો દરજ્યામ નાખેં દેંવાતો 3 સેતેંન
રો; અગર તારો ભાઈ ગુંનો કરે તે હેંનેં હમજાવ,
અનેં અગર પસતાએ તે હેંનેં માફ કર 4 અગર આખા
દાડા મ હાત વાર તારો ગુંનો કરે અનેં હાત યે વાર
તારી કનેં ફેંર આવેંનેં કે, ‘હૂં પસ્તાવું હે,’ તે હેંનેં
માફ કર ” 5 તર સેંલવેં ઈશુનેં કેંદૂ, “હમારો વિશ્વાસ
વદાર ” 6 ઈશુવે કેંદૂ,“અગર તમનેં રાઈ ના દાણા
જેંતરો હુંદો વિશ્વાસ હેંતો, તે તમું એંના શહતૂત
ના ઝાડનેં કેંતા કે મુળ થી ઉફેંડાએંને દરજ્યામ
રુંપાએં જા, તે વેયું તમારી માન લેંતું 7 “તમ મનો
એંવો કુંણ હે, ઝેંનો નોકર હોળ જોંડે કે ઘેંટ સારતો
વેહ, અનેં ઝરવેયો ખેંતર મહો આવે, તે હેંનેં કે,
‘તરત આવેંનેં ખાવાનું ખાવા બેંહ’ ? 8 અનેં એંમ

નેં કે, ‘મારું ખાવાનું તિયાર કર, અનેં ઝર તક હૂં
ખું-પિયું તર કમર બાંદેં નેં મારી સેવા કર; હેંના
પસી તું હુંદો ખાએં-પી લેંજે’ ? 9 હૂં માલિક હેંના
નોકર નો આભાર માનહે કે એંને વેયુસ કામ કરું
ઝીની આજ્ઞા આલીલી હિતી ? 10 ઈવીસ રિતી
તમું હુંદા ઝર હેંન કામ નેં કરેં સુકો ઝીની આજ્ઞા
તમનેં આલવામ આવી હિતી,તે કો, હમું નકમ્મા
નોકર હે;ઝી હમારે કરવું જુગતું હેંતું હમેં ખાલ વેયુસ
કરું હે ” 11 એવું થાયું કે ઝર ઈશુ યરુશલેમ મ જાત
ની વખત સામરિયા અનેં ગલીલ નેં વસેં થાએંનેં
જાએં રિયો હેંતો 12 કયાક ગામ મ ભરાતી વખતેં
ઈશુને દસ કોઢી મળ્યા 13 હેંનવેં સીટી ઈબા રેંનેં
સીસાએંનેં કેંદૂ, “હે ઈશુ, હે માલિક, હમ ઈપેર દયા
કર !” 14 ઈશુવે હેંનનેં ભાળેંનેં કેંદૂ, “જો, અનેં પુંતાનેં
યાજક નેં ભળાવો ” અનેં જાત જા ત વેયા હાજા
થાએં જ્યા 15 તર હેંન મનો એક ઈયુ ભાળેંનેં કે હૂં
હાજો થાએં જ્યો હે, જુંર થી સીસાએંનેં પરમેશ્વર
ની મોંટાઈ કરતો જાએંનેં પાસો આયો ; 16 અનેં
ઈશુન પોગમ મોડા ભેર પડેંનેં ઈશુનું આભાર કરવા
મંડ્યો; અનેં વેયો સામરી હેંતો 17 હેંનેં ઈપેર ઈશુવે
કેંદૂ, “હું દસ યે હાજા નહેં થાયા, તે ફેંર વેયા નો કાં હે
? 18 હું એંના પરદેશીનેં સુંડેંનેં કુઈ બીજો નેં નકળો
ઝી પરમેશ્વર ની મોંટાઈ કરતો? 19 તર ઈશુવે હેંનેં
કેંદૂ, “ઉઠેંનેં જાતોરે; તારે વિશ્વાસેં તનેં હાજો કર્યો હે
” 20 ઝર ફરીસીવેં ઈશુને પુસ્યું કે પરમેશ્વર નું રાજ્ય
કેંર આવહે, તે ઈશુવે હેંનન વાબ આલ્યો, “પરમેશ્વર
નું રાજ્ય નજર મ નહેં આવતું 21 અનેં મનખ એંમ
નેં કેંહે, ‘ભાળો, આં હે, કે વેંહાં હે ’ કેંમકે ભાળો,
પરમેશ્વર નું રાજ્ય તમારા વસમ હે ” 22 ફેંર ઈશુવે
સેંલનેં કેંદૂ, “વેયા દાડા આવહે, ઝેંનમ તમું માણસ
ના બેંટા ન દાડ મહો એક દાડા નેં ભાળવા કરહો,
અનેં નેં ભાળેં સકો 23 મનખ તમનેં કેંહે,‘ભાળો,
તાં હે !’કે ‘ભાળો, આં હે !’પુંણ તમું જાતા નેં રેંતા
વેહ અનેં નેં હેંનન વાહેડ થાએં જાતા વેહ 24 કેંમકે
ઝેંમ વીજળાઈ આકાશ ના એક સેંડે હી પલીકો કરેંનેં
આકાશ ના બીજા સેંડા તક ભભળે હે, વેમેસ માણસ
નો બેંટો હુંદો પુંતાન દાડ મ પ્રગટ થાહે 25 પુંણ પેલું
ઈયુ જરૂરી હે કે વેયો ઘણું દુઃખ વેંઠે, અનેં ઈની
પીઢી ન મનખ હેંનેં નકમ્મો ગણે 26 ઝેંવું નૂહા ના
દાડ મ થાયું હેંતું, વેવુંસ માણસ ના બેંટા ના દાડ મ
થાહે 27 ઝેંના દાડા તક નૂહો જહાજ મ નેં સડ્યો,
હેંના દાડા તક મનખ ખાત-પીત હેંત, અનેં હેંનમ
લગન થાત હેંત તર જલાપાલું આવેંનેં હેંન બદ્દનેં
મટાડ દેંદ 28 અનેં ઝેંવું લૂત ન દાડ મ થાયું હેંતું કે
મનખ ખાત-પીત,લેંવડ-દેંવડ કરત,ઝાડ રુંપત અનેં
ઘેર બણાવત હેંત , 29 પુંણ ઝેંને દાડે લૂત સદોમ
મહો નકળો,હેંને દાડે આગ અનેં ગંધક આકાશ મહી
વરહી અનેં બદ્દનેં મટાડ દેંદ 30 માણસ ના બેંટા નેં
પ્રગટ થાવા નેં દાડે હુંદુ એંવુંસ થાહે 31 “હેંને દાડે
ઝી ઢાબા ઈપેર વેંહે અનેં હેંનું સામન ઘેર મ વેહ,
વેયું હેંનેં લેંવા નેં ઉતરે; અનેં વેંમેસ ઝી ખેંતર મ વેહ
વેયું વાહે નેં પાસું આવે 32 લૂત ની બજ્યેર નેં યાદ
રાખો ! 33 ઝી કુઈ પુંતાનો જીવ બસાવા સાહે વેયું
હેંનેં ખુંવહે, અનેં ઝી કુઈ હેંનેં ખુંવે વેયું હેંનેં જીવતું
રાખહે 34 હું તમનેં કું હે, હીની રાતેં એક ખાટલે બે
જણ વેંહે; એક લેં લેંવાહે અનેં બીજું સોંડ દેંવાહે
35 બે બજ્યેરેં એક હાતેં ઘંટી સલાડતી વેંહે, એક લેં
લેંવાહે અનેં બીજી સોંડ દેંવાહે 36 [બે જણ ખેંતર
મ વેંહે, એક લેં લેંવાહે અનેં બીજું સોંડ દેંવાહે ]”
37 ઈયુ હામળેં હેંનવેં ઈશુને પુસ્યું, “હે પ્રભુ ઈયુ કાં
થાહે ?” ઈશુવે હેંનનેં કેંદૂ, “ઝા ઢાંઢોર હે, વેંહાં ગરદ
ભેંગા થાહે ”

18 1 ફેંર ઈશુવે એંના બારામ કે હમેશા પ્રાર્થના
કરવી અનેં હિમ્મત નેં હાર વી જુગે, હેંનનેં
ઈયો દાખલો કેંદો : 2 “કયાક સેર મ એક ન્યાયી
[નિયા કરવા વાળો અધિકારી] રેંતો હેંતો, વેયો નેં
પરમેશ્વર થી સમકતો હેંતો અનેં નેં કઈના મનખ ની
પરવાહ કરતો હેંતો 3 હેંનાસ સેર મ એક રાંડી બાઈ
હુંદી રીતી હિતી,ઝી આવેં-આવેંનેં કેંદ કરતી હિતી
મારો નિયા કરેંનેં મનેં મુદ્દઈ થી બસાવ ’ 4 થુંડાક
સમય તક તે વેયો નેં માન્યો પુંણ સેંલ્લે મન મ
વિસાર કરેંનેં કેંદૂ,‘અગ હૂં નેં પરમેશ્વર થી સમકતો,
અનેં નેં મનખ ની કઈ પરવાહ કરતો ; 5 તે હુંદો ઈયે
રાંડી બાઈ મનેં તવા કરેં હે,એંતરે હારું હૂં એંનો નિયા
અલાડેં, ખેંતુંક એંમ નેં થાએ કે ઘડી-ઘડી આવેંનેં
સેંલ્લે મનેં થકાડ દેં’ ” 6 ઈશુવે કેંદૂ, “હામળો, આ
વિધર્મી ન્યાયી હું કેં હે ? 7 એંતરે હારું હું પરમેશ્વર
પુંતાન પસંદ કરેલ નો નિયાય નેં સુકવહે,ઝી રાત
દાડો ઈની દોહાઈ આલેં કરે હે ? હું પરમેશ્વર હેંનના
બારામ વાર કરહે ? 8 હૂં તમનેં કું હે, પરમેશ્વર તરત
હેંનનો નિયાય સુકવહે, તે હુંદો માણસ નો બેંટો ઝર
આવહે, તે હું વેયો ધરતી ઈપેર વિશ્વાસ મેંળવહે
?” 9 ઈશુવે હેંનનેં ઝી પુંતાનેં ઈપેર ભરુંહો રાખતા
હેંતા, કે હમું ધર્મી હે, અનેં બીજનેં નકમ્મા જાણતા
હેંતા, ઈયો દાખલો કેંદો : 10 “બે માણસ મંદિર મ
પ્રાર્થના કરવા જ્યા;એક ફરીસી હેંતો અનેં એક વેરું
લેંવા વાળો 11 ફરીસી ઈબો થાએંનેં પુંતાના મન મ
એંમ પ્રાર્થના કરવા મંડ્યો,‘હે પરમેશ્વર, હૂં તારું
આભાર માનું હે કે હૂં બીજ મનખ નેં વાણ્યી
જુલમ કરવા વાળો, અન્યા યી અનેં ખરાબ કામ
કરવા વાળો નહેં,અનેં નહેં એંના વેરું લેંવા વાળા
નેં જેંમ, 12 હૂં અઠવાડજ્યા મ બે વાર ઉપવાસ

રાખું હે; હું મારી બદ્દી કમાઈ નો દસવો ભાગ હુંદો
આલું હે ’ 13 “પુંણ વેરું લેંવા વાળે સિટી ઈબે રે નેં,
હરગ મએં આખેં અદર કરવા હુંદુ નેં સા ઈહો,પુંણ
પુંતાની સાતી કુટેં-કુટેં નેં કેંદૂ,‘હે પરમેશ્વર,મનેં પાપી
ઈપેર દયા કર!’ 14 હૂં તમનેં કું હે કે વેયો બીજો
નહેં, પુંણ ઈયોસ માણસ ધર્મી ગણાએંનેં પુંતાને
ઘેર જ્યો;કેંમકે ઝી કુઈ પુંતાનેં મુંટો બણાવહે,વેયો
નાનો કરાવામ આવહે; અનેં ઝી કુઈ પુંતાનેં નાનો
બણાવહે, વેયો મુંટો કરવામ આવહે ” 15 ફેંર મનખ
પુંતાન સુંરનેં હુંદ ઈશુ કનેં લાવવા મંડ્ય કે ઈશુ હેંન
ઈપેર હાત મેલે; પુંણ સેંલવેં ભાળેંનેં હેંનન વળગ્યા
16 ઈશુવે નાન સુંરનેં નજીક બુંલાવેં નેં કેંદૂ,“બાળક
નેં મારી કનેં આવવા દો, અનેં હેંનનેં ના નહેં કો
: કેંમકે પરમેશ્વર નું રાજ્ય એંવનુંસ હે 17 હૂં તમનેં
હાસ્સું કું હે કે ઝી કુઈ પરમેશ્વર ના રાજ્ય નેં બાળક
નેં જેંમ ગરહણ નેં કરહે વેયું હેંનમ કેંર નેં ભરાએં
સકે ” 18 કયેક અધિકારજ્યી ઈશુને પુસ્યું,“હે ખાસ
ગરુ,અનંત જીવન નો અધિકારી થાવા હારું હૂં હું
કરું ?” 19 ઈશુવે હેંનેં કેંદૂ, “તું મનેં ખાસ હુંકા કે હે ?
કુઈ ખાસ નહેં, ખાલી એક, એંતરે પરમેશ્વર 20 તું
નિયમ નેં તે જાણે હે : સિનાળવું નેં કરવું, હત્યા
નેં કરવી, સુંરી નેં કરવી,ઝૂઠી ગવાઈ નેં આલવી,
પુંતાના બા અનેં પુંતાની આઈ નું માન કરવું’ ”
21 હેંને કેંદૂ, “હું તે એંન બદ્દનેં નાનપણ થીસ માનતો
આયો હે ” 22 ઈયુ હામળેં ઈશુવે હેંનેં કેંદૂ, “તનેં મ
હજુ હુંદી એક વાત ની કમી હે, તારું બદ્દુસ વેંસેંનેં
ગરીબનેં વાટ દે; અનેં તનેં હરગ મ ધન મળહે, અનેં
આવેંનેં મારી વાહે થાએં જા ” 23 વેયો ઈયુ હામળેંનેં
ઘણો નારાજ થાયો, કેંમકે વેયો મુંટો ધનવાન હેંતો
24 ઈશુવે હેંનેં ભાળેંનેં કેંદૂ,“ધનવાન નેં પરમેશ્વર ના
રાજ્ય મ જાવું કેંતરું કાઠું હે ! 25 પરમેશ્વર ના રાજ્ય
મ ધનવાન નેં પેંહવા કરત, ઉંટ નું હોઈ ના નાકા મહું
નક ળેં જાવું હેલું હે ” 26 ઈની ઈપર હામળવા વાળે
કેંદૂ, “તે ફેંર કેંનું તારણ થાએ સકે હે ?” 27 ઈશુવે
કેંદૂ,“ઝી માણસ થકી નહેં થાએ સકતું,વેયું પરમેશ્વર
થકી થાએ સકે હે ” 28 પતરસેં કેંદૂ, “ભાળ, હામું
તે ઘેર-બાર સુંડેંનેં તારી પાછડ થાએ જ્યા હે ”
29 ઈશુવે હેંનન કેંદૂ, “હૂં તમનેં હાસ્સું કું હે કે એંવું
કુઈ નહેં ઝેંનવેં પરમેશ્વર ના રાજ્ય હારું ઘેર, કે
બજ્યેર, કે ભાઈ, કે આઈ-બા, કે બાળ-બસ્સ નેં સુંડ
દેંદ વેહ ; 30 અનેં એંના સમય મ કઈ ગણા વદાર
નેં મેંળવે અનેં આવવા વાળા યુગ મ અનંત જીવન
” 31 ફેંર ઈશુવે બાર નેં હાતેં લેં જાએંનેં હેંનનેં કેંદૂ,
“ભાળો, હમું યરુશલેમ મ જાજ્યે હે, અનેં ઝીતરી
વાતેં માણસ ના બેંટા હારું ભવિષ્યવક્તાઓં દુવારા
લખવામ આવી હે, વેયે બદ્દી પૂરી થાહે 32 કેંમકે
વેયો બીજી જાતી ના હાથ મ હુંપવામ આવહે, અનેં
વેય હેંનેં ઠઠ્ઠ મ ઉડાડ હે; અનેં હેંનું અપમાન કરહે,
અનેં હેંનેં ઈપેર થુંકહે , 33 અનેં હેંનેં કોએંડા મારહે
, અનેં માર દડહે ; અનેં વેયો તીજે દાડે જીવતો
થાએ જાહે ” 34 પુંણ હેંનવેં ઈની વાત મની કઈ યે
વાત નેં હમજી; અનેં ઈયે વાત હેંન થી ઓઠી રી,
અનેં ઝી કેંવામ આયુ હેંતું વેયું હેંનની હમજ મ નેં
આયુ 35 ઝર ઈશુ યરીહો નેં નજીક પોત્યો, તે એક
આંદળો સડક નેં મેંર બેંઠેંલો ભીખ માંગતો હેંતો
36 વેયો ભીડ નેં સાલવાની આહટ હામળેંનેં પુસવા
મંડ્યો, “આ હું થાએં રિયું હે ?” 37 હેંનવેં ભિખારી
નેં વતાડ્યું, “ઈશુ નાસરી જાએં રિયો હે ” 38 તર
હેંને સિસાએંનેં કેંદૂ, “હે ઈશુ દાઉદ ના બેંટા, મનેં
ઈપેર દયા કર !” 39 ઝી અગ્યેડ-અગ્યેડ જાએ રિય
હેંત,વેય હેંનેં વળગવા મંડ્ય કે સપ રે;પુંણ વેયો વદાર
સિસાવા મંડ્યો, “હે દાઉદ ના બેંટા મનેં ઈપેર દયા
કર !” 40 તર ઈશુવેં ઈબે રેંનેં હુકમ કર્યું કે હેંનેં મારી
કનેં લાવો, અનેં ઝર વેયો નજીક આયો તે ઈશુવે હેંનેં
પુસ્યું , 41 “તું હું સાહે હે કે હૂં તારી હારું કરું ?” હેંનેં
કેંદૂ,“હે પ્રભુ, ઈયુ કે હું ભાળવા મંડુ 42 ઈશુવે હેંનેં
કેંદૂ, “ભાળવા મંડ; તારે વિશ્વાસેં તનેં અસલ કર દેંદો
હે ” 43 તર વેયો તરત ભાળવા મંડ્યો અનેં પરમેશ્વર
ની મુંટાઈ કરતો જાએંનેં ઈશુનેં પાછડ થાએં જ્યો
;અનેં બદ્દ મનખવેં ભાળેંનેં પરમેશ્વર ની સ્તુતિ કરી
19 1 ઈશુ યરીહો મ થાએંનેં જાએં રિયો હેંતો
2 વેહાં જક્કઇ નામ નો એક માણસ હેંતો,
ઝી વેરું લેંવા વાળ નો અધિકારી હેંતો , અનેં
ધનવાન હેંતો 3 વેયો ઈશુ નેં ભાળવા સાહતો હેંતો કે
વેયો કુંણ હે પુંણ ભીડ નેં લેંદે ભાળેં નેં સકતો હેંતો,
કેંમકે વેયો ઠેંમણો હેંતો 4 તર ઈશુને ભાળવા હારું
વેયો અગ્યેડ દોડેંનેં એક ગુલર ના ઝાડ ઈપેર સડેં
જ્યો, કેંમકે ઈશુ હેંનેસ રસ્તે જાવાનો હેંતો 5 ઝર
ઈશુ હીની જગ્યાએં પોત્યો, તે ઈપેર નજર કરેંનેં
હેંનેં કેંદૂ, “હે જક્કઇ, ઝટ ઉતરેં આવ ; કેંમકે આજે
મારે તારા ઘેર મ રેંવું જરૂરી હે ” 6 જક્કઈ તરત
ઉતરેંનેં ખુશી થી ઈશુને પુંતાને ઘેર લેં જ્યો 7 ઈયુ
ભાળેંનેં બદ્દ મનખ ગંગણેં નેં કેંવા મંડ્ય, “વેયો તે એક
પાપી માણસ નેં તાં જાએં ઉતર્યો હે ” 8 જક્કઈયેં
ઈબે થાએંનેં ઈશુને કેંદૂ, “હે પ્રભુ ભાળ, હૂં મારી
અરદી મિલકત ગરીબ નેં આલું હે,અનેં કદાસ કેંનુંક
કઈક યે કાયદા વગર લેં લેંદૂ હે તે હેંનેં ચાર ગણું પાસું
આલ દૂં ” 9 તર ઈશુવે હેંનેં કેંદૂ, “આજે એંના ઘેર
મ તારણ આયુ હે, એંતરે હારું કે ઈયો હુંદ ઈબ્રાહેંમ
નો બેંટો હે 10 કેંમકે માણસ નો બેંટો ખુવાએંલ નેં
જુંવા અનેં હેંનનું તારણ કરવા આયો હે ” 11 ઝર
વેય ઈયે વાતે હામળેં રિય હેંત,તે ઈશુવેં એક દાખલો

કેંદો,એંતરે હારું કે ઈશુ યરુશલેમ નેં નજીક હેંતો,
અનેં વેય હમજત હેંત કે પરમેશ્વર નું રાજ્ય હમણ
પરગટ થાવા વાળું હે 12 હાં નેં ઈશુવેં કેંદૂ, “એક
ધનવાન માણસ પરદેશ મ સાલ્યો એંતરે કે રાજપદ
મેંળવેંનેં વળેં આવે 13 એંને પૂતના નોકર મહા દસ
ને બુલાવેને એનને દસ હુનાના સિક્કા એનને કીદુ,
મને આવી જાવા હુદું લેંવડ દેંવડ કરજો ’ 14 પુણ
એના સેરના રીવા વાળા એને થકે વેર રાખતા એતા,
અને એને પાસડ દુતને દવારા કિ મુકલું, હમુ નહી
સાહતા કે આ અમારા ઉપર રાજ કરે ’ 15 “ઝર
વયો રાજપાટ મેળવેને પાસો આયો, તે ઈવું થાયુ
કે એને પૂતાના નોકરને ઝીનને રોંકડ આલ્યા હેંતા,
પુતાને કને હાદેં કેવાડ્યું એતરે ખબર પડે કે હેંનવેં
લેંવડ દેંવડ થી હું કમાયા 16 તર પેલે વાળે આવેંનેં
કેંદૂ, હે માલિક તારા સિક્કા થી દસ બીજા સિક્કા
કમાયો ’ 17 માલીકેં હેંનેં કેંદૂ, ‘ધન્ય, હે ખાસ દાસ
! તું ઘણાસ થુડાક મ વિસ્વાસુ નકળ્યો આવું દસ
સેર ઈપેર અધિકાર રાખ ’ 18 બીજે આવેંનેં કેંદૂ, ‘હે
માલિક, તાર સિક્ક થી પાંસ બીજા સિક્કા કમાયો
હે ’ 19 માલીકેં હેંનેં હુંદૂ કેંદૂ, ‘તું હુંદો પાંસ સેર
ઈપેર અધિકારી થાએં જા ’ 20 તીજે આવેંનેં કેંદૂ,
‘હે માલિક, ભાળ તારો સિક્કો આ હે, ઝેંનેં મેંહ
અન્ગુંસા મ બાંદેં મેંલ્યો હેંતો 21 કેંમકે હૂં તારી હો
સમકતો હેંતો, એંતરે હારું કે તૂ કડક માણસ હે : ઝી
તેં નહેં મેંલ્યું હેંનેં લેં લે હે, અનેં ઝી તેં નહેં વાઈવું,
હેંનેં કાપે હે ’ 22 માલીકેં હેંનેં કેંદૂ, ‘હે ખરાબ દાસ,
હું તારાસ મોડા થકી તનેં ગુંનેગાર બણાવું હે તું મનેં
જાણતો હેંતો કે કે કડક માણસ હે, ઝી મેંહ નહેં મેંલ્યું
હેંનેં લેં લું હે, અનેં ઝી મેંહ નહેં વાઈવું હેંનેં કાપું હે
: 23 તે તેં મારા રુપ્જ્યા લેંવડ દેંવડ કરવા વાળ કનેં
કેંમ નહેં મેંલ દેંદા કે હૂં આવેંનેં વિયાજ હાતેં લેં લેં તો
? 24 અનેં ઝી મનખ નજીક ઈબ હેંત, હેંને હેંનનેં
કેંદૂ, ‘વેયો સિક્કો એંનેં કનેં હો લેંલો, અનેં ઝેંનેં કન
દસ સિક્કા હે હેંનેં આલ દો ’ 25 હેંનવેં હેંનેં કેંદૂ, ‘હે
માલિક, હેંનેં કન દસ સિક્કા તે હે ’ 26 ‘હૂં તમનેં કુ હે
કે ઝેંનેં કન હે, હેંનેં આલવામ આવહે ;અનેં ઝેંનેં કન
નહેં ,હેંનેં કન હું વેયું હુંદૂ ઝી હેંનેં કન હે લેં લેંવામ
આવહે 27 પુંણ માર હેંન વેરજ્ય નેં ઝી નેં સાહત
હેંત કે હૂં હેંન ઈપેર રાજ કરું, હેંનનેં આં લાવેંનેં મારી
અગ્યેડ માર દડો’ ,, 28 ઈયે વાતેં કેંનેં ઈસુ યરુશલેમ
મએં હેનનેં અગેડ અગેડ સાલ્યો 29 ઝર ઈશુ જેતુન
નામના દુન્ગોર ઉપર બેતફગે અને બેતનિયા ને
ટીકે પુગ્યા,તે એને પૂતના સેલા મહા બે જણાને
એમ કેવા મુકલા 30 “હામાં ના ગામમ જો’’અને
ઈનામ પુગતમસ એક ગદેડીનું ખુલ્કું ઝીન ઉપર કેર
કુઈ સવારી ની થાઉં, બન્દીલું તમને મળહે, એને
ખોલીને લે આવો| 31 અગર તમ થકે પૂસે કે કેમ
સુડો હો,તે આ કીદેજો કે પરબુ ને એનું કામ હે|’’
32 ઝી મુકલવામ આયા એતા, વેવું મીળવું| 33 ઝર
ઈયા ગદેડા ના ખુલ્કાને સુડીર્યા હેતા, તે એનના
ધણયીવિ એનને પુસું,’’ એના ખુલ્કાને કેમ સુડો હે
?” 34 હેંનવેં કેંદૂ, “પ્રભુ નેં એંનું કામ હેં ” 35 વેયા
હેંનેં ઈશુ કનેં લેં આયા, અનેં પુંતાન સિસર હેંના
ખુંલ્કા ઈપેર નાખેંનેં ઈશુ નેં હેંનેં ઈપેર બેંહાડ દેંદો
36 ઝર ઈશુ જાએં રિયો હેંતો, તે વેય પુંતાન સિસર
રસ્તામ વાથરત જાત હેંત 37 નજીક આવત જાએંનેં
ઝર ઈશુ જેતૂન ડુંગરા ના ઢાળ મ પોત્યો, તે સેંલ
ની આખી મંડળી હેંન સામ્રત ન કામ નેં લેંદે ઝી
હેંનવેં ભાળ્ય હેંત, ખુશ થાએંનેં મુંટી અવાજ થી
પરમેશ્વર ની સ્તુતિ કરવા મંડી : 38 “ધન્ય હે વેયો
રાજા, ઝી પ્રભુ ના નામ થી આવે હે ! હરગ મ શાંતિ
અનેં ગગન મંડળ મ મહિમા થાએ !” 39 તર ભીડ
મહા થુંડાક ફરીસી હેંનેં થી કેંવા મંડ્યા, “હેં ગરુ,
તાર સેંલનેં વળગ ” 40 ઈશુવેં જવાબ આલ્યો, “હૂં
તમ થી કું હેં, અગર ઈયા સપ રે તે ભાઠા સિસાએં
ઉઠહે ” 41 ઝર ઈશુ નજીક આયો તે સેર નેં ભાળેંનેં
હેંનેં હારું ગાંગર્યો 42 અનેં કેંદૂ, “હું યે ભલું થાતું કે
તું, હાં, તુંસ, એંનેસ દાડે આંનદ ની વાતેં જાણતું,
પુંણ આવું વેયે તારી આંખ થકી ઓઠી થાઈ ગઈ હે
43 કેંમકે વેયા દાડા તારી ઈપેર આવહે કે તારા વેરી
ટુંળો વળેં નેં તનેં ઘેંર લેંહે, અનેં સ્યારેં મેર થી તનેં
દાબહે : 44 અનેં તનેં અનેં તાર સુંર નેં ઝી તારી મ
હે, માટી મ મળાહે, અનેં તારી મ ભાઠા ઈપેર ભાઠો
હુંદો નેં સુંડહે ; કેંમકે તેં હેંના મુંખા નેં ઝર તારી ઈપેર
દયા ની નજર કરવામ આવી તેં નેં વળખી ” 45 તર
ઈશુ દેંવળ મ જાએંનેં વેંસવા વાળનેં બારત કાડવા
મંડ્યો , 46 અનેં હેંનનેં કેંદૂ,“લખ્યું હે, ‘મારું ઘેર દુવા
નું ઘેર વેંહે,’પુંણ તમેં એંનેં ડાકુવ ની ખુંહ બાણાવ
દીદી હે ” 47 ઈશુ હર રુંજ દેંવળ મ ભાષણ કરતો
હેંતો ; અનેં મુખી યાજક અનેં શાસ્ત્રી અનેં મનખ
ના અગુવા ઈશુ નેં મટાડ દેંવા નો મુંખો જુંવતા હેંતા
48 પુંણ કઈ ઉપાય નેં કાડેં સક્યા કે ઈયુ કીવી રીતી
કરજ્યે, કેંમકે બદ્ મનખ મુંટી સાહત થી ઈશુ ની
હામળત હેંત

20 1 એક દાડો એંવું થાયું કે ઝર ઈશુ દેવળ મ
ભાષણ આલેં રિયો અનેં તાજો હમીસાર
હમળાવેં રિયો હેંતો ,તે મુખી યાજક અનેં શાસ્ત્રી,
વડીલ નેં હાતેં નજીક આવેંનેં ઈબા થાયા ; 2 અનેં
કેંવા મંડ્યા, “હમનેં વતાડ, તું એંન કામ નેં કઈના
અધિકાર થી કરે હે,અનેં વેયો કુંણ હે ઝેંને તનેં
ઈયો અધિકાર આલ્યો હે ?” 3 ઈશુવેં હેંનનેં જવાબ
આલ્યો, “હૂં હુંદો તમ થી એક વાત પુસું હે; મનેં

વતાડો 4 યૂહન્ના નું બક્તિસ્મ હરગ ની તરફ થી
હેંતું કે મનખ ની તરફ થકી હેંતું ?" 5 તર વેયા એક
બીજાનેં કેંવા મંડ્યા, "અગર આપું કીજ્યે,'હરગ ની
તરફ થી,'તે ફેંર વેયો કેંહે, 'ફેંર તમેં હેંનો વિશ્વાસ
કેંમ નેં કરયો ?' 6 અનેં અગર આપું કીજ્યે, 'મનખ
ની તરફ થી,' તે બદ્ મનખ આપ ઈપેર પત્થર
મારો કરહે,કેંમકે વેય હાસેં હાસ જાણે હે કે યૂહન્નો
ભવિષ્યવક્તા હેંતો " 7 હાં નેં હેંનવેં જવાબ આલ્યો,
"હમું નહેં જાણતા કે વેયું કેંનેં તરફ થકી હેંતું " 8 ઈશુ
મસીહ વેં કેંદૂ, "તે હૂં હુદો તમનેં નહેં વતાડતો કે
હું ઈય કામ કઈના અધિકાર થી કરું હે " 9 તર
ઈશુ મનખ થી ઈયો દાખલો કેંવા મંડ્યો : "કઈનેક
માણસેં દરાખ ની વાડી લગાડી, અનેં ખેડૂત નેં હેંનો
ઠેંકો આલ દેંદો અનેં ઘણ દાડ હારું પરદેશ જાતોર્યો
10 ઝર ટાએંમ આયો તે હેંને ખેડૂત કનેં એક નોકર
નેં મુકલ્યો કે વેયા દરાખ ની વાડી ન થુંડક ફળ નો
ભાગ હેંનેં આલે, પુંણ ખેડુતવેં હેંનેં મારેં નેં ખાલી
હાત મુંકલેં દેંદો 11 ફેંર હેંને એક બીજા નોકર નેં
મુંકલ્યો, અનેં હેંનવેં હેંનેં હુંદો મારેં નેં ખાલી હાત
મુંકલેં દેંદો 12 ફેંર હેંને તીજો મુંકલ્યો, અનેં હેંનવેં
હેંનેં હુંદો અદ્ધવલો કરેંનેં કાડ દેંદો 13 તર દરાક ની
વાડી ને ધણન્યેં કેંદૂ, "હૂં હું કરું ? હૂં મારા વાલા
બેંટા નેં મુંકલેં, થાએં સકે વેયા હેંનું મા ન કરે ' 14 ઝર
ખેડુંતવેં હેંનેં ભાળ્યો તે એક બીજા હાતેં વીસાર કરવા
લાગ્યા,'ઈયો તે વારસદાર હે; આવો, આપું એંનેં
માર દડજ્યે ભાગ આપડો થાએં જાહે ' 15 અનેં
હેંનવેં હેંનેં દરાખ ની વાડી મહો બારત કાડેંનેં માર
દડ્યો એંતરે હારું દરાખ ની વાડી નો ધણી હેંનેં હાતેં
હું કરહે ? 16 વેયો આવેંનેં હેંન ખેડુંત નેં નાશ કરહે,
અનેં દરાખ ની વાડી બીજનેં હુંપહે " ઈયુ હામળેંનેં
હેંનવેં કેંદૂ ઈશ્વર કરે હેંવું નેં થાએ " 17 ઈશુવેં હેંન
મએં ભાળેંનેં કેંદૂ, "ફેંર ઈયુ હું લખ્યું હે: "ઝેંના
પાણાનેં મુંટા કારીગરવેં નકમ્મો ગણ્યો હેંતો, વેયોસ
ખુંણા નો માથું બણેં જ્યો , 18 ઝી કુઈ એંના ભાઠા
ઈપેર પડહે વેયું ઝેંણ ઝટ થાએં જાહે,અનેં ઝેંનેં
ઈપેર વેયો પડહે હેંનેં વાટ દડહે" 19 હીની વખત
શાસ્ત્રીયવેં અનેં મુખી યાજકવેં ઈશુ નેં હાવા ધાર્યું,
કેંમકે વેયા હમજેં જ્યા હેંતા કે ઈશુવેં હમ ઈપેર ઈયો
દાખલો કેંદો, પુંણ વેયા મનખ થી સમક્યા 20 અનેં
વેયા હીની નોદ મ લાગ્યા અનેં સાડજ્યા મુંકલ્યા
કે ધરમ નો વેંહ ધરેંનેં ઈશુ ની કઈક નેં કઈક વાત
હાએ એંતરે કે હાકીમ ને હાત અનેં અધિકાર મ હુપેં
દેંવાએ 21 હેંનવેં ઈશુનેં એંમ પુસ્યું, "હે ગરુ, હમું
જાણન્યે કે તું ઠીક કે અનેં હિકાડે હુંદો હે, અનેં કેંનું
એ પક્ષું નહેં લેંતો, પુંણ પરમેશ્વર નો રસ્તો વાતાડે
હે 22 હું હમારે કૈસર ને વેરું આલવું ઠીક હે કે નહેં
?" 23 ઈશુવેં હેંનની સતુરાઈ નેં ઠપકારેંનેં હેંનન કેંદૂ
, 24 "એક સિક્કો મનેં વતાડો એંનેં ઈપેર કીની સાપ
અનેં નામ હે ?" હેંનવેં કેંદૂ, "કૈસર નું " 25 ઈશુવેં
હેંનન કેંદૂ, "તે ઝી કૈસર નું હે, વેયું કૈસર નેં આલો ;
અનેં ઝી પરમેશ્વર નું હે,"વેયું પરમેશ્વર નેં આલો "
26 વેયા મનખ નેં હામેં ઈની વાત મ ઈશુ નેં હાએ નેં
શક્યા,પુંણ ઈશુ ના જવાબ થી ભકનાએં નેં સપ રેં
જ્યા 27 ફેંર સદૂકી ઝી કે હે કે મરેંલ નું જીવતું થાવું હે
નહેં, હેંન મના થુંડકેં ઈશુ કનેં આવેંનેં પુસ્યું , 28 "હે
ગરુ મૂસાવેં હમારી હારું ઈયુ લખ્યું હે: 'અગર કેંનોક
ભાઈ પુંતાની બજ્યેર રેંત પરિવાર વગર મરેં જાએ,
હેંનો ભાઈ હીની બજ્યેર હાતેં લગન કર લે, અનેં
પુંતાના ભાઈ હારું પરિવાર પૈદા કરે ' 29 હાત ભાઈ
હેંતા પેલો ભાઈ લગન કરેંનેં મરેં જ્યો 30 ફેંર બીજે
, 31 અનેં તીજે હુંદુ હીની બજ્યેર હાતેં લગન કર
લેંદૂ ઈવીસ રીતી હાત યે ભાઈ પરિવાર વગર મરેં
જ્યા 32 સેંલ્લે વેયે બજ્યેર હુંદી મરેં ગઈ 33 એંતરે
હારું જીવી ઉઠવા મ વયે હેંન મની કીની બજ્યેર
થાહે, કેંમકે વેયે હાત ની બજ્યેર થાએ સકી હીતી
" 34 ઈશુવેં હેંનનેં કેંદૂ, "એંના જુંગ ના પરિવાર મ
તે લગન થાએ હે , 35 પુંણ એંના લાએંક બણહે કે
એંના જુંગ નેં મરેંલ મહ જીવી ઉઠવાનેં મેંળવે, વેય
નેં તે લગન કરહે અ નેં નેં લગન મ આલવામ આવહે
36 વેય ફેંર મરવાન હુંદ નહેં; કેંમકે વેય હરગ દૂત નેં
જેંમ વેંહે,અનેં પાસ જીવી ઉઠવાના પરિવાર થાવા
થી પરમેશ્વર નો હુંદો પરિવાર થાહે 37 પુંણ ઈની
વાત નેં કે મરેંલ જીવી જાએ હે, મૂસાવેં હુંદુ ઝાડી
ની કેંવેત મ વતાડ્યું હે કે વેયો પ્રભુ નેં 'ઈબ્રાહેંમ
નો પરમેશ્વર, ઈસાગ નો પરમેશ્વર અનેં યાકૂબ
નો પરમેશ્વર કે હે 38 પરમેશ્વર મરેંલ નો નહેં પુંણ
જીવત નો પરમેશ્વર હે : કેંમકે હેંનેં નજીક બદ્ જીવત
હે " 39 તર ઈયુ હામળેં નેં શાસ્ત્રીય મહ થુંડકેં એંમ
કેંદૂ, "હે ગરુ, તે અસલ નું કેંદૂ " 40 અનેં હેંનનેં ફેંર
ઈશુ થી પુસવાની હિમ્મત નેં થાઈ 41 ફેંર ઈશુવેં
હેંનનેં પુસ્યું, "મસીહ દાઉદ નો બેંટો કેંકેંમ કે હે ?
42 દાઉદ પુંતે ભજન સંહિતા ની સોપડી મ કે હે :
'પ્રભુવેં મારા પ્રભુ થી કેંદૂ, 43 મારી જમણી બેંહ,
ઝાં તક કે હું તાર વેરજ્ય નેં તાર પોગ નેં નિસ નેં કર
દૂ ' 44 દાઉદ તે હેંનેં પ્રભુ કે હે ; તે ફેંર વેયો દાઉદ નો
બેંટો કેંકેંમ બણ્યો " 45 ઝર બદ્ મનખ હામળેં રિય
હેંત, તે ઈશુવેં પુંતાન સેંલ થી કેંદૂ , 46 "શાસ્ત્રિય થી
જાળવેંનેં રો, ઝેંનનેં લાંબ લાંબ સિસર પેરેંનેં ફરવું
અસલ લાગે હે, અનેં ઝેંનનેં સેર મ નમસ્તે, અનેં
દેવળ મ ખાસ બેંહવાનું અનેં જમણ વાર મ ખાસ
જગ્યા વાલી લાગે હે 47 વેયા રાન્ડીલ્જ્ય ન ઘેર

ખાએં જાએ હે, અનેં વતાડવા હારું ઘણી વાર તક
દુવા કરતા રે હે : ઈયા ઘ ણીસ સજા ભુંગવહે ”

## 21

1 ફેંર ઈશુવેં આંખ અદર કરેંનેં ધનવાન નેં
પુંત-પુંતાનું દાન પીટી મ નાખત ભાળ્યું
2 ઈશુવેં એક રાન્ડીલી નેં બે પઈસા નાખત ભાળી
3 તર ઈશુવેં કેંદૂ, “હૂં તમ થકી હાસ્સુ કું હે કે ઈની
ગરીબ રાન્ડીલ્જ્યી બદ્ કરત વદેંનેં નાખ્યું હે 4 કેંમકે
હેંન બદ્વેં પુંત-પુંતાની વદતી મહું દાન મ થુંડુંક
નાખ્યું હે, પુંણ અણન્યી પુંતાની ઘટી મહું પુંતાની
આખી કમાઈ નાખેં દીદી હે ” 5 ઝર અમુક મનખ
દેંવળ ના બારામ કેં રિય હેંત કે વેયું કેંવ રૂપાળ ભાઠ
અનેં દાન ની વસ્તુવ થી હણગારવામ આયુ હે, તે
ઈશુવેં કેંદૂ , 6 “વેયા દાડા આવહે, ઝેંનમ ઈયુ બદ્દુ
ઝી તમુ ભાળો હે, હેંન મહા આં કઈનાક ભાઠા ઈપેર
ભાઠો હુંદો નેં રેંહે ઝી પાડવામ નેં આવે ” 7 હેંનવેં
ઈશુનેં પુસ્યું, “હે ગરુ, ઈયુ બદ્દુ કેંર થાહે ? અનેં
ઈયે વાતેં ઝર પૂરી થાહે, તે હેંના ટાએંમ ની નિશાની
હું વેંહે ?” 8 ઈશુવેં કેંદૂ,“સેતેંન રો કે ભરામાવવામ
નેં આવો, કેંમકે ઘણા બદા મારા નામ થી આવેંનેં
કેંહે,‘હૂં વેયોસ હે,’ અનેં ઈયુ હુંદુ કે, ‘દાડા નજીક
આવેં પોક્યા હે ’ તમું હેંનન વાહેડ નેં જાત રેંત વેહ
9 ઝર તમું ઝગડા અનેં હુમલ ની સરસા હામળો તે
ઘબરાએં નેં જાત વેહ કેંમકે એંનનું પેલ થાવું જરૂરી
હે; પુંણ હેંન દાડ મ તરત અંત નેં વેંહે ” 10 તર
ઈશુવેં હેંનન કેંદૂ, “જાતી ઈપેર જાતી અનેં રાજ ઈપેર
રાજ વિરુદાઈ કરહે , 11 અનેં મુંટ-મુંટ ભુકમ થાહે,
જગ્યા-જગ્યા કાળ અનેં મુંટી મહામારજ્યી પડહે,
ગગન થી જુંરદાર વાતેં મુંટી-મુંટી નિશાન્યી ભળાહે
12 પુંણ ઈની બદ્દી વાત થી પેલ વેય મારા નામ
નેં લેંદે તમનેં હાહે, અનેં સતાવહે, પન્સાયત મ
હુંપહે, અનેં જેલ ખાના મ નખાડહે, અનેં રાજા
અનેં અધિકારજ્ય નેં હામેં લેં જાહે 13 પુંણ ઈયે
તમારી હારું ગવાઈ આલવાનો મુંખો થાએં જાહે
14 એંતરે હારું પુંત પુંતાના મન મ નકી કરે મેંલો કે
હમું પેલ થકી જવાબ આલવા ની સિન્તા નેં કરજ્યે
15 કેંમકે હૂં તમનેં એંવો બુંલ અનેં બુદ્ધિ આલેં કે
તમારા બદા વિરુદી સામનો કે ખંડન નેં કરેં સકે
16 તમાર આઈ-બા, અનેં ભાઈ, અનેં કુટુમ, અનેં
દોસદાર હુંદા તમનેં હવાડહે, આંતક કે તમ મના
કેંનેંક નેં મરાવ દડહે 17 મારા નામ ને લેંદે બદ્ મનખ
તમ થકી વેર કરહે 18 પુંણ તમારા માથા નો એક
હુંદો વાળ વાકો હુંદો નેં થાએ 19 પુંતાના ધીરજ થી
તમું તમારા જીવ નેં વસાડહો 20 “ઝર તમું યરુશલેમ
નેં ફોજ થી ઘેરાએંલું ભાળો, તે જાણેં લેંજો કે હેંનું
ઉજડેં જાવું નજીક હે 21 તર ઝી યહૂદિયા મ વેહ
વેય ડુંગોર મ નાહેં જાએ; અનેં ઝી યરુશલેમ નેં
મએં વેહ વેય બારત નકળેં જાએ; અનેં ઝી ગામ મ
વેહ વેય હેંનમ નેં જાએ 22 કેંમકે ઈયા બદલો લેંવા
ના એંવા દાડા વેંહે, ઝેંનેંમ લખીલી બદ્દી વાતેં પૂરી
થાએં જાહે 23 હેંન દાડ મ ઝી બે જીવી અનેં દુદ
પાતી વેહે,હિન્યી હારું હાએ,હાએ! કેંમકે દેશ મ
મુટું દુઃખ અનેં એંન મનખ મ મુંટો પરકોપ પડહે
24 વેય તલવાર ની કુર થાએં જાહે, અનેં બદ્ દેશ ન
મનખ મ બંધણ થાએંનેં પોકાડવામ આવહે; અનેં
ઝર તક બીજી જાતિ નો ટાએંમ પુરો નેં થાએ, તર
તક યરુશલેમ બીજી જાતિ થી કસરવામ આવહે
25 દાડા,અનેં સાન,અનેં તાર મ નિશાની ભળાહે;
અનેં ધરતી ઈપેર દેશ-દેશ ન મનખ નેં તખલીબ
થાહે કેંમકે વેય દરજ્યા નેં ગાજવા અનેં ઝાબોળ
ની બકુર થી ઘબરાએં જાહે 26 સમક ની લેંદે અનેં
દુનિયા ઈપેર આવવા વાળી ઘટના ની વાટ ભાળત-
ભાળત મનખ ના જીવ મ જીવ નેં રેંહે, કેંમકે ગગન
ની તાકતેં હલાવામ આવહે 27 તર વેય મનખ ના
બેંટા નેં સામ્રત અનેં મુંટી મહિમા નેં હાતેં વાદળા
મ આવત ભાળહે 28 ઝર ઈયે વાતેં થાવા મંડહે,
તે હિદ થાઈનેં પુંતાન મુંણક ઈપેર કરજ્યો; કેંમકે
તમારો સુટકારો નજીક વેંહે ” 29 ઈશુવેં હેંન થી એક
દાખલો કેંદો : “અંજીર ના ઝાડ અનેં બીજ બદ્
ઝાડ નેં ભાળ્યુ 30 ઝેંમેંસ એંનમ કુંપેળેં નકળે હે,
તે તમું ભાળેંનેં પુંતેસ જાણેં લો હે ઉનાળો નજીક
હે 31 ઈવીસ રીતી ઝર તમું ઈયે વાતેં થાત ભાળો,
તર જાણ લો કે પરમેશ્વર નું રાજ્ય નજીક હે 32 હૂં
તમ થકી હાસ્સું કું હે કે ઝર તક ઈયે બદ્દી વાતેં નેં
થાએં લે, તર તક ઈની પીઢી નું કેંર એ નેં અંત થાહે
33 ગગન અનેં ધરતી ટળેં જાહે, પુંણ મારી વાતેં
કેંર યે નેં ટળહે 34 “એંતરે હારું સેંતેંન રો, એવું નેં
થાએં કે તમાર મન ખુમાર, અનેં સાકેંલું, અનેં એંના
જીવન ની સિન્તા થકી હુંવાળું થાએં જાએ, અનેં
વેયો દાડો તમ ઈપેર પાહ નેં જેંમ અપ-સુક નો
આવેં પડે 35 કેંમકે વેયો આખી ધરતી ન બદ્ રેંવા
વાળ ઈપેર ઈવીસ રીતી આવેં પડહે 36 એંતરે હારું
જાગત રો અનેં હંમેશા દુવા કરત રો કે તમું ઈની બદ્દી
આવવા વાળી મુસીબત થી બસવા અનેં મનખ ના
બેંટા નેં હામેં ઈબ થાવાનેં લાએંક બણો 37 ઈશુ દાડે
નો દેંવળ મ ભાષણ કરતો હેંતો, અનેં રાતેં બારત
જેતુન નામ ના ડુંન્ગોર ઈપેર રેં કરતો હેંતો ; 38 અનેં
હવેંર મ ફટ્ટક ન બદ્ મનખ ઈશુની હામળવા હારું
દેંવળ મ ઈશુ કનેં આવેં કરત હેંત

## 22

1 ખમીર વગર ની રુટી નો તેવાર ઝી ફસહ
કેંવાએ હે, નજીક હેંતો ; 2 અનેં મુખી
યાજક અનેં શાસ્ત્રી ઈની વાત ની ખોળી મ હેંતા
કે ઈસુનેં કેંકેંમ માર દડજ્યે, પુંણ વેયા મનખ થી

સમકતા હેંતા 3 તર શૈતાન યહૂદા મ ભરાયો, ઝી
ઈસ્કરિયોતી કેંવાતો અનેં બાર સેંલ મ ગણાતો
હેંતો 4 હેંને જાએંનેં મુખી યાજક અનેં સોકીદાર ન
અધિકારજ્ય હાતેં વાત સિત કરી કે ઈસુનેં કીવી
રીતી હેંન ના હાતેં હવાડાએ 5 વેયા ખુશ થાયા, અનેં
હેંનેં રૂપજ્યા આલવા ની વાત કરી 6 હેંને માન લેંદૂ,
અનેં મુંખો જુવા મંડ્યો કે ઝર ભીડ નેં વેહ તે ઈસુ
નેં હેંનન હાતેં હવાડ દેંવાએ 7 તર ખમીર વગર ની
રુટી નો તેવાર નો દાડો આયો, ઝેંનેંમ ફસહ નો
બુકડો ભુંગ કરવો જરૂરી હેંતો 8 ઈશુ વેં પતરસ અનેં
યૂહન્ના નેં એંમ કેંનેં મુકલ્યા : "જાએંનેં આપડે ખાવા
હારું ફસહ તિયાર કરો " 9 હેંનવેં ઈસુનેં પુસ્યું, "તું કાં
સાહે હે કે હમું હેંનેં તિયાર કરજ્યે " 10 ઈસુવેં હેંનનેં
કેંદૂ, "ભાળો, સેર મ ભરાત હાતેંસ એક માણસ પાણેં
નો ઘડો તુકેંલો તમનેં મળહે; ઝેંના ઘેર મ વેયો જાએ
તમું હેંનેં વાહેડ જાતા રેંજો , 11 અનેં હેંના ઘેર ના
ધણી નેં કેંજો : 'ગરુ તનેં થી કે હે કે વેયે રૂકાવાની
જગ્યા કાં હે ઝેંનેંમ હું માર સેંલ નેં ફસહ ખું ?'
12 વેયો તમનેં હણગારેંલી મુંટી મેઢી વતાડ દેંહે ;
વેંહાંસ તિયારી કરજો 13 હેંનવેં જાએંનેં, ઝેંવું ઈસુવેં
હેંનનેં કેંદૂ હેંતું, વેંવુંસ ભાળ્યું અનેં ફસહ તિયાર કર્યું
14 ઝર વખત આવેં પોતી, તે ઈસુ સેંલ નેં હાતેં
ખાવાનું ખાવા બેંઠો 15 અનેં ઈસુવેં હેંનન કેંદૂ,"મનેં
મુંટી લાગણી હીતી કે દુઃખ ભુંગવવા થી પેલ ઈયુ
ફસહ તમારી હાતેં ખું 16 કેંમકે હૂં તમ થી કું હે કે ઝર
તક વેયું પરમેશ્વર ના રાજ્ય મ પૂરું ને થાએ તા હુદો
હું કેરા ય ની ખઈ 17 તર ઈશુવે વાટકો લેને ધન્યવાદ
આલું અને કિદુ, "ઈની લો અને એક બીજામ વાટે
લો 18 કેમકે હું તમ થકી કુ હે કે ઝા હુદું પરમેશ્વરનું
રાજ ની આવે તા હુદો હું દ્રાક્ષ નો રસ કેરયે ની
પીયી " 19 ફેર એને રૂટો લીદો,અને ધન્યવાદ કેને
તુડો, અને એનન ઈમ કેત જાયને આલી : મારી
યાદગીરી હારું આસ કરી કરો " 20 ઈવીસ રીતી
થકી ઈશુવી ખાવા બાદ વાટકો હુદો આ કેતે જાઈને
આલ્યો, "આ વાટકો મારા ઈના લુઈમ ઝી તમારા
હારું વહાડવામ આવે હે નવી વાસા હે 21 પૂણ
ભાળો, મન હવાડ્વવાળા નો હાથ મારા હાતે ટેબલ
ઈપેર હે 22 કેમકે મનખ નો બીટો તે ઝીવું ઈની હારું
ઠરાવવામ આવેસ હે, પુણ હાય ઈના મનખ ઉપર
ઝીની દવારા વયો હવાડવામ આવે હે!" 23 તર વયા
એક બીજામ પુસ્તાસ કરવા લાગ્યા કે અમારામ મહો
કુણ હે, ઝઝી આ કામ કરહે 24 હેંનમ ઈયે બબાલ
થાઈ કે હેંન મનો કુંણ મુંટો હમજવામ આવે હે
25 ઈસુવેં હેંનન કેંદૂ, "બીજી જાતિ ના રાજા હેંન
ઈપેર રાજ કરે હે; અનેં ઝી હેંન ઈપેર અધિકાર રાખે
હે, કેંવાએં હે 26 પુંણ તમુ હેંવા નેં થાતા વેહ; પુંણ
ઝી તમારા મ મુંટો હે, વેયો નાના નેં જેંમ અનેં
ઝી મુખી હે, વેયો સેંવક નેં જેંમ બણે 27 કેંમકે મુટું
કુંણ હે, વેયો ઝી ખાવા હારું બેંથો હે, કે વેયો ઝી
સેંવા કરે હે ? હું વેયો નહેં ઝી ખાવા હારું બેંઠો
હે ? પું હું તમારી વસમ સેંવક નેં જેંમ હે 28 "તમું
વેયા હે, ઝી મારી પરિક્ષા મ હમેશા મારી હાતેં રિયા
; 29 અનેં ઝેંમ મારે બાપેં મારી હારું એક રાજ્ય
મારી હારું રાખ્યું હે, વેંમેંસ હૂં હુદો તમારી હારું
રાખું હે , 30 એંતરે કે તમુ મારા રાજ્ય મ મારા
ટેબલ ઈપેર ખો-પીયો હેંતરૂસ નેં રાજ ગદ્દી ઈપેર
બેંહેં નેં ઈસ્રાએંલ ના બાર ઘરાણા નો નિયા કરો
31 "શમોન, હે શમોન ! ભાળ શૈતાનેં તમ નેં માંગ
લેંદા હે કે ગુંવ ની જેંમ ફટકે , 32 પુંણ મેંહ તારી
હારું અરજ કરી કે તારો વિસ્વાસ જાતો નેં રે, અનેં
ઝર તું ફરે, તે આપડ ભાજ્ય નેં મજબુત કરજ્યે
" 33 પતરસેં ઈસુનેં કેંદૂ, "હેં પ્રભુ, હું તારી હારું
જેલ ખાનામસ નેં પુંણ મરવા હારું હુંદો તિયાર હે
" 34 ઈસુવેં કેંદૂ, "હે પતરસ, હૂં તનેં કુ હે કે આજે
કુકડા નેં બુલે તર તક તું તાણ વાર મારો નકાર નેં
કરેં લે કે તું મનેં નહેં જાણતો " 35 ફેંર ઈસુવેં હેંનનેં
કેંદૂ,"ઝર મેંહ તમનેં પાગીટ, અનેં ઝુળી, અનેં કાહડ
વગર મુંકલ્યા હેંતા, તે હું તમનેં કઈનેંક વાત ની કમી
થાઈ હિતી ?" હેંનવેં કેંદૂ, કઈનેંસ વાત ની નહેં
36 ઈસુવેં હેંનન કેંદૂ, "પુંણ હાવું ઝેંનેં કન પાગીટ
વેહ વેયો હેંનેં લેં લે અનેં વેંમેંસ ઝુળી હુદી, અનેં
ઝેંનેં કન તલુંવાર નેં વેહ વેયો પુંતાન સિસર વેંસેંનેં
એક વેંસાતી લેં લે 37 કેંમકેં હૂં તમ થી કું હે, કે આ ઝી
લખ્યું હે : 'વેયો ગુનેંગાર નેં હાતેં ગણવામ આયો,'
હેંનું મારા મ પુરુંથાવું જરૂરી હે ;કેંમકે મારા બારા
મ લખેંલી વાતેં પુરી થાવામ હે 38 હેંનવેં કેંદૂ, "હે
પ્રભુ, ભાળ, આં બે તાલુંવારેં હે " ઈસુવેં હેંનનેં કેંદૂ,
"ઘણી હે " 39 તર ઈસુ બારત નકળેંનેં ઈની રીત નેં
પરમણેં ડુંગોર ઈપેર જ્યો,અનેં સેંલા ઈસુ નેં વાહેડ
થાએં જ્યા 40 હીની જગ્યા પોતેંનેં ઈસુવેં હેંનન
કેંદૂ, "દુવા કરો કે તમુ પરિક્ષા મ નેં પડો " 41 અનેં
ઈસુ પુંતે હેંન થી અલગ એક ઢળજ્યું ફેંકે એંતરો
સીટી જ્યો, ઢેંસુંણ માંડિનેં દુવા કરવા મંડ્યો , 42 "હે
બા, અગર તું સાહે તે એંના વાટકા નેં મારી કન હો
હરકાવ લે, તે હુંદો મારી નહેં પુંણ તારીસ મરજી પુરી
થાએ " 43 તર હરગ મહો એક દૂત હેંનેં ભળાયો ઝી
હેંનેં સામ્રત આલતો હેંતો 44 વેયો એક દમ દુઃખ મ
ઘબરાએં નેં વદાર દિલ દુઃખ મ દુવા કરવા મંડ્યો;
અનેં ઈસુ નો પરેંહો માનો લુઈ ના મુંટા-મુંટા સાટ
નેં જેંમ ધરતી ઈપેર પડતા હેંતા 45 તર ઈસુ દુવા
મ હો ઉઠ્યો અનેં પુંતાન સેંલ કનેં આવેંનેં હેંનનેં
દુઃખી થાએંનેહુંતેંલા ભાળ્યા 46 અનેં હેંનનેં કેંદૂ,

“હુંકા હુવો હે ? ઉઠો દુવા કરો કે પરિક્ષણ મ નેં પડો
” 47 ઈસુ એંમ કેંસ રિયો હેંતો કે એક ટુળો આયો,
અનેં હેંન બાર મનો એક ઝેંનું નામ યહૂદા હેંતું હેંનન
અગ્યેડ-અગ્યેડ આવતો હેંતો વેયો ઈશુ કનેં આયો કે
હેંનેં બુંખેં દે 48 ઈસુવેં હેંનેં કેંદૂ, “હે યહૂદા, હું તું બુંખેં
દેંનેં મનખ ના બેંટા નેં હવાડે હે 49 ઈસુ ન હાત
વાળેં ઝર ભાળ્યું કે હું થાવાનું હે, તે કેંદૂ, “હે પ્રભુ,
હું હમું તલુવાર સલાડજ્યે ?” 50 અનેં હેંન મનેં
એકેં મુંટા યાજક ના નોકર ઈપેર તલુવાર સલાડેંનેં
હેંનો જમણો કાન્દડો કાપેં દઢ્યો 51 હેંનેં લેંદે ઈસુવેં
કેંદૂ, “હાવું રેંવા દો ” અનેં હેંનો કાંદડો અડેંનેં હેંનેં
અસલ કરયો 52 તર ઈસુવેં મુંખી યાજક અનેં દેંવોળ
ના સોકીદાર ન અધિકારજ્ય અનેં વડીલ થી ઝી
હેંનેં હારું ટુટેં વળયા હેંતા, કેંદૂ, “હું તમું મનેં ડાકૂ
જાણેંનેં તલુંવારેં અનેં લાખડજ્યી લેંનેં નકળયા હે ?
53 ઝર હું દેંવળ મ દર રુજ તમારી હાતેં હેંતો,તે તમેં
મારી ઈપેર હાત નેં નાખ્યો;પુંણ આ તમારી વખ હે,
અનેં ઈન્દારા નો અધિકાર હે ” 54 ફેંર વેયા ઈસુ નેં
હાએંનેં લેં જ્યા, અનેં મુંટા યાજક ના ઘેર મ લાયા
પતરસ સીટી-સીટી હેંનન વાહેં વાહે સાલતો હેંતો
; 55 અનેં ઝર વેયા આંગણા મ આગ હળગાવેંનેં
ભેંગા બેંઠા, તે પતરસ હુંદો હેંનન વસમ બેંહેંજ્યો
56 તર એક નોકરણી પતરસ નેં આગ ના ઈજવાળા
મ બેંઠેંલો ભાળેંનેં અનેં હેંનેં મએં તાકેંનેં કેંવા મંડી,
“ઈયો હુંદો તે હેંનેં હાતેં હેંતો ” 57 પુંણ પતરસેં એંમ
કેંનેં નકાર કર્યો, “હે નારી, હું હેંનેં નહેં જાણતો ”
58 થુંડીક વાર પસી કઈનેક બીજે હેંનેં ભાળેંનેં કેંદૂ,
“તું હુંદો તે હેંન મનોસ હે ” પતરસેં કેંદૂ,“હે માણસ,
હું નહેં જાણતો ” 59 કઈક કલાક પસેં એક બીજો
માણસ કડક પડેંનેં કેંવા મંડ્યો, “પાક્કું ઈયો હુંદો તે
હેંનેં હાતેં હેંતો, કેંમકે ઈયો ગલીલી હે ” 60 પતરસેં
કેંદૂ, “હે માણસ હું નહેં જાણતો કે તું હું કે હે !”
પતરસ કેંસ રિયો હેંતો કે તરત કુકડો બુલ્યો 61 તર
પ્રભુવેં ફરેંનેં પતરસ મએં ભાળ્યું, અનેં પતરસ નેં
પ્રભુ ની વેયે વાત ઈયાદ આવી ઝી હેંનેં કીદી હિતી
: “આજે કુકડા નેં બુલ્યા પેલ, તું તાણ વાર મારો
નકાર કરહે ” 62 અનેં પતરસ બારત નકળેંનેં ઢહુકે-
ઢહુકે ગાંગર્યો 63 ઝી માણસ ઈસુનેં હાદેંલો હેંતા,
વેયા ઈસુનેં મશ્કરી કરેંનેં મારવા મંડ્યા ; 64 અનેં
ઈસુ ની આંખે ટુપેં નેં ઈસુનેં પુસ્યું, “ભવિષ્યવાણી
કરેંનેં કરેંનેં વતાડ કે તનેં કેંનેં વાદુ ; 65 અનેં હેંનવેં
ઘણી બદી બીજી હુંદી નિંદા ની વાતેં ઈસુ ના વિરૂદ
મ કીદી 66 ‘ઝર દાડો ઉગ્યો તે મનખ ના વડીલ અનેં
મુખી યાજક અનેં શાસ્ત્રી ભેંગા થાયા, અનેં ઈસુનેં
એંનની મુંટી સભા મ લાવેંનેં પુસ્યું , 67 “અગર તું
મસીહ હે, તે હમનેં કેં દે !”ઈસુવેં હેંનનેં કેંદૂ, “અગર
હું તમનેં કું, તે તમું વિસ્વાસ નેં કરહો, 68 અનેં અગર
પુસું, તે જવાબ નેં આલહો 69 પુંણ હાવું થી મનખ
નો બેંટો બદ્ કરત તાકતવર પરમેશ્વર ની જમણી
બાજુ બેંહેં રેંહે ” 70 એંનેં ઈપેર બદ્વેં કેંદૂ, “તે હું તું
પરમેશ્વર નો બેંટો હે ?” ઈસુવેં હેંનેં કેંદૂ, “તમું પુતેસ
કો હે,કેંમકે હું હેં ” 71 તર હેંનવેં કેંદૂ, “હાવું આપડે
પુરાવા ની હું જરૂર હે ; કેંમકે આપએં પુતેસ હામળેં
લેંદૂ હે ”

23 1 તર આખી સભા ઉઠેં નેં ઈસુનેં પીલાતુસ
કનેં લી ગઈ 2 વેયા એંમ કે નેં ઈસુ ઈપેર
દોસ લગાડવા મંડ્યા : “હમવેં એંનેં મનખ નેં
બહકાવત, અનેં કૈસર નેં વેરું આલવા થી ના કેંત,
અનેં પુતે-પુતાનેં મસીહ, રાજા કેંત હામળ્યું હેં ”
3 પિલાતુસેં ઈસુનેં પુસ્યું, “હું તું યહૂદિય નો રાજા હે
?”ઈસુવેં હેંનેં જવાબ આલ્યો, “તું પુંતેસ કે રિયો હે
” 4 તર પિલાતુસેં મુખી યાજક અનેં મનખ થી કેંદૂ,
“હું એંના માણસ મ કઈ દોસ નહેં મેંળવતો ” 5 પુંણ
વેય વદાર કઠુંરતા થી કેંવા મંડ્ય, ઈયો ગલીલ થી લેં
નેં આં તક, આખા યહૂદિયા મ ભાષણ આ લેં આલેં
નેં મનખ નેં ભડકાવે હે ” 6 ઈયુ હામળેંનેં પીલાતુંસેં
પુસ્યું, “હું આ માણસ ગલીલી હે ?” 7 અનેં ઈયુ
જાણેંનેં કે ઈયો હેરોદેસ ની રિયાસત નો હે, હેંનેં
હેરોદેસ કનેં મુંકલેં દેંદો, કેંમકે હેંન દાડ મ વેયો
હુંદો યરુશલેમ મ હેંતો 8 હેરોદેસ ઈસુનેં ભાળેંનેં
ઘણોસ ખુશ થાયો, કેંમકે વેયો ઘણ દાડ થકી ઈસુ
નેં ભાળવા સાહતો હેંતો; એં તરેં હારું કે ઈસુ ના
બારામ હામળ્યુ હેંતું, અનેં ઈસુ થી કઈક સમત્કાર
ભાળવાની આશા રાખતો હેંતો 9 વેયો હેંનેં ઘણી
બદી વાતેં પુસતો રિયો, પુંણ ઈસુવેં હેંનેં કઈસ નેં
જવાબ આલ્યો 10 મુખી યાજક અનેં શાસ્ત્રી ઈબા
રેંનેં તન મન થી ઈસુ ઈપેર દોસ લગાડતા રિયા
11 તર હેરોદેસેં પુંતાન સપાજ્ય નેં હાતેં ઈસુ નું
અપમાન કરેંનેં ઠઠ્ઠ મ ઉડાડ્યુ, અનેં કકલત સિસર
પેરા વેંનેં ઈસુનેં પિલાતુસ કનેં મુંકલેં દેંદો 12 હેંનેસ
દાડે પિલાતુસ અનેં હેરોદેસ દોસદાર બણેં જ્યા;
હેંનેં પેલ વેયા એક બીજા ના વેરી હેંતા 13 પિલાતુસેં
મુખી યાજક અનેં અધિકારજ્ય અનેં મનખ નેં
બુંલાવેંનેં હેંનનેં કેંદૂ , 14 “તમું એંના માણસ નેં
મનખ નો બહકાવા વાળો બણાવેંનેં મારી કનેં લાય
હે, અનેં ભાળો, મેંહ તામારી હામેં ઈની જાંસ કરી,
પુંણ ઝીની વાત નો તમું એંનેં ઈપેર દોસ લગાડત હે
હીની વાત નાં બારામ મેંહ એંનામ કઈસ દોસ નહેં
ભાળ્યો ; 15 નેં હેરોદેસેં,કેંમકે હેંનેં એંનેં હમારી કનેં
મુકલેં દેંદો હે :અનેં ભાળો,હેંનેં થી એવું કઈસ નહેં
થાયું કે વેયો મોત ની સજા ની લાએંક બણાવામ
આવેં 16 એંતરે હારું હું એંનેં મરાવેંનેં સુંડ દૂ હે

" 17 [પીલાતુસ તેવાર ન દાડ મ હેંન હારું એક
જેલી નેં સોંડવામ મજબુર હેંતો] 18 તર બદ્ મળેંનેં
સિસાએં ઉઠ્ય, "એંનું કામ ખુંટાડ દે, અનેં હમારી
હારું બરઅબ્બા નેં સુંડ દે !" 19 વેયો કઈનાક હુંમલા
નેં લેંદેં ઝી સેર મ થાયો હેંતો, અનેં હત્યા નેં લેંદેં જેલ
મ નાખવામ આયો હેંતો- 20 પુંણ પિલાતુસેં ઈસુ નેં
સુંડવાની મરજી થી મનખ નેં ફેંર હમજાડ્ય , 21 પુંણ
હેંનવેં સિસાએંનેં કેંદૂ, "એંનેં ક્રુસ ઈપેર સડાવ, ક્રુસ
ઈપેર !" 22 હેંને તીજી વાર હેંનન કેંદૂ, "હુંકા, હેંને
કંઈની ભુન્ડાઈ કરી હે ? મેંહ હેંનમ મોત ની સજા
નેં લાએંક કઈ વાત નહેં મેંળવી એંતરે હારું હૂં એંનેં
મરાવેંનેં સુંડ દૂ હે " 23 પુંણ વેય સીસાએં-સીસાએંનેં
વાહે પડેં જ્ય કે કે વેયો ક્રુસ ઈપેર સડાવામ આવે,
અનેં હેંનનું સિસાવું માનવું પડ્યું 24 હાં નેં પિલાતુસેં
હુકમ કર્યું કે હેંનની અરજ નેં પરમણેં કરવામ આવે
25 પિલાતુસેં હેંના માણસ નેં ઝી હુમલા અનેં હત્યા
ને લેંદેં જેલ મ નાખવામ આયો હેંતો, અનેં ઝેંનેં વેય
માંગત હેંત, સુંડ દેંદો; અનેં ઈસુ નેં હેંનની મરજી
પરમનેં હુંપેં દેંદો 26 ઝર વેય ઈસુ નેં લેંનેં જાએં રિય
હેંત, તે હેંનવેં શમોન નામ નો એક કુરેની નેં ઝી ગામ
મ થી આવેં રિયો હેંતો, હાએંનેં હેંનેં ઈપેર ક્રુસ તુંકાડ
દેંદો કે હેંનેં ઈસુ નેં વાહે-વાહે લેં સાલે 27 મનખ નો
મુંટો ટુંળો હેંનેં વાહે થાઈ ગઈ અનેં હેંનમ ઘણી
બદી બજ્યેરેં હુંદી હિતી ઝી ઈસુ હારું સાતી કુટતી
અનેં કળાપ કરતી હિત્યી 28 ઈસુવેં હિન્યી મએં
વળેંનેં કેંદૂ, "હે યરુશલેમ ની બીટજ્યોં, મારી હારું
નહેં ગાંગરો; પુંણ પુંતાનેં અનેં પુંતાન બાળક હારું
ગાંગરો 29 કેંમકે ભાળો, વેયા દાડા આવે હે, ઝેંનમ
મનખ કેંહેં,'ધન્ય હે ઝી વાજ હે અનેં વેયે ખુ ઝી
નેં જણેં અનેં વેયે ધાજ્યી ઝેંનવેં દૂદ નહેં પાદૂ '
30 હેંના ટાએંમેં 'વેહ ડુંગર થી કેંવા મંડહે કે હમ
ઈપેર પડો, અનેં ટીલ થી કે હમનેં ઢાકેં લો ' 31 કેંમકે
ઝર વેય લીલા ઝાડ હાતેં એંવું કરે હે, તે હુકા હાતેં હું
કઈ નેં કરવામ આવહે ?" 32 વેય બીજ બે માણસ
નેં ઝી ખરાબ કામ કરવા વાળા હેંતા ઈસુ નેં હાતેં
માર દડવા હારું લેં સાલ્યા 33 ઝર વેયા હીની જગ્યા
ઝેંનેં ખુંપડી કે હે પત્યા, તે હેંનવેં ઈસુનેં અનેં હેંન બે
ખરાબ કામ કરવા વાળ નેં હુંદા, એક ને જમણી અનેં
બીજાનેં ડાબી બાજુ ક્રુસ ઈપેર સડાયા 34 તર ઈસુવેં
કેંદૂ, "હે બા, એંનનેં માફ કર, કેંમકે ઈય નહેં જાણત કે
હું કરેં રિય હે "અનેં હેંનવેં સિઠજ્યીનાખેંનેં ઈસુ ન
સિસર વાટ લેંદ 35 મનખ ઈબ-ઈબ ભાળેંરિય હેંત,
અનેં અગુવા હુંદા ઠઠ્ઠો કરેં કરેં નેં કેંતા હેંતા : એંને
બીજનેં વસાડ્ય, અ ગર ઈયો પરમેશ્વર નો મસીહ
હે, અનેં હેંનો પસંદ કરેંલો હે, તે પુંતે પુંતાનેં વસાડ
લે " 36 સપાઈ હુંદા નજીક આવેંનેં સિરકું આલેં નેં
ઈસુ નો ઠઠ્ઠો કરેંનેં કેંતા હેંતા , 37 "અગર તું યહૂદિય
નો રાજા હે, તે પુંતે-પુંતાનેં વસાડ !" 38 અનેં હેંનેં
ઈપેર એક દોસી બોડ હુંદો મેંલેંલો હેંતો : "ઈયો
યહૂદીય નો રાજા હે " 39 ઝી ખરાબ કામ કરવા
વાળા ટાંગવામ આયા હેંતા, હેંન મને એંકેં ઈસુની
નિંદા કરેંનેં કેંદૂ,"હું તું મસીહ નહેં ? તે ફેંર પુંતે અનેં
હમનેં વસાડ !" 40 હેંનેં ઈપેર બીજે હેંનેં વળગેંનેં
કેંદૂ,"હું તું પરમેશ્વર થી હુંદો નહેં સમકતો ?તું હુંદો તે
વેયેસ સજા ભુગવેં રિયો હે , 41 અનેં આપું તે નિયાય
પરમણેં સજા ભુગવેં રિયા હે,કેંમકે આપું આપડ કામ
નું ઠીક ફળ મેંળવેં રિયા હે પુંણ એંને કઈ ખરાબ કામ
નહેં કર્યું " 42 તર બીજે કેંદૂ, "હે ઈસુ ઝર તું તારા
રાજ્ય મ આવે, તે મારી હમાળ કરજે " 43 ઈસુવેં
હેંનેં કેંદૂ, "હૂં તનેં થકી હાસ્સું કુ હે કે આજેસ તું
મારી હાતેં હરગ મ વેંહેં " 44 લગબગ બફોર થી
હાંજના પોર તક આખા દેસ મ ઈન્દારું થાએંલું
રિયું , 45 દાડા નું ઈજવાળું જાતુરિયું, અનેં દેંવોળ
નો પડદો વસ મ હો ફાટેં જ્યો, 46 અનેં ઈસુવેં મુંટી
અવાજ થી સિસાએંનેં કેંદૂ,"હે બા,હૂં મારી આત્મા
તાર હાત મ હુપું હે "અનેં હેંમ કેં નેં જીવ સુંડ દેંદો
47 અગુવે, ઝી કઈ થાયું હેંતું ભાળેંનેં પરમેશ્વર ની
મોંટાઈ કરી, અનેં કેંદૂ,"પાકકું આ માણસ ધર્મી હેંતો
" 48 અનેં ભીડ ઝી ઈયુ ભાળવા હારુ ભીગી થાઈ
હિતી, એંના બણાવ નેં ભાળેંનેં સાતી કુટતી જાએંનેં
વળેં ગઈ 49 પુંણ એંન બદ્ વળખાણ વાળ, અનેં ઝી
બજ્યેરેં ગલીલ થી ઈસુ નેં હાતેં આવજ્યી હિતી,
સીટી ઈબી રેં નેં ઈયુ બદ્દુ ભાળેં રીજ્યી હિત્યી
50 વેહાં યૂસુફ નામ નો મુંટી સભા નો એક સભ્ય
હેંતો વેયો તાજો અનેં ધર્મી હેંતો 51 અનેં હેંનના
પલાન અનેં હેંનના એંના કામ થી ખુશ નેં હેંતો
વેયો યહૂદિયા ના સેર અરમતિયા નો રેંવા વાળો
અનેં પરમેશ્વર ની વાટ જુંવા વાળો હેંતો 52 હેંને
પિલાતુસ કનેં જાએંનેં ઈસુ ની લાશ માંગી ; 53 અનેં
હેંનેં ઉતારેંનેં નરમ સાદર મ ફુત્યો, અનેં એક કબર
મ મેંલ્યો, ઝી ભડભેટ મ ખણીલી હિતી; અનેં હેંનેં
મ કુઈ કેંર નેં મેંલવામ આયુ હેંતું 54 વેયો તિયારી નો
દાડો હેંતો, અનેં સપ્ત નો દાડો સરુ થાવાનો હેંતો
55 હીની બજ્યેર વેં ઝી ઈસુ નેં હાતેં ગલીલ થકી
આવજ્યી હિતી,વાહે વાહે જાએંનેં હીની કબર નેં
ભાળી, અનેં ઈયુ હુંદુ કે લાશ કીવી રિતી થી મેંલવામ
આવી હે 56 તર હેંનવેં પાસી આવેંનેં અસલ ગંદાવા
વાળી વસ્તુવેં અનેં અંતર તિયાર કર્યુ;આરાદના નેં
દાડે હિન્ વેં આજ્ઞા નેં પરમણેં આરામ કરયો

24 1 પૂણ હપ્તાને પેલે દાડે કેરની ફટકની
વયે એની તાજી ગંધ વાળી વસ્તુવને ઝી
એનવે તીયાર કરી એતી, લેની કબર ઉપર આવાજી

2 એનવે ભાટાને કબર ઉપર થકી ગગડીલો મળો
3 પૂણ મઈ જાએને પ્રભુ ઈશુનું મડદું ની મળું 4 ઝર
વયે તીની વાત થકી ખમ્મ્ખાઈ રી એતી તે ભાળો,બે
માણસ ભભળત સીસર પીરીલ એત એન કને
આવેને ઈબા રી જ્યાં 5 ઝર વેયે સમકી ગજ્યી
અને જમીન મઈ મોડું લબડાવતી એત્જી તે એનવે
એનથકી કીદુ, “તમુ જીવતાને મારીલમ કેમ જુવો
હે’’ 6 વયો આં નહી, પુણ જીવી ઉઠો હે, યાદ કરો
કે એને ગલીલમાં રીતે હેતો તર તમ થકી કીદુ હેતું
, 7 ‘જરૂરી હે કે મનખ નો બેંટો પાપિય નેં હાત
હવાડવામ આવે,અનેં ક્રૂસ ઈપેર સડાવામ આવેં,
અનેં તીજે દાડે જીવી ઉઠે’ ” 8 તર હેંનની વાતેં
હેંનન યાદ આવજ્યી , 9 અનેં કબર મહી વળેનેં
હિન્યીવેં હેંન અગ્યાર નેં, અનેં બીજ બદ્નેં, ઈયે
બદ્દી વાતેં કેં હમળાવજ્યી 10 ઝીનીવેં સેંલનેં ઈયે
વાતેં કીદી વેહ મરિયમ મગદલીની અનેં યોઅન્ના
અનેં યાકુબ ની આઈ મરિયમ અનેં હિન્ય હાત વાળી
બીજી હુદી બજ્યેરેં હિતી 11 પુંણ હિન્ય ની વાતેં
હેંનન વારતા જીવી જણાઇ, અનેં હેંનવેં હિન્ય ની
વાત ઈપેર વિશ્વાસ નેં કર્યો 12 તર પતરસ ઉઠેંનેં
કબરેં દોડેંનેં જ્યો, અનેં નમેંનેં ખાલી સિસર પડેંલ
ભાળ, અને ઝી થાયું એતું એન થકી વિસાર કરતો
જાઈને ઘેર જાતો રિયો 13 હેંનેસ દાડે હેંન મના બે
જણા ઈમ્માઉસ નામના એક ગામ મ જાએ રિયા
હેંતા,ઝી યરુશલેમ થી કઈક હાત મીલ સીટી હેંતું
14 વેયા ઈની બદ્દી વાત ઈપેર ઝી થાઈ હિતી, એક
બીજા હાતેં વાત સિત કરતા જાએં રિયા હેંતા ,
15 અનેં ઝર વેયા એક બીજા હાતેં વાત સીત અનેં
પુસ પરસ કરેં રિયા હેંતા,તે ઈસુ પુતે ટીકે આવેંનેં
હા તેં થાએં જ્યો 16 પુંણ હેંનની આંખેં ઈવી બંદ
કર દેંવામ આવી હિતી કે ઈસુનેં વળખેં નેં સક્યા
17 ઈસુવેં હેંનનેં પુસ્યું, “ઈયે હું વાતેં હે, ઝી તમું
સાલતા સાલતા એક બીજા હાતેં કરો હે ?” વેયા
ઉદાસ થાએંનેં ઈબા રેં જ્યા 18 ઈયુ હામળેંનેં હેંન
મના ક્લિયોપાસ નામનો એક આદમીવેં કેંદૂ,“હૂં તું
યરુશલેમ મ એંખલો પરદેસી હે ઝી નહેં જાણતો કે
એંન દાડ મ એંનમ હું હું થાયું હે ?” 19 ઈસુવેં હેંનન
પુસ્યું, “કંઈની વાતેં ?” હેંનવેં કેંદૂ, “ઈસુ નાસરી ના
બારામ ઝી પરમેશ્વર અનેં બદ્ મનખ નેં નજીક કામ
અનેં વસન મ સામ્રતી ભવિષ્યવક્તા હેંતો , 20 અનેં
મુખી યાજક અનેં અનેં હામાર અધિકારજ્યવેં હેંનેં
હવાડ દેંદો, કે હેંનેં ઈપેર મોત ની સજા આલવામ
આવે ;અનેં હેંનેં ક્રૂસ ઈપેર સડાવાડયો 21 પુંણ હમનેં
આસા હિતી કે ઈયોસ ઇસ્રાએલ નેં સુટકારો આલહે
ઈની બદ્દી વાત નેં સિવાય એંના બણાવ નેં થાયે
તીજો દાડો હે , 22 અનેં હમ મની કઈક બજ્યેરએ
હુંદા હમનેં વીસાર મ નાખેં દેંદા હે, હવેંરમ કબરેં
આવજ્યી હિત્યી 23 અનેં ઝર હીની લાશ નેં મળી
તે એંમ કીતી જાએંનેં આવજ્યી કે હમવેં હરગ દૂત
થી દર્શન ભાળું હે ઝેંનવેં કેંદૂ, હે કે વેયો જીવતો
હે 24 તર હમાર હાત વાળ મના કેંતરાક કબર ઈપેર
જ્યા, અનેં ઝેંવું બજ્યેરએ કેંદૂ, હેંતું વેવુસ મળુ; પુંણ
હેંનેં નેં ભાળ્યો ” 25 તર ઈસુવેં હેંનનેં કેંદૂ, “હે બુદ્દિધ
વગર નોં, અનેં ભવિષ્યવક્તાવ ની બદ્દી વાત ઈપેર
વિસ્વાસ કરવામ મંદમાંતિયોં ! 26 હું જરૂરી નેં હેંતું કે
મસીહ ઈય દુઃખ વેંઠેં નેં પુંતાની મહિમા મ ભારાએ
? 27 તર એને મુસા થકી અને બદ્ ભવિષ્યવક્ત થકી
સરુવાત કરેને આખા પવિત્રસાસ્તર મહુ પૂતના
બારામ લખીલી વાતનું મતલબ, એનને હમજાડ
દિદુ 28 હેતરામ વેય તેના ગામને ટેક પુગ્ય ઝા વય
જાએ રીય એત, અને એનના ઢંગ થકી ઈવું જાણ
પડું કે વયો આગેડ વદવા સાહે હે 29 પૂણ એનવે
આ કેને એને રુક્યો, “હમાર હાતે રે, કેમકે હાંજ
પડી ગઈ અને દાડો હાવું ઘણો નમી જ્યો હે’’તર
ઈશુ એનને હાતે એવા હારું મઈ જ્યો 30 ઝર ઈશુ
હેનને હાતે ખાવાનું ખાવા બેઠો, તે એને રોટો
લેને ધન્યવાદ આલુ અને હેને તુડેને એનને આલવા
મંડ્યો ‘ 31 તર એનને આખે ખોલાઈ ગજ્યી; અને
એનવે ઈશુની વળખી લેદો, અને ઈશુ એનની આંખ
થકી હતાઈજ્યા 32 એનવે એક બીજામ કીદુ, “ઝર
વયો વાટમ હમ થકી વાતી કરતો એતો તે હું આપડા
મનમ ખુસી ની પેદા થા? 33 વેય તીનીસ ઘડ્જ્યી
ઉઠેને યરુશલેમમ નાહી જય, અને તેના અગ્યારને
અને એનના હાત વાળ ને ભેગ મળ 34 વેય કેત
હેત, “પ્રભુ હાસો જીવી ઉઠો હે, શમોન ને ભળાયું
હે 35 તર એનવે વાટની વાતી એનને વતાડ દીદી
અને આ હુદુ કે એનવે ઈશુને રોટો તુંડ્વાના ટાઈમે
કીકીમ વળખો 36 વેય ત્યે વાતી કરીસ રીય એત કે
ઈશુ પુતેસ એનના વસવા આવીન ઈબો થાઈ જ્યો,
અને એન થકી કેદૂ, તમને સાંતી મળે,’’ 37 પૂણ
વેય ઘભરાઈ જ્ય અને સમકી જ્ય, અને હમજ
કે હામું કંઈનાક ભૂત ને ભાળી રીય હે 38 ઈશુવે
એનને કીદુ, “કેમ? અને તમારા મનમ સક કેમ
આવે હે? 39 મારા હાત અને પોગને ભાળો કે
હું વેયોસ હું, મને અડીની ભાળ, કેમકે આત્માની
હટકજ્યીની માં નહી આવતું ઝીવું મારામ ભાળો
હે’’ 40 હેમ કેને ઈશુવી એનને પૂતના હાત પોગ
વતાડ્યા 41 ઝર ખુશીના માર એનને વિસ્વાસ ની
થાઓ, અને વેય વીસાર કરત હેત, તે ઈશુવી એનને
પુસ્યું, હું આં તમ કને કઈક ખાવેનું હે? 42 એનવે
ઈશુની તળીલી માસલી નો બટકો આલ્યો 43 ઈશુવી
લેને એનને હામે ખાદુ 44 ફેર ઈશુવે એન થકી કેદું,

“આ મારી ત્યે વાતી હે, ઝી મિ તમારી હાતી રેત
જઈને તમ થકી કીદી એતી જરૂરી હે કે ઝીતરી વાતી
મુસા ના નિયમ અને ભવિષ્યવક્ત અને ભજન
ની સોપડ્જ્યી મ મારા બારામ લખીલી હે, બદ્દી
પૂરી થાએ,'' 45 તર ઈશુવે પવિત્ર સાસ્તર ઉલાવ્વા
હારું એનની હમજ ખોલ દીદી, 46 અને એન થકી
કેદું, “એમ લખીલું હે કે મસીહ દુઃખ ઉઠાવહે,
અને તાણમેં દાડે મરીલ મહો જીવી ઉઠી 47 અને
યરુશલેમ થકી લેને બદ્દી જાતીયમ મન ફીરવવાનો
અને પાપના ની માફી નો પ્રસાર, એનસ થકિસ
કરવામ આવહે, 48 તમુ ઈની બદ્દી વાતના ગવાહ
હે, 49 અને ભાળો, ઝીનો વાઈદો માર બાપે કરો હે,
હું હેને તમાર ઉપર ઉતારે અને ઝા હુદુ હરગ થકી
સામરત ની મીળવો, તા હુદ તમુ એનાસ સેરમ ઠરી
રીજો,'' 50 તર ઈશુ એનને બેતનીયા હુદો બારત લી
જ્યો, અને પુતાનો હાત ઉસો કરીને એનન આશીષ
આલી 51 અને એનને આસીસ આલત જાએને ઈશુ
એન થકી અલગ થાઈ જ્યો અને હરગમ ઉઠાવ
લિવામ આયો, 52 તર વેયા ઈશુને પોગ પડીને મુટી
ખુશી થકી યારુસલેમમ પાસા જાતા ર્યા, 53 અને
વેય લાગ્ધર દેવોળમ હાજર થાઈને પરમેશ્વર ની
આરાધના કરી કરત એત

# JOHN

## યોહાન

1 [1] આદિ મ વસન હેંતું, અનેં વસન પરમેશ્વર ને
હાતે હેંતું, અનેં વસન પરમેશ્વર હેંતો [2] ઈયુંસ
આદિ મ પરમેશ્વર ને હાતે હેંતું [3] બદુસ હેંને દુવારા
ઉપા થાયું, અનેં જે કઈ ઉપા થાયું હે હેંન મહીં
કઈ બી વસ્તુ હેંને વગર ઉપા નહીં થાયું [4] હેંનમ
જીવન હેંતું અનેં વેયું જીવન મનખ નુ ઈજવાળું હેંતું
[5] ઈજવાળું ઈન્દારા મ ભભળે હે, અનેં ઈન્દારે હેંને
ગરહણ ને કરું [6] એંક માણસ પરમેશ્વર ને તરફથી
આંવેન અજર થાએંયો ઝેનું નામ યૂહન્ના હેંતું [7] વેયો
ગવાહી આંલવા આયો કે ઈજવાળા ની ગવાહી
આલે એંતરે કે બદ હેંને દુવારા વિશ્વાસ લાવે [8] વેયો
પુતે વેયો ઈજવાળું ને હેંતો, પૂંણ હેંના ઈજવાળા ની
ગવાહી આલવા હારું આયો હેંતો [9] હાસું ઈજવાળું
ઝે હર એંક મનખ ને ઈઅજવાળું કરે હેં જગત મ
આંવા વાળી હેંતી [10] વયો જગત મ હેંતો, અનેં
જગત હેંનેં લેદે પેદાથાયું, અનેં જગત હેનેં નહી વળ
ખુ [11] વયો પોતાને ઘેર આયો અનેં હેંને પોતે ગ્રહણ
નહીં કરેં [12] પૂણ જેતરવે યીશુ ન જરહણ કરોં,યીશુ
વે હેંનન પરમેશ્વર ન બેટા બીટી થાવાનો અધિકાર
આલ્યોં,પૂણ હેંય જે યીશુ ન નામ વિશવાસ રાખેં
હે [13] વે ના લુઈ થકી ,ને શરીર ની ઈસાં થકિને
મનખ ની ઈસા થકિ,પૂણ પરમેશ્વ વર થકિ પેદા
થાય હે [14] અનેં વસન શરીર રુપ થાયું;અનેં અનુગ્રહ
અનેં હાંસ થકી પૂરા પૂરી થાઑન હમારા વસમ ડેરો
કર્યો ,અનેં હાંમે હેંની એવી મહિમા ભાળી,જેવી
બાની એક નો એક ની મહિમા [15] યહૂના વે હેંન
બારામ ગવાહી આલી,અનેં પોકાર પાંડેન કેંદૂ, “આ
વયો હે,જેનું હાંમેં વતાડું કે ઝે મારે વાહેડ આવે હે
,વેયો માર થકી વદેન હે કેમકે વેયો માર કરત પેલો
હેંતો [16] કેમકે હેંની ભરપુરી મહો આપે બદવે લેદુ
હેં અનેં અનુગ્રહ પર અનુગ્રહ [17] એતરે કે નિયમ
તે મૂસા ને લેદે આલવામ આવું હે,પૂણ અનુગ્રહ
અનેં હાંસ યીશુ મસીહ ને લેદે પોક્યું હેં [18] પરમેશ્વર
ને કેનેસ નહીં અનેં કેંર્ નહીં ભાળ્યો,એક નો એક
બેટો ઝે બાની ખો ળામ હેં, હેંને હેંન પ્રગટ કર્યો
[19] યહોના ની ગવાહી આ હે ,કે ઝર યહૂદિયોં અનેં
યરુશલેમ થકી યાજક અનેં લેવયોં ન હેંનન આ
પુસવા હાંરુ મુક્લો, “ તૂ કોંણ હેં?” [20] તે હેંને
આ માન લેદુ અનેં નકારું નહીં,પૂણ માને લેદુ, “હૂં
મસીહ નહીંહુ” [21] તર હેંનવે હેંન પુંસ, “તે ફેર કોણ
હેં? હુ તૂ એલીય્યાહ હેં?”હેંને કેંદૂ, “હૂં નહીં હુ
”તે હુ તુમ વેયો ભવિષ્યવ્દ્કતા હે?” હેંને જવાબ
આલોં, “નહીં” [22] તર હેંનવે હેંન પુંસ, ફરે તમુ કોણ
હે ?તરકે હાંમુ હાંમન મુકલવા વાળા ને જવાબ
આલ્જે તુ પોતાના બારામ હુ કે હે? [23] હેંને કેંદૂ,
“ઝેવું યશાયાહ ભવિષ્યવ્દ્કતા વે કેંદૂ હે:હૂં જંગલ મ
એક પોકારવા વાળા નો એક શબ્દ હુ કે તમુ પ્રભુ નો
રાસ્તો હીંદો કરો [24] વેયા ફરીસીયોં ને થકી મોકલ
વામ આયો હેંતો [25] હેંનવે હેંન આ સવાલ પુસ્યો,
“અગર તૂ નહીં મસીહ હે, અનેં નહીં એલીય્યાહ,
અનેં નહીં વેયો ભવિષ્યવક્તા હે, તે ફેર બપતિસ્મા
હુ કા આલે હેં? [26] યુહના વે હેંને જવાબ આલો,
“હૂં તે પાણે થકી બપતિસ્મા આલું હેં, પૂણ તમારે
વસંમ એક માણસ ઈબો હેં ઝેને તમુ નહીં જાણત
[27] અનેં માર બાદ આવા વાળો હેં, ઝેના બુટ નુ
નાડુ ખોલવા નો લાયક નહીં” [28] આ વાતે યરદન
ને પાર બેતનિય્યાહ મ થાઈ,ઝાં યુહના બપતિસ્મા
આતો હેંતો [29] બીજે દાડે હેંને યીશુ ને પોતાને
હાંમે આવત ભાળે ન કેંદૂ, “ભાળો, આ પરમેશ્વ
રનો મેમ્ના હે ઝે જગતનો પાપ ઉઠાવ લે જા હેં
[30] આ વેયો હે ઝેના બારામ હૂં કેતો હેંતો, ‘એક
માણસ મારે વાહે આવે હે ઝે માર થકી અસલ
હે, કેમકે વેયો માર થકી પેલ હેંતો’ [31] હૂં તે હેંને
વળખતો ને હેંતો, પૂણ એતરે હારું હૂં પાણે થકી
બપતિસ્મા આલતો જાએન આયો કે વેયો એસ્રાએલ
પર પ્રગટ થાએ જાએ” [32] અનેં યુહના ને આ ગવાહી
આલી: “હાંમેં આત્મા ને કબૂતર ને જેવું હરગ થકી
ઉતરત ભાળું ,અનેં વેયું હેંનેં ઈપેર ઠહરે જું [33] હાંમેં
તે હેંનેં વળખૂ ને હેંતું, પૂણ ઝેને મને પાણે થકી
બપતિસ્મા આલવા હારું મુક્લો,હેંને મને કેંદૂ, ‘ઝેને
ઈપેર તે આત્મા ને ઉતરત અનેં ઠહરત ભાળે,વેંય
પવિત્ર આત્મા થકી બપતિસ્મા આલવા વાળો હેં’
[34] અનેં હાંમે ભાળું,અનેં ગવાહી આલી હે આસ
પરમેશ્વર નો બેટો હેં” [35] બીજે દાડે યહુના અનેં
હેંન સેલ મહ બે જણા ઈબા થાયા હેંતા, [36] અનેં
હેંને યીશુ ઈપેર ઝી ઝાએરો હેંતો,ભાળે ન કેંદૂ ,
“ભાળો ,આ પરમેશ્વર નો બેંટો હેં” [37] તર વેયા બે
સેલા હેંની આ હાંમળેન યીશુ ને સલવા લાગેજ્યાં
[38] યીશુ વે ફરેન હેંને વાહે આવત ભાળો અનેં હેંનન
કેંદૂ, “તમુ કીનીક ખોળીમ હો ?”હેંનવે હેંનન કેંદૂ,

“હે ગુરૂ તૂ કારે હેં?” 39 હેંને હેંન કેંદૂ, “સાલો, તે
ભાળે લે હો” તર હેંનવે જાએન હેંની રેવાની જગ્યા
ભાળું, અનેં હેંને દાડે હેંન હાતે ર્યાઆ દસવોં ઘંટા
ને લગભગ હેંતા 40 હેંન બે મહો, ઝે યુહના ની
વાત હામળીન યીશુ ને વાહે સાલવા લાગ્યાં,એક
શમોન પતરસ નો ભાઈ અન્દ્રિયાસ હેંતો 41 હેંને
પેલ પોતાનો હગો ભાઈ શમોન થકી મળેન હેંને
કેંદૂ, “હાંમન ખ્રિસ્ત,એતરે મસીહ,મળે જો હેં”
42 વેયો હેંને યીશુ કન લાયાયીશુ વે હેંન ઈપેર ભાળે
કેંદૂ, “તૂ યૂહના નો બેટો શમોન હેં :તૂ કેફાં* કે
પતરસ* કેવા હી 43 બીજે દાડે યીશુ વે ગલીલ
જાવા હુરું સઈહુંવેયો ફિલિપ્પુસ થકી મળો અનેં
કેંદૂ, “મારે વાહે થાએજા” 44 ફિલિપ્પૂસ,અન્દ્રિયાસ
અનેં પતરસ ને સેર બેતસેદા નો નિવાસી હેંતો
45 ફિલિપ્પૂસ નતનએમ થકી મળો અનેં હેંને કેંદૂ,
“ઝેનું વર્ણન મૂસા ને નિયમ મ અનેં ભવિષ્યવ્દ્કતા
વો ને કરું હે,વેયો હાંમન મળે જો હે :વયો યૂસુફ
નો સોરો, યીશુ નાસરી હેં” 46 નતનએલ વે હેંન
કેંદૂ, “હુ કએક અસલ ની વસ્તુ હુદી નાસરત થકી
નકળે સકે હેં?” ફિલિપ્પુસ વે હેંનન કેંદૂ, “સાલેન
ભાળે લો” 47 યીશુ વે નતનએલ ને પોતાના હામે
આવત ભાળે હેંના બારામ કેંદૂ, “ભાળો,આ ખરે
ખર ઈસ્રાએલી હે: એનમ કપટ નહીં” 48 નતએલ
વે હેંને કેંદૂ, તૂ મનેં “આ થકી પેલ કે ફિલિપ્પુસ વે
તને બુલાયો,ઝર તૂ અંજીર ને ઝાડ ને નિષે હેંતો,
તર હાંમેં તને ભાળો હેંતો” 49 નતનએલ વે હેંને
જવાબ આલો, “હે ગુરુ,તૂ પરમેશ્વર નો બેટો હે;તૂ
ઈસ્રાએલ નો મહારાજા હેં” 50 યીશુ વે હેંને જવાબ
આલો, “હાંમેં ઝી તને કેંદૂ કે હાંમેં તને અંજીર ને ઝાડ
ને નિષે ભાળો, હુ તૂ એતરે હારું વિશ્વાસ કરે હે?તૂ
એન કરત મુંટ-મુંટ કામ ભાળ હેં” 51 ફેર હેંન કેંદૂ,
“હૂં તે તને હાસુ-હાસુ કું હેં કે તમુ હરગ ને ખુલાત
,અનેં પરમેશ્વર નો હરગ દૂતન ને મનખ નો બેટા
ને ઉપર ઉતરતે અનેં ઉપર જાત ભાળ હો”

2 1 ફેર તીજે દાડે ગલીલ ના કાના મ કેનુક લગન
હેંતું,અનેં યીશુ ની આઈ હુદી તાહેંતી 2 યીશુ
અનેં હેંન સેલન હુદ હેંના લગન મ તેડું હેંતું 3 ઝર
દાખરસ ઘટી જો,તે યીશુ ની માં વે હેંને કેંદૂ, “હેંન
કન દાખરસ નહીં રો” 4 યીશુ વે હેંને કેંદૂ “હે નારી
તારે માર થકી હુ કામ હે?હાંમળ મારો સમય નહીં
આ યો” 5 હેંની આઈજ્યે સેવકન કેંદૂ, “ઝે કઈ વેયો
તમને કેહે,વેયું સ કરજો” 6 તાં યહૂદીયોં ને સુધ્દ
કરવાની રીતિ ને અનુસાર ભાઠા ના સો માટલ
ધરે હેંત ઝેનમ બે-બે, તાણ-તાણ મુંણ હમાતુ હેંતુ
7 યીશું વે હેંનન કેંદૂ, “માટલ મ પાણી ભરે દો”
હેંન વે માટલ ફુલ ઝળકાવે ને ભર દેંદૂ 8 તર યીશુ
વે હેંનન કેંદૂ, “આવું કાડેન ખાવાના વાળા પ્રધાન
કન લેઆવો”અનેં વેયા લે આયા 9 ઝર ખાવાના
વાળે પ્રધાન વે વેયું પાણી શકું, ઝે દાખરસ બણે
જૂ હેંતું અનેં ને જાનતો હેંતો કે વેયું કાહૂ આયું
હેં[પૂણ ઝેને સેવોકે વે પાણે કાડુ હેંતું વેયા જાણતા
હેંતા] તે ખાવાનું ખાવાડ વાળો પ્રધાન વે ઑર ને
બોલાવે ન હેંનન કેંદૂ, 10 “હરેક એક માણસ પેલ
અસલ દાખરસ આલતા હેંતા, અનેં ઝર મનખ
પીંન સાકેલ થાએ જાએ,તર માપનું આલે હેં;પૂણ તે
અસલ નું દાખરસ આજું હુદુ મે લે રાખું હે” 11 યીશુ
વે ગલીલ ને કાના મ પોતાનો આ નિશાની *વતાડેન
પોતાની મહિમા પ્રગટ કરી અનેં યીશુ ના સેલવે યીશુ
ઈપેર વિશ્વાસ કરો 12 હેંન બાદ યીશુ અનેં ઈની માં
અનેં યીશુ નો ભાઈ અનેં યીશુ ના સેલા કફરનહુ મ
જ્ય અનેં તા કઈક દાડા ર્ય 13 યહૂદિયોં નો ફસહ
નો તેવાર*ટેકે હેંતો, અનેંયરુશલેમ જ્યો 14 યીશુ
વે મન્દિર મ ડાહાં,ગેંઠ અનેં કબૂતર વેસવા વાળ
અનેં વેપાર જન બેઠેલા મળ્યા 15 તર હેંને દુંહડ નો
કોડો બણા વે ન,બદસ ગેઠ ને અનેં ડાહાંન મન્દિર
થકી કાડે નાંખે,અનેં વેપારજીના પયસા વખેર દડયા
બાજટ ન ઉડલાવ દેદ, 16 અનેં કબૂતર વેસવા
વાળને કેંદૂ, “એનન આ થકી લે જોમારા બા નું
ઘેર વેપા ર ઝે નું ઘેર નહીં બણા વો” 17 તર હેંના
સેલન યાદ આયુ કે લખેલું હેં, “તારું ઘેર ની ધૂન મને
ખાએ જાહે” 18 એને ઈપેર યહૂદિયોં વે હેંન કેંદૂ, “તૂ
ઝે આ કરે હે તે હાંમન કએનું નિશાની વતાડે હેં?”
19 યીશુ વે હેંનન જવાબા આલો, “એના મન્દિર
ને ઢેળવે દો,અનેં હૂં એને તાણ દાડમ ઈબુ કરે દે”
20 યહુદીયો વે કેંદૂ “આ મન્દિર ને બણાવા મ સાળી
વરહ લાગ્ય હે,અને હું તું હેંને તાણ દાડામ ઈબૂ કર દે
હે 21 પૂણ હેંને પોતાના શરીલ ના મન્દિર ના બારમ
કેંદુ હેંતું 22 એતરે ઝર વેયો મરદ મહો ઝીવી હેંનન
સેલન યાદ આયું કે હેંને આ કેંદૂ હેંતું; અનેં હેંનવે
પવિત્ર શાસ્ત્ર અનેં હેંયુ વચન ની ઝી યીશુ વે કેંદૂ
હેંતું વિશ્વાસ કર્યો 23 ઝર યીશુ યરુશ્લેમ મ ફસહ ને
દાડે તેવર મા હેંતો, તર ઘણ વે હેંની નિશાણી ને ઝે
વેયા વતાડ તો ભાળે ન હેંનાનુ નામ ઈપેર વિશ્વાસ
કરયો 24 પૂણ યીશુ વે પુતાને પોતે હેંનન ભરુહા
ઈપેર નહી સુડો, કેમકે વેયો બદન જાણે તો હેંતો;
25 અનેં હેંને જરુર ને હેંતી કે માણસ ને બારામ
કઈક ગવાહી આલી,કેમકે વેયો પોતેસ જાણતો હેંતો
કે માણસ ના મનમા હું હે

3 1 ફરીસીયો મ નીકુદેમુસ નામ નો માણસ હેંતો,
ઝે યહુદીયોનો અધિકારી હેંતો 2 હેંને રાતે યીશુ
કન આવેન યીશુ કેંદૂ, “હે ગુરુ ,હાંમુ જાણજે હે
કે તુ પરમેશ્વર ની થકી ગુરુ આયો હે, કેમકે કૂઈક

આ નિશાણી ને ઝે તુ ભળા વે હે, અગર પરમેશ્વર
હેંને હાતે ને હેંતો નહી ભળા એ સકતો" 3 યીશુ
વે હેંને જવાબ આલ્યો, "હૂં તને હાસુ- હાસુ કુહે,
અગર ભાળે નહી સકતો" 4 નીકુદેમુસ ને હેંને કેંદૂ,
"મનખ ઝર ડુંહ થાએજા, તે કેંકેમ જન્મ લે સકે
હે?હુ વયો પોતાની આઈ ને ગરબ મ બીઝી વાર
ભરાએન જનમ લે સકે હે?"હુ વેયો પોતાની આઈ
ના પેટમાં બીજી વાર બારએન જનમ લે સકે હે?"
5 યીશુ વે જવાબ આલ્યો, "હૂં તને હાસુ હાસુ કુહે
,ઝર તક મનખ પાણે અનેં આત્મા થકી ને જનમે
તે વેય પરમેશ્વર ના રાજ મ ભરાયે ને નહી સકત
6 કેમકે જે શરીલ થકી જનમ હે, અનેં ઝે આત્મા
થકી જનમ હે, વેય આત્મા હે 7 નવાઈ નહી કરે
હામે તને કિદૂ,તને નવી રીતિ થકી જનમ લેવુ જરૂરી
હે' 8 અવા ઝેમની સાલે હે હીંમની સાલે હે અનેં
તુ હેંનો આવાજ હામળે હે,પૂણ નહી જાણત કે
વેયે કા થકી આવે અનેં કેમની જાએ હે?ઝે કુઈ
આત્મા થકી જનમે હે વે હેંવોસ હે" 9 નીકુદેમુસ
વે હેંને જવાબ આલ્યો, "વે વાતે કેંકેમ થાએ સકે
હે?" 10 આ હામળેન યીશુ વે હેંન કિદૂં, "તુ નહી
હમજતો? 11 હૂં તને હાસુ હાસુ કુહે કે હામું ઝી
જાણજેહે વેયું કે હે, અનેં ઝેને હામે ભાળો હે હેંની
ગવાહી આલ્જે હે,અનેં તમુ હામારી ગવાહી ગ્રહણ
નહી કરત 12 ઝર હામે તમ થકી ધરતી ની વાતે
કીદી અનેં તમુ વિશ્વાસ નહી કરત,તે અગર હૂં તમન
હરગ ની વાતે કૂ તે ફેર કેંકેમ વિશ્વાસ કરહો? 13 કુંઈ
હરગ ઈપેર નહી સ્ડયો,ખાલી વેયો ઝે હરગ થકી
ઉતરો,પૂણ મનખ નો બેટો ઝે હરગમા હે 14 અનેં
ઝેવી રીતી થકી મુસા વે જંગલ મ હાપ ને ઉંસે
સ્ડાયો, હેંની રીતિ થકી જરૂરી હે કે મનખ નો બેટા
હોદો ઉસે સડાવામ આવહે; 15 એતરે ઝે કુઈ હેંના
ઈપેર વિશ્વાસ કરહે વેય હમેસનું જીવન મેળવ હે
16 "કેમકે પરમેશ્વરે દુન્ય હાતેં એવો પ્રેમ રાખ્યો કે
હેંને પુંતાનો એક નો એક બેંટો આલ દેંદો, એંતરે કે
ઝી કુઈ હેંનેં ઈપેર વિશ્વાશ કરે વેયું નાશ નેં થાએ,
પુંણ હમેશા નું જીવન મેંળવે 17 પરમેશ્વરે પોતાના
બેટા ને જગતમાં એતરે હારુ નહી મુકલ્યો કે જગત
ઈપેર સજા નો હુકમ આલે,પૂણ એતરે હારું કે જગત
હેંને લેદે તારણ મેળવે 18 ઝે હેંને ઈપેર વિશ્વાસ
કરે હે,હેંને ઉપર સજા ની ઉકમ નહી થાએ,પૂણ
ઝે હેંના ઈપેરવિશ્વાસ નહી કરત,વેયો ગુનેગા થાઈ
સુકો;એતરે કે હેંને પરમેશ્વર એક નો એક બેટો ને
નામ ઈપેર વિશ્વાસ નહી કરો 19 અનેં સજા નું
ઉકમ નું કારણ આ હે કે ઈજવાળુ જગત મ આયું
હે,અનેં મનખ વે ઈન્દરાનેં ઈજવાળા કરત વધાર
વાળું જાણું કેમકે હેંનન કામ ખરાબ હેંત 20 કેમકે ઝે
કુઈ ભુન્ડાઈ કરે હે, વેય એજવાળા થકી વેર રાખે
હે, અનેં એજવાળા ને ટેકે નહી આવતો, એવું ને
થાએ કે હેંના કામ ઈપેર દોષ લગાડ વામ આવે
21 પૂણ ઝે હાસ ઈપેર સાલે હે,વયો એજવાળાન
ટેકે આવે હે,એતરે કે હેંન કામ ભાળાએ, કે વેયો
પરમેશ્વર ની તરફ થકી કરવામ આયું હે 22 હેંને પસી
યીશુ અનેં હેંના સેલા યહુદીયા દેશ મ આયા; અનેં
યીશુ તા હેંનને હાતે રેંન બપતીસ્મા આલ્વા મળ્યો
23 યહુના હોદો શાલેમ ને ટેંકે એનોન મ બપતીસ્મા
આલતો હેંતો, કેમકે તા ઘાણું પાણે હેંતુ, અનેં મનખ
આવેન બપતિસ્મા લેત હેંત 24 યહુના હેંના દાડમ
જેલખાના મ ને દડે લો હેંતો 25 તા યુહન્ના ના
સેલા ન કયનાક યહુદી ને હાતે સાફ ને બારામ
બોલા બાલ થાયુ 26 અનેં હેંનવે યૂહન્ના કન આવેન
યીશુ કેંદૂ, "હે માલીક,ઝે માણસ યરદન ને પેલે પાર
તારે હાતે હેંતો, અનેં ઝીની તમે ગવાહી આલી હે,
ભાળ, વેયો બપતીસ્મા આલે હે,અનેં બદસ હેંને કન
આવે હે" 27 યૂહન્ના વે જવાબ આલ્યો, "ઝર તક
મનખ ને હરગ થકી ને આલવામ આવે,તર તક વેયો
કઈયે ને પામે સકે 28 તમુ તે પોતેસ મારા પુરાવો
હે કે હામે કેંદૂ, ' હૂં મસીહ નહી, પૂણ હેંને અગેડ
મોકલવા આયો હુ' 29 ઝીની લાડી હે, વેયોસ લાડો
હે; પૂણ લાડો નો હાત વાળો ઝે ઈબીલો હેંનું હામળે
હે, લાડા ને બુલી થકી ઘણો ખુશ થાએ હે: આવું
મારો આ ખુશી પૂરી થાઈ હે 30 જરૂર હે કે વેયો
વદે અનેં હૂં કમ થું 31 "ઝે ઈપેર થકી આવે હે વેયો
બદસ કરત તાજો હે; ઝે ધરતી થકી આવેહે વેયો
ધરતી નો હે, અનેં ધરતી ની વાતે કેહે : ઝે હરગ
થકી આવેહે, વેયો બદ સ કરત ઈપેર હે 32 ઝી કઈ
હેંને ભાળું અનેં હાળું હે, હેંની ગવાહી આલે હે;
અનેં કુઈ હેંની ગવાહી ગ્રહણ નહી કરત 33 ઝેને
હેંની ગવાહી ગ્રહણ કરી લેદી હે હેંને ઈની વાત
ઈપેર સાપ લગાડી હે પરમેશ્વર હાંસો હે 34 કેમકે
ઝેને પરમેશ્વર વે મુકલ્યા હે,વેયા પરમેશ્વર ની વાતે
કરે હે; કેમકે વેયેઆત્મા માફ માપેન નહી આલતો
35 બા બેટા થકી પરેમ રાખે હે, અનેં હેંને બદીસ
વસ્તુ હેંનાન હાથ મ આલ દીદી હે 36 ઝે બેટા ઈપેર
વિશ્વાસ કરે હે, હમેસનું જીવન હેંનું હે; પૂણ ઝે બેટા
નું નહી મન તો, વેયો જીવન ને ને ભાળ હે, પૂણ
પરમેશ્વર ની રી હેંને ઈપેર રે હે

4 1 ફેર ઝર પ્રભુ ખબર પડી કે ફ્રીસીયો વે હામળુ
હે કે યૂહન્ના થકી વધારે બણા વે હે અનેં
હેંનન બપતીસ્મા આલે હે 2 કેદાર ને યીશુ ખુદ
નહી પૂણ હેંના સેલા બપતીસ્મા આલતા હેંતા 3 તર
યહુદીયા ને સોડેન ફેર ગલીલ મ સાય્લા, 4 અનેં
સમરીયામ થાએન જાવાનું જરૂરી હેંતું 5 એતરે હારું

વેયા સુખાર નામ ની સમરિયા ને એક સેર તક
આયા,ઝે હેંની જગા ને ટેકે હે ઝેની યાકુબ વે
પોતાના બેટા ને યુસુફ ને આલી હેંત 6 અનેં યાકુબ
નો કુંવો હોદો તા હેંતો ઈતરે કે યીશુ રસ્તા થકી
થાકેલો હેંના કુવા ઈપેરે તાસ બેહી જાય આ વાત
છઠા કલાક ને લગભગ થાઈ 7 એતરા એક સામરી
બજેર પાણી ભરવા આવી યીશુ હેંને કેંદૂ, “મને
પાણી પીવાડ” 8 કેમકે યીશુ ના સેલા તે બજાર મ
ખાવાનું વેસતું લેવા હારું જએલા હેંતા 9 હેંની
સામરી બજેરે યીશુ કેંદૂ, “ તુ યહૂદી થાઈ ન મન
સામરી બજેર કન પાણે હુ કા માંગે હે?”{કેમકે
યહુદી સમરીયો ને હાતે કિસી પ્રકાર નો વ્યવાહર
નહી રાખત,} 10 યીશુ વે જવાબ આલ્યો, “અગર
તુ પરમેશ્વર ના વરદાન ને જાણે હે કે વેયો કુ ણ હે
ઝે તને કેહે, ‘મને પાણે પીવાડ,’તે તુ યીશુ માંગતી,
અનેં વેયો તને જીવન નનું પાણી આલ્તો” 11 બેજેરે
યીશુ ન કેંદૂ, “હે પ્રભુ , તારા કન પાણે ભરવા નું
કઈ યે નહી, અનેં કુંવોઉન્ડોહે; તે ફેર વેયું જીવન
નું પાણે તાર કન થકી આયુ 12 હુ તમુ હમારા બા
યાકુબ થકી મુટા હે,ઝેને આમન આ કુંવો આલો હે;
અનેં તમેસ પોતાની બેટા બેટી ,અનેં પોતાના ડગર
ના તગાર એના મહુ પીદૂ?” 13 યીશુ વે જવાબ
આલ્યો, “ઝે કુંઈ આ પાણે પીવહે વેયો ફેર તરહો
થાહે, 14 પૂણ ઝે કુંઈ હેંના પાણે મહુ પીહે ઝે હૂં હેંને
આલે, વેયો ફેર હમેશા તક તરીહો ને થાએ: અગર ઝે
પાણે હું હેંને આલી , વેય હેંનમ એક વાવ બણે જાહે
ઝે હમેશાનું જીવન ને હારું ઉમ્ડતો રેહે” 15 બજેરે
યીશુ કેંદૂ, “હે પ્રભુ, વેયુ પાણે મને આલ કે એતરે કે હું
તરહી ને થું અનેં ને પાણે ભરવા હારું એતરે સીટી
આવું” 16 યીશુ વે હેંને કેંદૂ, “ઝા, પોતાના આદમી
ને આ બુલાવે લાવ” 17 બજેરે જવાબ આલ્યો, “હૂં
વગર આદમી ની હુ” યીશુ હેંને કેંદૂ, “તુ બરુબર
કેહે, ‘હું વગર આદમી ની હુ’ 18 કેમકે તુ પાસ
આદમી કરી સકી હે, અનેં ઝેને કન તુ અમળ હે
વેયો હોદો તારો આદમી નહી આ તે હાસુ કેંદૂ હે”
19 બજેરે વે યીશુ કેંદૂ, “હે પ્રભુ,મને લાગે હે કે તુ
ભવીષવક્તા હે 20 હમારે બાપદાદો વે એના ડુંગરા
ઈપેર આરાધના કરી,અનેં તમુ કોહે કે વેયે જગા જા
આરાધના કરવી જુગે યરુશલેમ મ હે” 21 ઈસુવે
હેંન કેંદુ, “હે નાસરી, માર વાતને વિશ્વાસ કર કે
વયો દાડો આવે હેકે તમુ ને તે ઈના ડુન્ગોર ઈપેર
બાની આરાધના કરહો, ની યરુસલેમમાં 22 તમુ
ઝીની નહી જાણત, હેંની આરાધના કરો હે,અનેં
હમુઝીની જાણયે હે; કેમકે તારણ યહુદીયા મહો હે
23 પૂણ વયો દાડો આવે હે,હમણાં હુદુ હે, ઝીનામ
હાસા ભગત બાની આરાધના આત્મા અનેં હાસ
થકી કરહુ, કેમકે બા આપડા હારું હેંવા આરાધના
વાળા ને જુવે હે 24 પરમેશ્વર આત્મા હે, અને
જરૂરી હે હેંની આરાધના કરવા વાળા આત્માં અને
હાસ થકે આરાધના કરે 25 બજેરી ઈશુ ની કેંદુ, “હું
જાણું હે કે મસીહ ઝી ખ્રિસ્ત કેવાયે હે, આવવા
વાળો હે; ઝર વયો આવહે, તે હમને બદી વાતે
વાતાડ દેહે” 26 ઈશુવે હેંને કેંદુ, “હું તમ થકી બુલી
રો હે, વેયોસ હે,સેલનું પાસું આવવું 27 એતારામ
એના સેલા આવે જ્યા, વિસાર કરવા લાગ્યા કે ઈશુ
બજ્યેર થકી વાતે કરી રિયા હે; તા હુદુ કીની યે ની
પુસું, “તું હું સાહે હે?” કે “ હિની હારું હેંન થકી
વાતે કરે હે?” 28 તર બજેર પુતાનો ઘુણ્યો સુડેને
સેરમ નાહી ગઈ, અને મનખ થકી કેવા લાગી,
29 “આવો, એક માણસને ભાળો, ઝેને બદ્દુસ ઝી
કઈ મેહ કરું મની વતાડ દિદુ ખેતોક આસ તે
મસીહ નહી?” 30 હાને સેલા સેરમાંહા નકળીને
હેંને કન આવવા લાગ્યા 31 હેના વસમાં ઈશુના
સેલાવે ઈશુ થકી આ અરજ કરી કે, “હે પ્રભુ, થુંડુક
ખાઈ લે” 32 પુણ ઈશુવે હેંનન કિદુ, “મારી કને
ખાવા હારું ઈવું ખાવેનું હે ઝીની તમુ નહી જાણત
33 તર સેલવે એક બીજામ કીદુ, “હું કુઈક ઈશુ હારું
કઈક ખાવેનું લાયું હે?” 34 ઈસુવે એનન કેંદુ, “મારું
ખાવેનુ આ હે કે મારા મુકલ્વાવાળા ને ઈસ્સા ને
પરમાણે સાલું અને ઈનું કામ પૂરું કરું 35 હું તમુ
નહી કેતા, વડાવના હમણા હુદા સાર મઈના પડ્યા
હે?’ભાળો, હૂં તમમ કુહે, પોતાની આખે અદર કરેન
ખતર ઈપેર નજર નાખે કે વે વાડણી પાકે સકું હે
36 કાપવા વાળા મજુરી મજુરી મેળવે અનેં હમેશા
ના જીવન ને હારું ફળ ભેગુંકરે હે,એતરે બોલવા
વોળો અનેં કાંપવા વાળો બે મળે ને આનન્દ કરે
37 કેમકે આ ઈપેર આ કેવટ ઠીક બેહે હે : ‘વાવા
વાળો બીજા હે અનેં કાપવા વા ળ બીજા હે’ 38 હામે
તમન વેય ખેતર મ કાપા હારું મુકલ્ય હે ઝેનમ તમે
મજુરી નહી કરી: બી જેવે મજુરી કરીહે અનેં તમુ
હેંના મજુરી નુ ફળ મ ભાગીધાર થાય” 39 3હેંના
શેર ની ઘણ સામરિયોં વે હેંની બજેર ને કેવા થકી
યીશુ ઈપેર વિશ્વાસ કર્યો; હેંને બદુસ ઝે હામે કરું
હે,મને વતાડે દીદૂ’ 40 એનેં હારું આ સમારી એનેં
કન આંવે,તે હેંન થકી અરજ કરવા લાગ્ય કે હમાંરતા
રે અનેં યીશુ તા બે દાડા હોદો રયો 41 હેંના ને વસન
ને પરમાણે બીજ હુદ ઘણ મનખ વે વિશ્વાસ કર્યો
42 અનેં હેંની બજેર થકી કીદું, “ હાવું હમુ તારા
કેવા થકીસ વિસ્વાસ નહી કરતા; કેમકે હમવે પુતેસ
હામળી લીદુ,અને જાણ્યે હે કે આસ હાસા હાસમ
સંસારનો તારણ કરવા વાળો હે 43 ફેર એના બે દાડા
બાદ ઈશુ તાહો નકળીને ગલીલમ જ્યો 44 કેમકે

ઈશુવે પુત્તેસ ગવાહી આલી કે ભાવીસ્વકતો પુતાના
દેશમાં ઈજ્જત નહી મીળતો 45 ઝર ઈશુ ગલીલમાં
આયો, તે ગલીલ ખુશી થકી ઈશુને મળ; કેમકે ઝીતર
કામ ઈશુવે યારુસ્લેમમાં તેવાર ને દાડે કર એત,
એના બદ્ને ભાળ્યું એતું,કેમકે વેય હુદ તેવારમ જય
એત 46 તર ઈશ પાસા ગલીલના કાના મ આયો, ઝા
ઈને પાણી નો દ્રાક્ષ રસ બણાયો એતોમ, તા રાજા
નો એક કરમ્સારી એતો ઝીનો બીટો કપરનહુમમાં
બીમાર એતો 47 વયો ઈયુ હમળીને કે ઈશુ યહુદિયા
થકી ગલીલમાં આવી જ્યો હે, ઈશુ કને જ્યો
અને અરજ કરવા લાગ્યો કે સાલેને મારા બેટાને
હાજો કર દે: કેમકે વયો મરવામ એતો 48 ઈશુવે
ઈની કેદુ, ઝા હુદ તમુ નીસાનો અને મુટ કામ
ને ની ભાળહો તા હુદ કેરયે વિસ્વાસ ની કરહો''
49 રાજા ના કારબારીવેં ઈશુ થકી કિદુ, "હે પ્રભુ,
મારા બાળક ના મરણ ની પેલ સાલ'' 50 ઈશુવે
ઈન થકી કિદુ, "જા તારો બીટો જીવતો હે'' તેને
મનખે ઈશુ ની કીદીલી વાત નો વિસ્વાસ કર્યો અને
જાતો ર્યો 51 વયો વાટમાંસ એતો ની એનો નોકર
ઈન થકી આવી મળા અને કેવા લાગ્યા, "તારો બીટો
જીવતો હે'' 52 ઈને એના થકી પુસું, "કઈની ઘડ્ઝયી
વેયો તાજો થાવા લાગ્યો? એનાવે ઈની થકી કિદુ,
"કાલે હાતમે કલ્લાકે ઈનો તાવ ઉતરી જ્યો'' 53 તર
બાપ જાણી જ્યો કે આ ટીની ઘડઝયીસ થાયુ ઝીની
ઘડઝયી ઈન થકી કિદુ, "તારો બીટો જીવતો હે,''
અને ઈને ઈના આખા ઘરણા હાતી વિસ્વાસ કરો
54 આ બીજું વીસાર કરવા જીવું કામ એતુ ઝી
ઈશુવી યહુદિયા થકી ગલીલમાં આવેને ભળાયુ

5
1 ઈની વાતને બાદ યહુદિયા નો એક
તેવાર થાયો અને ઈશુ યરૂશલેમમાં જ્યો
2 યરુશલેમમાં ભેડ ફાટકને ટિકે એક કુંડ હે ઝી
ઈબ્રાની ભાષામ બેતસદા કેવાએ હે, એના પાંસ
ખાન હે 3 ઈનામ ઘણ બીમાર, આંદળ, લંગડ
અને હુકાઈલ અંગ વાળ [પાણી ને અલવા ની
આશામ] પડી રીત એત 4 [કેમકે ટાઈમ ટાઈમ
ઉપર પરમશ્વેર નાં હરગદૂત કુંડમાં ઉતરીને પાણીને
અલાવી કરતા એતા, પાણી હલતમસ ઝી કુઈ પેલ
ઉતરતું વયું હાજુ થાઈ જાતું એતું સાહે ઈની કીવી
પૂણ બીમારી કિમ ને વે] 5 તા એક મનખ એતું,
ઝી અડતરીસ વરસ થકી બીમારી માં પડો એતો
6 ઈશુવે ઈની પડેલો ભાળીને અને આ જાણીને કે
વયો ઘણ દાડા થકી અણી દસામ પડો હે, એન
થકી પુસુ, "હું તું હાજો થાવા સાહે હે? 7 તીની
બીમારીવી ઈની જવાબ આલ્યો,હે પ્રભુ,મારીકની
કુઈ મનખ નહી કે ઝર પાણી અલાવવામ આવે,
તે મને કુંડમાં ઉતારે; પૂણ મની પૂગત પૂગત બીજો
મન થકી પેલ ઉતરી જાએ હે 8 યીશુ વે હેંને કેંદૂ,
"ઉઠ, પોતાનો ખટલો તુંક, અનેં સાલ ફર" 9 વેયો
માણસતરત હાજો થાએજો,પોતાનો ખટલો તુકેન
સાલવા ફરવા લાગ્યો 10 વેયોઆરાધના ને દાડો
હેંતો એતરે હારું યહુદી હેંને ઝે હાજો થાયો હેંતો,
કેવા લાગ્ય, "આજે તે આરાધના નો દાડો હે,
તારે ખાટલો તોકવો તાજુ નહી હે" 11 હેંને હેંનન
જવાબ આલ્યો, "ઝેને મને હાજો કરયો, હેંને મને
કેંદૂ, 'પોતાનો ખાટલો તોક અનેં સાલ ફર''' 12 હેંવે
હેંને પુસ્યું, " વેયો કુણ માણસ હે ઝેને તને કેંદૂ,
'ખાટલો તોક, અનેં સાલ ફર'?'' 13 પૂણ ઝે હાજો
થાએજો હેંતો વેયો નહી જાણતો હેંતો કે વેયો
કુણ હે, કેમકે હેંની જગા મ ભીડ થાવા ને લેદે
યીશુ તાહો હરકે જ્યો હેંતો 14 એની વાતે ને બાદ
વેયો યીશુ ને મન્દિર મ મળો યીશુ વે હેંને કેંદૂ,
"ભાળ, તુહાજો થાએજો હે: ફેર થકી પાપ નહી
કરતો વે, ઈવું ની થાએ કે એન થકી કઈક ભારી
સમસ્યા તારી ઉપર આવી પડે'' 15 હેંને માણસે
જાઈને યહુદિયને કી દીદૂ કે ઝેને મન હાજો કરો
વયો ઈશું હે 16 એના લેદે યહૂદી ઈશુને સતાવવા
લાગ્યા , કેમકે વયો હેવ કામ આરાધનાને દાડે કરતો
એતો 17 તેની ઉપર ઈશુવે હેના થકી કેદુ, "મારો
બાપ અમણા હુદો કામ કરે હે, અને હું હુદો કામ
કરું હે' 18 એના લેદે યહૂદી હજુ હુદા વદાર એને
માર નાખવાનો કોસિત કરવા લાગ્યા,કેમકે વયો
ની ખાલી આરાધના ના દાડાનીસ વિધિને તુડતો,
પૂણ પરમેશ્વર ને પુતાનો બાપ કેને આપે આપમ
પરમેશ્વર ને બરુબર હુદો ઠરાવતો હે 19 એના ઈપેર
યીશુ વે હેંનન કેંદૂ, "હૂં તમન હાસુ હાસુ કુંહે, બેટો
તમુ થકી કઈએ નહી કરે સકતો, ખાલી વેયો જી બા
ને કરત ભાળે હે;કેમકે ઝેના ઝેના કામને વેયો કરેહ
હેંને બેટો હુદો હેંવી રીતિ થકી કરે હે 20 કેમકે બા
બેટા થકી પરેમ રાખે હે અનેં ઝે ઝે કામ વેયો પોતાનું
કરેહે,વેયો બદ હેંને વતાડે હે; એતરે તમુ વીસાર
કરો 21 ઝીમ બાપ મારીલને ઉઠાડે અને જીવાડે
હે, વેમીસ બીટો હુદો ઝીની સાહે હે એને જીવાડે
હે 22 બાપ કીનો નીયાવ નહી કરતો, પૂણ નીયાવ
કરવાનું બદ્દુસ કામ બેટા ને હુપી દિદુ હે 23 કે બદ્
મનખ ઝીમ બાપ નું ઈજ્જત કરે હે વેમીસ બેટાનું
હુદુ ઈજ્જત કરો ઝી બેટાનું ઈજ્જત નહી કરતુ,
વયું બાપનું ઝી ઈશુને મુકલો હે ઈજ્જત નહી કરતુ
24 હું તમ થકી હાસુ હાસુ કું હે, ઝી મારા વસનને
હામળેને મારા મુકલવાવાળા ને ઉપર વિસ્વાસ
કરે હે, અનન્ત જીવન ઈનું હે, અને તીની ઉપર
સજાનું હુકમ નહી થાતું પૂણ વયોમરણ ને પાર કરને
જીવનમ ભરાઈ સકો હે 25 "હું તમ થકી હાસુ હાસુ

કુ હે ત્યો દાડો આવે હે, અને અમણા હે, ઝીનમ
મારીલ પરમેશ્વરના બેટાના સબદ હામળહે, અને
ઝી હામળહે તી જીવહે 26 કેમકે ઝીવી રીતી થકી
બાપ આપે આપમ જીવન રાખે હે, ઈવીસ રીતી
થકી એને બેટાને હુદો ઈયો હક આલ્યો હે કે આપે
આપમ જીવન રાખે; 27 પૂણ ઈની નિયાવ કરવાનો
હુદો હક આલ્યો હે, તેમ હારું કે વયુ મનખ નો
બેટો હે 28 એને થકી વિસાર નહી કરો; કેમકે ત્યો
દાડો આવે હે કે ઝીતર લબરમાં હે વેય ઈનું સબદ
હામળેને નકળી આવહે 29 ઝોનવે ભલાઈ કરી હે
વેય જીવન નવા જીવન હારું જીવી ઉઠ્હે અને
ઝીનાવે બુરાઈ કરી હે વેય દંડ નાં નવા જીવન
હારું જીવી ઉઠ્હે 30 “હું આપે આપ થકી કઈસ
નહી કરી સકતો; ઝીવું હામ્ળું હે, તેવું નિયાવ કરું
હે;અને મારો નિયાવ હાસોહે, કેમકે હું પુતાની
ઈસ્સા નહી પૂણ પુતાના મુકલવાવાળા ની ઈસ્સા
સાહુ હે 31 અગર હું પુતેસ મારી ગવાઈ આલું,તે
મારી ગવાઈ હાસી નહી 32 એક હજુ હે ઝી મારી
ગવાઈ આલે હે, અને હું જાણું હે કે મારી ઝી
ગવાઈ વયો આલે હે, વયે હાસી હે 33 તમે યહુન્ના
થકી પુસ્યાડું અને એને હાસની ગવાઈ આલી હે
34 પૂણ હું પુતાના બારામ મનખ ની ગવાઈ નહી
સાહ્તો;તેભી હું આ વાતે તેમ હારું કું હે કે તમને
તારણ મળે 35 વેયો તે બળતો અને ભાભળતું એક
દિવન્યુ હેતુ, અને તમને થુડીક વાર હુદી એના
ઈજ્વાળામ ખુસ થાવું તાજું લાગ્યું 36 પુણે મારી
કની ઝી ગવાઈ હે વેયે યહુન્ના ની ગવાઈ કરત મુટી
હે; કેમકે ઝી કામ બાપે મને પુરૂ કરવા હારું હુઈપુ
હે એતરે આસ કામ ઝી હું કરુંહે, વયા મારા ગવા
હે કે બાપે મને મુકલો હે 37 અને બાપે ઝીને મને
મુકલો હે, હેનેસ મારી ગવાઈ આલી હે, તમે ની તે
કેર સબદ હામ્ળું, અને ની એનું રૂપ ભાળું હે 38 અને
એના વસનને મનમ ટીકવી નહી રાખત, કેમકે
ઝીની એને મુકલો તમ એનો વિશ્વાસ નહી કરત
39 તમુ પવિત્ર સાસ્તરમાં જુવો હે, કેમકે હમજો
હો કે એનમ અનન્ત જીવન તમન મળે હે; અને
આ વયુંસ હે ઝી મારી ગવાઈ આલે હે 40 ફેર હુંદુ
તમુ જીવન પામવા ને હારું મારી કને આવવા નહી
સાહતા 41 હું મનખ થકી ઈજ્જત નહિ સાહત
42 પૂણહું તમને જાણું હે કે તમારામ પરમેશ્વર નો
પરેમ નહી 43 હું પુતાના બાપના ને નામ થકી આયો
હે, અને તમુ મને ગરહણ નહી કરત,અગર બીજ
કુઈ પુતાનાસ નામમાં આવ, તે એની ગર્હણ કર
લીહો 44 તમુ ઝી એક બીજા થકી ઈજ્જત સાહો
હે અને વેયુ ઈજ્જત ઝી એકખાલી પરમેશ્વર ની
તરફ થકી હે નહી સાહત, કીવી રીતી વિશ્વાસ કરી
સકોહે 45 આ નહી હમજો કે હું બાપ ને હામે
તમ ઉપર દોસ લગાડી, તમ ઉપર દોસ લગાડ્વાવા
વાળો તે મુસો હે, ઝીની ઉપર તમે ભરુહો રાખો
હે’ 46 કેમકે અગર તમુ મુસાનો વિશ્વાસ કરત,તે
મારો હુદો વિશ્વાસ કરત, તેમહારું કે એને મારા
બારામ લખ્યું હે 47 પૂણ અગર તમુ ઈની લખીલી
વાત ઉપર વિશ્વાસ નહી, કરત તે મારી વાતી ઈપેર
કીકીમ વિશ્વાસ કરહો?’’

6 1 હેંની વાતને બાદમ યીશુ ગલીલ ની દરજોન
ને તીબિરીયાસ દરજાન પેલે પાર ગ્યા 2 અનેં
એક મોટી ભીડ યીશુ ને વાહે સાલ વા લાગી કેમકે
ઝે ગજબનકામ યીશુ બીમાર ઈપેર વતાડતો હેંતો
વે હેંનન વાતાડ્ત હેંત 3 તર યીશુ ડુંગરા ઈપેર સડે
ગ્યા પોતાના સેલન હાતે વેયા બેહે ગ્યા 4 યહૂદિયોં
ને ફસહ નો તેવાર ટેકે હેંતો 5 ઝર યીશુ વે પોતાની
આંખ અદર કરેન એક મોટી ભીડ ને પોતાને નજીક
આવત ભાળું,તે ફિલીપ્પુસ ને કેંદૂ, “આપું એનન
ખાવા હારું કાહો રોટો વેસાતો લાવજ્યે?’’ 6 યીશુ
આ વાત હેંને પારખવા હારું કીદી, કેમકે પોતે
જાણતો હેંતો કે વેયો હુ કર હે 7 ફિલિપ્પુસ વે યીશુ
ન જવાબ આલ્યો, “બસો દીનાર ની રુટજ્ય હુદી
હેંન હારું પૂરી ને થાએ હેંન મહી થુંડી થુડી મળે જાહે
8 યીશુ સેલ મહ શ્મોન પતરસ નો ભાઈ આન્દ્રિયાસ
ને હેંનન કેંદૂ 9 “ આ એક સોરો હે ઝેને કન જેકે પાસ
રુટજી અનેં બે માંચલજી હે; પૂણ એતરા મનખ
હારું હું હે?” 10 યીશુ વે કેંદૂ, “મનખ ને ભેહાડ
દો’’હેંની જગા ઈપેર ઘાણું ખોડ હેંતુ: તર મનખ
ઝેનમ માણસ ની સખ્યા લગ ભગ પાસ અજાર
ની હેંતી,બીહી જ્ય 11 તર યીશુ વે રુટ્જી લીદી,
ધન્યવાદ કરેન બેહવાવાળન વાટે દીદી; અનેં વેમેશ
માંચલજી મહી જેતરી વે સાહત હેંત વાટી દીદી
12 ઝર વેય ખાયેન ધાપેજ તે યીશુ વે પોતાના સેલન
કેંદૂ, “વદેલ બટકન ભેગ કરી લો કે કયકે ફેંકે નેદે
13 એતરે હેંવે ભેગકર, અનેં જે કે પાસ અજાર રુટજી
ન બતક થકી ઝે ખાવાવાળ થકી વદે રય હેંત, બાર
હુંડલા ભરાયા 14 તર ઝે ગજબનુંકામ યીશુ વે કરે
વતાડુ હેંને વેય મનખ ભાળેન કેવા લાગ્ય, “વયો
ભવિષ્યવક્તા ઝે જગત મહો આવ વા વાળો હેંતો
ખાસ યોસ હે” 15 યીશુ વેયુ જાણે કે વે મને રાજા
બણાવ વા હારું હાવા સહે હે , ફરે ડુંગરા ઈપેર
એખલો જાતો રયો 16 ઝર હાજ થાઈ,તે યીશુ સેલા
દરજાન ને કિનારે ગ્યા, 17 અનેં નાવડા ન ઈપેર
સડેને દરજાન ને પેલે પાર કફરનહુમ જાવા લાગ્યા
હેંના ટાઈમ ઈન્દારું થાઈ જુ હેંતુ, અનેં યીશુ આજુ
તક હેંને કન નહી આયો હેંતો 18 કુંઓંણું ને લેદે
દરજામ જાભોળે આવવા લાગી 19 ઝર વે ખેતે ખેતે

પાસો કે સો કિલો મીટર કે લગભગ નકળે ગ્યા,
તે એનવે ઈશુને દર્જ્યાં ઉપર સાલત અને નાવડા
ને ટિકે આવત ભાળો, અને સમકી જ્યાં 20 પુણ
ઈશુવે એનનને કેળું "હું હે સંમકો નહી" 21 એતરે વેયા
ઈશુની નાવડા ઉપર સડાવલેવા હારું તીયાર થાયા
અને તરત વ વયું નાવડું તીની જગ્યા ઉપર પુગીજ્યું
ઝા વેયા જાઈ રયા એતા 22 બીજે દાડે હેંની ભીડ
ને, ઝે દરયાને પેલે પાર ઈબી લી હેંતી, એયુ ભાળું
કે આ એક ને સુડે ન અનેં બીજી નાવ ને હેંતી;
અનેં યીશુ પોતાના સેલન હાતે હેંની નાવ ઈપેર
ને સડા હેંતા,પૂણ ખાલી યીશુ સેલા સ જ્યાં હેંતા
23 તર બીજી નાવ તિબીરીયાસ થકી હેંના જગાને
ટેકે આવી, જા હેંનવે પ્રભુ ને ધન્યવાદ કરવા ને બાદ
મ રોટો ખાદો હેંતો 24 એતરે હારું ઝર ટોળે ભાળું
કે આતે ને યીશુ હે અનેં ને હેંના સેલા,તે હેંયા હોદા
નાવડ ઈપેર સડેન યીશુ ને જુવત જાએન કફરનહુમ
પોંકય 25 દરજ્યાં ને પાર ઝર વેયા એન થકી મળા તે
કેંદું, "હે પ્રભુ, તું આં કેર આયો?" 26 ઈશુવે એનને
જવાબ આલ્યો, "હું તમને હાસુ હાસુ કુ હે, તમુ
મને તેમ હારું નહીં જુવેત કે તમે વિસારવા જીવ
કામ, પૂણ તેમ હારું કે તમુ રોટા ખાઈને ધાફેજ્ય
એત 27 મટવાવાળા ખાવેના હારું મજુરી નહી
કરો, પૂણ એના ખાવેના હારું ઝી અનન્ત જીવન
હુદુ ઠરે હે, ઝીની મનખ નો બેટો તમને આલ્હે;
કેમકે બાપ અને બેટે હેની ઉપરેસ છાપ લગાડી
હે," 28 એનવે એન થકી કેંદું "પરમેશ્વર નું કામ
કરવા ધારું હમ હું કરજે?" 29 ઈશુવે એનને જવાબ
આલ્યો, "પરમેશ્વર નું કામ આ હે કે તમુ એને ઉપર
ઝીન એને મુકલ્યો હે, વિસ્વાસ કરો," 30 તર હેંનાવે
હેંન થકી કેંદુ, "ફેર તુંમુ કંઈનું નીસાની વાતાડે હેં
હામું હેંને ભાળેન તારો વિશ્વાસ કરે? તું કેઈનુ કામ
વતાડે હે? 31 હમારા બાપદાદો વે જંગલમ હરગ
ની રુતી ખાદી; જેવું લખેલું, હેંને હેંનન ખા વા
હારું હરગ થકી રોટી આલી'" 32 યીશુ વે હેંનન
કેંદૂ, 'હૂં તમન હાસુ હાસુ કુંહે કે મૂસા વે તમન વેયે
રુટી હરગ થકી આલે હે 33 કેમકે પરમેશ્વર ની રુટી
વેયે હે જે હરગ થકી ઉતરેન જગત ને જીવન આલે
હે 34 તર હેંનવે હેંન કેંદૂ, "હે પ્રભુ ,આ રુટી હમન
હમેશા આલે કર" 35 યીશુ વે હેંનન કેંદૂ, "જીવન ની
રુટી હું હે: ઝે મારે કન આવે હે વે કેર યે ભૂખોને
થાયે, અનેં ઝે મારે ઉપર વિશ્વાસ કરે હે વેયો કેર યે
તરહો ને થાએ 36 પૂણ હાંમેં તમન કેંદૂ હેંતુ કે તમે
મને ભાળે હોદો લેદો હે તે હુંદ વિશ્વાસ નહી કરત
37 ઝે કઈ બા મને આલે હે વેયું બદુસ મારા કન
આવહે, અનેં ઝે કૂઈ માર કનઆવહે હેંને હૂં કેરયે ને
કાડે 38 કેમકે હૂં પોતાની મરજી નહી પૂણ પોતાન
મુકલ વા વાળા ની મરજી પૂરી કરવા હારું હરગ
થકી ઉતરો હું; 39 અનેં મને મુકલવા વાળાની મરજી
આ હે કે જે કઈ હેંને મને આલું હે, હેંનમહુ કઈસ
ને ખુવું પૂણ હેંને સેલે દાડે ફેર જી વાડ દે 40 કેમકે
મારો બા ની મરજી આહે કે જે કુંઈ બેટા ને ભાળે
અનેં હેંન ઉપર વિશ્વાસ કરે,વેયો હમેશા નું જીવન
પામે; અનેં હું હેંને સેલ દાડ ફેર જી વાડ દે" 41 અતરે
યહુદી હેંને ઈપેર ગગણવા લાગ્ય,કેમકે હેંને કેંદૂ હેંતું,
"ઝે રુટી હરગ થકી ઉતરી વે હું હે" 42 અનેં હેંનવે
કેંદૂ, "હુ આ યૂસુફ નો બેટો યીશુ નહી,ઝેને આઈ
બા ને આમું જાણ જે હે ?તે વેયો કીકે મ કેહે હૂં
હરગ થકી ઉતર્યો હૂં?" 43 યીશુ વે હેંનન જવાબ
આલ્યો, "એક બી જામ નહી ગગણો 44 કુઈ મારા
કન નહી આવે સકત ઝર તક બા,ઝેને મને મુકલ્યો
હે ,હેંને કેંસ ને લે ; અનેં હું હેંને સેલે દાડે ફેર જીવાડે
દે 45 ભવિષ્યવકતા વો લેખો મ આ લખેલુ હે : 'વે
બદસ પરમેશ્વર ને તરફ થકી હી કાડુ લુ હેં'ઝેને કેને
ક બ થકી હામળુ અનેં હીકું હે,વેયો મારા કન આવે
હે 46 આ નહી કે કેંનેક બા ને ભાળો હે ; પૂણ ઝે
પરમેશ્વર ની તરફ થકી હે, ખાલી હેંને બ ને ભાળો
હે 47 હું તમને હાસુ હાસુ કુંહે કે ઝે કેઈ વિશ્વાસ
કરે હે,હમેશા નું જીવન હેંનુ હે 48 જીવની રુટી હું
હે, 49 તમારે બાપદાદ વે જગલ લમ હરગ ની રુટી
ખાએન અનેં મરે ગ્યા 50 આ વેયે રુટી હે ઝે હરગ
થકી ઉતરે હે એતરે કે મનખ હેંન મહી ખાએ અનેં
ને મરે 51 જીવન ની રુટી ઝે હરગ થકી ઉતરી ,હૂં હે
અગર કુઈ ઈની રુટી મહી ખાએ, તે હમેશા જીવત
રે હે ; અનેં ઝે રુટી હું જગત ને જીવન ને હારું
આલે ,વયું મારું માસ હે " 52 હેંને ઈપેર યહુદી આ
કેન એક બીજા થકી વળગાવા લાગ્યા, "આ માણસ
કેવો આપન પોતાનુ માં ખાવા હારું આલે સકે હે?"
53 યીશુ હેંનન કેંદુ, " હું તમન હાસુ હાસુ કુહે કે ઝર
તક તમુ માણસ ના બેટા નું માં ને ખાવો, અનેં હેંનુ
લુઈ ને પીવો,તમુ મ જીવન નહી 54 ઝે મારું માં
ખાએ અનેં મારુ લુઈ પીવે હે, હમેશાનું જીવન હેંનુ
હે; અનેં હું હેંને સેલ દાડમ ફેર જીવાડે 55 કેમકે મારું
માં ખરેખર મ ખાવા ની વસ્તુ હે, અનેં મારું લુઈ
ખરેખર મ પીવાની વસ્તુ હે 56 ઝે મારું માં ખાતા
અનેં મારું લુઈ પીવે હે વેયો મને કાઠું બણે રે હે, અનેં
હું હેંન મહે 57 ઝેવો જીવતે બએં મનેં મુંકલ્યો, અનેં
હું બા નેં લેંદે જીવતો હે, વેંમેંસ વયું હુંદુ ઝી મનેં
ખાહે મારી લેંદે જીવતું રેંહે 58 ઝે રુટી હરગ થકી
ઉતરી આસ હે, હેંની રુટી ઝેમ નહી ઝેને બાપદાદો
વે ખાદુ અનેં મરે ગ્યા; ઝે કઈ આ રુટી ખાહે, વેયો
હમેશા જીવતો રેહે" 59 આ વાતે હેંને કફરનહુમ મ
એક આરાધના ભવન મ ભાષણ આલત તાઈ મ

કીદી 60 હેંના સેલ મહ ધણ વે આ હમળેન કેંદુ, "આ
કાઠી વાત હે ;એને કુણ હમળે સકે હે?" 61 યીશુ વે
પોતાના મનમ આ જાણેન મારા સેલા એક બીજા ને
ગગણતા વે હે, હેંને પુસ્યું, "હું આ વાત થકી તમન
કાઠી લાગે હે? 62 અગર તમુ માણસ નો બેટો ને જા
વેયો પેલ હેંતો, તા ઈપેર જાત ભાળ હો? 63 આત્મા
તે જીવન દાયક હે, શરીલ થકી કઈ ફાએદો નહી; જે
વાતે હામે તમન કેંદી હે વેયે આત્મા હ, અનેં જીવન
હુદુ હે 64 પૂણ તમુ મહ કુઈ એવ હે ઝે વિશ્વાસ નહી
કરત" કેમકે યીશુ પેલ થકી જાણે હેંકે ઝે વિશ્વાસ
નહી કરત, વેય કુણ હે ; અનેં કુણ મને હવાડ દેહે
65 અનેં હેંને કેંદુ, "એતરે હારું હામે તમને કેંદુ હેંતું
કે ઝર તક કેનેક પરમેશ્વર થકી આ વરદા ને આલવા
મ ને આવે તા તક વેયો મારે કન નહી આવે સકત"
66 હેંને ઈપેર હેંના સેલા મહ ધણ પાસા ફરે જા
અનેં હેંને બાદમ હેંને હાતે ને સા લ 67 તર યીશુ વે
બાર સેલને કેંદુ,હું તનુ હુદો જાવા હારું સાહો હે ?"
68 શમોન પતરસ વે યીશુવે જવાબ આલ્યો, હેપ્રભુ
હમો કેને કન જાજે?અનંતજીવન ની વાતે તે તારી
પાહે સ હે ; 69 એને હમો વે વિશ્વાસ કરો એને જાળે
જા હે કી પરમેશ્વર નો પવિત્ર જન તુંસ હે 70 યીસુ
વે એને ઉતર આલું ,કેમ મેં તમો બાર જળાને નહિ
પસંદ કરા ?પૂણ તમો મહો એક આદમી સેતાન હે
| 71 યુ એને શમોન ઈસકરીયોતી નો સુરો યહુદા ને
બારામ મ કેંદું હેતુ ,કેમકે વયો એના બારામ મહો
એક હેતો ,એને હવાડવાળો હેતો |

7 1 એની વાતો ને બાદ યીસુ ગલીલ મ ફરતો
રિયો કેમકે યહૂદી એને મારદદવા ઈરાદો કરી
રિયા હેતા એતરે યીસુ યહુડીયા મ ફરવા નહિ
માંગતો હેતો | 2 યહુદીયો નો જોપડી નો તેવાર ટેકે
હેતો | 3 એતરે એના ભાઈ વે યીસુ ને કેંદું ,આ થકી
યહુડીયા માં જા ,કી જી કામ તું કરે હે એને તારા
સેલા ત્યાં હે દા દેખે | 4 કેમકે એવો કુઈ નહિ વેહે
જી નામ કમાવા માંગે અને હતાઈ ને કામ કરે |
અગર તું યુ કામ કરતી હે તો આપડા આપ ને જગત
ઈપેર ભળાવ | 5 કેમકે એના ભાઈ હેદા એને ઈપેર
વિશ્વાસ નહિ કરતા હેતા | 6 તર યીસુ વે એના થકી
કેંદું ,મારો સમય હજુ હેદો નાહી આયો હે,પૂણ
તમારા હારું હેતો સમય હે | 7 જગત તમો થકી
રિહ નાહી રાખી શકતું ,પૂણ વયું મારી થકી રિહ
રાખે હે કેમકે ,હું એના વિરોધ માં ગવાહી આલું હું
કી એનાન કામ ખરાબ હે | 8 તુમ પર્વે માં જો ;હું
હમણા એના પર્વે મ નહી જાતો ,કેમકે હજુ હેદો
મારો સમય પૂરો નહિ થાયો હે | 9 વયો એના થકી
યે વાતે કરીને ગલીલ મ રે જ્યો | 10 પૂણ જર એના
ભાઈ પર્વે માં નાહી જા તે વેયો પુતે એદો ,ખુલમ
નહિ પૂણ માનો સાનો થાઈન ગયો | 11 યહૂદી
પર્વ માં એમ કરેને જોવા લાગ્ય કે ,વયો કા હે ?
12 અને મનખા માં એને બારામ સાની સાની ઘણી
વાતે થાજી ;કયાંક કેતા હેતા વયો ભલો માનસ હે
|અને કુઈક કે હે ,નાહી ,વયો મનખો ને ભરમાવે
હે | 13 તર એદા યહુદીયો થકી સમકેને કુઈ મનખ
એન બારામ ખુલેને વાત નાહી કરતા હેતા | 14 જર
પર્વ ના અડદા દાડા વીતે ગયા ;તરયીસુ મંદિર માં
જઈને ઉપદેસ આલવા લાગ્યા | 15 તર યહુદિયા
વે નવાઈ ભાળેન કેંદુ ,એને ભણા વગર ની બુદ્ધી
કાહી આવી ? 16 યીસુ વે એનાંન ઉતર આલ્યું
,મારો ઉપદેસ મારો નાહી હે પૂણ મની કાળવાવાળા
નો હે | 17 અગર કુઈ એંની ઈચ્છા ઉપર સાલવા
માંગે ,તે વે એના ભાષણ ના બારામ જાળે જાહે
કી યુ પરમેશ્વર ની તરફ થકી હે કી હું મારી તરફ
થકી કેરો હે | 18 જી આપડી તરફ થકી કઈક કે હે
,વયા આપડી હી બડાઈ સાહે હે ;પૂણ જી આપડા
કાળવાવાળા ની બડાઈ સાહી હે વેયોસ હાસો હે
,અને ઈનામ અધર્મ નહી હે| 19 કેમ મુસા વે તમોન
વ્યવસ્થા નહિ આલી ?તર ઈદા તમો મહા કોઈ
વ્યવસ્થા ઉપર નહિ સાલતા |તમો કેમ મને માર
દળવા માંગો હે ? 20 મનખો વે ઉતર આલું ,તારામ
ખરાબ આત્મા હે કોડ તને માર દડવામાંગે હે ?
21 યીસુ વે એનાંન ઉતર આલું ,મેં એક કામ કરું હે,
અને તમો હેતા વિસાર કરો હો | 22 ઈની હારું મુસા
વે તમોન ખતના ની આજ્ઞા આલી હે ,યુ નહિ કી વયું
મુસા ની તરફ થકી હે પૂણ યુ બાપ દાદા થકી સાલી
આવી રી હે અને તમો રવિવાર ને દાડે મનખ નો
ખતનો કરો હે| 23 જર રવિવાર ને દાડે મનખો નો
ખતનો કરો જાય કેમકે મુસા ની વ્યવસ્થા ની આજ્ઞા
ટળે ને જાઅ ,તે તનું મન ઈપેર કેમ રિહ કરો હો કી મેં
રવિવાર ને દાડે એક મનખ ને પૂરી રીતી થકી હાજો
કરયો | 24 મોડું દેખીન નિયા ને કરો ,પૂણ ઠીક ઠીક
નિયા કરો | 25 તર કયાક યરુશલેમ વાસી એમ કેવા
લાગ્યા ,કેમ વયો યોસ તે નહી જીને માર દાડવા ની
કોશિશ કરી રિયા હે | 26 પૂણ દેખો વેયો તે ખુલમ
ખુલો વાતે કરે હે અને કુઈ એને થકી કઈ નહી કેતુ
| કેમ સરદારો વે હાસુ હાસુ જાળી લે દુ હે કી યો
મસીહ હે ? 27 ઈની તે હામું જાણીએ હેકી યો કાનો
હે ;પૂણ મસીહ જર આવહે તર કુઈ ને જાણે કે વયો
કાનો હે | 28 તર યીસુ વે મંદિર માં ઉપદેસ આલતો
જઈને સીસાઈ ને કેંદુંતમુ મને જાણો હો ,અને યુ
હું દુ જાણો હે કે હું કાનો હું |હુતે આપું આપ નહી
આયો ,પૂણ મને કડવા વાળો હાસો હે ,એને તમો
નહી જાળતા | 29 હું એને જાણું હું કેમકે હું એને
તરફ થકી હું અને એનેવે મને કાડ્યો હે | 30 એન પર

એનાવે એને હાવા નું સોસું ,તર એદો કેને ભી એના
ઉપર હાથ ને દડો કેમકે એનો સમય હજુ અદો ને
આયો હેતો | 31 તર એદા ભીડ માંના ઘણ મનખા
વે ઈન ઉપર વિશ્વાસ કરો ,અને કેવા લાગ્ય 'મસીહ
જર આવહે તર કેમ એન થકી વદુ નવીઈ ના કામ
દેખાડહે જી એને વતાડય ? 32 ફરીસીયો વે મનખો
થકી આ વાતે એના બારામ માં સાની સાની કારત
હામળી;અને પ્રધાન યાજકો અને ફરીસીયો ને એને
હાવા હારું સપાજન કાઢ્યા| 33 અન પર યીસુ વે
કેદું હું થુદી વાર હુદો હજું તમાર હાતે હું ,તર તમારા
કાળવાવાળા કને આવતો રે | 34 તમો મને જોવહો,
પૂણ નહી દેખહો ;અને જા હું હે ,તા તમુ નહી આવી
સકત | 35 ઈન પર યહુદીયો વે એક બીજન કેદું,યો
કા જાહે કી હમો એને નહી પાહો ? કેમ યો એને
કેને જાહે જા યુનાનીયો મ વખેરાય ને રે હે ,અને
યુનાનીયો ને ભી ઉપદેસ આલહે ? 36 યે કયે વાત
હે કી જી એને કેદી કી તમો મને જોવહો ,પૂણ હું
તમોને હાથ ને આવું ; અને જા હું હે ,તા તમો નહી
આવે સકત ? 37 પર્વ ના સેલે દાડે જી ખાસ દાડો
હે ,યીસુ ઈબો થાયો અને સીસાઈ ને કેદું ,અગર કુઈ
તહરૂ હે ત મારી કન આવો અને પીઓં | 38 જી મન
ઈપેર વિશ્વાસ કરહે ,જીમ કે પવિત્ર શાસ્ત્ર મ આયુ
હે ,એના સરીર મહી જીવન ના જળ ની નદગ્યી
સાલે જાહે | 39 એને આયો વસન પવિત્ર આત્મા
ના બારામ માં કેદો ,જીને એન પર વિશ્વાસ કરવા
વાળા લેવેન હેત ;કેમકે આત્મા અજુ હુદુ ઉતરું નહી
હેતુ કેમકે યીસુ મસીહ હજુ હુદો એની મહિમા માં
નહી પૂગ્યો હેતો | 40 જર ભીડ માં હી કેનેક કેનેક
વે યે વાતે હામળેને કેદુ ,હાસીસ યોસ હી ભવિષ્ય
વક્તા હે | 41 બીજાવે કેદું 'યો મસીહ હે |પૂણ કઈક
વે કેદું કેમ ?હું મસીહ ગલીલ થકી આવહે ? 42 કેમ
પવિત્ર શાસ્ત્ર મ યુ નહિ આયુ કી મસીહ દાઉદ ના
કુલ મહો અને બેતલહમ ગાવ થકી આવહે ,દાઉદ
રતો હતો ? 43 અને એને કારણ મનખો માં ફૂટ
પડી | 44 એન મહા કઈક એને હાવા માંગતા હેતા
,પૂણ કેને વે ભી એના ઉપર હાથ નહી દડો | 45 તર
સપાઈ પ્રધાન યાજક અને ફરીસીયો કન આવતા રા
,હેનાવે એના થકી કેદું ,તમો કેમ હેને નાહી લાયા ?
46 સપાઈય વે ઉતર આલું ,કયે ભી મનખ વે ઈવી
વાત કેર નહી કેદી | 47 ફરીસીયો વે એનાન ઉતર
આલયું ,કેમ એદા ભરમાઈ જા હે ? 48 કેમ સરદારો
અને ફરીસીયો મહો કેનેકે ભી એના ઉપર વિશ્વાસ
કરો હે ? 49 પૂણ ય મનખ જી વ્યવસ્થા નહી જાડત
,હરાપ હે | 50 નીકેદેમુસ વે જી પેલ એને કન આયો
હેતો અને એના મહો એક હેતો ,એને કેદુ 51 કેમ
હમારી વ્યવસ્થા ક્યાં મનખ ને ,જર તક પેલ ઈની
હામળે ને લે જાણે ન લે કી વયો હું કરે હે ,દોષી
ઠહરાવે હે ? 52 હેનાવે એને ઉતર આલું ,કેમ તું
એદો ગલીલ નો હે ?ખોળ અને દેખ કી ગલીલ
થકી કુઈક ભવિષ્યવક્તા પ્રકટ નહી થાવેનું | 53 તર
બદ કુઈ આપડ આપડ ઘેર નાહી ગયા |

8 1 પૂણ યીસુ જેતુન ના ડુંગોર ઈપેર ગયો |
2 હાવેર માં યીસુ ફેર મંદિર મ આયો ,હેતો
મનખ એને કન આય અને વયો બેહેન ઉપદેસ
આલ્વા લાગ્યો | 3 તર શાસ્ત્રી અને ફરીસી એક
બયેર ને લાયા જી ખરાબ કામ કરતી હવાઈ ગઈ
હિતી ,અને હિનીન વસે ઈબી રાખેને યીસુ થકી કેદું
, 4 હે ગુરુ ,યે બયેર ગલત કામ કરતી હવાઈ હે |
5 વ્યવસ્થા મ મુસા વે હમોને આયે આજ્ઞા આલી
હે કી એવી બયરે ઉપર પાણા વવાએ |એતરે તું
એની બયેર ના બારામ હું કે હે ? 6 એનાવે હેનાન
પારખવા હારું આયે વાત કરી કેમકે એન પર દોષ
લગાડવા હારું કઈક વાત મળે જાએ |પૂણ યીસુ
અગળી થકી જમીન ઉપર કઈક લાખવા લાગ્યો
7 જર વયા યીસુ ને પુસતા રિયા તે યીસુ વે હિદો
થઈને એનાન કેદુ તમારી મહી જી પાપ વગરનું વે તી
પેલો ભાટો મારે | 8 ફેર જુકેને જમીન ઈપેર અગળી
થકી લખવા લાગ્યો | 9 પૂણ વયો યું હામળેને મોટ
થકી લેને નાના તક એક એક કરીને નાહી ગયા ,અને
યીસુ એકલો રી ગયો ,અને બયેર વસ માં ઈબી રી
ગઈ | 10 યીસુ વે હિદો થઈને હેને કેદું ,હે બયેર વેય
કા ગયા ? કેમ કેને તને દંડ ની આજ્ઞા નહી આલી
? 11 ઈની વી કીદુ ,હે પ્રભુ કેને ભી વે નહી |યીસુ
વે કેદું ,હું હુદો તને દંડ ની આજ્ઞા નહી આલતો જા
,અને ફેર પાપ નહી કરના | 12 યીસુ વે ફેર મનખા
થકી કેદું ,જગત નું ઈજવાડુ હું હે ;જી માર વાહે
થાઈ જાહે વ્યુ ઈન્દારામ ને સાલહે ,પૂણ જીવન નું
ઈજવાડું લે હે | 13 ફરી સીયો વે એને કેદું 'તું મારી
ગવાહી પુટે આલે હે ,તારી ગવાહી અસલ નહી |
14 યીસુ વે એનન કીદુ 'ભલેન હું મારી ગવાહી પુતે
આલું હું |તા હુદી મારી ગવાહી ઠીક નહિ હે ,કેમકે
હું જાણું હે કે હું કાહો આયો હે અને કા જુ હે ?
પૂણ તમુ નહી જાણત કે હું કા હુ આવું હે અને કા
જુ હે | 15 તમુ શરીર ને દેખેને નીયાવ કરો હે હું
કીનો નીયાવ કરતો નહીં | 16 અને અગર હું નીયાવ
કરું યે તે મારો નીયાવ હાસો હે ,કેમકે હું એખલો
નહી પૂણ હુહે અને બાપ હે જેને મને મુક્લ્યો હે
| 17 તમારા નિયમ મ હુદુ લખ્યું હે કે બે જણ ની
ગવાહી મળીન ઠીક થાએ હે | 18 એક તે હું પુતે
પુતાની ગવાહી આલી હે ,અને બીજે બાપ મારી
ગવહી આલી હે જેને મને મુક્લ્યો | 19 એનેવે યીસુ
ને કીદુ 'તારો બાપ કા હે ?યીસુ વે જવાબ આલ્યો

‘ની તમો મને જાણો હે ,ની મારા બાપ ને અગર
મને જાળતા તે મારા બાપ ને હુદા જાળતા | 20 આ
વાતે એને મંદિર મ ભાષણ આલત જાયેન ભંડાર
ઘેર મ કી દી, અને કીને એની ની હાદો ,કેમકે એનો
દાડો હજુતક ની આયો હે તો | 21 એને ફેર એનાન
કીદુ હું જો હે ,અને તમુ મને જુવહો અને પાપ મ
મર હો ;જા હું જુ હે ,તા તમુ નહી આવી સકતા
22 ઈની પર યહુદીય વે કીદુ ,હું ત્યો ઈને પુત પુતાને
માર દડહે ,જી કે હે ,જા હું જુ હે તા તમુ નહી આવી
સકતા ? 23 એને હેનન કીદુ ‘તમુ નીસ ના હે ,હું
ઉપર નો હે તમુ સંસાર ના હે હું સંસાર નો નહી
24 એતરે હારું મેં તમન કેદું કે તમુ તમાર પાપ મર
હો કેમકે અગર તમુ વિશ્વાસ ની કરો કે હું તીસ
હે તે પૂતાન પાપ મર હો | 25 એનવે તેનન કેદું ‘તું
કુણ હે ? યીસુ વે એનન કેદું ‘હિયોસ હે જી પેલ
થકીસ તમન કેતો આયો હે | 26 તમારા બારામ મારે
ઘણું કઈ કેવું અને નકી કરવું હે ;પૂણ મને મુક્લવા
વાળો હાસો હે ,અને જી મેં એની થકી હામલ્યું હે
વેયુસ જગત ની કુ હે | 27 ત્યાં એમ હમજ્યા કે
અમન બાપ ના બારામ કે હે | 28 તર યીસુ વી કેદું
જર તમુ માણસ ના સુરા ને ઓંસા ઈપેર સાળવ
હો તે જાણ હો કે હું ઈસ હે |હું પુતે કઈસ નહી
કરતો પૂણ જેમ મારે બાપે મન હિકાડ્યો હે હેમીસ
આ વાતે કુ હે| 29 મને મોકલવા વાળો મારી હાતે
હે ;એને મને એખલો નહી મીલ્યો કેમકે હું હમેશા
હીસ કામ કરું હે જીની થકી વે યો ખુશ થાય હે |
30 ઈયો વે વાતે કેતોસ હેતો તર ઘણવે એની ઈપેર
વિશ્વાસ કરયો | 31 તર યીસુ વે તેન યહૂદીન જીનવે
એને પર વિશ્વાસ કરયો હેતો ,કેદું અગર તમુ મારા
વસનમ બણી રિયો,તે ખરેખર મારા સેલા કેવા હો
| 32 તમુ હાસુ હું હે જાળહો ,અને હાસુ તમોન
આજાદ કર હે | 33 એનવે યીસુને જવાબ આલ્યો ,
હમુ તે અબ્રાહમ ના પરિવાર ન હે ,અને કેર કેના
ગુલામ મ નહી થાય ફિર તું કેકેમ કે હે કે તમુ આજાદ
થાય જહો | 34 યીસુ વે એનન જવાબ આલ્યો હું
તમન હાસુ –હાસુ કો હે કે જી કુઈ પાપ કરે હે ત્યું
પાપ નું ગુલામ હે | 35 નોકર દાડું ઘેર મ નહી રેતો
બેટો દાડુ રે હે | 36 એતરે હારું અગર બેટો તમન
આજાદ કરહે ,ખરેખર તમુ આજાદ થાઈ જહો |
37 હું જાણું હે કે તમુ અબ્રાહમ ના પરિવાર ન હે
;તે હુદુ મારા વસન ને તમાર મન મ જગ્યા નહી
મળતી ,એતરે હારું તમુ મને માર દડવા સાહો હે
| 38 હું ઈયુસ કો હે ,જી મારા બાપ ની તા દિખયુ
હે ,અને તમુ ઈયુસ કરે કરો હે જી તમે તમારા બાપ
થકી હામળયુ હે | 39 એનવે યીસુન જવાબ આલ્યો
,હમારો બાપ અબ્રાહમ હે |યીસુ વે એનન કેદું અગર
તમુ અબ્રાહમ ન સોર હેતો અબ્રાહમ ની જીવું કામ
કરત | 40 પૂણ હાવું તમુ મારી જીવા માણસ ને
મારદડવા માગો હે ,જેને તમન ઈયુ હાસુ વસન
વતાડ્યું જી પરમેશ્વર થકી હામલ્યું એવું તે અબ્રાહમેં
નહી કરયુ હેતુ | 41 તમુ તમારા બાપ જુગ કામ કરો
હે |એનવે એને કેદું હમુ સેનાળવું થી નહી જનમયા
હમારો એક બાપ હે ઈ પરમેશ્વર હે | 42 યીસુ વે
એનન કેદું ‘અગર પરમેશ્વર તમારો બાપ હેતો તે
તમુ મને થકી લાડ રાખત કેમકે હું પરમેશ્વર ની તરફ
થકી આયો હે |હું પુતે નહી આયો પૂણ હેનેસ મને
મુક્લ્યો હે | 43 તમુ મારી વાતે કેમ નહી હામજતા
?એતરે હારું કે તમુ મારું વસન હામળ નહી સકત|
44 તમુ તમારા બાપ સેતાન થકી હો અને તમારા
બાપની લાલેસ પૂરી કરવા માંગો હે |આયો તે પેલા
થકી હત્યારો હે |અને હાસ પર ઈબો ને રયો કેમકે
હાસ એનમ હેસ નહી જર ઈયો જુઠ બોલે હે તર
પુતાની આદત થકી સ બોલે હે કેમકે ઈયો જુઠો અને
જુઠ નો બા હે | 45 પૂણ હું જી હાસુ બોલું હે ,એતરે
હારું તમુ મારો વિશ્વાસ નહી કરત 46 તમુ માનું કોડ
મને પાપી મને હે ? અગર હું હાસુ બોલું હે તર તમુ
મારો વિશ્વાસ કરત કેમ નહી | 47 જી પરમેશ્વર થી
થાય હે ,હિયું પરમેશ્વર ની વાતે હામળે હે |અને તમુ
એતરે હારું નહી હામળતા કે પરમેશ્વર ની તરફ થી
નહી 48 ઈયુ હામળેને યહુદીયો વે એને કેદું હું હમુ
ઠીક નહી કેત કે તું સામરી હે ,અને તારા દુષ્ટઆત્મા
હે 49 યીસુ વે જવાબ આલ્યો મારી મ દુષ્ટઆત્મા
નહી પૂણ હું બાપ નું ઈજ્જત કરું હે |અને તમુ મારું
ઈજ્જત નહી કરત 50 પૂણ હું મારી બડાઈ નહી
સાલ્તો ;અને એક હે જી સાહે હે ,અને નીયાવ કરે
હે 51 હું તમન હાસુ હાસુ કો હે અગર કુઈ માણસ
મારા વસન પર સાલે હે તે હીયો જુગે જુગ હું દો
મોત ને ને ભાળે| 52 યહું દીય વે એને કેદું ,હાવું હમે
જાણી લેદુ હે કે તારીમ ભૂત હે અબ્રાહમ મરી ગયો
હે,અને ભવિષ્યવક્તા હુદા મરી ગયા ,અને તું કે હે
,અગર કુઈ મારા પર સાલહે તે વેય જુગ હુદ મોત નો
હવાદ ન સાકે | 53 હમારો બાપ અબ્રાહમ તે મરી
ગયો |હું તું હેની કરત મોટો હે ?અને ભવિષ્યવક્તા
હો દા મરી ગયા તું પુતાને હું બનાવે હે ? 54 યીસુ
વે જવાબ આલ્યો ,અગર પુતે મારી મહિમા કરું તે
મારી મહિમા કઈસ નહી ,પૂણ મારી મહિમા કરવા
વાળો મારો બાપ હે ,જેને તમુ કો હે કી વયો તમારો
પરમેશ્વર હે | 55 તમે તે હેને નહી જાણ્યો પૂણ હું
તેની જાણું હું અગર હું કો કે હું તેની નહી જાડ્તો
તે હું તમારી જીવો જૂઠો ગણાય |પૂણ હું તેની જાળું
હે અને તેના વસન પર સાલું હે | 56 તમારો બા
અબ્રાહમ મારો દાડો ભળવાની આશા થકી ઘણો

હુંહિલો હેતો |અને એને ભાળ્યો અને આંનદ કરયો
| 57 યહુદી વે હેની કેદું હજુ તક તું પસાસ વરનો
નહી તા હુદો તે અબ્રાહમ ને ભાળ્યો ? 58 યીસુ
વે એન ન કેદું ‘હું તમન હાસુ હાસુ કો હે ,કેયીસુ
અબ્રાહમ થાયો એને પેલ હું હે | 59 તર એનવે એની
મારવા હારું ભાટા લીદાં ,પૂણ હતાયેન મંદિર મ હો
નક ળે જ્યો |

## 9

1 જાતી વખત મ માણસ ને ભાળ્યો જી જાલમ
થકી આદ ળો હેતો | 2 યીસુ ન સેલવે એને
પુસ્યું ,હે ગુરુ ,કેને પાપ કરયો હેતો કે ઈયો આદ ળો
જાલમ્યો ,એને માણસ કે એન આઈ ,બાપે ? 3 યીસુ
વે જવાબ આલ્યો નેતે એને પાપ કરયો હેતા ,ને એન
આઈ –બાપે ,પૂણ આ એતરે થયું કે પરમેશ્વર ન કામ
એનેન મ મળાએ | 4 જેને મને મોકલ્યો હે ,આપડે
હેન કામ દાડે ને દાડે સ કરવ જરૂરી હે ,વયે રાત
આવવા વાળી હે જેનેમ કુઈ કામ નહે કરે સકતું |
5 જા તક હું દુનીય મ હું ,તા તક દુનીય નું ઈજ્વાળું
હુ 6 એમ કેને યીસુ ધરતી ઈપેર થુંક્યો ,અને હેના
થૂક થકી ગાર સાની એને વયે ગાર હેના આળડાની
આંખ ઈપેર લગાડેને 7 હેને કેદું ,જા શિલોહ ની કુંડ
માં ધુઈ લે [શિલોહ નું અર્થ ‘મુક્લેલો ,હે ?હેને
જઈને ધુયું ,અને ભાળતો જઈને પાસો આયો |
8 તર પાડોસી અને જેનવે પેલ હેને ભીખ માંગત
ભાળો હેતો ,કેવા માંડય ,હું આ વેયોસ નહે, જી
બેહેને ભીખ માંગે કરતો હેતો ? 9 થુદ્ક મનખ વે
કેદુ ,નહે પૂણ હેમેં જેવો હે ,હેને કેદું ,વેયોસ હે હું|
10 તર વે ઈન થી પુસવા લાગ્યા ,તારી આખે કેકેમ
ખોલાઈ ગઈ ગયી | 11 હેને જવાબ આલ્યો ,યીસુ
નામ નો એક આદમી વે ગાર સૌપડી અને મારી
આંખ મ લગાડેને મને કેદું ,શિલોહ મેં જઈને ધુઈ
લે ,હાને હું જ્યો અને ધુયું ને ભાળવા માંડ્યો |
12 હેનવે હેને પુસ્યું ,વયો કા હે ? હેને કેદું ,હું ન્હે
જાડતો | 13 મનખ હેને જી પેલ આળો હેતો ફરીસી
કને લેજ્યા | 14 જીને દાડે યીસુ વે ગાર પલાળેને
હીની આખે ખોલી હિતી વેયો રવિવાર નો દાડો
હેતો | 15 ફેર ફરીસિય વે હુદુ હેને પુસ્યું કે ઈની
આખે કીવી રીતી ખુલી ગઈ |હેને હેનન કેદું ,હેને
મારી આંખમ ગાર સુપડી ,ફેર મેહ ધુઈ લીદુ ,ને હાવું
ભાળું હે | 16 હેને ઈપેર થુદાક ફરીસી કેવા માંડ્યા
,યો મનખ પરમેશ્વર તરફ થકી નહે ,કેમ કે વયો
રવિવાર ને નહે માનતો બીજાએ વે કેદું પાપી માનસ
એવા સમ્ત્કાર કેકેમ વતાડે સકે હે ?હા ને હેનમ ફૂટ
પડી ગઈ| 17 હેન વે હેના આદમી ને ફેર કેદું ,હેને
તારી આખે ખોલી હે |તું હેના બારામ હું કે હે ?
હેને કેદું વેયો ભવિષ્યવક્તા હે | 18 પૂણ યહુદીયો
ને વિશ્વાસ ને થાયો કે વયો આનળો હેતો ને હાવું
ભાડે હે |જા તક હેનેવે હેન જીની આખે ખુલી ગઈ
હેતી ,આઈ બા ને બુલાવેને | 19 ઈસુવે હેનને પુસ્યું,
“હું ઈયો તમારો બેટો હે, ઝેને તમું કો હે કે આંદળો
જલમ્યો હેતો ? ફેર હાવું ઈયો કેકેમ ભાળે હે ?”
20 તેના માં બાપે જવાબ આલ્યો ,હમુ તે બાળજયે
હે કે આ હમારો સુરો હે ,અને આંદોસ જનમયો
હેતો , 21 પૂણ હમુ ઈયુ નહે જાળતા કે હાવું કેકેમ
ભાળે હે ,અને ન્ હે ઈયુ જાડ્ત કે કેને ઈની આખે
ખોલજયી હે ,વયો હમજદાર હે ,હીની થીસ પૂસે
લો ,વયો પુતાના બારામ પુતેસ કે દે હે | 22 યે વાતે
એન આઈ બા વે એતરે કેદું કેમકે ,વેય યહુદીય થકી
સમક્ત હેત , કેમકે યહુદી એકમત થઈને જય હેત
કે અગર કુઈ કે વેયો મસીહ હે ,તે આરાધના ભવન
મહો કાડવામ આવે 23 એને લેદે એના માં બાપે કેદું
,વેયો હમજદાર હે ,હેને થીસ પૂસે લો| 24 તર હેનેવે
હેના મનખ ને જી આંદો હેતો ,બીજી વાર બુલાવે
ને હેને કેદું ‘પરમેશ્વર ની મહિમા કર |હમુ જાળ્યે હે
કી વેયો માણસ પાપી હે | 25 હેને જવાબ આલ્યો
,હું નહી જાડતો કે વેયો પાપી હે કે નહે ,હું એક વાત
જાણું હે કે આંદો હે તો હાવું ભાળું હું | 26 હેનેવે
હેને ફેર કેદુ ,હેને તારી હાતે હું કરયુ ? અને કીવી
રીતી તારી આખે ખોલજ્યે | 27 હેને હેનેન કેદું ,હું
તે તમને કી સુક્યો ,અને તમેવે નહી હામળયુ ;હાવું
બીજી વાર હુકા હામજાવા માંગો હે ?હું તમો એદા
એના સેલા થાવા માંગો હે ? 28 તર વયો હેને બુરું
ભૂંડું કે ને બોલ્યો ,તું સ હેનો સેલો હે ,હમુ તે મુસા
ના સેલા હે | 29 હમુ જાડ્જ્યે હે કી પરમેશ્વર વે
મુસા થી વાતે કરજ્યી ,પૂણ એના માનસ ને નહી
જાળતા કે કાનો હે | 30 હેને હેનને જવાબ આલ્યો
,આ તે નવીઈ વાત હે કે તમુ નહી જાળતા કે વયો કા
નો હે ,તે હુદી એને મારી આખે ખોલ દીદી | 31 હમુ
જાડ્જ્યે હે કી પરમેશ્વર પાપી ની નહી હામડતો
,પૂણ અગર કુઈ પરમેશ્વર નું ભગત વેય,એને એની
મરજી ઉપર સાલે હે તો ,વેયો હીની હામળે હે |
32 ધરતી ની સરુઆત થી આયુ કેર હામળવામ ન્હે
આયુ કે કેનેકે જલમ થી આંદા ની આખે ખોલી વેહ|
33 અગર આ માનસ પરમેશ્વર ની તરફ થકી ને હે
તો ,તે કઈસ બી નહે કરે સકતો | 34 હેનવે હેને
જવાબ આલ્યું ,તું તે એક દમ પાપ માં જલમયોહે
,તું હમને હું હિકાડે હે ?અને હેનવે હેને બારત કાડ
દે દા | 35 યીસુ હે હામળયુ કે હેને બારત ના બેટા
ઉપર વિશ્વાસ કરે હે ? 36 હેને જવાબ આલ્યો હે
પ્રભુ વયો કુણ હે ,કે હું એને ઈપેર વિશ્વાસ કરું ?
37 યીસુ વે હેને કેદું ,તે હેને ભાળ્યો હું દો હે ,અને જી
તારી હાતે વાતી કરે રિયો હે વેયો વેસ હે | 38 હેને કેદું
હે પ્રભુ હું વિશ્વાસ કરું હું અને યીસુ ને પોગે લાગ્યો

| 39 તર યીસુ વે કેદું ,હું આ ધરતી ઈપેર નિયા કરવા
આયો હે ,એતરે જી નહી ભાળતા વેયા ભાળે ,અને
જી ભાળે હે વેયા આંદા થઈ જઈ હે | 40 જી ફરીસી
યીસુ ને હાતે હેતા ,હેનવે ઈયે વાતે હામળેને યીસુ
ને કેદું ,હું હમો હેદા આંદા હે ? 41 યીસુ વે હેનાન
કેદું ,અગર તમો આંદા હેતા તે પાપી ને થાતા ,પૂણ
હાવું કો હે કે હમુ ભાળજયે હે ,એતરે હારું તમારો
પાપ બળેલો રેહે |

10 1 હું તમોને હાસુ હાસુ કુ હું કી જી કઈ
બાઈના માં હો ઘેટા ના વેડને માઈ નહી
જાતો ,પૂણ કઈ બીજી મેર હી થાઈને નાહી જાય હે
,વયો સુર અને ડાકુ હે | 2 પૂણ જી બાઈના માહો
માઈ જાય હે વેયોસ ઘેટા નો ગુવાળ હે | 3 ઈને
હારું બાઈના નો માલિક બાઈનો ખોલ દે હે ,અને
ઘેટા એની વાત હામળે હે અને વયો એનાંન ઘેટા ને
નામ લેને હાદીકે હે અને બારત લે જાય હે | 4 જર
વેહો એના હેતા ઘેટા ને બારત કાડેલે હે તર હીની
અગેડ અગેડ સાલે હે ,અને ઘેટા એને એને વાહે
વાહે સાલે પડે હે ,કેમકે વે એના માલિક નું શબ્દ
વાળખે હે | 5 પૂણ વી બીજા ને વાહે નહીં જાહે
,પૂણ એના થકી નાહહે ,કેમકે વેય બીજા ના શબ્દ
નહિ વાળખતી | 6 યીસુ વે એના થકી યો દાખલો
કેદો ,પૂણ વયા ને હમજા, કી યે હું વાતે હે જી, વે
હમુ થકી કે હે | 7 તર યીસુ વે એના થકી કેદું ,હું
તમો થકી હાસુ હાસુ કું હે, કી ઘેટા નું બાઈનું હું
હે | 8 જેતર માર થકી પેલ આય હે વે હેત સુર
અને ડાકુ હે ,પૂણ ઘેટા વે એનાની નહી હામળી
| 9 બાઈનું હું હે ;પૂણ કુઈક મારી મરજી થકી મઈ
આવી સકે ,તર તારણ પા હે ,અને માઈન બારત
આવી અને જાવી કરહે અને ખાવું પીવું મેળવહે
| 10 સુર કઈ બીજા કામ હારું નહી આવતો પૂણ
ખાલી સૂરી કરવા અને માર દડવા અને હેતુ ખત્મ
કરવા આવે હે; હું એને હારું આયો કી વેયા ને જીવન
મળે અને ઘાણું બદુ મળહે| 11 અસલ રખવાળો હું
હે ;અસલ નો રખવાળો ઘેટા હારું એનું જીવન હિદુ
આલે દે હે| 12 કામ કરવાવાળો નતો ગુ વાળ હે એને
ન હી માલિક હે ,ઘેટા ને ખાવાવાળા ને આવત
દેખીન ઘેટા ને સુડેન નાહી જઈ હે; અને ઘેટા ને
ખાવાવાળો [ભેડ્યો ]એનાન હાઈ હે અને વખેર
દાડે હે | 13 વયો એને હારું નાહી સુટે હે કી વયો
કામ વાળો હે ,અને એને ઘેટા ની પરવાહ નહી હે |
14 અસલ નો ગોંવાળ હું હે ;હું એના ઘેટા ને જાણું
હું ,અને મારા ઘેટા મને જાણે હે| 15 જીમ બા મને
જાણે હે અને હું મારા બાપ ને જાણું હું –અને હું ઘેટા
હારું મારું જીવન આલું હું | 16 મારા બીજા એદા
ઘેટા હે ,જી એના વેડ ના નહી હે |મને એનાંન ઈદા
આવવા ન હે |વૈય મારો બોલ હામળહે ,તર એકસ
તુળો અને એકસ રખવાળો રેહ | 17 બાપ મને એતરે
હારું લાડ કરીન રાખે હે કી હું મારૂ જીવન આલું
હું કી એને પાસું લે લુ | 18 કુઈ એને માર કન હું
લેતું નહી ,પૂણ હું એને આપું આપ આલું હું |મને
હેને આલવે નો એદો હક હે ,અને એને પાસો લે
લેવેનો હેદો હક હે ;યે આજ્ઞા મને મારા બાપ થકી
મળી હે | 19 ઈની વાતો હારું યહુંદીયો માં પાસી
ફૂટ પડી | 20 એના મહા ઘણા કેવા લાગ્ય ,હેનામ
ખરાબ આત્મા હે ,અને વયો ગાન્ડો હે ,એની કેમ
હામડો હો ? 21 બીજા મનખ વે કેદું ,આ વાતે એવા
મનખ ની નહી| કી જેનામ ખરાબ આત્મા હે કેમ
ખરાબ આત્મા આંદા ની આખે ખોલી સકે હે ?
22 યરુશલેમ માં મંદિર ને બડાવેનો તેવાર માનવી
રીયા હેત ;અને તાડ ના દાડા હેથા| 23 યીસુ મંદિર
માં સુલેમાન ના આંગણામ માં ફરી રો હે તો| 24 તર
યહુદીયા વે એને આવીન ઘેર લે દો એને પુસ્યું ,તું
હમારા મન ને કેરે તક ગમ ને પડવા દે ?અગર તું
મસીહ હે તે હમોન થકી હાસુ હાસુ કેદે | 25 યીસુ
વે એનાન ઉતર આલું ,મેં તમોને કે દેદુ પૂણ તમો
વિશ્વાસ કરતાસ નહી |જી કામ હું મારા બાપ ના
નામ થકી કરું હું વેયસ માર ગવાહ હે , 26 પૂણ તમો
એને હારું વિશ્વાસ નહી કરત કી તમો મારા ઘેટા
માહ નહી હો| 27 મારા ઘેટા મારી આવાજ હામળે
હે ;હું એને જાણે હું અને વયે મારી હાતે હાતે સાલે હે
; 28 અને હું એનન કેર ને મરવા વાળું જીવન આલુ
હું |વેય કેર ખતમ ને થાએ ,અને કુઈ એને મારા હાથ
માં થી જૂઠે ને લે | 29 મારો બા ,જેને એને મને આલું
હે ,હેત કરતો મોટો હે અને કુઈ એને બા ના હાથ
માહો જૂઠે નહી સકે હે 30 હું અને બા એક હે |
31 યહુદીયો વે ઈન પર ભાટા મારવા હારું ફેર થકી
ભાટા હાદા | 32 ઈન પર યીસુ વે એને થકી કેદું ,મેં
તમોને મારા બાપની તરફ થકી ઘાણ કામ દેખાડય હે
;ઈન મહા હીની હારું તમો મારી ઈપેર ભાટા વો હે
? 33 યહૂદીયો વે એને ઉતર આલ્યું ,અસલ ના કામ
હારું હમો તને ઈપેર ભાટા નહી વાતા પૂણ એતરે
કી પરમેશ્વર ની નિન્દા કરે હે ,અને અતરે કી તું
મનખ થઈને આપડા આપ ને પરમેશ્વર બનાવે હે |
34 યીસુ વે ઉતર આલ્યું ,કી તમારા કાનુન માં નહી
લખીલું હે ,મેં કેદું ,તું ઈશ્વર હે ? 35 અગર એને
હેને ઈશ્વર કેદું જીની કન ઈશ્વર નો વસન પૂગ્યો
અને પવિત્ર શાસ્ત્ર ની વાત જુઠી નહી થઇ સકતી ,
36 તર જર બાપ વે જીની પવિત્ર કરેને ઘરતી ઉપર
મુકલ્યો હે ,તમો એના થકી કો હે કી ,તું નિંદા કરે
હે ,એતરે કી મે કેદું ,હું પરમેશ્વર નો સુરો હું ?
37 અગર હું મારા બાપ ના કામ નહી કરતો તે ,તર

તે મારો વિશ્વાસ નહીં કરો ,| 38 પૂણ હું કરું હું તે
સાહો વિશ્વાસ ને ભી કરો ,પૂણ એના કામો નો તે
વિશ્વાસ કરો ,તર કી તમો જાળો અને હામજો કી
બાપ મન માં હે અને હું બાપ હું | 39 તર ફેર એનાવે
એને હાવા હારું કરું પૂણ વેયો એનાન હાથ માહો
નકળીજ્યો | 40 પાસો વયો યરદાન ને પાર એની
જગા ઉપર જાતો રિયો ,જા યુહના પેલ બપ્તિસમાં
આલે કરતો હેતો ,અને વાસ રો| 41 ઘણા મનખ
એને કન આવીતે કેત થ ,યુહ્નના વે તે કઈ સમ્ત્કાર
નહી કરો ,પૂણ જી કઈ યુહ્નના વે એને બારામ કેદું
હેતુ ,વેય હેતુ હાસુ હેતુ | 42 અને વેયા ઘણા વે યીસુ
ને ઉપર વિશ્વાસ કરયો|

# 11

1 મરિયમ અને હીની બુન માર્થા ના ગામ
બેતનીયાહ નો લાજર નામ નો માણસ
માંદો હેતો | 2 આ વયેસ મરિયમ હિથી જીનીવે યીસુ
ઈપેર અંતર નાખેન યીસુ નાં પોગ ને એના વાળ થકી
નુસ્યા હેતા ,હીની નો ભાઈ લાજર હેતો | 3 એતરે
હીની બુનવે યીસુ ને કે મુકલ્યું ,હે પ્રભુ ભાળ જેને થી
તું લાડ રાખે હે વેયો માંડો હે | 4 ઈયુ હામળેને યીસુ
વે કેદું ,યો માંડો મરવા હારું નહી ,પૂણ પરમેશ્વર
ની મહિમા હારું હે ,કે હેને દ્વારા પરમેશ્વર ની
મહિમા થાએ| 5 યીસુ માર્થા અને હીની બુન અને
લાજર થકી લાડ રાખતો હેતો | 6 તે હુદુ જર યીસુ વે
હામળયુ કે વેયો માંડો હે ,તે જીની જગ્યા ઈપેર વેયો
હેતો વેહા બે દાડા પાસો રુકાએ જ્યો| 7 હેને પસી
યીસુ વે સેલન કેદું ,આઓ આપું પાસા યહુદીયા
મ જઈએ| 8 સેલાએ યીસુ ને કેદું ,હે ગુરુ હમણ તે
યહુદી તારા ઈપેર ભાટા મારવા માંગત હત ,અને હું
તું ફેર હુદો વેહા જાવા માંગે હે ? 9 યીસુ વે જવાબ
આલ્યો ,હું દાડા ના બાર કલાક નહી થાતા ?અગર
કુઈ દાડા માં સાલે તે ઠે નહી વાગતી ,કેમકે એની
ધરતી નું ઈજવાડું ભાળે હે | 10 પૂણ અગર કુઈ રાત
મ સાલે તે ઠે વાગે હે ,કેમકે હેનમ ઈજ્વાળુ નહે |
11 યીસુ વે આયે વાતે કેદી ,અને હેને બાદ સેલને
કેવા માંડ્યો આપડો ભાઈ બંદ લાજર હુઈ જ્યો હે
,પૂણ હું હેને જગાડવા જુ હે | 12 તર સેલા વે યીસુ
ને કેદું ,હે પ્રભુ અગર વેયો હુઈ જ્યો હે ,તે અસલ
થઈ જાહે 13 યીસુ વે લાજર ની મોત ના બારામ
કેદું ,હેતુ પૂણ સેલા હામજ્યાં કે યીસુ વે નીંદર થકી
હુઈ જાવા ના બારામ મ કેદું | 14 તર યીસુ વે હેનને
હાસુ હાસુ કે દેદૃદું કી લાજર મરી ગયો હે| 15 અને
હું તમારી લેદે ખુશ હે કે હું વેહા ને હેતો જેને થી
તમુ વિશ્વાસ કરો | પૂણ હાવું આવો ,આપું હેને
કન જાયે | 16 તર થોમાં વેએ જી દીદયુંસ કેવાએ હે
,પુતાના હાથ વાળા ને કેદું ,આઓ આપું હુદા હેને
હાતે મરવા જાજ્યે | 17 વેહા પોતવા પસી યીસુ ને
અમ ખબર પડી કે લાજર ને કબર મ મેલ્યો સાર
દા ડા થાય ગયા હે | 18 બેત્નીયાહ યરુશલેમ ના
નજીક કઈક બે મિલ નો ફાસલો હેતો | 19 ઘણા
બદદ યહુદી માર્થા અને મરિયમ કને એનના ભાઈ
ની મોત ઈપેર શાંતિ આલ્વા હારું આયા હેતા |
20 જર માર્થા વે યીસુ આવવાનો હમીસર હામળયો
તર યીસુ થી મળવો હારું ગઈ ,પૂણ મરિયમ ઘેર મ
બેહે રી | 21 માર્થા વે યીસુ ને કેદું ,હે પ્રભુ અગર તું
આ હેતો તે મારો ભાઈ ને મરતો | 22 અને હમડા
હુદી જાણું હે કે જી કઈ તું પરમેશ્વર થકી માંગે હે
,પરમેશ્વર તને આલહે | 23 યીસુ વે માર્થા ને કેદું
,તારો ભાઈ પાસો જીવતો થાઈ જાહે 24 માર્થા વે
યીસુ ને કેદું ,હું જાણું હે કે સેલે દાડે પુનરુત્થાન
ના સમય વેયો જીવતો થાઈ જાહે | 25 યીસુ વે હેને
કેદું ,પુનરુત્થાન ને જીવન હુસ હે ,જી કુઈ મારી
ઈપેર વિશ્વાસ કરે હે વેયું અગર મરે હુદુ જાઈ તે
હુદુ જીવ હે ; 26 અને જી કુઈ જીવતું હે અને મને
ઈપેર વિશ્વાસ કરે હે ,વેયું હમેશા ના લેદે મરહે |
હું તું ઈની વાત ઈપેર વિશ્વાસ કરે હે | 27 માર્થા
વે યીસુ ને કેદું ,હા હે પ્રભુ ,હું વિશ્વાસ કરું હે
કે પરમેશ્વર નો બેટો મસીહ જી ધરતી મ આવવા
વાળો હેતો , 28 ઈયુ કેને માર્થા જાતિ રી ,અને ઈની
બુન મરિયમ ને બુલાવેને સાનું રીન કેદું 'ગુરુ આસ
હે અને તને બુલાવે હે | 29 ઈયુ હામળેને મરીયમ
તરત ઉઠેન યીસુ કને આવી | 30 યીસુ હજુ ગામ
હે ને પોત્યો હેતો પૂણ હેનીસ જગ્યા મ હેતો જા
માર્થા યીસુ થી મળી હિતી | 31 તર જી યહુદી માર્થા
ના ઘેર મ હેતા એને હેને શાંતિ આલે રયા એયુ
ભાળેને કે મરિયમ તરત ઉટેને બારત ગઈ હે એમ
હામજ્યાં કે મરિયમ કબર ઈપેર ગાંગરવા જાય હે ,તે
મરિયમ ને વાહે થઈ જ્યાં | 32 જર મરિયમ વેહા
પોતી જા યીસુ હેતો તે યીસુ ને ભાળેને સ યીસુ
ન પોગામ પડી ગઈ અને કેદું ,હે પ્રભુ ,અગર તું
આ હે તો તે મારો ભાઈ ને મારતો | 33 જર યીસુ
વે મરિયમ અને જી એને હાતે આય હેત ,ગાંગરત
ભાળ્ય તે આત્મા મ ઘણોસ ઉદાસ અને દુઃખી થાયો
, 34 અને કેદું,તમએ એને કા મેલ્યો હે ? હેનાવે યીસુ
ને કેદું હે પ્રભુ આવેને ભાળ લે | 35 યીસુ ગાંગરીયો |
36 તર યહુદી કેવા લાગ્યા ,દેખો વેય એને થકી કેતરો
લાડ કરતો હેતો | 37 પૂણ હેન મન થુદ્દક વે કેદું ,હું
આ જીને આંદા ની આખે ખોલજ્યી ,આ હુદુ ને
કરે સક્યો કે આ માણસ ને મરતો ? 38 યીસુ મન
માં ફેર ઘણોસ દુખી થાયો એને કબર ઈપેર આયો |
વેયો એક ગોખલો હેતો ,અને એક ભાટો ઈન ઈપેર
મેલ્યો હેતો , 39 યીસુ વે કેદું ,પાળા ને હરખાવો |
હેના મરેલા ની બુન માર્થા યીસુ ને કેવા માંડી હે

પ્રભુ હેને મહી હાવું તે વાસ આવે હે ,કેમકે એને
માર વાના સાર દાડા થાય ગયા હે| 40 યીસુ વે કેદું
,હું મેં તને ને કેદું હેતુ કે અગર તું વિશ્વાસ કરહી ,તે
પરમેશ્વર ની મહિમા ને ભાળ હી | 41 તર હેનવે
હેના પાળાને હરકાયો |યીસુ વે આખે અદર કરેને
કેદું ,હે બાપ ,હું તારું ધનેવાદ કરું હે કે મારી હામળે
લેદી| 42 હું જાડતો હેતો કે તું હમેશા મારી હા મળે
હે ,પૂણ્ જી ભીડ આજુ બાજુ ઈબી હે ,હેનને લેદે
મેં આ કેદું ,જેને થકી વેય જાળે કે તે મને મુક્લીયો
હે | 43 એમ કેને યીસુ જોર થી સીસાયો ,હે લાજર
નકળે આવ | 44 જી મરે જ્યો હેતો ખાપુળ થી હાત
પોગ બાંદેલા નકળે આયો ,અને એનું મોડું અંગુસા
થી ફૂતેલુ હેતુ |યીસુ વે હેનને કેદું ,એનેખોલ દો અને
જાવા દો | 45 તર જી યહુદી મરિયમ કને આય હેત
અને યીસુ નું આ કામ ભળ્યું હેતુ ,હેનમ મન ઘણાવે
યીસુ ઈપેર વિશ્વાસ કરયો | 46 પૂણ હેન મન થુદ્ક
વે જઈને ફરીસીયો કને જઈને યીસુ ન કામ નો
હમીસાર આલ્યો | 47 હેને ઈપેર મુખી યાજક અને
ફરીસીયો વે મોટી સભા કરી ,અને કેદું હમો કરજે
હું હે ?ઈયો માનસ તે ઘણા સમ્ત્કાર વતાડે હે |
48 અગર હમુ એને એમેસ સુડ દે હું ,તે સબ એન
પર વિશ્વાસ લે આવહે |અને રોમી આવેને હમારી
જગા અને જાતી વેય ઉપર અધિકાર કર લે હે |
49 તર હેને મનો કાઈફા નામ નો એક આદમી વે
જી હેના વરસ નો મુટો યાજક હેતો ,હેનને કેદું ,તમુ
કઈસ નહે જાળતા , 50 અને નહે આ હામજતા
કે તમારી હારું આ તાજું હેકે હમાર મનખ હારું
એક માણસ મરે ,અને આખી જાતી નાસ ને થાઅ
| 51 આયે વાત એને પુતાની તરફ થકી ને કેદી ,પૂણ
હેના વર નો મુટો યાજક થઈને ભવિષ્યવાણી કરી
કે યીસુ હીની જતી હારું મરહે | 52 અને ન ખાલી
હીની જાતી હારું પૂણ એતરે હારૂ હુદો કે પરમેશ્વર
ના વાખેરાયલા પરિવાર ને એક કર દે | 53 હા ને
હેનેસ દાડે થી વેયો યીસુ ને માર નાખવાનું કાવતરું
કરવા માંડ્યા | 54 એતરે હારું યીસુ હેને દાડે હો
યહુદીયો મ ઉગડતો થઈને ને ફરયો ,પૂણ વેહા થકી
જંગલ ના નજીક વાળા પરદેસ ના ઈફ્રીઈમ નામ ના
એક સેર માં જાતો રિયો ,અને પુતાન સેલાન હાતે
વેહાસ રેવા લાગ્યો | 55 યહુદીય નો ફસહ તેવાર
નજીક હેતો ,અને ઘણા બદદ મનખ ફસહ થી પેલ
દેહાત થકી યરુશલેમ મ જ્યાં કે પુતાને સાફ કરો |
56 હા ને વૈય યીસુ ને જુવા માંડ્યા અને મંદિર મ
ઈબ થઈને એક બીજા ને કેવા માંડય ,તમુ હું વિસરો
હે ?હું વેયો તેવાર મ ને આવહે ? 57 મુખી યાજક
અને ફરીસીયો વે અમ આદેસ આલે મેલ્યું હેતુ કે
અગર કુઈ એમ જાને કે યીસુ કા હે તે વતાડે,એતરે
વયા યીસુ ને હાઈ સકે |

12 1 યીસુ તેવાર ને સે દાડ પેલ બેતનીયાહ માં
આયો જા લાજર હેથો ,જીને યીસુ વે મરલો
જીવાડો | 2 વેહા એનવે હેને હારું ખાવેનું તયાર કરું
હેતુ ,અને માર્થા સેવા કરતી હેતી ,અને લાજર એન
માહો એક હે જી એને હાતે ખાવેનું ખાવા બેઠો હેતો
| 3 તર મરિયમ વે જટામાસી નું અરદુ સેર મોગું
અંતર લે ને યીસુ ના પોગ ઉપર દાડયુ હેતુ અને
એના વાળ થકી એના પોગ ને નુસા હેથા અને અંતર
ના સુગંદ થકી આખું ઘેર મસ્ત ગનધાઈ ગયું હેતુ |
4 પૂણ એના સેલા મહો યહુદા ઈસ્કરીયોતી નામ નો
એક સેલો જી એને હવાડવેનો હેતો ,કેવા લાગ્યો ,|
5 યુ અંતર તીન સો દીનાર માં વેસેને ગરીબો ને કેમ
નહી આલ્યું ? 6 એને યે વાત એને હારું નહી કરી
કી હેને ગરીબો ની સીનતા હિથી પૂણ એતરે કરી
કી યો સુર હેતો ,અને એને કણ્ એક થેલી રીતી થી
અને ઈનામ જી ભી દાદુ જાતું હેતુ વયો કાડે લે તો
હેતો | 7 યીસુ વે કેદુ ,એને રેવા દો |એને યુ એની મને
ડાટવામ આવહે એના દાડા હારું મેળવો દો | 8 કેમકે
ગરીબ તે તમારા હાતે દાડુ રે હે ,પૂણ હું તમાર હાતે
દાડુ નહિ રે વેનો હે 9 જર યહુદીયો ની મુટી ભીડ
જાડી ગઈ કે વેયો વા હે ,તો વે ન કી ખાલી યીસુ હારું
આયા પૂણ એને હારું કી લાજર ને ભાળે ,જીને એને
મારલો પાસો જીવાડો હેતો | 10 તર પ્રધાનયાજક વે
લાજર ને હેદો માર દાડવેનું પલાન ઘડ્યો | 11 કેમકે
એના કારણ વે ઘાણ યહુદી નહિ ગય અને યીસુ માં
વિસ્વાસ કરયો | 12 બીજી દાડે ગણ મનખા વે જી
તેવાર માં આય હેત યુ હામળયુ કી યીસુ યરુશલેમ
મ આવે હે | 13 એતરે હારું હેનાવે ખજૂર ની ડાળ
લે દી એને હીની થકી મળવા નીકળા જ્યાં ,અને
સીસાવા લાગ્યા ,હોશાના ,ધન્ય ઈસરાયેલ નો રાજા
,જી પ્રેભુ ના નામ થકી આવે હે | 14 જર યીસુ ને
ગધેડા નું એક સેલુ મળું ,તર વેયો ઈન ઉપર બેહે ગયો
,જીમ લખ્યું હે ,હે સીયોન ની સૂરી ,મત સમક ;દેખ
તારો રાજા ગદેડા ના બ્સ્સા ઉપર બેહેન સાલો આવે
હે | 15 “હે સિય્યોન ની બીટી, નહેં સમકે, ભાળ
તારો રાજા ગદેડા ના બસ્સા ઈપેર સડેં નેં આવેં રિયો
હે ” 16 એનાં સેલા યે વાતે પેલ નહી હામજા હેતા
,પૂણ જર યીસુ ની મહિમા પ્રકટ થાઈ તર એનાંન
હમજાયુ કી આ વાતે એની બારામ લખીલી હિતી
અને મનખો વે એને થકી એવોસ વ્યવહાર કરયો
હેતો | 17 તર ભીડ માના એના મનખો વે ગવાહી
આલી ,જી એના સમય માં એને હાતે હેતા જર
એને લાજર ને કબર મહો હાદેકેને મરેલા માહો
જીવડો હેતો | 18 હીની કારણ મનખ એને થકી

મળવા આય હેત કેમકે હામળયુ હેતુ કી એને આ
નવાઈ નું કામ કરું હે| 19 તર ફરીસીયો વે એના
એનામ કેદું ,સોસો તો ખરા કી તમો થકી કઈ થાતું
નહી |દિખો સંસાર એન વાહે પડી ગયું હે | 20 જી
મનખા એના તેવાર મ આરાધના કરવા આય હેત
એન મહા થુદ્દક યુનાની હેત | 21 એનાવે ગલીલ
ના બેતસેદા નો રેવા વાળો ફીલીપુસ કને આવીન
વિનતી કરી કે ,શ્રી માન હમો યીસુ થકી મળવા
માંગ્યે હે | 22 ફીલીપુસ વે આવીન અન્દ્રીયાસ ને
કેદું તર અન્દ્રીયાસ અને ફીલીપુસ વે જઈને યીસુ
ને કેદું | 23 એન પર યીસુ વે એને કેદું ,વેયો સમય
આવી ગયો હે કી મનખ ના સુરા ની મહિમા થાએ
| 24 હું તમો થકી હાસુ હાસુ કુ હું કી જર તક ગુ નો
દાડો જમીન માં પડેન મરે નહી જાતો ,વેયો એકલો
રેહે હે ;પૂણ જર મરી જાય હે, તર ઘણ ફળ લાવે
હ | 25 જી આપડા જીવન ને પ્રિય હમજે હે ,વેયો
એને ખોવે દે હે ,અને જી એના જગત મ એના
પ્રાણ ને અપ્રિય માં ને હે ,વેયો અંનત જીવ ન હારું
એની હમાંળ કરહે | 26 અગર કુઈ મારી સેવા કરે
,તર મારા પસાડ થઈ જા ;અને જા હું હે ,તા મારો
સેવક હેદો વહે |અગર કુઈ મારી સેવા કરે ,તર બાપ
એનો આદર કરહે| 27 આવું મારો જીવ ગભરાય હે |
એને હારું આવું હું કુ ?હે બાપ ,મને હીની ઘડી હો
વસાડ ?નહી ,કેમકે હું ઈની કારણ ઈની ઘડી તક
પૂગ્યો હું | 28 હે બાપ ,આપડા નામ ની મહિમા કર
|તર યે આકાસ થકી વાણી થાઈ ,ને એની મહિમા
કરી હે અને પાસો હું દો કરે 29 તર જી મનખા ઈબ
રેન હામળત હેત એનાવે કેદું વાદળ ગરજે |બીજા વે
કેદું ,કુઈક હરગ દૂત એના થકી બોલ્યો | 30 એન પર
યીસુ વે કેદું યુ સબદ મારા હારું નહિ ,પૂણ તમારા
હારું આયુ હે | 31 હા વું એના સંસાર નો નિયા થાય
હે ,હાવું એના સંસાર ના રાજા ને કાડે દેવા મ આવહે
; 32 અને હું અગર ધરતી થકી ઉપર સડાવે ગયો ,તે
હું સબ ને માર કન ખેસે લે | 33 એમ કેન એને પ્રકટ
કર દે દુ કે વયો કેવી મોત હો મરહે | 34 એન પર
મનખા વે એન થકી કેદુ ,હમે વ્યવસ્થા ની એ વાત
હામળયી હે કી મસીહ હમેશા રેહે ,ફેર તું કેમ કેહે
કી મનખા ના સુરા ને ઉસાઈ ઉપર સડાવો જાવો
નકી હે ?યો મનખો નો સુરો કુળ હે ? 35 યીસુ વે
એના થકી કેદું ,ઈજવાડું અજુ હેદુ થુડીક વાર તક
તમાર વસ મ હે|જર તક ઈજવાળું તમાર હાતે હે
તરતક સાલ્ય કરો ,એવું નહી થઈ કે ઈન્દારું તમોને
ઘેર લે ,જી ઈનદારા મ સાલે હે વયો નહી જાડતો કી
યુ કા જાય હે | 36 જર હુદુ ઈજવાળું તમાર હાતે હે
,ઈજવાળાયે વાતે કરેને યીસુ નહિ ગયા અને એના
થકી હતાઈ ને રીયો | 37 એને એન હામે ઘણ નવાઈ
ન કામ કરય કી તરએદા એનાવે એન પર વિશ્વાસ
ને કરો; 38 તર કી યશાયાહ ભવિષ્ય વક્તા નો બોલ
પૂરો થાય જી એને કેદો;,હે પ્રભુ હમારા સામાંસર
નો કેને વિશ્વાસ કરો ?અને પ્રભુ નું ભુજા વાળું બળ
કેન ઈપેર પ્રકટ થાયું હે ? 39 એને હારું વૈય વિશ્વાસ
નહી કરે સક કેમકે યશાયાહ વે હેદુ કેદું હે ; 40 એને
એની આખે આંદી અને એનું મન મજબુત કરે દે
દુ હે;પાસો એવું નહી થાય કી વે આખો થકી દેખે
,અને મન થકી હમજે ,અને ફરે અને હું એને હાજો
કરું | 41 યશાયાહ વે યે વાતે એને હારું કેદી કી એને
હીની મહિમા દેખી ,અને એને હીના બારામ માં
વાતે કરી | 42 તર ભી અધિકારીયો મહા ઘણ વે
એન પર વિશ્વાસ કરો ,પૂણ ફરીસીયો ના કારણ
થી ખુલામ નહી માનત હેત ,કરે એવું ને થાએ કી
વેય આરાધ્નાલ્યો મહા બારત કાડ્ય જાય ; 43 કેમકે
મનખો ની તરફ થકી ખુશી એનાં ન પરમેશ્વર ની
તરફ થકી ખુશી ની કામના વદ્દુ તાજી લાગે હે |
44 યીસુ વે સીસીઈ ને કેદુ ,જી મન પર વિશ્વાસ કરે
હે ,વેય મન પર નહી પૂણ મારા કાડવા વા ળા ઉપર
વિશ્વાસ કરે હે | 45 અને જી મને દેખે હે ,વેય મારા
કાડવા વાળા ને દેખે હે | 46 હું જગત મ ઈજ્વાળું
થઈને આયો હું,જી કુઈ મન ઈપેર વિશ્વાસ કરે વૈય
ઈન્દારામ ને રે | 47 અગર કુઈ મારી વાતે હામળેને
ને માને ,તર હું એને દોશી નહી ઠરાવતો ;કેમકે હું
જગત ને દોષી ઠહરાવવા હારું નહી ,પૂણ જગત નું
ભલું કરવા આયો હું | 48 જી તની ખરાબ હામજે
હે અને મારી વાતે લે તો નહી એને દોષી ઠહરાવા
વાળો તે એક હે ;એને જી વસન મેં કેદા હે ,વયા સ
આવા વાળા દાડા મ દોષી ઠહરાવહે | 49 કેમકે મેં
મારી તરફ થકી વાતે નહી કરી ;પૂણ બાપ વે જીને
મન કાઢ્યો હે એનેસ મન આજ્ઞા આલી હે કી હું હું
કરું અને હું હું બોલું ? 50 અને હું જાણું હું કી એની
આજ્ઞા અંનત જીવન હે |એને હારું હું કઈક બુલું હું
વેયું જીમ બાપ વે મને કેદું હે એવુસ હું બુલું હું |

13 1 ફસહ ના તેવાર થી ,જર યીસુ વે જાણ
લેદું કે મારી વેયી વખત આવે પોતી હે કે
જગત સુડેને બાપ કને જુ ,તે પૂતાન મનખ થકી
જી જગત મ હેત ,જેવો વયો લાડ રાખતો હે તો
,સેલે તક વેવોસ લાડ રાખતો રિયો | 2 જર સેતાન
શામોન ના સુરા યહુદા ઈસ્કરી યોતી ના મન મ
ઈયુ નાખે સુક્યો હેતો કે હેને હવાડાએ તે ખાવેના
ને સમય 3 યીસુ વે ,યુ જાડેને કે બાપે સબ કઈ મારા
હાત માં કર દે દુ હે અને હું ,પરમેશ્વર કણ હો આયો
હું અને પરમેશ્વર કને જુ હું , 4 યીસુ ખાવેના કણ
હો ઉઠેને પૂતાન ઉપર સીસર કાંડે દાડ્ય ,અને રૂમાલ
લેને પુતાની કેડ બાંદી | 5 તર રાસડા માં પાણી ભરેને

સેલ ના પોગ ધુયા અને જેના રૂમાલ થકી હીની કેડ
બાધેલી હિતી હેને થકી નુસવા માંડ્યો | 6 જર યીસ
શામોન પત્રસ કણ આયો ,તર પત્રસે યીસુ ને કેદું
,હે પ્રભુ ,હું તું મારા પોગ ધુવે હે ? 7 યીસુ વે હેને
જવાબ આલ્યો ,જી હું કરું હે ,તું હે ને ને હામડ
નહી જાડતો ,પૂણ એને બાદ હમજહી | 8 પત્રસ વે
યીસુ ને કેદું ,યુ મારા પોગ કેર યે ને ધુઈ સકહી ઈયુ
હામળેને યીસુ વે હેને કેદું ,અગર હું તને ને ધુવું તે
મારી હાતે કઈ સંબંધ નહી હે | 9 શામોન પત્રસ વે
યીસુ ને કેદું ,હે પ્રભુ તે મારા પીગેસ ને પૂણ હાત
ને મુનકું હુદુ ધુઈ દાડ | 10 યીસુ વે હેને કેદું ,જી
ઉગળે સુક્યું હે હેને પોગ સિવાય બીજું કઈ ધુવાની
જરુરાત ન્હે ,પૂણ વેયું એકદમ સાફ હે ,અને તમુ
સાફ હે પૂણ બદદ ન બદદ નેહે 11 યીસુ તે એને
હવાડવા વાળા ને જાડતો હેતો એતરે હારું હેને ખડું
,તમુ બદદાસ સુદ નહી| 12 જર યીસુ હેનાન પોગ
ધુઈ સુક્યો ,અને પુતાના સીસર પેરેને ફેર બેહે જ્યો
,તે હેન થકી કેવા માંડ્યો ,હું તમો હમજ્યા કે મેં
તમારી હાતે હું કરું ? 13 તમુ મને પ્રભુ અને જુરું
કો હે ,અને બરો બરેસ કો હે ,કેમકે હું વેયોસ હું
| 14 અગર મેં પ્રભુ અને યુરું થઈને પોગ ધુઆ તે
તમારે હુદાએક બીજા ના પોગ ધુઆ જુગે | 15 કેમકે
મેં તમોને નમુનો વટાળ દે દો હે કે જેવું મેં તમાર
હાતે કરું હે તેમ તમો હુંદા હેવુસ કરો | 16 હું તમોને
હાસુ હાસુ કો હે ,નોકર પુતાના માલિક કરતો મુટો
નહી ,અને ન મુકલેલો ,પુતાના મુકલ વાળા હે |
17 તમુ ઈયે વાતે જાણો હે ,અને અગર એને ઈપેર
સાલો તે ધન્ય હે | 18 હું તમો બદદ ના બારામ તે
નહી કેતો ,જેનને મેં પસંદ કર લે દા હે ,હેનને હું જાડુ
હું ,પૂણ આયુ એતરે હારું હે કે પવિત્ર શાસ્ત્ર નું આયુ
વસંન પૂરું થાય ,જી મારી પવિત્ર રુટી ખાએ હે હેને
મારી ઉપર લાત ઉઠાવી હે | 19 હાવું હું હેને થાવા
પેલ તમને જાણાવ દુ હે કે જર ઈયુ થાઈ જાય તે તમુ
વિશ્વાસ કરો કે વેયોસ હું | 20 હું તમોને હાસુ હાસુ
કો હે કે જી મને મુકલવા વાળા ને ગ્રહણ કરે હે ,વેયો
મને ગરહન કરે હે ;અને જી મને ગરહન કરે હે ,વયો
મારા મુકલવા વાળા ને ગરહન કરે હે | 21 આયે વાતે
કે ને યીસુ આત્મા મ દુઃખી થાયો અને એને ગવાઈ
આલી ,હું તમોને હાસુ હાસુ કુ હે કે તમ માનો એક
મને હવાડ હે | 22 સેલા સક થી ,કે યીસુ કેના બારામ
કેહે ,એક બીજા હામાં બાળવા લાગ્યા | 23 યીસુ ના
સેલા મહો એક જીન યીસુ લાડ કરતા હે તા ,યીસુ
ની સાતી મઈ નમેને બેઠેલો હેતો | 24 શમોન પત્રસ
વે હેને મય ઈસરો કરેને પુસ્યું ,વટાળ તે યીસુ કેના
બારામ કે હે ? 25 તર હેને હિનીસ રીતી યીસુ ની
સાતી મય નમે લેસ યીસુ ને પુસ્યું ,હે પ્રભુ વેયો
કુણ હે ? 26 યીસુ વે જવાબ આલ્યો ,જીને હું આ
રુટી નો ટુકડો દુબાડેને આલે વેયોસ હે | અને યીસુ
વે બટકું દુબાડેને શામોન ઈસ્કરીયોતી ના યહુદા ને
આલ્યું | 27 બટકું લેતમસ સેતાન હેને મ ભરાઈ
ગયો |તર યીસુ વે હેને કેદું જી તું કરે હે તરત કર|
28 પૂણ બેહવા વાળા મને કેનેસ ને જાડ્યું કે યીસુ વે
આયે વાત એને હુકા કીદી| 29 યહુદા કને થેલી રીતી
હતી ,એતરે કઈનેક કઈનેક હમજ્યું કે યીસુ હેને કે
રિયો હે કે જી કઈ હમારે તેવાર હારું જુગે હે વે
,લે ,લે ,અને યુ કી ગરીબો ને કઈક આલ| 30 અને
વેયો બટકું લેને તરત બારત જતો રો, અને આયો
રાત નો સમય હેતો | 31 જર વયો બાત્ર જાતો રિયો
તે યીસુ વે કેદું ,હાવું મનખા ના સુર ની મહિમા
થાઈ હે ,અને પરમેશ્વર ની મહિમા એનેમ થઈ હે
| 32 અગર હેનેમ પરમેશ્વર ની મહિમા થઈ હે ,તે
પરમેશ્વર પુતાના મ હીની મહિમાં કરહે અને તરત
કરહે | 33 હે બાળકો ,હું હજુ થુડીવાર તમારી કને
હું ;ફેર તમુ મને જુવહો ,અને જેવું મેહ યહુદીયો
થકી કેદું ,જા હું જુ હે વેહા તમુ નહી આવે સકતા
,વેવુસ હું હમળ તમોને હુદો કુ હું | 34 હું તમોને
એક નવી આજ્ઞા આલું હું કે એક બીજા થકી લાડ
રાખો ,જીવો મેં તમો થકી લાડ રાખ્યું ,વેવોસ તમુ
હુદા એક બીજા હાતે લાડ રાખો | 35 અગર એક
બીજા હાતે લાડ રાખહો ,તે ઈની થીસ બદદ જાડહે
કે મારા સેલા હે | 36 શામોન પત્રસ યીસુ ને કેદું ,હે
પ્રભુ તું કા જાય હે ,યીસુ વે ગવાબ આલ્યો ,જા હું
જુ હે ,વેહા તું મારી વાહેડ આવે ન્હે સકતો ,પૂણ
હેને બાદ મારી વાહેડ આવહે | 37 પત્રસ વે યીસુ ને
કેદુ ,હે પ્રભુ હમણ હું તારી વાહેડ હુકા નહે આવે
સકતો ?હું તે તારી હારુ મારો જીવ હુંદો આલે દે |
38 યીસુ વે જવાબ આલ્યો ,હું તું મારી હારું પુતાનો
જીવ આલ્હે ? હું તને હાસુ હાસુ કું હે ,કે કુકડો ને
બુલે તા તક તું તાણ વાર મારો નકાર કર હી

14 1 તમારું મન ઘબરાઈ ને જાય ;પરમેશ્વર ને
ઉપર વિશ્વાસ રાખો અને મને ઉપેર હેદા
વિશ્વાસ રાખો | 2 મારા બાપના ઘેર માં ઘણીસ
રેવેની જગ્યા હે,અગર ન હેત ત હું તમો થકી કે
દેતો ;કેમકે હું તમારે હારું જગહ તયાર કરવા જુ હે
| 3 અને હું જઈને તમાર હારું જગહ તયાર કરું ,તર
હું આવિન માર કણ લે જઈ કી જા હું રૂ તા તમો
હેદા રો | 4 જા હું જુ હે તમો વેહા નો રસ્તો જાણો હે
| 5 થોમાં વે હેને થકી કેદું હે પ્રભુ હમો નહી જાણતા
કે તું કા જાએ હે ;તે રસ્તો કેકેમ જાણ્યે ? 6 યીસુ વે
હેના થકી કેદું ,રસ્તો અને હાસુ અને જીવન હું હે ;
વગર મારી દ્વારા કુઈ બાપ કને નહી જઈ સકતો |
7 અગર તમોવે મને જાણો હે તે ,મારા બાપ ને હેદા

જાણતા ;અને હાવું અને જાણો હે ,અને એને દેખો
હેદો હે| 8 ફીલીપુસ વે હેનાન કેદું ,હે પ્રભુ બાપ ને
હમોને વતાડ દે ,વેયું હમારા હારુ ઘણું હે | 9 યીસુ
વે એના થકી કેદું ,હે ફીલીપુસ ,હું એતરા દાડ હું
તમાર હાતે હું અને કેમ તું મને નહી જાણતો ?જીને
મન દેખો હે વેને બાપ ને દેખો હે |તું કેમ કે હે કી
બાપ ને મને વતાડ ? 10 કેમ તું વિશ્વાસ નહી કરતો
કી હું બાપ હું અને બાપ મન મ હે ?યે વાતે જી હું
તમોને કુ હું ,મારી તરફ થકી નહી કેતો ,પૂણ બાપ
મને માં રેને એના કામ કરે હે | 11 મારો વિશ્વાસ
કરો કી હું તમોમ હું અને બાપ મને માં હે ;નહી
તે કામને કારણ મારી ઉપર વિશ્વાસ કરો | 12 હું
તને થકી હાસુ હાસુ કુ હે કી જી મને ઈપેર વિશ્વાસ
રાખે હે ,આય કામ જી હું કરો હું વયો હુદો કરહે
,પૂણ એના થકી હેદા મુટો કામ ક્રરહે ,કેમકે હું બાપ
કને જુ હું | 13 જી કઈ તમો મારી કણ માંગહો ,વેયુસ
હું કરે કી સુરા થકી બાપ ની મહિમા થાય | 14 અગર
તમુ મારે થકી મારા નામ થકી કઈક માંગહો ,તર હું
એને કરે | 15 અગર તમો મન થકી લાડ રાખો હે
,તર મારી આજ્ઞાઓં ને માનહો | 16 હું બાપ થકી
વિનતી કરે કી અને વયો તમોને એક હજુ હાત વાળો
આલ્હે કી વેયો હર હમેશા તમાર હાતે રે | 17 જી હે
હાસા ની આત્મા ,જીને સંસાર લે નહી શકતું ,કેમકે
વયું હેને ન દેખે હે ન જાણે હે ;તમો હેને જાણો હો
,કેમકે હી તમાર હાતે રે હે ,અને વયું હમોમ થાહે
| 18 હું તમોન વગર આઈ ને બા વાળા નહી સુડે
;હું તમુ કણ આવું હું | 19 અને અજુ થુડી વાર રી
ગઈ હે કી ફેર સંસાર મને ને દેખેં ,પૂણ તમો મને
દેખહો ;એને હારું કી હું જીવતો હું તમો હેદા જીવિત
રેહો | 20 હેને દાડે તમો જાણહો કી હું મારા બાપ
મ હું અને તમો મારામ ,અને હું તમોમ | 21 જીન
કણ મારી આજ્ઞા હે અને વેયો એને માને હે ,વયોસ
મારી થકી લાડ રાખે હે ;અને જી મને થકી લાડ
રાખે હે હેને મારો બાપ લાડ રાખહે ,અને હું હેને
લાડ રાખે અને આપડા આપ ને હેનમ પ્રકટ કરે |
22 હેને યહુદા વે જી ઈસ્કરિયોતી નહી હે તો ,હેન
થકી કેદું ,હે પ્રભુ હું થાયું કી તું આપું આપ ને હમો
ઉપર પ્રકટ કરવા માંગે હે અને સંસાર ઈપેર નહી ?
23 યીસુ વે હેનાન ઉતર આલ્યું ,અગર કુઈ મને થકી
લાડ રાખહે તર વેયો મારા વસન ને માંનહે ,અને
મારો બાપ એને થકી લાડ રાખહે ,અને હમો એને
કણ આવહો અને હેન હાતે રેહો | 24 જી મને થકી
લાડ નહી રાખતું ,વેયો મારો વસન નહી માનતો
;અને જી વસન તમો હામળો હો યો મારો નહી
પૂણ બાપ નો હે ,જેને મને મુકલીયો હે | 25 આ
વાતે મેં તમાર હાતે રે ને તમો થકી કેદી | 26 પૂણ
હાત વાળો અને પવિત્ર આત્મા જેને બાપ મારા
નામ થકી કાડહે ,વેયો તમોને હેતી વાતે હિકાડહે
,અને જી કઈ મેં તમો થકી કેદું હે ,વેયું હેતુ તમોને
યાદ અલાડહે | 27 હું તમોન સાનતી આલે જુ હે
,મારી શાંતિ તમોન આલુ હું ;જેમ સંસાર આલે
હે,હું તમોન નહી આલતો ;તમારું મન ઘબરાઈ ને
જાએ અને સંમકે ને | 28 તમો વે હામળયુ હે કી મેં
તમો થકી કેદું ,હું જુ હું અને તમાર કન પાસો આવે
|અગર તમો મન થકી લાડ રાખતા તે એની વાત
થકી ખુશ થાતા કી હું બાપ કન જુ હું કેમકે બાપ
મને થકી મુટો હે | 29 અને મેં વે આવું હેને થાવા ને
પેલ તમો થકી કે દે દુ હે ,કી જર યુ થાય જાય તર
તમો વિશ્વાસ કરો | 30 હું આવું તમાર હાતે હજુ
ગણી વાર વાતે ને કરું ,કેમકે એના સંસાર નો મુટો
આદમી આવે હે |મને ઉપર એનો કઈ અધિકાર નહી
હે ; 31 પૂણ યુ તેમ થાય હે કે સંસાર જાણે કી હું બાપ
થકી લાડ રાખું હું ,અને જેમ બાપ વે મને આજ્ઞા
આલી હે હું એમસ કરું હે |ઉઠો આ થકી સાલો |

15
1 હાસી દાખલતા હું હે ,અને મારો બાપ
ખેતી કરવા વાળો હે | 2 જી ડાળી મન મ
હે અને નહી ફળતી ,એને વેયો કાપે દાડે હે ;અને
જી ફળે હે ,વેને વેયો સાટે હે કેમકે વદુ ફળે | 3 તમો
તે એના વસન ને કારણ જી મેં તમો થકી કેદું હે
,શુદ થાએ | 4 તમો મને થકી બળેલા રો ,અને હું
તમુ માં |જેમ ડાળી અગર દાખલતા મ ને બણી
લી રે તે આપું આપ નહી ફળે સકતી ,વેમ તમો
એદા અગર મને થકી ને બળેલા રો તે નહી ફળે
સંકો | 5 હું દાખલતા હું ;તમુ ડાળગ્યી હો |જી મને
માં બળે રે હે તે અને હું એન માં ,વેય ઘણ ફળ
ફલાતા હે ,કેમકે મને થકી અલગ થાઈને તમો કઈ
ઈદા નહી કરે સકતા | 6 અગર કુઈ મને માં બળેલું
ને રે તે ,તર યુ ડાળી ને જેમ ફેંકે દેવામ આવહે ,અને
હુકાઈ જાએ હે ;અને મનખ્યા હેને બેગાકરેને આગ
માં બાળ દે હે ,અને વે બળે જાએ હે | 7 અગર
તમો મને માં બળેલા રો તે અને મારો વસન તમો
માં બળેલો રે તે જી સાહો તું માંગો અને યુ તમાર
હારું થાઈ જા હે | 8 મારા બાપ ની મહિમા ઈની
થકી સ થાય હે કી તમુ ગડુસ ફળ લાઓં ,તરસ
તમુ મારા સેલા કેવાહો | 9 જેમ બાપ વે મારા થકી
લાડ રાખું ,વેવોસ મેં તને થકી લાડ રાખું ;મારા લાડ
માં બળેલા રો | 10 અગર તમો મારી આજ્ઞાઓં ને
માનહો ,તરસ લાડ માં બળેલા રહો ;જેમ મેં મારા
બાપ ની આજ્ઞા ને માની હે અને એના લાડ માં
બળેલા રો હું | 11 મેં યે વાતે તને એતરે કેદી હે ,કી
મારો આનંદ તમો માં બળેલું રે ,અને તમારૂ આનદ
પૂરું થઈ જાએ | 12 મારી આજ્ઞા યે હે ,કી જેમ મેં

તમો થી લાડ રાખ્યું ,વેમ તમો હેદા એક બીજા માં
લાડ રાખે કરો | 13 એના થકી મુટો લાડ કેનું નહી કી
કુઈ આપડા હાત વાળા હારું એનો જીવન આલ દે|
14 જી આજ્ઞા હું તમોને આલું હું ,અગર એને માનો
તે તમો મારા હાત વાળા હો | 15 હાવું થકી હું તમોને
નોકર નહી કે ,કેમકે નોકર નહી જાડતો કે એનો ધણી
હું કરે હે;પૂણ મેં તમોને હાત વાળો કેદો હે ,કેમકે
મેં જે વાતે મારા બાપ થકી હામળી હે ,વેયે હેતી
તમોને વતાડ દેદી હે | 16 તમો વે મને નહી પસંદ
કરો પૂણ મેં તમોને પસંદ કરય હે અને તમોને ઈબા
કારયા હે કી તમો જઈને ફળ લાવો અને તમારું ફળ
બળેલું રે ,કી તમો મારા નામ થકી જી કઈ બાપ થકી
માંગો ,વેયો તમોને આલે | 17 ઈની વાતે ની આજ્ઞા
હું તમોને એને હારું આલું હેકે તમો એક બીજા હાતે
લાડ રાખો | 18 અગર સંસાર તમો થકી વેર રાખે હે
,તર તમો જાણો હે કી એનાવે તમો કરત પેલ મને
થકી વેર રાખ્યો | 19 અગર તમો સંસાર ના હેતા ,તે
સંસાર તમો થકી લાડ રાખતું ;પૂણ એની કારણ કી
તમો સંસાર ના નહી ,પૂણ મેં તમોને સંસાર મહા
ટાળે લે દા હે એને હારું સંસાર તમો થકી વેર રાખે
હે | 20 જી વાત મેં તમો થકી કિદી હતી ,નોકર એના
ધણી થકી મુટો નહી રેતો ,એને યાદ રાખો |અગર
એનાવે મને દુઃખ દેદુ ,તરતે તમોને હેદા દુઃખ દે હે
;અગર એનાવે મારી વાત માની ,તર તે તમારી હિદી
માનહે | 21 પૂણ યુ હેતુયે મારા નામ ને કારણ્ તમાર
હાતે કરહે ,કેમકે ય મારા મુંકલવા વાળા ને નહી
જાણત | 22 અગર હું નહી આવતો અને એને થકી
વાતે નહી કરતો ,તરતે વેય પાપી નહી કેવાત ;પૂણ
હાવું હેને એના પાપ હારું કઈ બાનું નહી | 23 જી
મને થકી વેર રાખે હે ,વેય મારા બાપ થકી એદા વેર
રાખે હે | 24 અગર હું એનમ વેય કામ નહી કરતો
જી બીજા કેને નહી કરય ,તરતે વૈય પાપી નહી કેવાત
;પૂણ હાવું તે એનાવે મને અને મારા બાપ બેય ને
દેખ્યા અને બેય થકી વેર કરયો | 25 આયુ એતરે થાયું
કી વેયો વસન પૂરો થાયે ,જી એના નિયમ માં લખ્યું
હે ,એનાવે મને થકી અમથોસ વેર કરો | 26 પૂણ
જર વેયો હાત વાળો આવહે ,જીને હું તમારે કન
બાપ ની તરફ થકી કાડે ,અને હાસા ની આત્મા જી
બાપ ની તરફ થકી નકળે હે ,તર તે વયે મારી ગવાહી
આલહે ;| 27 અને તમો એદા મારા ગવાહ હો કેમકે
તમો સુરુ થકી મારી હાતે રિયા હો |

16 1 આયે વાતે મેં તમો થકી એતરે કરી કી
તમો ઠોકર ને ખો | 2 વેહ તમોને ગીરજો
મહા કાડે દે હે ,પૂણ વેયો સમય આવે હે ,કી જે કોઈ
તમોને માર દડહે વેયો હામજહે કી મેં પરમેશ્વર ની
સેવા કરી હું | 3 એવું વેયા એતરે કર હે કી અનાવે ન
હી બાપ ને જાણો અને નહી મને જાણે હે | 4 પૂણ
આયે વાતે મેં એતરે તમો થકી કીદી ,કી જર એનો
સમય આવે તે તમોને યાદ આવી જાય કી મેં તમોને
પેલ થકી આયુ કે દે દુ હતું |મેં સુરુઆત માં તમો
થકી આયે વાતે એતરે નહી કીદી ,કેમકે હું તમાર
હાતે હેતો | 5 પૂણ આવું હું મનેં મુકલવા વાળા કને
જુ હું ;અને તમો માહા કુઈ મને થકી નહી પુસતા
,કે તુ કા જાય હે ? 6 પૂણ મેં વે જી વાતે તમો થકી
કેદી હે ,એતરે તમારું મન દુઃખ થકી ભરાઈ ગયું હે
| 7 તર ઈડો હું તમો થકી હાસુ કુ હે કી મારું મન
તમારે હારું અસલ હે ,કેમકે હું નહી જુ તે વેયો હાત
વાળો તમારી કન ને આવે ;પૂણ હું જાયે ,તે વેને હું
તમારે કન મુકલે | 8 વયો આવીને સંસાર ના પાપ
અને ધર્મ ના બારામ અને નિયા ના બારામ મ ઉતર
વગર ના કરહે | 9 પાપ ના બારામ એના હારું કી
વેયા મને ઉપર વિશ્વાસ નહી કરત ; 10 અને ધર્મ
ના બારામ એની હારું કી હું બાપ કને જુ હું ,અને
તમો મને પાસા નહી દેખહો ;| 11 નિયા ના બારામ
એની હારું કે સંસાર ના માલિક ને દોષી બળાવામ
આયો હે 12 મને તમો થકી હજુ ઘણી વાતે કેવી હે
,પૂણ હમણ તમો હેને સહ નહી સકત | 13 પૂણ
જર વયુ અને હાસા નું આત્મા આવહે ,તર તમોને
હેતો હાસ નો રસ્તો વતાડહે ,કેમકે વેયો આપડા
આપ થકી કઈ ને કે પૂણ જી કઈ હામળ હે વેયુસ
કેહે ,અને આવા વાળી વાતે તમોને વતાડહે | 14 વેય
મારી મહિમા કરહે ,કેમકે વેયો મારી વાતે મહું લે ને
તમોને વતાડહે | 15 જી કઈ બાપ નું હે ,વયું સબ
મારું હે ,એતરે હારું મેં કેદું કી વેયો મારી વાતો મહુ
લે ને તમોને વતાડહે | 16 થુડી વાર મ તમો મને
નહી દેખ હો ,અને ફેર થુડી વાર માં મને દેખ હો |
17 તર એના થુડક સેલા વે એનમસ કઈક કેદું ,આ
હું હે જી વેયો હમો થકી કે હે ,થુડી વાર મ તમો મને
નહી દેખહો અને ફેર થુડી વાર માં દેખહો ?અને યુ
એતરે કી હું બાપ કને જુ હું ? 18 તર એના વે કેદી
,વેયો 'થોડી વાર 'જી કેહે ,હું વાત હે ?હમો નહી
જાળતા કે વેયો હું કે હે | 19 યીસુ વે આયુ જાળેને
કી વેયા મને પુસવા સાહે હે ,યીસુ ને કેદુ ,કેમ તમો
મારી આ વાત ને બારામ તમારા માં વાતે કરો હો
,થુડીક વાર માં તમો મને નહી દેખ હો ,અને થુડીક
વાર તમો ફેર મને દેખ હો ? 20 હું તમો થકી હાસુ
હાસુ કુ હે કી તમો ગાંગરહો અને વિલાપ કરહો
,પૂણ સંસાર આનંદ કરહે ;તમોને દુઃખ થાહે ,પૂણ
તમારું દુઃખ આનંદ માં બદલાઈ જા હે | 21 સુરુ
થાવે ના સમય બયેર ને દુઃખ થાએ હે ,કેમકે એની
દુઃખ ની ઘડી આવી પડી હે ,પૂણ જર વયે બાળક ને
જન્મ આલે દે હે ,તર એની ખુશી થકી કી સંસાર માં

એક મનખ ઉત્પન થયું ,એના દુઃખ ને પાસી યાદ
નહી કરતી | 22 હીની તરહ તમોને ઈદો હમણ દુઃખ
હે ,પૂણ હું તમુ થકી ફેર મળે ,અને તમાર મન ખુશી
થકી ભરાઈ જાહે ;અને તમારી ખુશી તમો થકી કુઈ
જૂઠે ને લે હે | 23 એને દાડે તમો માર થકી કઈ ને
પુસહો |હું તમો થકી હાસુ હાસુ કુ હે ,અગર બાપ
થકી કઈક માંગ હો ,તે વેયો મારા નામ થકી તમોને
આલહે| 24 અજુ હેદુ તમોવે મારા નામ થકી કઈ
નહી માંગ્યું ;માંગો તે મળહે તર કી તમારું આનંદ
પૂરું થાય જાએ | 25 મેં તમોને આયે વાતે ઉદાહરણ
માં કેદી હે ,પૂણ એવો સમય આવે હે કી હું તમો
થકી પાસો દાખલા માં નહ કી ,પૂણ ખોલેને તમોને
બાપ ના બારામ વતાડે| 26 એને દાડે તમો મારા
નામ થકી માંગહો ;અને હું તમો થકી એમ ને કે કી
હુબાપ થકી વિનતી કરું ; 27 કેમકે બાપ તે આપડો
હે જી તમો થકી લાડ રાખે હે ,એતરે હારું કી તમોવે
મને થકી લાડ રાખ્યું હે ,અને યો હેદો વિશ્વાસ કરો
કી હું બાપ ની તરફ થકી આયો | 28 હું બાપ ની
તરફ થકી જગત માં આયો હું ;હું પાસો જગત ને
સુડેને બાપ કને જુ હું | 29 એના સેલા વે કેદું ,દેખ
‘ હાવું તે તું ખૂલું કરેને કે હે ,અને કુઈ ઉદાહરણ
નહી કેતો | 30 હાવું હમો જાળે જા હે કી તું હેતુ
જાણે હે ,અને એની જરૂરત નહી કી કુઈ તમો થકી
કઈક પૂસે ;એના થકી હમુ વિશ્વાસ કર જયે હે કી
તું પરમેશ્વર થકી આયો હે | 31 આયુ હામળેને યીસુ
વે એના થકી કેદું ,કેમ તમો હાવું વિશ્વાસ કરો હો ?
32 દેખો વયો સમય આવે હે પૂણ આવી પુગી હે કી
તમો હેતા વખેરાઈ ને આપડો આપડો રસ્તો લે હો
,અને મને એખલો સોડ દે હો ;તર હેદો હું એકલો
નહી કેમકે બાપ માર હાતે હે | 33 મેં આ વાતે તમો
થકી એતરે કીદી હે કી તમોને મને માં શાંતિ મળે |
સંસાર માં તમુને દુઃખ થાય હે ,પૂણ હિમત રાખો
,મેં સંસાર ને જીતે લે દુ હે |

17 1 યીસુ વે યે વાતે કીદી અને પુતાની આખે
આકાશ ને તરફ ઉઠાવેને કેદું ,હે બાપ વેયે
વખત આવી ગઈ હે ,તારા સુર ની મહિમા કરે|કી
સુરો એદો તારી મહિમા કરે 2 કેમકે તે હેને હેતા જીવ
ઉપર અધિકાર આલયો હે ,કે જેને તે હેને આલ્યા
હે હેન હેતા ને વયો અનંત જીવન આલે | 3 અને
અનંત જીવન આ હે કી વેય તને એક ખાલી હાસા
પરમેશ્વર ને અને યીસુ મસીહ ને ,જીને તે મુક્લીયો
હે જાણે | 4 જી કામ તે મને કરવા હારું આલ્યું હેતુ
,હેને પૂરું કરેને મેહ ધરતી ઈપેર તારી મહિમા કરી હે
| 5 આવું હે બાપ ,તું તારે હાતે મારી મહિમા હીની
મહિમા થી કર જી દુનિયા ને બળાવા ને પેલ ,મારી
તાર હાતે હિતી | 6 મેહ તારું નામ હેના મનખા માં
પ્રકટ કરું હે જેને તે દુનિયા માં મને આલ્ય ,અને
હેનવે તારા વસન ને માંન લે દુ | 7 હાવું વે જાને
જ્યાં હે કી જી કઈ તે મને આલ્યું હે વેયુ હેતુ તારી
થી હે ; 8 કેમકે જી વસન તે મન આલય ,મેહ હેનન
હેને કન પુતાડે દે દા હે ,અને હેનવે હેને ગ્રહણ કરયુ
,અને હાસુ હાસુ જાણે લે દુ હે કી હું તારી તરફ
થકી આયો હું ,અને વિશ્વાસ કર લે દો હે કી તેસ
મને મુક્લ્યો હે | 9 હું એન હારું દુવા કરું હે ,સંસાર
હારું દુવા નહી કરતો પૂણ હેન હારુસ જેને તે મને
આલય હે ,કેમકે વેય તાર હે | 10 અને જી કઈ મારું
હે વેયું હેતુ તારું હે ,અને જી કઈ તારું હે વેયું મારું
હે ,અને એન થી મારી મહિમા પ્રકટ થાઈ હે | 11 હું
હાવું દુનિયા માં ને રૂ ,પૂણ વેય જગત માં રેહે ,અને
હું તારી કને આવું હું ,હે પવિત્ર બાપ તારા હેના
નામ થકી જી તે મને આલ્યું હે ,હીની રખવાળી કર
કે વેય આપડી જુગ એક થાય 12 જર હું હેન ને હાતે
હેતો ,તે મેહ તારા નામ થી ,જી તે મને આલ્યું હે
,હેનની રખવાળી કરી |અને હમાળું ,અને નાશ ના
સુરા ને સુડેને ,એન મહા કુઈ નાશ નહી થાય |એતરે
હારું કે પવિત્ર શાસ્ત્ર માં જી કેવાંમ આયુ હે વેયું પૂરું
થાય | 13 હાવું હું તારી કન આવું હે ,અને આયે વાતે
જગત માં કુ હું ,કે વેય મારી ખુશી પૂતાના મન મ
પૂરી મેળવે | 14 મેહ તારું વસન હેનન પુતાડ દે દુ
હે ,અને દુનિયા વે હેન થકી વેર કરો ,કેમકે જેવો
હું દુનિયા નો નહી ,વેમ વે હેદા દુનિયા ના નહી
| 15 હું વેયી દુવા નહી કરતો કે તું હેને જગત થકી
ઉઠાવે લે ,પૂણ એમ કે તું એનને હેના દુષ્ટ થકી વસાવે
રાખ | 16 જેમ હું દુનિયા નો નહીં ,વેમ વેયા હેદા
દુનિયા ના નહી | 17 હાસ ને હાતે તું એને પવિત્ર
કર ;તારો વસન હસો હે | 18 જેમ તે મને જગત
માં મુક્લ્યો ,વેમ મેં હેદો એને જગત માં મુક્લ્યો ;
19 અને એને હારું હું પુતાને પવિત્ર કરું હું ,એતરે
વેય હુદ હાસ મા પવિત્ર કરવામ આવે | 20 હું ખાલી
હેન હારુંસ અરજ નહે કરતો પૂણ એન હારું હું દો
એનના વસન ને દ્વારા મને ઈપેર વિશ્વાસ કરહે ,
21 કે વે હેત એક થાઅ ;જેમ હે બાપ તું મન હે ,અને
હું તાર માં હું ,વેમેસ વેય હુદ હમ મ થાઅ ,જેને થી
સંસાર વિશ્વાસ કરે કે તેસ મને મુક્લ્યો હે | 22 વેયે
મહિમા જી તે મને આલી મેહ વું હેનન આલી હે ,કે
વેય વેમેસ એક થાય જેમ કે હમુ એક હે | 23 હું એન
મ અને તું મારી મ કે વેય પાક થાઈને એક થાય જાએ
,અને સંસાર જાણે કે તેસ મને મુક્લ્યો હે ,અને જેવો
તે મારી હાતે લાડ રાખ્યો ,વેવોસ એના થકી લાડ
રાખ | 24 હે બાપ હું સાહુ હું કે જેનને તે મને આલય
હે ,જા હું હે વેહા વેય હુદ મારી હાતે રે ,કે વેય મારી
હીની મહિમા ને ભાળે જી તે મને આલી હે ,કેમકે તે

દુનિયા ને બનાવાને થકી પેલ મને થકી લાડ રાખ્યું |
25 હે ધર્મી બાપ સંસારે મને નહે જાણ્યો ,પૂણ મેહ
તને જાણ્યો ;અને એનાવે હુદો જાણ્યું કે તેસ મને
મુક્લ્યો હે | 26 મેહ તારો નામ એનને વતાડ્યું અને
વતાડતો રે કે જી લાડ તને મારી થકી હેતુ વયું હેનમ
રે ,અને હું એનમ રૂ |

18 1 યીસુ વે બાતે કરેને આપડા સેલા હાતે
કીદ્રોસ નાલા ને ટેકે જ્યાં |વેહા એક બારી
હેતી ,જેનામ વેયો અને એના સેલા નાહી ગયા |
2 એને હવાડવા વાળો યહુદા એદો આ જગહ ને
જાણતો હેતો ,કેમકે યીસુ એના સેલા હાતે વેહા
જાયો કરતો હેતો | 3 તર યહુદા ,વે સેનીકો ના
એક દલ ને અને મુખી યાજકો અને ફરીસીયો ની
તરફ થકી સેનીકો ને લેને ,દીવા અને મશાલે અને
હથીયારો ને લેને વેહા આયો | 4 તર યીસુ એની હેતી
વાતે ને જી એની ઈપેર આવા વાળી હેતી ,નકળો
અને એના થકી કેદુ ,કેને જોવો હે ? 5 ‘એનાવે
એનાંન ઉતર આલું ,યીસુ નાસરી ને |યીસુ હેનાન
કેદું , ,હુંસ હું |એને હવાડવા વાળો યહુદા હેદો આ
હેનાન હાતે ઈબો હેતો | 6 યીસુ ને એમ કેતમસ
,હું હે ,વેયા વાહે હારકે ને જમીન ઉપર પડી જ્યાં
| 7 તર યીસુ વે ફેર હેનન પુસ્યું ,તમુ કેન જુવો હે
| વેહા બોલ્યા યીસુ નાસરી ને | 8 યીસુ વે ઉતર
આલ્યું ,હું તમો થકી કે સુક્યો હું કી હું હે ,અગર
મને જોવો હે તે એનાં જાવા દો | 9 યુ એતરે થાયું
કી વેયું વસન પૂરો થાય જી એને કેદું હેતુ ;જેનન
તે મને આલ્યા હે હેન મનો મેહ એક ને હુદો મેહ
ને ખુયો | 10 તર શામોન પત્રસ વે તલવાર ,જી
એન હાતે હેતી ,ખીસી અને મહા યાજક ના નોકર
ઉપર સલાડેન એનો દાબો કાન્દ્ડો કાપે નાખ્યો |
એના નોકર નું નામ મલખુસ હેતુ | 11 તર યીસુ
વે પત્રસ ને કેદું ,તારી તલવાર મ્યાન મ રાખ |
જો કટોરો મેં બાપ વે મને આલ્યો હે ,કેમ હું હેને
નહી પીઊ? 12 તર સેનીકો અને હેનના જમાદાર
અને યહુદીય ના નોકરે યીસુ ને બાંધે લેદો| 13 અને
પેલ એને હન્ના કને લે જ્યાં ,કેમકે વયો હેના વાર
નો મુટો યાજક કાઈફા નો હાહરો હેતો | 14 ઈયો
વેયોસ કાઈફો હેતો ,જેને યહુદિય ને સલાહ આલી
હિતી કે હમાર મનખ હારું એક માનસ ને મરવું
અસલ હે | 15 શામોન પત્રસ અને એક બીજો સેલો
એદો યીસુ ને વાહે વાહે સાલે જ્યાં |વિયો સેલો
મહાયાજક નો વલખાણ નો હેતો ,એતરે યો યીસુ
ને હાતે મહાયાજક ના આગના માં જ્યો , 16 પૂણ
પત્રસ બારત બાઈનામ ઈબો હેતો |તર વેયો બીજો
સેલો જી મહાયાજક નો વલખાણ નો હેતો બારત
ગયો અને બાઈના ની નોકરાની ને કેને એને માઈ લે
આયો | 17 વેનીસ નોકરાની વે પત્રસ ને કેદું ખેતોક
તું હુદો એના મનખ ન સેલ મનો તે નહે ?પત્રસ વે
કેદું હું નહી હું | 18 નોકર અને સેનિક તાડ ને લેદે
કોયલા હળગાવેને ઈબા આગ તાપે રિયા હેતા ,અને
પત્રસ હુદો ઈબો રેને આગ તાપે રિયો હેતો | 19 તર
મહાયાજકે યીસુ થકી એન સેલ ના બારામ અને
એના ભાષડ ના બારામ પુસ તાસ કરી| 20 યીસુ વે
હેને જવાબ આલ્યો ,મેહ સંસાર થકી ખુલેને વાતે
કરજ્યી ,મેહ આરાધના ભવન અને મંદિર મ જા
હેતા યહૂદી ભેગા થાય કરતા હેતા ,હમેશા ભાષણ
કરયુ અને સાનું કઈસ નહી કરું| 21 તું મન થકી કેમ
પૂસે હે ?હામળવા વાળ ને પુસ કે મેહ હેનને હું
કેદું |ભાળ વેય જાણે હે કે મેહ હું હું કેદું| 22 જર
યીસુ વે એમ કેદું ,તર સેનિક મહો એક વે નજીક
ઈબો હેતો યીસુ ને થાપોલ વાઈને કેદું ,હું તું મુટા
યાજક ને ઈવી રીતી જવાબ આલે હે ? 23 યીસુ વે
હેને જવાબ આલયો ,અગર મેહ ભૂડું કેદું તે હીની
ભુડાઈ ની ગવાઈ આલ ,પૂણ અગર ભલું કેદું તે મને
હુકા મારે હે ? 24 હન્ના વે યીસુ ને બાંદેલો કાઈફા
કને મુકલે દે દો | 25 શમોન પત્રસ ઈબો રેને આગ
તાપે રિયો હેતો |તર હેનવે પત્રસ ને કેદું ખેતોક તું
હેદો તે એન સેલ માનો તે નહે ?પત્રસ નકારે ને કેદું
,હું નહે | 26 મહાયાજક ના નોકરો મનો એક ,જી
એના કુલ નો હેતો જીનો કાન પત્રસ વે કાપે નાખ્યો
હેતો ,કેદું ,હું મેહ તને એને હાતે વાડી મ ને ભાળ્યો
હેતો ? 27 પત્રસ વે ફેર નકારે નાખ્યું ,અને તરત
કુકડો બુલ્યો | 28 તર વેયા યીસુ ને કાઈફા ના દરબાર
માં લે ગયા અને હવાર નો સમય હેતો ,પૂણ વયા
પુતે દરબાર મ ને જ્યાં ,એતરે કે અશુદ ને થાય પૂણ
ફસહ ખાઈ સકે | 29 તર પીલાતુસ હેન કને બારત
નકલે આયો અને કેદું તમો હેના મનખ ઉપર કઈને
વાત ઈપેર દોષ લગાડો હે ? 30 હેનવે હેને જવાબ
આલ્યો ,અગર ઈયો ખરાબ કામ કરવા વાળો ને હેતો
તે હમુ હેને તાર હાત મ ને હુપતા| 31 પીલાતુસે
હેનને કેદું ,તમોસ એને લે જઈને પૂતાના નિયમ ના
પરમાણે એનો નિયા કરો |યહુદીયો હેને કેદું ,હમને
અધિકાર નહે કે કેનોક જીવ લે લો | 32 આયુ એતરે
થાયું કે વેયે વાત પૂરી થાય જી યીસુ વે ઈશારા કરતે
જઈને કીદિ હિતી એનું મરણ કેકેમ થાહે | 33 તર
પીલાતુસ ફેર દરબાર મ મઈ જ્યો ,અને યીસુ ને
બુલાવે ને હેને થકી પુસ્યું ,હું તું યહુદીયો નો રાજા
હે ? 34 યીસુ વે ઉતર આલ્યું ,કેમ તું આ વાત તારી
તરફ થકી કે હે કે બીજા વે મારા બારામ તને એમ
કેદું હે ? 35 પીલાતુસ વે ઉતર આલ્યું ,કેમ હું યહુદી
હે ?તારીસ જાતી અને મુખી યાજકે તને માર હાત
માં હુપ્યો હે | 36 યીસુ વે ઉતર આલ્યું ,મારૂ રાજ્ય

એના સંસાર નું નહી હે ;અગર એના સંસાર નું હેતુ
તે ,મારા સેનિક જગડો કરતા કે હું યહુદીયો ન હાત
હૂપવામ ને આવતો ;પૂણ મારું રાજ્ય આનું નહી
હે | 37 પીલાતુસ વે યીસુ ને કેદું ,તે હું તું રાજા હે
?યીસુ વે જવાબ આલ્યો ,તું કે હે કી હું રાજા હું |
મેહ એતરે જળમ લેદું અને એતરે સંસાર મ આયો
કી હાસ ની ગવાહી આલું |જી કઈ હાસ નું હે ,વેયો
મારો બોલ હામળે હે | 38 પીલાતુસ વે યીસુ ને પુસ્યું
‘હાસ હું હે ?એમ કે ને ફેર યહૂદીયો કને જ્યો અને
હેનને કેદું,હું તે હેન માં કઈ ગલતી નહે ભાળતો|
39 પૂણ તમારી ઈયે રીતી હે કે હું તમારી હારું એક
માનસ સુડ દુ |અને હા તમો ધારો હે કે હું તમારી
હારું યહુદીય ના રાજા ને સુડ દુ ? 40 તર હેનવે
ફેર સીસાઈ ને કેદું ,એને ને પૂણ હમારી હારું બર
અબ્બા ને સુડે દે |અને બર અબ્બા ડાકુ હેતો |

# 19

1 એતરે પીલાતુસ વે યીસુ ને કોડા મરાયા
| 2 સેનીકો વે કાંટો નું મુકુટ ગુથેને એના
મુણકા મ મેંલ્યું ,અને હેને બેજની સિસરા પેરાય
, 3 અને એને ટેકે આવે આવે ને કેવા લાગ્ય ,હે
યહુદીયો ના રાજા ,નમસ્કાર |અને હેને થાપોલે
હિદી વાવા મ આવી | 4 તર પીલાતુસ વે ફેર બારત
નકળેને મનખા થકી કેદું ‘દેખો ,હું હેને તમારે કન
ફેર બારત લાવું હે ;તર તમો જાણો કી હું એનમ કઈ
ગુણો નહી ભાળતો | 5 તર યીસુ જાંબુડી સિસર અને
કાટ નું મુકુટ પેરીલો બારત નીકળો ;અને પીલાતુસ
વે એનાંન કેદું ‘દેખો ,આ મનખ | 6 જર મુખી
યાજક અને નોકરા વે હેને દેખયો ,તર સીસાઈ
ને કેદું’હેને ક્રૂસ ઈપેર સડા,ક્રૂસ ઈપેર !પીલાતુસ વે
એનાંન કેદું ,તમોસ હેને લેને ક્રૂસ ઈપેર સડાવો ,કેમકે
મેહ એનમ કઈ બુરાઈ નહી ભાળી | 7 યહુદીયો વે
એને ઉતર આલ્યું ,હમારૂ હુદુ કાનુન હે અને એના
કાનુન ના અનુસાર વેયો મારો જાવેને યોગ્ય હે ,કેમકે
હેને આપડા આપ મ પરમેશ્વર નો સુરો વતાડો હે
| 8 જર પીલાતુસવે આ વાત હામળી તર અજુ
સમકે ગયો , 9 અને ફેર દરબાર મ જો અને યીસુ
થકી કેદું ,તું કાનો હે ?પૂણ યીસુ એને કઈ ઉતર ને
આલ્યું | 10 એતરે પીલાતુસ વે હેન થકી કેદું ,મને
થકી કેમ નહી વાત કરતો ?કેમ તું નહી જાડતો કે
તને સુડ દેવેનો અધિકાર મન કન હે ,અને તને ક્રૂસ
ઈપેર સડાવે અધિકાર હેદો મન કન હે | 11 યીસુ વે
ઉતર આલ્યું ,અગર મને ઉપર હું ને આલ્યું જાતું ,તર
તારો માર ઈપેર કઈ અધિકાર ને રેતો ;એતરે જીને
મને તારા હાત માં હવાડો હે એનો પાપ ઘણો હે
| 12 એતરે પીલાતુસ વે હેને સુડ દેવા સાહયુ ,પૂણ
યહુદી યો એ સીસાઈ સીસાઈ ને કેદું ,’અગર તું હેને
સુડ દેહે ,તે તારી ભક્તિ કેસર ની તરફ થકી નહી હે
|જી કુઈ આપડા આપ ને રાજા માને હે વેયો કેસર નો
સામનો કરે હે | 13 આયે વાતે હામળેને પીલાતુસ
યીસુ ને બારત લાયો અને હીની જગા એક ઈબુ
રેવેનું હેતુ જી ઈબ્રાની માં ‘ગબ્બતા ‘ કેવાય હે અને
વેહા નિયા કરવા બેઠો | 14 યો ફસહ ની તેયારી
નો દાડો હેતો ,અને સઠે ઘંટે ના લગભગ હેથા|તર
એને યહુદીયો થકી કેદું ,દેખો તમારો રાજા ! 15 પૂણ
વેય સીસાય ,લે જા! લે જા !હેને ક્રૂ સ ઈપેર સડાવ !
પીલાતુસ વે એના થકી કેદું ,કે હું તમારા રાજા ને ક્રૂસ
ઈપેર સડાવું ?મુટો યાજક વે ઉતર આલ્યું ,કેસર ને
સુડેન હમારો કુઈ બીજો રાજા નહી | 16 તર એને
હેને એનાન હાત માં હુપી દે દો તરકી વેને ક્રૂસ ઉપર
સડાવામ આવે| 17 તર વેય યીસુ ને લે ગય ,અને
વેયો હેનો ક્રૂસ ઉઠાવેને હીની જગ્યા તક બારત જ્યો
,જી ખોપડી ની જગહ કેવાય હે અને ઈબ્રાની મ
ગુલ ગુતા | 18 વેહા એનાવે હેને અને હેને હાતે
બીજા બે જાણ ને ક્રૂસ ઈપેર સડાયા ,એક ને અઈ
અને બીજા ને તઈ ,અને વસ મ યીસુ ને | પીલાતુસ
ને એક ગુનો –કાગજ લખેને ક્રૂસ ઈપેર લગાડ દે દુ
,અને હેનમ લખું હેતુ ,’યીસુ નસરી ,યહુદીયો નો
રાજા | 19 પીલાતુસ ને એક ગુનો –કાગજ લખેને
ક્રૂસ ઈપેર લગાડ દે દુ ,અને હેનમ લખું હેતુ ,’યીસુ
નસરી ,યહુદીયો નો રાજા | 20 એના ગુનો –કાગજ
ને ઘણા યહુદીયો વે વાસુ ,કેમકે વેયી જગા જા યીસુ
ને ક્રૂસ ઈપેર સડાવે ગયો હે તો સેર ને મેર હેતુ
;અને કાગજ ઈબ્રાની અને લતીની અને યુનાની
માં લખું હેતુ | 21 તર યહુદી યો ના મૂટે યાજક વે
પીલાતુસ થકી કેદું ,યહુદિયો કા રાજા મત લખ પૂણ
એમ લખ કી હેને કેદું કી હું યહુદીયો નો રાજા હું
| 22 પીલાતુસ વે ઉતર આલ્યું ,મેહ વે જી લખ દ
દુ હે ,વેયું લખ દેદું | 23 જર સેનિક યીસુ ને ક્રૂસ
ઈપેર સડાવે સુકા તે ,તર હેના સીસર લેને સાર
ભાગ કરયા ,હર સેનિક હારું એક ભાગ ,અને કુરતું
હીદુ લેદુ ,પૂણ કુરતું વગર હીવણ નું ઉપર થકી લેને
નીસ તક બુનેલું હેતુ | 24 એતરે એનાવે એનામસ કેદું
,હમો એને ને ફાડે ,પૂણ એન ઈપેર સીઠી દાડજયે
કી અયુ કેનું થાય |આયુ એતરે થાયું કે પવિત્ર શાસ્ત્ર
મ જી કેવાંમ આયુ વેયું પૂરૂ થાય,’એનાવે માર સિસર
એનમ વાટે લેદ અને માર સિસર ઉપર સીઠી દડી
| 25 એતરે સેનીકો વે વેવુસ કરયુ |યીસુ ના ક્રૂસ ને
ટેકે ઈની આઈ ,અને ઈની આઈ ની બુન, કલોપાસ
ની બયેર મરિયમ ,અને મરિયમ મગદલીની ઈબી
હતી| 26 જર યીસુ વે ઈની આઈ, અને હેના સેલા
ને જીને થકી વેયો લાડ રાખતો હેતા ટેકે ઈબા લો
દેખો તર ઈની આઈ થકી કેદું,હે નારી ,દેખ ,યો તારો
સુરો હે | 27 તર એને સેલા થકી કેદું , આયે તારી

આઈ હે |અને તર થકીસ વેયો સેલો હેને આપડે
ઘેર લી ગયો | 28 ઈની બાદ યીસુ વે યુ જાડેને કી
હાવું હેતુ પુરું થઈ ગયું ,એતરે કી પવિત્રશાસ્ત્ર માં
જી કેવાયુ આયુ વયું પૂરું થાય ,કેદું,'હું તહરો હું |
29 વેહા પિત મળાવેલ થકી ભરેલું એક રાસડું મેલેલું
હેતુ ,એતરે એનાવે પિત મળાવેલ માં ડબોળેલુ રુઈ
ને લાખડા મ રાખેને હેના મોડા મ લગાડું | 30 જર
યીસુ વે વેયું પિત મળાવેલુ લેદુ ,તર કેદું ,પૂરું થાયું
;અને મુળકો નમાડેન જીવ આલે દે દો| 31 એતરે કી
વેયો તયારી નો દાડો હેતો ,યહુદીયો વે પીલાતુસ
થકી દુવા કરી કી એનાંના પોગ ભાગી દડયા જાયે
અને વયા ઉતારવામ આવે ,કેમકે આરાધના ને દાડે
વેયા ક્રૂસો ને ઈપેર ને રહે ,કેમકે આયો આરાધના
નો દાડો મુટો હેતો | 32 એતરે સેનીકો વે આવેને
એના મનખા મહી પેલા ના પોગ તુંડા તર બીજા
ના એદા ,જી એનાંન હાતે કરૂસો ઉપર સડાવે ગયા
હેતા ; 33 પૂણ જર યીસુ કન આવીન દેખું કી વેયો
મરે સુકો હે ,તર હીના પોગ ને તોડયા | 34 પૂણ
સેનીકો મહા એક વે સાતી મ ભાલો મારો ,અને
હેનામહુ તરત લુઈ અને પાણી નકળુ| 35 જીને યુ
દેખ્યું હે ,હેને ગવાહી આલી હે ,અને હીની ગવાહી
હાસી હે;અને વયો જાણે હે કી વેયો હાસુ કુ હે કી
તમો હેદા વિશ્વાસ કરો | 36 આયે વાતે એતરે થાઈ
કી પવિત્રશાસ્ત્ર મ જી કેદેલુ હે વેયું પૂરું થાય ,હીનું
કુઈ હ્ટકું તુડવામ ને આવે | 37 અને ફેર એક જગહ
ઈપેર લખેલું હે ,જીને હેને બેધયો હે એને ઉપર વયો
નજર રાખહે | 38 ઈની વાતો ને બાદ અરીમતીય
ના યુસુફ જી યીસુ નો સેલો હેતો ,પૂણ યહુદીયો ની
સમક રાખે ને હીની વાત ને હતાડે રાખતો હેતો
,પીલાતુસ થકી દુવા કરી કી કેમ હમો યીસુ નું મડદું
લે જાય સક ગયે હે |પીલાતુસ વે એની દુવા હામળી
,અને વેયો આવીને મડદું લે ગયો | 39 નીકેદેમુસ
હેદો ,જી પેલ યીસુ કન રાતે ગયો હેતો ,પસાસ સેર
ના લગભગ મળેલું ગંધરસ અને અલવા લે આયો |
40 તર એનાવે યીસુ નું મડદું લે દુ ,અને યહુદીયો ની
ગાડવે ની રીતી થકી હેને સુગંદ સામગ્રી હાતે હેને
કફન માં લપેટો | 41 હીની જગા ઉપર જા યીસુ ને
ક્રૂસ ઈપેર સડાવે ગયો હે તો ,એક બગીસો હતો ,
અને હેના બગીસા મ એક નવી કબર હેતી જેનમ
કેર હેદુ કુઈ રાખ વામ નહી આયુ હે તું | 42 એને
હારું કી યહુદીયો ની તેયારી નો દાડો હેતો એતરે
હેનાવે યીસુ ને હેનમસ મેળો ,કેમકે વેયે કબર ટેકે
હિતી |

20 1 હફતા ને પેલે દાડે મરિયમ મગદલીની
હવાર મ ઈન્દારો રે એવાંક મસ કબર ઈપર
આવી અને પાણા , ને કબર થકી હરકેલો દેખો |
2 તર વેયી દોડી અને શમોન પત્રસ અને એના બીજા
સેલા કન જીને થકી પ્રભુ યીસુ લાડ રાખતો હેતો
,આવીન કેદું ,વેય પ્રભુ ને કબર મહો કાડે લે ગયા
હે ,અને હું નહી જાણતી કી હેને કા મેલ દે દો હે |
3 તર પત્રસ અને વયો બીજો સેલો નીકળેને કબર
ની તરફ સાલા | 4 વયા બે હાતે હાતે દોડે રિયા હે
તા ,પૂણ બીજો સેલો પત્રસ ને અગેડ થઈને કબર
કન પેલ પૂગ્યો ; 5 અને નમેને સિસર પડ દેખ ,તર
એદો વયો માઈ ને ગયો | 6 તર શમોન પત્રસ હેને
બાદ માં હેન વાહે વાહે પોત્યો ,અને કબર ને માઈ
ગયો અને સિસર પડલે દેખ ; 7 અને વયો અંગોસો
જી હેના માથા થકી બંદાઈલો હેતો ,સિસર હાતે
પડેલો નહીં ,પૂણ અલગ એક જગ લપેટેને મેલેલો
દેખો | 8 તર બીજો સેલો એદો જી કબર મ પેલ
પૂગ્યો હે તો ,માઈ ગયો અને દેખેને વિશ્વાસ કરો |
9 વેયા તે હજુ હેદા પવિત્ર શાસ્ત્ર ની વેયી વાત નહી
હમજ્યા હેતા કી હેને મરેલા મહા જી ઉઠવું પડહે
| 10 તર યા સેલા એનન ઘેર નાહી ગયા | 11 પૂણ
મરિયમ ગાંગરતી જઈને કબર ની ટેકેસ ઈબી રી
,અને ગાંગરતી ગાંગરતી કબર ની તરફ વાકી વળી ,
12 બે હરગ દૂત ને સાફ સિસર પેરેલા એક ને મુડકા
મી અને બીજા ને પોગા મી બેઠેલા દેખા ,જા યીસુ
નું મડદું મેલું હેતુ | 13 એનાવે હેની કેદું ,હે નારી ,તું
કેમ ગાંગરે હે ?હેની વી એનાંન કેદું,વેય મારા પ્રભુ
ને ઉઠાવે લે ગયા અને હું નહી જાણતી કી હેનાન
કા મેલા હે | 14 એમ કેને વાહે ફરી અને યીસુ ને
ઈબો દેખો ,પૂણ ને વળખો કી યીસુ હે | 15 યીસુ વે
હેની કેદું ,હે નારી ,તું કેમ ગાંગરે હે ?કેને જુવે હે ?
હેનીવે માળી હમજેને એને થકી કેદું ,હે મહારાજ
,અગર તે હેને ઉઠાવે લે દો હે તે મને વતાડ કે હેને
કા મીલો હે ,અને હું હેને લે જાય | 16 યીસુ વે હેની
થકી કેદું ,'મરિયમ !હેનીવી વાહે ફરને હેના થકી
ઈબ્રાની મ કેદું ,"રબ્બુની, અને હે 'ગુરુ, | 17 યીસુ
વે હેની થકી કેદું ,'મને મત અડ ,કેમકે હું હજુ બાપ
કને નહી ગયો હું, પૂણ મારા ભાઈયો કને જઈને
કે દે કી હું માર બાપ અને તમારા બાપ અને મારા
પરમેશ્વર અને તમારા પરમેશ્વર કને ઈપેર જુ હે
| 18 મરિયમ મગદ્લીનીવે જઈને સેલેને વ્તાડ્યું !
મેહ પ્રભુ ને ભાળ્યો ,અને હેને આયે વાતે કીદી|
19 હેનેસ દાડે જી રવિવાર નો પેલો દાડો હે તો હાજ
ના સમય વેયા ન બાઈના જા સેલા હેતા ,યહુદીયા
ની સમક ની મારે બંદ હેત ,તર યીસુ આયો અને
હેનના વસન ઈબો થાય ને હેનની કેદું ,તમને શાંતિ
મળે | 20 અને એમ કેને એને પુતાનો હાત અને
પુતાન પાહ્ડય તર સેલા પ્રભુ ને ભાળેને રાજુ થાયા
| 21 યીસુ વે ફેર એનાન કેદું ,તમને શાંતિ મળે ,જેમ

બાપે મને મુક્લ્યો હે વેમેસ હું હુદો તમને મુકલું હું
| 22 એમ કેને યીસુ વે હેન ઈપેર ફૂકયું અને હેનને
કેદું ,પવિત્ર આત્મા લો | 23 જેનના પાપ તમુ માફ
કરો ,વેયા હેન હારું માફ કરવામ આયા હે ,જેના
તમુ રાખો હેનના રાખવામ આયા હે | 24 પૂણ બાર
માનો એક ,એતરે થોમો જી દીદુમુસ કેવાય હે ,જર
યીસુ આયો તે હેનને હાતે ને હેતો | 25 જર બીજા
સેલા હેને કેવા માંડ્યા ,હમએ પ્રભુ ને ભાળ્યો હે
,તર થુંમે હેનને કેદું ,જા તક હું એન હાત માં ખીલ ના
કાણ ને ભાળ લુ અને ખીલ ના કાણ માં મારી અંગ્લી
ને નાખે લુ ,તા તક હું વિશ્વાસ ને કરું | 26 આઠ
દાડ બાદ યીસુ ના સેલા ફ્રેર ઘેર માં હેતા ,અને
થોમો હેનને હાતે હેતો ;અને દરવાજો બંદ હેતા
,તર યીસુ આયો અને હેનના વસમ ઈબો થાઈને
કેદું ,તમને શાંતિ મળે | 27 તર યીસુ વે થોમાં થકી
કેદું ,તારી અંગ્લી આ લાવેને માર હાત મ ને ભાળ
અને તારો હાત લાવેને માર પાહ્ળ મ નાખ ,અને
અવિશ્વાસી ને પૂણ વિશ્વાસી થા| 28 ઈયુ હામળે
ને થુંમાવે જવાબ આલ્યો ,હ મારા પ્રભુ ,હે મારા
પરમેશ્વર | 29 યીસુ વે હેને કેદું ,તે મને ભાળ્યો હે ,
હું એતરે વિશ્વાસ કરયો હે ?ધન્યવેય હે,જેનવે વગર
ભાળ્યે વિશ્વાસ કરયો | 30 યીસુ વે બીજી હુદી ઘણી
બદી નિશાન્યી સેલને વતાડગ્યી ,જી ઈની સોપડી
મ લખી નહી ગજયે હે | 31 પૂણ આયે એતરે હારું
લખવામ આયુ હે કે તમુ વિશ્વાસ કરો કે યીસુસ
પરમેશ્વર નો સુરો મસીહ હે ,અને વિશ્વાસ કરેને
એના નામ થકી જીવન મેળવો |

**21** 1 હીની વાતો ને બાદ યીસુ વે આપડા આપ
ને તીબીરીયાસ જીલ ને તટે સેલા ઈપેર
પ્રગટ થાયો ,અને ઈની રીતી થકી પ્રગટ થાયો ;
2 શામોન પત્રસ અને થોમાં જી દીદુમુસ કેવાય હે
,અને ગ્લીલ ના કાના નગર નો નતનએલ ,અને
જાંબુડી નો સુરો ,અને એના સેલા મહા બે જણ
હજુ હેતા | 3 શામોન પત્રસ વે એન થકી કેદું ,'હું
માંસલગ્યી હાવા જાય રો હું |એનાવે હેને થકી કેદું
,હમો એદા તાર હાતે આવયે હે |એને વયા નીકળે
ને નાવડા માં સડા ,પૂણ એની રાતે કઈ ને હાદુ
| 4 હવાર થાતિક મ યીસુ દેડે આવીન ઈબો થાય
ગ્યો ;તર એદો સેલા વે નહી વળખ્યો કી યો યીસુ
હે | 5 તર યીસુ વે એન થકી કેદું ,હે બાળકો ,કેમ
તમાર કને કઈક માંસલગ્યી હે ?એનાવે ઉતર આલ્યું
,'નહી | 6 હેને એના થકી કેદું ,નાવ ને ડાબી સાઈડ
જાળ ને દાડો તે મળહે |એતરે એનાવે જાળ ને નાખી
,અને માંસલગ્યી ઘણી હેતી એતરે જાળ ને કેસે ને
શકયા| 7 તર એના સેલા ને જેને થકી યીસુ લાડ
રાખતો હેતો ,પત્રસ થકી કેદું ,આયો તે પ્રભુ હે !
શામોન પત્રસ વે આયુ હામળેને કી પ્રભુ હે ,કમર માં
અંગરખા બાધે લેદો ,કેમકે વેયો લાગો હેતો ,અને
જીલ મ કુદે પડ્યો | 8 પૂણ બીજા સેલાવે નાવડા
ઈપેર માંસલગ્યી થકી ભરેલો જાળ ને ખેસતા જાય
ને આયા ,કેમકે વયા દેડ થકી વદુ સેટે નહી હેતા ,પૂણ
કઈક બસ સો હાત સેટે હેતા| 9 જર વયા દેડે ઉતરા
તર, એનાવે કોયલા ની આગ અને ઈન ઈપેર મસલી
મેલે લી,અને રુટી દેખો | 10 યીસુ વે એના થકી કેદું
,જી માંસલગ્યી હમણાં તમે હાદગ્યી હે ,એના મહી
થુડીક લાઓ | 11 તર શામોન પત્રસ વે નાવડા ઉપર
સડેને એક સો તરેપન મુટી માંસલ્ગ્યી થકી ભરીલી
નાવ ને તટ ઉપર ખીસી ,અને એતરી માંસલગ્યી
હેતી તર ઈદી જાળ નહી ફાટી | 12 યીસુ વે એના
થકી કેદું ,આઓ ખાવેનું ખાગ્યે |સેલા માહો કેને
હેદો જોર હિમત ને લગાડી કે એને થકી કઈક પૂસે
,કી તું કોળ હે ?કેમકે વેયા જાણતા હેતા કી યો પ્રભુસ
હે 13 યીસુ આયા અને રુટી લે ને એનાંન આલી
,અને વેમેસ મસળી હીદી | 14 આયુ તાળવી વાર
હે કી યીસુ મરેલા માહો જી ઉઠવા વાહેડ સેલા ને
દેખાયો | 15 ખાવેનું ખાવા વાહે યીસુ વે શમોન
પત્રસ થકી કેદું ,હે શમોન ,યુહ્નના ના સુરા ,કેમ
તું ઈની થકી બડેને મારી થકી લાડ રાખે હે ?એને
હેનાન કેદુ ,હા પ્રભુ ;તું તે જાળે હે કી હું તાર થકી
લાડ રાખું હે |હેનાવે એન થકી કેદું મારા મેમના
ને સરાવ 16 હેને ફ્રેર બીજી વાર કેદું ,હે ,શામોન
,યુહના ના સુરા ,કેમ તું મારી હાતે લાડ કરે હે ?
એને હેના થકી કેદું 'હા પ્રભુ તું જાણે હે કી હું તારી
થકી લાડ રાખું હું હેને એને થકી ની રખવાળી કર |
17 હેને તીસરી વાર એને કેદું ,હે શામોન ,યુહ્નના
ના સુરા ,કેમ તું મારી હાતે લાડ રાખે હે ?પત્રસ
ઉદાસ થાયો કી હેને એને તીસરી વાર એવું કેદું ,કેમ
તું મને થકી લાડ રાખે હે ?અને એને કેદું ,હે પ્રભુ તું
તે હેતુ જાણે હે ;તું જાણે હે કી ,હું તને થકી લાડ રાખું
હું |યીસુ વે એને કેદું ,મારા ઘેટા ને સરાવ | 18 હું
તને થકી હાસુ હાસુ કુ હું ,જર તું જોવાન હેતો
તર તું કમર બાંધે ને જા જાતો હે તો તા જાતો હેતો
;પૂણ જર તું ડુહો થાહી તર તું તારો હાત ફેલાવહી
અને બીજો તારી કમર બાંધેને જા જાહી તા તને
વયો લે જા હે | 19 હેને ઈન વાત થકી સંકેત કરું
કી પત્રસ કેવી રીતી થકી મોત થકી પરમેશ્વર ની
મહિમા કરહે |અને તર હેને એને કેદું 'મારી પાસડ
થાય લે | 20 પત્રસ વે મુંડેન એના સેલા ને વાહે
આવતો દેખો જીને યીસુ ઘણો લાડ કરતો હેતો ,અને
જીને ખાત સમય હેની સાતી મી જુકેને પુસ્યું હે તું
,"હે પ્રભુ ,તને હવાડવા વાળો કુણ હે ? 21 એને
દેખેં ને પત્રસ વે યીસુ થકી કેદું ,હે પ્રભુ એનો હું

હાલ થાહે ? 22 યીસુ વે હેન થકી કેદું ,અગર હું
સાહુ તે વેયો મારે આવા તક ઈબો રે, પૂણ મને હેને
થકી હું ?તું માર વાહે થઈ લે | 23 એને હારું ભાઈયો
માં આ વાત ફેલાઈ ગયી કી વેયો સેલો ને મરે;તર
એદુ યીસુ વે વેયું નહી કેદું કે વયો ને મરે ,પૂણ યુ કી
;'અગર હું સાહુ કી વયો મારી આવા તક ઈબો રે ,તર
મને એને થકી હું ? 24 યો વેસ સેલો હે જી હીની
વાતો ની ગવાહી આલી હે અને જીને ઈની વાતે
ને લખી હે ,અને હમો જાણ્યે હે કી હીની ગવાહી
હાસી હે | 25 અને હજુ ઘણ કામ હે ,જી યીસુ વે
કરય હે ;અગર વેય એક એક કરીને લખી જાત ,તે હું
હમજતો કે સોપડગ્યી જી લખી જાતી તે સંસાર મ
હીદી ને હમાંતી |

CC BY SA
www.FreeBiblesIndia.com